पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर-
श्री उमास्वाति-भगवत्-प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक-
चतुर्दशशत-प्रकरणकर्तृ श्रीमद्-हरिभद्रसूरि-विरचितवृत्तिसमलङ्कृतम्

# श्री तत्त्वार्थाधिगम सूत्रम्

## અધ્યાય-૩


(ગુજરાતી અનુવાદ)




* ભાવાનુવાદકાર *


પૂ. આચાર્ય શ્રી વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજા


# વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર





(બે ભાગ)









(બે ભાગ)










(બે ભાગ)





(બે ભાગ)










(બે ભાગ)









# શેખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન





















(બે ભાગ)


















(ત્રણ ભાગ)













(દશ ભાગ)









શ્રી વિજય નેમિસૂરિ-જ્ઞાન
શાસન સમ્રાટ ભવન
ક્રમાંક:
સ્થાન:

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રીમદ્ વિજય-દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

॥ ऐं नमः ॥

पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर
श्री उमास्वाति भगवत् प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक
चतुर्दशशत प्रकरणकर्तृ श्रीमद् हरिभद्रसूरि विरचितवृत्तिसमलङ्कृतम्

# ॥ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્ ॥

## અધ્યાય-૩

(ગુજરાતી અનુવાદ)

* ભાવાનુવાદકાર *

પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**

પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**

પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**

અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર

પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **રાજશેખરસૂરીશ્વરજી મહારાજા**

* સંપાદક *

**પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરવિજયજી ગણી**

* સહયોગી *

**પૂ. મુનિરાજ શ્રી દિવ્યશેખરવિજયજી**

**પ્રથમ આવૃત્તિ : વિ.સં. ૨૦૭૦, વી.સં. ૨૫૪૦, નકલ : ૧૦૦૦**

* પ્રકાશક *

**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**

**પૂજ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરિ ભાવાનુવાદ ભવન**

૪૯/૩૬, સીલ્વર લીફની સામે, કામતઘર રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.

* પ્રાપ્તિ સ્થાન *

**હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ**

૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝની સામે, આગ્રા રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.

ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬, મો. ૯૩૨૧૨ ૩૨૨૬૬

**મૂલ્ય : રૂા. ૧,૫૦૦/- (ભાગ : ૧ થી ૧૦)**

# સુકૃતમ્

અમારા હૃદયમાં પૂજ્યશ્રી (પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજા) હોય એ સ્વાભાવિક છે પણ પૂજ્યશ્રીના હૃદયમાં અમારો સંઘ હતો એ જ અમારું અહોભાગ્ય છે. પૂજ્યશ્રીની ગુણગરિમાથી આકર્ષાયેલો અમારો સંઘ કાયમ પૂજ્યશ્રીનો ઋણી રહેશે.

**શ્રી તપગચ્છ ઉદય કલ્યાણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટ, બોરીવલી, ચંદાવરકર લેન.**

શ્રી સંઘ પોતાના જ્ઞાનનિધિમાંથી આ 'શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર'નો સંપૂર્ણ લાભ લીધેલ છે. શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ તેની ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

*** સૂચના ***

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહીં. વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.

શ્રી વિજય નેમિસૂરિ-જ્ઞાન શાળા
શાસન સમ્રાટ ભવન
ક્રમાંક: 005333
સ્થાન: 06.11
શેઠ હઠીસિંહની વાડી, અમદાવાદ



## * ભૂમિકા *

પ્રસ્તુત શાસ્ત્રનું (સૂત્રનું) મુખ્ય નામ તત્ત્વાર્થાધિગમ છે. આ શબ્દનો અર્થ સંબંધકારિકાની ૨૨મી કારિકાની ટીકામાં જણાવ્યો છે. પણ વર્તમાનમાં તેને તત્ત્વાર્થસૂત્ર એવા સંક્ષિપ્ત નામથી ઓળખવામાં આવે છે. આ ગ્રંથના કર્તા પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજા છે. આ સૂત્રો ઉપર ભાષ્ય પણ તેમણે જ રચેલું છે. દિગંબરો "જ્યાં વસ્ત્ર ત્યાં મુક્તિ નહિ" એવી એમની માન્યતાને બાધ આવતો હોવાથી ભાષ્યને ઉમાસ્વાતિ મહારાજા કૃત માનતા નથી. તેઓ ભલે ન માને પણ કેટલીક દલીલો વગેરેના આધારે ભાષ્ય ઉમાસ્વાતિ મહારાજાનું જ છે એમ સિદ્ધ થાય છે. જિજ્ઞાસુએ એ દલીલો પ.પૂ. આચાર્ય શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાએ લખેલા ઉપક્રમમાંથી જાણી લેવી. એ ઉપક્રમ આ ગ્રંથના પહેલા ભાગના અંતે મુદ્રિત કરવામાં આવ્યો છે.

### ગ્રંથનો પરિચય

આ ગ્રંથ મુખ્યતયા દ્રવ્યાનુયોગનો વિષય છે. જૈનશાસનમાં દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ એમ ચાર અનુયોગ પ્રસિદ્ધ છે. અનુયોગ એટલે વ્યાખ્યાન કે વર્ણન. જેમાં જીવાદિ દ્રવ્યોના(=તત્ત્વોના) વ્યાખ્યાનની પ્રધાનતા હોય તે દ્રવ્યાનુયોગ. જેમાં આચારોનું વિશેષથી વર્ણન હોય તે ચરણકરણાનુયોગ. જેમાં ગણિત આવતું હોય તે ગણિતાનુયોગ. જેમાં ધર્મકથાનું વર્ણન આવતું હોય તે ધર્મકથાનુયોગ. આ ચાર અનુયોગોમાં દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગ એ બે અનુયોગો મુખ્ય છે. તે બેમાં પણ અપેક્ષાએ દ્રવ્યાનુયોગનું મહત્ત્વ વધારે છે. પ્રસ્તુત તત્ત્વાર્થસૂત્ર દ્રવ્યાનુયોગની પ્રધાનતાવાળું છે. કારણ કે તેમાં જીવ વગેરે સાત દ્રવ્યોનું(=તત્ત્વોનું) વર્ણન છે. આથી આ ગ્રંથનું મહત્ત્વ ઘણું છે.

આ ગ્રંથને બરાબર સમજવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે અને પ્રગટ થયેલું સમ્યગ્દર્શન દૃઢ અને નિર્મળ થાય છે. જેમકે પાંચમા અધ્યાયમાં

સૂત્ર ૩૨ "स्निग्धरूक्षत्वात् बन्धः" વગેરે સૂત્રોમાં કરેલું પુદ્ગલોના બંધનું વર્ણન આપણને સ્પષ્ટ સમજાવે છે કે સર્વજ્ઞ વિના બીજો કોઇ આવી બાબતો કહી શકે નહિ. આ તો માત્ર એક દૃષ્ટાંત રૂપે જણાવ્યું. બીજી ઘણી બાબતો એવી છે કે જે સર્વજ્ઞ વિના બીજો કોઇ કહી શકે નહિ.

**પ્રશ્ન–** ઉમાસ્વાતિ મહારાજા ક્યાં સર્વજ્ઞ હતા ? એ તો છદ્મસ્થ હતા એથી એમનું કહેલું સર્વજ્ઞોએ કહ્યું છે એમ કેમ કહી શકાય ?

**ઉત્તર–** પૂ. ઉમાસ્વાતિ મહારાજાએ આ બધું પોતાની મતિકલ્પનાથી નથી કહ્યું. કિંતુ તેમની પૂર્વે થયેલા વિદ્વાન અને મહાન આચાર્યોએ જે કહ્યું તેના આધારે કહ્યું છે. તેમની પૂર્વે થયેલા આચાર્યોએ પણ પોતાની પૂર્વે થયેલા મહાન જ્ઞાની આચાર્યોના કથન મુજબ કહ્યું છે એમ આગળ વધતાં વધતાં પૂર્વકાલીન આચાર્યોએ ગણધરોના ઉપદેશ મુજબ કહ્યું છે અને ગણધરોએ સર્વજ્ઞ ભગવંતે કહેલા ઉપદેશના આધારે કહ્યું છે. તેથી આ શાસ્ત્રના મૂળમાં સર્વજ્ઞ ભગવંત છે. જેના મૂળમાં સર્વજ્ઞ ભગવંત ન હોય તેવા અન્ય દર્શનકારોનું કથન સાચું ન ગણાય.

અહીં કહેવાનો આશય આ પ્રમાણે છે- જન્મથી અંધ હોય તેવા એક પુરુષે હાથીને સ્પર્શીને હાથી કેવો હોય તેનો નિર્ણય કર્યો. તેણે બીજા જન્મથી અંધ પુરુષને હાથી કેવા પ્રકારનો હોય તે કહ્યું. તેણે(=બીજાએ) ત્રીજાને કહ્યું. આમ જન્માંધ પુરુષોની ગમે તેટલી લાંબી પરંપરા સુધી હાથીના આકારનું વર્ણન થતું રહે તો પણ કોઇનેય હાથીના સાચા આકારનું જ્ઞાન ન થાય. કારણ કે પ્રથમ જન્માંધ પુરુષને હાથીના આકારનો સાચો નિર્ણય થયો નથી. આંખોથી દેખતો પુરુષ હાથીના આકારનો જેવો નિર્ણય કરી શકે તેવો નિર્ણય જન્માંધ પુરુષ ગમે તેટલો બુદ્ધિશાળી હોય તો પણ ન કરી શકે. (અહીં "જન્મથી અંધપુરુષની પરંપરા" કહેવાનું કારણ એ છે કે આ પરંપરામાં કોઇ પુરુષ દેખતો હોય તો તેને હાથીના સાચા આકારનું જ્ઞાન થવાનો સંભવ રહે પણ પરંપરામાં બધા જ જન્માંધ હોય એટલે કોઇનેય હાથીના સાચા સ્વરૂપનું(=આકારનું) જ્ઞાન ન થાય.)

તેવી રીતે પ્રસ્તુત જૈનદર્શન સિવાયના બધા જ દર્શનકારો છદ્મસ્થ હોવાથી તેમની ચાલેલી પરંપરામાં આવનારા બધા જ છદ્મસ્થ પુરુષોને આત્મા આદિ પદાર્થોના સાચા સ્વરૂપનું જ્ઞાન થતું નથી એટલે તેઓ "અમારી આટલી લાંબી પરંપરાથી આ જ્ઞાન અમને મળતું આવ્યું છે" એમ કહે તો પણ એમનું જ્ઞાન સત્ય નથી. (યોગબિંદુ ગા.૪૨૯ વગેરે)

જૈનદર્શનમાં તો આત્મા આદિને સાક્ષાત્ જાણનારા સર્વજ્ઞપુરુષથી પરંપરા ચાલી છે, એટલે જૈનદર્શનની સાચી પરંપરામાં આવેલું જ્ઞાન યથાર્થ છે, માટે આ તત્ત્વાર્થ સૂત્રને જાણવા માટે ખાસ પ્રયત્ન કરવો જોઈએ. આ ગ્રંથ માત્ર ૨૦૦ શ્લોકથી ઓછા પ્રમાણવાળો હોવા છતાં તેમાં સંપૂર્ણ જૈનશાસનનો સાર સમાવી દીધો છે. જાણે કે ગાગરમાં સાગરને સમાવી દીધો છે. તેથી જ કલિકાલસર્વજ્ઞ આ.શ્રીહેમચંદ્રસૂરિ મહારાજ સ્વરચિત સિદ્ધહેમ શબ્દાનુશાસનમાં અ.૨ પા.૨ સૂ.૩૯ માં उपोमास्वातिं संग्रहीतारः=ઘણા વિષયનો થોડામાં સંક્ષેપ કરવાના વિષયમાં ઉમાસ્વાતિ મહારાજા જેવા બીજા કોઈ શ્રેષ્ઠ નથી. એમ જણાવ્યું છે.

## ગ્રંથકારનો પરિચય

ગ્રંથકારની માહિતી ગ્રંથકારે પોતે ગ્રંથના અંતે પ્રશસ્તિમાં સંક્ષેપથી જણાવી છે. તે આ પ્રમાણે–

"જેમનો યશ જગતમાં પ્રગટ છે તે શિવશ્રી નામના વાચકમુખ્યના પ્રશિષ્ય અગ્યાર અંગોના જ્ઞાતા ઘોષનંદી ક્ષમાશ્રમણના શિષ્ય, વાચનાથી (ભણાવનારની અપેક્ષાએ) મહાવાચક શ્રમણ મુંડપાદના શિષ્ય, વિસ્તૃત કીર્તિવાળા મૂલ નામના વાચકાચાર્યના શિષ્ય કૌભીષણ ગોત્રવાળા સ્વાતિ નામના પિતા અને વાત્સી ગોત્રવાળી ઉમા નામની માતાના પુત્ર ન્યગ્રોધિકા ગામમાં જન્મેલા, કુસુમપુર (પાટલીપુત્ર) નામના શ્રેષ્ઠ નગરમાં વિચરતા, ઉચ્ચ નાગર શાખાના વાચક શ્રી ઉમાસ્વાતિજીએ ગુરુપરંપરાથી મળેલા ઉત્તમ અરિહંત વચનોને સારી રીતે સમજીને (શરીર-મનના) દુઃખોથી પીડિત તથા અસત્યઆગમથી

નષ્ટબુદ્ધિવાળા જગતને જોઇને જીવોની અનુકંપાથી સ્પષ્ટ અર્થવાળા આ તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રની રચના કરી.”

આ વિશે હું વિશેષ વિવેચન લખતો નથી. કારણ કે બહુ વિસ્તારથી લખવું પડે. બહુ વિસ્તારથી લખાયેલા લખાણને વાંચવાનો રસ બહુ અલ્પજીવોને હોય છે તથા હું આંખની તકલીફના કારણે વિસ્તારથી લખવા માટે સમર્થ પણ નથી. આથી જિજ્ઞાસુઓએ આ વિશે વિશેષ માહિતી માટે “ઉમાસ્વાતિ મહારાજા ક્યારે થયા ? કયા વંશમાં થયા” ઇત્યાદિ વિગતો જૈનપરંપરાનો ઇતિહાસ ભાગ-૧ માંથી તથા પંડિત શ્રી સુખલાલજી કૃત તત્ત્વાર્થ વિવેચનવાળા પુસ્તકમાંથી તથા પૂ.આ. ભગવંત શ્રીકેસરસૂરિજી મહારાજાના સમુદાયનાં આ. શ્રીહેમપ્રભ-સૂરિજીના શિષ્ય વિદ્વાન મુનિ શ્રીઉદયપ્રભવિજયજીગણિવરે લખેલ સિદ્ધસેનગણિકૃત ટીકાના પ્રથમ અધ્યાયના ટીકાનુવાદમાં લખેલી ભૂમિકામાંથી તથા પ.પૂ. આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરિ મહારાજાએ લખેલ <u>तत्त्वार्थकतृतन्मतनिर्णयः</u> નામના પુસ્તકમાંથી જોઇ લેવું.

## ટીકાકાર મહર્ષિનો પરિચય

તત્ત્વાર્થકારિકા અને ભાષ્યની ટીકા કરનારા શ્રીહરિભદ્રસૂરિ મહારાજા જૈનશાસનમાં યાકિનીમહત્તરા ધર્મપુત્ર તરીકે પ્રસિદ્ધિને પામેલા અને ચૌદશો ગ્રંથના પ્રણેતા હરિભદ્રસૂરિ મહારાજા સમજવા. એમણે ડુપડુપિકા નામની ટીકા રચી છે. શબ્દકોષમાં ડુપડુપિકા શબ્દનો અર્થ જોવામાં આવ્યો નથી. પણ ડુપડુપિકા એટલે નાવડી એવો અર્થ મને જણાય છે. આ ટીકા પૂર્વે વિ.સં. ૧૯૯૨માં રતલામ નિવાસી શ્રેષ્ઠી ઋષભદેવજી કેસરીમલ જૈન શ્વેતાંબર સંસ્થા દ્વારા મુદ્રિત થઇ હતી. તેમાં લખાયેલા ઉપક્રમ પ્રમાણે આ ટીકા સૌથી પ્રાચીન છે. અર્થાત્ સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકાથી પણ પ્રાચીન છે, તેના કારણો [૧]ઉપક્રમમાંથી જાણી લેવા તથા તત્ત્વાર્થસૂત્રના ભાષ્યના કર્તા પણ ઉમાસ્વાતિ મહારાજા હતા.

૧. ઉપક્રમ આ પુસ્તકને અંતે આપેલો છે.

તેના કારણો પણ ઉપક્રમમાંથી જાણી લેવા. ભવિષ્યમાં વિદ્વાનોને ઉપયોગી બને તે માટે આ ઉપક્રમ આ ગ્રંથના પ્રથમ ભાગના અંતમાં મુદ્રિત કરવામાં આવ્યો છે. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ છઠ્ઠા અધ્યાયના ત્રેવીસમાં સૂત્રના "વિનયસંપન્નતા" પદ સુધીની ટીકા કરી છે. ત્યાર પછી એમની ટીકા જોવામાં આવતી નથી. કદાચ એ દરમિયાન એ મહાપુરુષ બિમાર પડ્યા હોય અને કાળધર્મ પામ્યા હોય એ બનવા જોગ છે. બાકી રહેલી એ ટીકાને આચાર્યશ્રી યશોભદ્રસૂરિએ ઉદ્ધાર કરવાનો પ્રારંભ કર્યો. તેમણે ત્યાંથી(=વિનયસંપન્નતા પછીથી) દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્ર સુધીની ટીકા ઉદ્ધરી[1] છે. બાકીની ટીકા તેમના શિષ્યે ઉદ્ધૃત કરી છે. આ વિગત દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની ટીકાના અંતે લખાયેલા પાઠથી સ્પષ્ટ થાય છે. આના ઉપરથી એ પણ નિશ્ચિત થાય છે કે સિદ્ધસેન ગણિની મોટી ટીકાથી આ ટીકા પ્રાચીન[2] છે.

## અનુવાદ અંગેની માહિતી

વિ.સં. ૨૦૫૩માં મારું ચાતુર્માસ પાલીતાણામાં થયું. તે વખતે સાધુ-સાધ્વીજીઓએ મારી પાસે ચાતુર્માસમાં વાંચના આપવાની માંગણી કરી. આથી તત્ત્વાર્થસૂત્ર ઉપર વાચના આપવાનું નિશ્ચિત થયું. તત્ત્વાર્થસૂત્ર ઉપર વર્તમાનમાં સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા અને શ્રીહરિભદ્રસૂરિકૃત નાની ટીકા એ બે ટીકાઓ પ્રસિદ્ધ છે. આ બે ટીકાઓને જોતાં મને લાગ્યું કે સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા ઘણી કઠિન છે. આથી હરિભદ્રસૂરિકૃત

૧. અહીં ઉદ્ધૃત=ઉદ્ધાર કર્યો એ શબ્દથી શું સમજવું ? દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની વૃત્તિના અંતે લખેલા પાઠના આધારે મને એમ સમજાય છે કે સિદ્ધસેન ગણિકૃત ટીકામાંથી ઉદ્ધાર કર્યો છે. અહીં શબ્દશઃ ઉદ્ધાર કર્યો છે એમ ન સમજવું. કિંતુ જ્યાં સિદ્ધસેન ગણિકૃત ટીકામાં પાઠ લાંબા હોય તેને ટૂંકાવી દીધા, જ્યાં શબ્દની કઠિનતા હોય ત્યાં સરળ શબ્દો મૂક્યા અને ક્યાંક પોતાને યોગ્ય લાગ્યા તેવા શબ્દો મૂક્યા. આ રીતે તેમણે ઉદ્ધાર કર્યો એમ મને જણાય છે.

૨. શ્રીહરિભદ્રસૂરિએ અપૂર્ણ ટીકા લખી એ દરમ્યાન સિદ્ધસેન ગણિએ એ ટીકાને પૂર્ણ કરવાને બદલે સ્વતંત્ર પોતાની મોટી ટીકા લખી. પછી યશોભદ્રસૂરિએ એ ટીકાના આધારે હરિભદ્રસૂરિની બાકીનો ટીકાનો ઉદ્ધાર કર્યો.

નાની ટીકા ઉપર વાચના આપવાનો નિર્ણય કર્યો. શાશ્વતી ઓળી આદિના દિવસો સિવાય ચાર માસ સુધી નિયમિત વાચના ચાલી.

આ સમયે મેં શ્રી તત્ત્વાર્થસૂત્રની શ્રીહરિભદ્રસૂરિકૃત ટીકાનો અનુવાદ કરવાનો સંકલ્પ કર્યો પણ અન્ય ગ્રંથોના અનુવાદના કારણોસર આ અનુવાદ થઇ શક્યો નહિ. વિ.સં. ૨૦૬૪માં દહાણુ સ્ટેશનના ઇરાની રોડ ઉપર આવેલા ઉપાશ્રયમાં આનો અનુવાદ શરૂ કર્યો પણ તેમાં શારીરિક બિમારી આદિ ઘણા વિઘ્નો આવ્યા. આમ છતાં વિઘ્નો રૂપ ખડકો સાથે અથડાતી કુટાતી પણ આ અનુવાદ નૌકા ઘણા વિલંબથી પણ પૂર્ણતાના કિનારે આવેલી જોઇને મારું મન હર્ષવિભોર બની જાય એ સહજ છે.

આ અનુવાદમાં વિદ્વાનોને ઘણી ક્ષતિઓ દેખાશે, ક્યાંક વિસ્તારથી લખવાનું હોવા છતાં વિસ્તારથી ન લખ્યું હોય, ક્યાંક સંસ્કૃત શબ્દને અનુરૂપ ગુજરાતી શબ્દ લખવામાં ભૂલ કરી હોય, ક્યાંક ભાવાર્થ સમજવામાં નિષ્ફળ બન્યો હોઉં, ક્યાંક સૂત્ર-ટીકાનો અર્થ ખોટો થયો હોય ઇત્યાદિ ઘણી ક્ષતિઓ દેખાશે. આમ છતાં વિદ્વાનોને હું પૂ. ઉમાસ્વાતિ મહારાજાના શબ્દોમાં વિનંતી કરું છું કે–

पुत्रापराधवन्मम मर्षयितव्यं बुधैः सर्वम् । (પ્રશમરતિ ગા.૩૧૨)

પિતા પુત્રના અપરાધને માફ કરે તેમ વિદ્વાનોએ માફ કરવું.

હું એક તરફ મારી બુદ્ધિની મંદતાને જોઉં છું બીજી તરફ આ અનુવાદને જોઉં છું તો મારી સામે 'હું આ કેવી રીતે કરી શક્યો ?' એવો પ્રશ્નાર્થચિહ્ન ખડો થાય છે પણ મારા ઉપકારી સિદ્ધાંત મહોદધિ પ.પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને નિઃસ્પૃહતામૂર્તિ પરમ ગુરુદેવ શ્રીહીરસૂરીશ્વરજી મહારાજાની દિવ્ય કૃપાદૃષ્ટિનું સ્મરણ થતાં જ એ પ્રશ્નાર્થચિહ્ન અદશ્ય થઇ જાય છે. આથી આ પ્રસંગે એ બે મહાપુરુષોને હર્ષ ભરેલા હૃદયથી વંદન કરું છું તથા વર્ધમાનતપોનિધિ (વર્ધમાનતપ આયંબિલની ૧૦૦ + ૮૮ ઓળીના આરાધક) પૂ. ગુરુદેવ શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ.ને પણ ભાવભર્યું નમન કરું છું.

## સહાયકોનું સંસ્મરણ

અનુવાદ પૂર્ણ કરી દેવા માત્રથી કાર્ય પૂર્ણ થઇ જતું નથી. અનુવાદ તૈયાર થયા પછી જ્યાં સુધી પુસ્તક રૂપે પ્રકાશિત ન થાય ત્યાં સુધી ઘણી જવાબદારી વહન કરવાની હોય છે. મુનિ શ્રીધર્મશેખરવિજયજીએ આ બધી જવાબદારી પોતાના શિરે લઇને મને એ જવાબદારીમાંથી મુક્ત કર્યો. આમ કરીને તેમણે મારા પ્રત્યે રહેલા હાર્દિક ભાવની અભિવ્યક્તિ કરી છે. અર્થની કે શબ્દની અશુદ્ધિ ન રહે એ માટે એમણે પ્રથમ અધ્યાયથી આરંભી દશમા અધ્યાય સુધીનું મેટર શાંતિથી અને એકાગ્રતાથી વાંચ્યું. પછી પ્રુફ સંશોધનમાં પણ ઘણી મહેનત કરી રહ્યા છે. પ્રુફ સંશોધનમાં મુનિ દિવ્યશેખરવિજયજી પણ ઘણો સહયોગ આપી રહ્યા છે.

મને આંખની તકલીફ થયા પછી બધો અનુવાદ લખવામાં (હું બોલું અને તે લખે એ રીતે) તેમણે જ લખી આપ્યો છે. ટીકાના પ્રારંભના ચાર અધ્યાયના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીહિતશેખરવિજયજીએ કરી છે. બાકીના સંપૂર્ણ ભાષ્યસહિત ટીકાના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીસુમતિશેખરવિજયજીએ સુવાચ્ય અક્ષરોમાં તૈયાર કરી છે તથા કોઇ કોઇ સ્થળે અનુવાદ લખવાનો રહી ગયો હોય તે અનુવાદ પણ તેમણે લખી આપ્યો છે.

આ પ્રસંગે મને સાધુસેવા કરવાનો ગુણ જેના સ્વભાવમાં રહેલો છે તેવા મુનિ શ્રીકૈવલ્યદર્શનવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વિ.સં. ૨૦૬૪નાં વાપીનાં ચાતુર્માસમાં મને આવેલી બિમારીમાં તેમણે લગભગ બે મહિનાથી પણ અધિક સમય સુધી નિઃસ્વાર્થપણે મારી હાર્દિક સેવા કરી. મુનિ શ્રીદિવ્યશેખરવિજયજી માટે હું શું લખું ? અને કેટલું લખું ? એ પ્રશ્ન મને મૂંઝવી રહ્યો છે. એમના માટે ટૂંકમાં એટલું જ લખું છું કે શરીર અનેક તકલીફોથી ઘેરાતું જાય છે અને અત્યંત કૃશ બનતું જાય છે એવી અવસ્થામાં મારા માટે એ જ સર્વસ્વ છે. દરરોજ સવાર-બપોર-સાંજે એ ત્રણે સમયે માતા જેમ બાળકને ખવડાવે તેમ મને આહાર

વપરાવે છે અને એક પછી એક દવાઓ આપે છે. મને ક્યારેક આ દશ્યની સ્મૃતિ થાય છે ત્યારે મારી આંખો આંસુઓથી ભીની થઇ જાય છે.

મને જયારે ભૂતકાળની સ્મૃતિ થાય છે ત્યારે મુનિશ્રી (હમણા પંન્યાસ) રવિશેખરવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વર્ષો સુધી મારી સેવા કરીને મારી સંયમયાત્રામાં અને સાહિત્યયાત્રામાં સાથ આપ્યો છે.

વિ.સં. ૨૦૫૦માં શેષકાળમાં મને પૂના - ટીંબર માર્કેટમાં ગાઢ બિમારી આવી ત્યારે મેં જીવવાની આશા છોડી દીધી હતી તેવી અવસ્થામાં એકલા[૧] હાથે મારી સેવા કરનારા મુનિ શ્રીહર્ષશેખરવિજયજીને પણ હું કેમ ભૂલી શકું ?

સહવર્તી સર્વમહાત્માઓ મારી સેવા કરવામાં સદા ઉત્સુક રહે છે આમ છતાં મારું શારીરિક આરોગ્યનું પુણ્ય અત્યંત નબળું હોવાના કારણે જેમાં સમાધિ રાખવી કઠિન બની જાય તેવી નવી નવી તકલીફો ઉત્પન્ન થયા કરે છે. આમ છતાં આવા સેવાભાવી મહાત્માઓના પ્રભાવથી મારું સંપૂર્ણ જીવન સમાધિમય બની રહે એ જ અભ્યર્થના.

આ અનુવાદમાં ગ્રંથકારના આશયથી, ભાષ્યકારના આશયથી, ટીકાકારના આશયથી અને જિનાજ્ઞાથી વિરુદ્ધ કંઇ પણ લખાયું હોય તેનું મિચ્છા મિ દુક્કડં આપવાપૂર્વક મારી લેખિનીને અહીં થોભાવી દઉં છું.

**- આચાર્ય રાજશેખરસૂરિ**
**વિ.સં. ૨૦૬૬, આસો વદ-૧૨**
**કલ્પનગરી, મુંબઇ-મુલુંડ**

૧. આ સમયે મુનિ શ્રીધર્મશેખરવિજયજી પણ પૂના હતા, તેઓ કેમ્પમાં ગાઢ બિમારીના કારણે પથારીવશ થયેલા મુનિ શ્રીકર્મજિતવિજયજી મ.સા.ની સેવામાં રોકાયેલા હતા.

## * સંપાદકની સંવેદના *

સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના ગુરુકુલવાસમાં વસીને સિદ્ધહસ્ત ભાવાનુવાદકાર પરમ સંવેગી પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર સૂરીશ્વરજી મહારાજાએ ૫૫ વર્ષના નિર્મળ સંયમની ક્ષણોને સંયમ, સ્વાધ્યાય અને ગુરુસમર્પણભાવની પવિત્ર ગંગોત્રીમાં અવગાહન કરતાં લગભગ આઠ વર્ષના અલ્પ ચારિત્ર પર્યાયે તો અત્યંત કઠીન ગણાતા 'પએસબંધો' નામના કર્મગ્રંથ વિષયક ગ્રંથરત્નની ટીકા રચી. ત્યારથી પ્રારંભાયેલી પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા અવિરત ચાલતી રહી. અત્યંત નાજુક નાદુરસ્તી વચ્ચે પણ આંતરિક મજબૂત લોખંડી મનોબળના કારણે આત્માને તંદુરસ્ત બનાવે તેવા કેટલાય ગ્રંથરત્નોના ભાવાનુવાદ, લેખન, સંપાદન, સંકલન કર્યા. સાહિત્યયાત્રાનું અંતિમ માઈલસ્ટોન કહીએ તો પ્રસ્તુત 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' આ ગ્રંથ સાથે અનેક ઘટનાઓ સંકળાયેલી છે. 'श्रेयांसि बहुविघ्नानि महतामपि जायते' આ ઉક્તિ આ સર્જનમાં સાર્થક નીવડી છે.

પ્રેસર (ઉંચું લોહીનું દબાણ)ની તકલીફ વધતાં તેની અસર પૂજ્યશ્રીની ચક્ષુ ઉપર થઈ. તાત્કાલિક ઉપાયો કરાવવા છતાં એક આંખે લગભગ દૃષ્ટિ જતી રહી. એક આંખથી પણ કામ ચાલું રહ્યું. તેમાં ભીવંડીના ચાતુર્માસ દરમિયાન બીજી આંખમાં મોતીયો ઉતરાવ્યો. લેન્સ જે નંબરનો હોવો જોઈએ તેના કરતાં જૂદો બેસાડ્યો. પરિણામે બીજી આંખે પણ લગભગ દેખાવાનું બંધ જેવું થયું. આ દરમિયાન તત્ત્વાર્થાધિગમ સૂત્રનો ભાવાનુવાદ ચાલું હતો. મુંબઈમાં ડૉ. સુજલ શાહ કે જેઓ પ્રભુશાસનના તત્ત્વજ્ઞાનના પરમ પિપાસુ, સાધુ વેયાવચ્ચના રસિયા હતા. તેમના સતત સતત પ્રયાસથી લગભગ ૧૫ ટકા જેટલી દૃષ્ટિનો ઉઘાડ થયો. જે અનુવાદનું કાર્ય બાકી હતું તેના વિશાળ કદના અક્ષરોવાળી ઝેરોક્ષ નકલો કરાવી. પૂજ્યશ્રીની આંખે ચોવીશ નંબરના ચશ્મા પહેરાવ્યા. બિલકુલ નિકટમાં લાવીને અક્ષરો વંચાય તેના આધારે પૂજ્યશ્રી તેઓશ્રીના વિનયી શિષ્ય મુ.શ્રી દિવ્યશેખર વિ.ને કહેતા જાય અને ગ્રંથનું કાર્ય આગળ વધતું જાય. આ રીતે દશ અધ્યાયનું કાર્ય પૂર્ણ થતાં ખ્યાલ આવ્યો કે પ્રારંભના પાંચ અધ્યાયના 'ભાષ્ય'નો અનુવાદ તો બાકી રહી ગયો છે.

તે પણ આવી આંખે પૂજ્યશ્રીએ પૂર્ણ કરાવ્યો. સવાર થતાં જ ગુરુ-શિષ્યની જોડી આ કાર્યમાં જોડાઈ જાય એ સુખદ દશ્ય તો જેણે જોયું તે ધન્ય બન્યા ! જૈનશાસનના રાજા જેવું તૃતીયપદ મળ્યું હોવા છતાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાની પેલી પંક્તિ 'बाह्यदृष्टि प्रचारेषु मुद्रितेषु महात्मनः, अन्तरेवावभासन्ते स्फुटाः सर्वा समृद्धयः ॥ - જ્ઞાનસાર' ને પૂજ્યશ્રીએ સ્વજીવનની પ્રત્યેક ક્ષણોમાં સાર્થક કરી હતી.

અથાક પ્રયત્ને પૂર્ણ કરેલા અનુવાદ પછીની જે કાર્ય સિદ્ધિની સુખદ ક્ષણો હતી તેના સાક્ષી જે બન્યા હોય તે કહી શકે કે પૂજ્યશ્રી કેટલા પ્રસન્ન હતા !

સિદ્ધિની અનુભૂતિઓને અક્ષર દેહ આપીને પ્રસ્તાવના રૂપે લખવાનો જ્યારે અવસર આવ્યો તે ક્ષણે હું (મુનિ ધર્મ શે.વિ.) તથા મુ.શ્રી દિવ્ય શે.વિ. સામે બેઠા હતા. પૂજ્યશ્રી જેમ જેમ લખતા જતા હતા તેમ તેમ નેત્રો પણ સજળ બનતા જતા હતા. અત્યંત સંવેદનશીલતાપૂર્વક લખાયેલી પ્રસ્તાવનામાં નાનામાં નાના સાધુએ કે કોઇ શ્રાવકે કંઇક મદદ કરી હોય તો તે બધાને સ્મૃતિપથમાં લીધા હતા.

અનુવાદનું કાર્ય પૂજ્ય ગુરુદેવશ્રીએ પૂર્ણ કર્યું તે વખતે એક પુણ્યાત્માને પત્ર દ્વારા જણાવ્યું હતું કે 'તત્ત્વાર્થાધિગમ સૂત્રનું અનુવાદનું કાર્ય પૂર્ણ થયું છે. પ્રેસમાં પણ મોકલી આપ્યું છે. છપાવવા વગેરેનું કાર્ય મારા શિષ્યાદિ સંભાળી લેશે. તેથી હવે ઉંમરના કારણે કે શારીરિક અસ્વસ્થતાને કારણે મારી ગેરહાજરી હોય તો પણ પુસ્તક છપાઇ જશે !' જાણે પૂજ્યશ્રીને પોતાના જીવનસમાપ્તિનો સંકેત મળી ગયો હશે !

અનુવાદ કરતી વખતે અનેક પ્રતોનો સહારો લેવાયો હતો. જે મુદ્રિત પ્રતના આધારે અનુવાદ શરૂ કર્યો હતો તેમાં ઘણી અશુદ્ધિઓ હતી, ક્યાંક ક્યાંક અનુસંધાન પણ મળતું નહોતું. વરસોથી અનુવાદની સિદ્ધહસ્તતાને કારણે પૂજ્યશ્રીએ પોતાના અનુભવથી તે તે પાઠોનું અન્ય અન્ય પ્રતોના આધારે અનુસંધાન ગોઠવી દીધું હતું. ખાસ કરીને 'શ્રી સિદ્ધસેન ગણિ' કૃત તત્ત્વાર્થની ટીકાના આધારે ઘણા સુધારા કર્યા હતા. શ્રુતોપાસિકા સાધ્વીજી શ્રી ચંદનબાળાશ્રીજી મહારાજે પણ હસ્તલિખિત પ્રત મેળવી આપવામાં ઘણી સહાય કરી હતી. આ રીતે અનુવાદ કરી શેષ કાર્ય છપાવવા વગેરેની

જવાબદારી મને સોંપી પૂજ્ય ગુરુદેવશ્રી પાલિતાણા મુકામે વિ.સં. ૨૦૬૮ ના ચૈત્ર વદ ૪ ના સ્મૃતિશેષ થયા.

ગુરુદેવશ્રીની હાજરીમાં તો ક્યાંક ક્ષતિ રહી હોય તો પ્રમાર્જના કરાવવા માટે તુરંત તેમની પાસે દોડીને પહોંચી જતો હતો. હવે તેઓશ્રીની ગેરહાજરીમાં આ કાર્ય કોની પાસે કરવું ? તેમાં પૂ. બાપજી મહારાજાના સમુદાયના વિદ્વદ્વર્ય પૂ. આચાર્યદેવ શ્રી મુનિચન્દ્ર સૂ.મહારાજાને આ પ્રુફ સંશોધન માટે વિનંતિ કરતાં વરસોથી સાહિત્ય સંશોધનાદિ કારણે જેઓ પૂજ્યશ્રી સાથે આત્મીય ભાવે જોડાયેલા હતા તેથી આ અંગે હૃદયોદ્ગાર જણાવતાં એઓશ્રીએ જણાવ્યું કે 'ઋણ ચૂકવવાની સુંદર તક આપી.' પૂ. પંન્યાસશ્રી નયભદ્ર વિ.મહારાજે પણ પ્રુફ સંશોધન કર્યું. મુ.શ્રી દિવ્યશેખર વિજયજી તો સદા ઉપયોગી બન્યા રહે છે. મુ.શ્રી પદ્મશ્રમણ વિ.મહારાજે પણ પ્રુફો મેળવવામાં સહકાર આપ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ કેટલાક સ્થળો જોવા માટે પ્રેમ-ભુવનભાનુ સૂ.મ.ના સમુદાયના વિદ્વાન પંન્યાસપ્રવર શ્રી યશોવિજયજી મહારાજને મેટર મોકલી આપ્યું હતું. તેમણે પણ કાર્ય ખંતથી કરી અનુવાદ મોકલ્યો તે પણ આ ગ્રંથમાં સમાવિષ્ટ છે.

મેટર પ્રેસમાં આપ્યા પછી ત્રણ ત્રણ વર્ષ પસાર થઇ ગયા. તેજસ પ્રિન્ટર્સના તેજસભાઇએ પણ ખૂબ ધીરજથી ચીવટપૂર્વક કાર્ય પૂર્ણ કર્યું છે. એક ગ્રંથરત્નનું સર્જન જ્યારે અનેક આરાધકોની સહાયથી પૂર્ણ થઇ રહ્યું છે ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીની હાજરીમાં ન થયાની અધુરાશ છે. છતાં પરમગુરુદેવ ગચ્છસ્થવિર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર સૂ.મહારાજાનું વાત્સલ્ય, પ્રેરણા, અવસરે કાર્યભારને વહેલી તકે પૂર્ણ કરવાની મળતી ટકોરે આ કાર્ય પૂર્ણ થઇ રહ્યાનો સંતોષ અનુભવું છું. આ સર્જનમાં જેનો જેનો સહકાર મળ્યો તે સહુનો હું ઋણી છું.

**વિ.સં. ૨૦૭૦, પોષ સુદ ૬, સોમવાર,** **- મુનિ ધર્મશેખર વિજયજી ગણિ**
**તા. ૦૯-૦૧-૨૦૧૪, વર્ધમાનનગર, રાજકોટ**

## * વિષયાનુક્રમ *

**વિષય** **પૃષ્ઠ**


- ત્રીજો અધ્યાય ........ ૧
- નરકની સાત પૃથ્વીઓના નામો ........ ૩
- **સૂત્ર-૧ :** रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभा........ ૩
- સાત નરક પૃથ્વીનો દેખાવ (આકૃતિ) ........ ૬
- ચૌદ રાજલોક (આકૃતિ) ........ ૧૦
- રત્નપ્રભાના ત્રણ કાંડ (આકૃતિ) ........ ૧૨
- રત્નપ્રભા પૃથ્વીનો સંપૂર્ણ દેખાવ (આકૃતિ) ........ ૧૪
- સાત રાજ પ્રમાણ નરક પૃથ્વી (આકૃતિ) ........ ૧૭
- સાત નરક (આકૃતિ) ........ ૧૮
- સાત પૃથ્વી (કોષ્ટક) ........ ૧૯
- ધનોદધિ આદિના માપ (કોષ્ટક) ........ ૨૦
- નરકાવાસોનું વર્ણન ........ ૨૦
- **સૂત્ર-૨ :** तासु नरकाः ........ ૨૦
- પ્રતર-નરકાવાસોની સંખ્યા ........ ૨૩
- નરકમાં લેશ્યા આદિની અશુભતા ........ ૨૪
- **સૂત્ર-૩ :** नित्याशुभतरलेश्यापरिणामदेहवेदनाविक्रियाः ........ ૨૪
- અશુભ નિર્માણ ........ ૨૬
- અશુભ લેશ્યા ........ ૨૭
- દ્રવ્યલેશ્યાના વર્ણાદિ (કોષ્ટક) ........ ૨૭
- અશુભ પરિણામ ........ ૨૭
- અશુભ દેહ ........ ૨૮
- અશુભ વેદના ........ ૨૮
- અશુભ વિક્રિયા ........ ૨૯
- પરમાણુ આદિનું માપ ........ ૩૮
- નરકમાં ઉત્તરવૈક્રિય શરીરનું માપ (કોષ્ટક) ........ ૪૦

- નરકમાં આયુષ્યનું પ્રમાણ (કોષ્ટક) ........................ ૪૫
- નરકમાં વેદના (કોષ્ટક) ........................ ૪૮
- નરકમાં પરસ્પરોદીરિત વેદના ........................ ૪૯
- **સૂત્ર-૪ :** परस्परोदीरितदुःखाश्च ........................ ૪૯
- નરકમાં ક્ષુધા-પિપાસાનું દુઃખ ........................ ૫૦
- નરકમાં પરમાધામીકૃત વેદના ........................ ૫૩
- **સૂત્ર-૫ :** सङ्क्लिष्टासुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ............ ૫૩
- પરમાધાર્મિક શબ્દનો અર્થ ........................ ૫૭
- નારકોના આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ........................ ૫૮
- **સૂત્ર-૬ :** तेष्वेक-त्रि-सप्त-दश-सप्तदश-द्वाविंशति ............... ૫૮
- ઉત્કૃષ્ટ આયુષ્ય (કોષ્ટક) ........................ ૬૦
- સાગરોપમનું માપ ........................ ૬૨
- તિર્ચ્છાલોકમાં દ્વીપ-સમુદ્રો ........................ ૬૮
- **સૂત્ર-૭ :** जम्बूद्वीपलवणादयः शुभनामानो द्वीपसमुद्राः ........... ૬૮
- દ્વીપ-સમુદ્રો (આકૃતિ) ........................ ૬૯
- દ્વીપ-સમુદ્રોની પહોળાઇ અને આકૃતિ ........................ ૭૦
- **સૂત્ર-૮ :** द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः ........ ૭૦
- સર્વ દ્વીપ-સમુદ્રોની મધ્યમાં આવેલા દ્વીપનું નામ વગેરે ......... ૭૨
- **સૂત્ર-૯ :** तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्रविष्कंभो जम्बूद्वीपः .... ૭૨
- જંબૂદ્વીપ (આકૃતિ) ........................ ૭૩
- મેરુની ત્રણ લોકમાં સ્પર્શના ........................ ૭૬
- મેરુ પર્વત ........................ ૭૭
- મેરુ પર્વત (આકૃતિ) ........................ ૭૮
- પંડકવન (આકૃતિ) ........................ ૭૯
- ભદ્રશાલ વન (આકૃતિ) ........................ ૮૦
- જંબૂદ્વીપમાં આવેલા ક્ષેત્રો ........................ ૮૦

◆ **સૂત્ર-૧૦ :** तत्र भरतहैमवतहरिविदेहरम्यकहिरण्यवतैरावतवर्षाः .... ૮૦
◆ સોળ દિશા-વિદિશા (આકૃતિ) ................................. ૮૪
◆ ચાર દિશા - ચાર વિદિશા (આકૃતિ) ......................... ૮૫
◆ ઊર્ધ્વ-અધો દિશા (આકૃતિ) ................................. ૮૫
◆ જંબૂદ્વીપમાં આવેલા ૬ કુલગિરિ - ૭ ક્ષેત્રો .................... ૮૬
◆ **સૂત્ર-૧૧ :** तद्विभाजिनः पूर्वापरायता हिमवन्महाहिमवन्निषध ...... ૮૬
◆ ક્ષેત્રો-પર્વતો (આકૃતિ) ...................................... ૮૮
◆ વૈતાઢ્ય પર્વત ............................................... ૮૯
◆ દેવકુરુ - ઉત્તરકુરુ .......................................... ૮૯
◆ મહાવિદેહક્ષેત્ર .............................................. ૮૯
◆ ગંગા-સિંધુ (આકૃતિ) ........................................ ૮૯
◆ ચક્રવર્તી વિજયો ............................................ ૯૦
◆ ધાતકી ખંડ - પુષ્કરાવર્ત .................................... ૯૦
◆ ચાર વન..................................................... ૯૦
◆ ભદ્રશાલવન (આકૃતિ) ....................................... ૯૧
◆ ભરતક્ષેત્રનો વિષ્કંભ (આકૃતિ) .............................. ૧૦૦
◆ ભરતક્ષેત્રની વિશેષ માહિતી ................................ ૧૦૧
◆ સાત ક્ષેત્ર - છ પર્વતોનો વિસ્તાર (કોષ્ટક) ..................... ૧૦૨
◆ પર્વતોની ઊંચાઇ - ઊંડાઇ (કોષ્ટક) .......................... ૧૦૨
◆ વૈતાઢ્ય પર્વતનું માપ ....................................... ૧૦૩
◆ નવ કૂટો ................................................... ૧૦૩
◆ વિદ્યાધરોના વાસ ........................................... ૧૦૩
◆ લોકપાલ દેવોના વાસ ....................................... ૧૦૩
◆ વ્યંતરોની ક્રીડાનું સ્થાન ...................................... ૧૦૩
◆ ગુફાઓ .................................................... ૧૦૪
◆ ઋષભકૂટ .................................................. ૧૦૪

- ૯૦ નદીઓની વિગત ........................................ ૧૦૪
- જંબૂદ્વીપમાં ૧૪ મહા નદીઓ (આકૃતિ) ..................... ૧૦૫
- ૧૨ અંતરનદીઓ (આકૃતિ) .................................. ૧૦૫
- તીર્થો ................................................... ૧૦૭
- બીલો .................................................. ૧૦૭
- લઘુહિમવંત પર્વત ......................................... ૧૦૭
- ૫૬ અંતરદ્વીપો ........................................... ૧૦૮
- ૫૬ અંતરદ્વીપો (આકૃતિ) .................................. ૧૦૮
- હૈમવતક્ષેત્ર ............................................... ૧૧૦
- મહાહિમવંત પર્વત ........................................ ૧૧૦
- હરિવર્ષક્ષેત્ર ............................................. ૧૧૧
- ધાતકીખંડમાં પર્વતાદિ (આકૃતિ) ........................... ૧૧૧
- ધાતકીખંડ - પુષ્કરાવર્તક્ષેત્ર (આકૃતિ) ...................... ૧૧૨
- નિષધ પર્વત ............................................. ૧૧૩
- મહાવિદેહક્ષેત્ર ............................................ ૧૧૩
- ચારગજદંત પર્વતો ........................................ ૧૧૩
- મહાવિદેહ ક્ષેત્રની સ્થાપના (આકૃતિ) ........................ ૧૧૪
- કાંચન પર્વતો .............................................. ૧૧૫
- બાકીના ક્ષેત્રો - પર્વતો ....................................... ૧૧૫
- જીવા અને ધનુકાષ્ઠ ........................................ ૧૧૫
- પર્વતોની વિશેષ માહિતી (કોષ્ટક) .......................... ૧૧૬
- લઘુમેરુ - ત્રણ કાંડ ........................................... ૧૧૮
- ચાર વન ................................................... ૧૧૮
- ચૂલા ...................................................... ૧૧૯
- લઘુમેરુ (આકૃતિ) .......................................... ૧૨૦
- વર્ગમૂળ કાઢવાની રીત .................................... ૧૨૧

- ગણિતપદ - ક્ષેત્રફળ ........................................ ૧૨૬
- જંબૂદ્વીપ - પ્રતરવૃત્ત........................................ ૧૨૮
- પ્રતરવૃત્ત (આકૃતિ) ........................................ ૧૨૮
- જંબૂદ્વીપની જીવા........................................ ૧૨૯
- જીવા લાવવાનું કરણસૂત્ર ........................................ ૧૨૯
- ધાતકીખંડ દ્વીપમાં ક્ષેત્રો અને પર્વતોની સંખ્યા ................ ૧૩૬
- **સૂત્ર-૧૨ :** द्विर्धातकीखण्डे ........................................ ૧૩૬
- ધાતકીખંડનાં બે ઈષુકાર પર્વતો (આકૃતિ) ........................ ૧૩૯
- પુષ્કરવરદ્વીપમાં ક્ષેત્રો અને પર્વતોની સંખ્યા........................ ૧૪૦
- **સૂત્ર-૧૩ :** पुष्करार्द्धे च ........................................ ૧૪૦
- માનુષોત્તર પર્વત (આકૃતિ) ........................................ ૧૪૫
- મનુષ્યોના નિવાસસ્થાનની મર્યાદા ........................................ ૧૫૦
- **સૂત્ર-૧૪ :** प्राग् मानुषोत्तरान्मनुष्याः ........................................ ૧૫૦
- મનુષ્યોના ભેદો ........................................ ૧૫૨
- **સૂત્ર-૧૫ :** आर्या म्लिशश्च ........................................ ૧૫૨
- આર્ય-અનાર્ય ........................................ ૧૫૭
- ૫૬ અંતરદ્વીપો ........................................ ૧૫૯
- કર્મભૂમિની સંખ્યા ........................................ ૧૬૧
- **સૂત્ર-૧૬ :** भरतैरावतविदेहाः कर्मभूमयोऽन्यत्र ........................ ૧૬૧
- મનુષ્યોના આયુષ્યનો કાળ ........................................ ૧૬૫
- **સૂત્ર-૧૭ :** नृस्थिती परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते ................ ૧૬૫
- તિર્યંચોના આયુષ્યનો કાળ ........................................ ૧૬૬
- **સૂત્ર-૧૮ :** तिर्यग्योनीनां च........................................ ૧૬૬
- તિર્યંચોનું ઉત્કૃષ્ટ આયુષ્ય (કોષ્ટક) ........................................ ૧૭૦
- જીવોની કાયસ્થિતિ (કોષ્ટક) ........................................ ૧૭૨
- ભાવાનુવાદકારની પ્રશસ્તિ ........................................ ૧૭૩
- મૂળસૂત્ર ........................................ ૧૭૪

# श्री तत्त्वार्थाधिगम सूत्रम्

## ત્રીજો અધ્યાય

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता नारका इति गतिं प्रतीत्य जीवस्यौदयिको भावः । तथा जन्मसु 'नारकदेवानामुपपातः' । वक्ष्यति च स्थितो 'नारकाणां च द्वितीयादिषु' । आस्रवेषु 'बह्वारम्भपरिग्रहत्वं च नारकस्यायुष' इति ।

तत्र के नारका नाम क्व चेति । अत्रोच्यते । नरकेषु भवा नारकाः । तत्र नरकप्रसिद्ध्यर्थमिदमुच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** આપે (અ.૨ સૂ.૬ માં) ગતિને આશ્રયીને નારકો એ જીવનો ઔદયિક ભાવ છે એમ કહ્યું તથા જન્મનાં વર્ણનમાં (અ.૨ સૂ.૩૫ માં) નારક-દેવોને ઉપપાત જન્મ હોય છે એમ કહ્યું છે તથા (અ.૪ સૂ.૪૩ માં) સ્થિતિના વર્ણનમાં 'બીજીથી સાતમી નરક સુધીમાં પૂર્વનરકની ઉત્કૃષ્ટ સ્થિતિ પછીના નરકની જઘન્ય સ્થિતિ છે' એમ આપ કહેશો તથા (અ.૬ સૂ.૧૬ માં) આશ્રવના વર્ણનમાં અતિશય આરંભ અને અતિશય પરિગ્રહ નરકાયુના આસ્રવો છે એમ આપ કહેશો તેથી નારકો કોણ છે અને કયાં છે એમ અમે જાણતા નથી.

**ઉત્તર–** નરકમાં ઉત્પન્ન થયેલા જીવો નારકો કહેવાય છે તેમાં નરકની પ્રસિદ્ધિ થાય એ માટે આ કહેવાય છે–

**टीकावतरणिका–** साम्प्रतं तृतीयोऽध्याय आरभ्यते, इह च 'अत्राहोक्तं भवता' इत्यादि सम्बन्धग्रन्थः, अत्र अध्यायपरिसमाप्तिप्रस्तावे शिष्य आह–अभिहितं भवता द्वितीयेऽध्याये भावप्रकरणे, किमित्याह– 'नारका इति गतिं प्रतीत्य जीवस्य औदयिको भाव' इति, अनेन 'गति-कषायलिङ्गसूत्रं' सूचितमिति, तथा तस्मिन्नेव द्वितीये जन्मप्रकरणप्रस्तावे 'नारकदेवानामुपपात' इत्युक्तं, वक्ष्यति च चतुर्थेऽध्याये स्थितावायुषः

'नारकाणां च द्वितीयादिषु', एवमाश्रवचिन्तायां षष्ठेऽध्याये बह्वारम्भ-परिग्रहत्वं च नारकस्यायुषः इत्युक्तं भवतेति, तदेवमनेकत्र नारकश्रुतेः प्रामाण्याद्, व्युत्पन्नश्चोदकः, अव्युत्पन्नस्य प्रश्नायोगात्, 'मूकं हुंकारं[१] चे'ति श्रवणविधिकथनात्, विशेषार्थं पृच्छति-तत्र नारके नरकाः नाम सत्त्वाः के वेति, इति अत्रोच्यते-नरकेषु भवाः नारकाः, नरान् कायन्तीति नरकाः उष्ट्रिकादयो वक्ष्यमाणास्तेषु भवाः सत्त्वाः दुष्कृतकर्मणा नारका इति, तत्र नारकप्रसिद्ध्यर्थमिदं वक्ष्यमाणमुच्यते सूत्रं, तन्निवासित्वान्नारकाणामिति ॥ तदाह–

**ટીકાવતરણિકાર્થ–** હવે ત્રીજો અધ્યાય શરૂ કરવામાં આવે છે. અહીં "अत्रोहोक्तं भवता" ઇત્યાદિ ગ્રંથ સૂત્રનો સંબંધ જણાવવા માટે છે. બીજા અધ્યાયની સમાપ્તિના અવસરે શિષ્ય કહે છે કે- આપે બીજા અધ્યાયમાં ભાવ-પ્રકરણમાં गति, कषाय, लिङ्ग (૨-૬) એ સૂત્રમાં ગતિને આશ્રયીને "નારકો એ જીવનો ઔદયિક ભાવ છે" એમ કહ્યું છે. તથા તે જ બીજા અધ્યાયમાં જન્મ પ્રકરણના પ્રસંગે "નારક-દેવોને ઉપપાત રૂપ જન્મ હોય છે" (૨-૩૫) એમ કહ્યું છે. તથા ચોથા અધ્યાયમાં આયુષ્યની સ્થિતિના વર્ણનમાં "બીજીથી સાતમી નરક સુધીમાં પૂર્વ નરકની ઉત્કૃષ્ટ સ્થિતિ પછીના નરકની જઘન્ય સ્થિતિ છે" (૪-૪૩) એમ નારકોની જઘન્ય સ્થિતિ આપ કહેશો. એ પ્રમાણે છઠ્ઠા અધ્યાયમાં આશ્રવોની વિચારણામાં "અતિશય આરંભ અને અતિશય પરિગ્રહ નરકાયુના આશ્રવો છે" (૬-૧૬) એમ આપે કહ્યું છે. આ પ્રમાણે અનેક સ્થળે થતું 'નારક' શબ્દનું શ્રવણ પ્રામાણિક હોવાથી બુદ્ધિશાળી પ્રશ્નકાર વિશેષાર્થને પૂછે છે. બુદ્ધિ રહિતને પ્રશ્ન ન થતાં હોવાથી અહીં "બુદ્ધિશાળી" એમ કહ્યું છે. શાસ્ત્ર શ્રવણની વિધિ આ પ્રમાણે કહી છે- (૧) પહેલાં શ્રવણમાં કંઇ પણ બોલ્યા વિના સાંભળે. (૨) બીજા શ્રવણમાં હુંકાર આપે, અર્થાત્ વંદન કરે. (૩) ત્રીજા શ્રવણમાં બાઢત્કાર કરે=આ સારું જ છે, અન્યથા નથી એમ

૧. सम्पूर्णगाथेयम् - मूअं हुंकारं वा, बाढकारपडिपुच्छवीमंसा ।
तत्तो पसंगपारायणं च परिणिट्ठ सत्तमए ॥ आवश्यकनिर्युक्ति गाथा-२३

કહે. (૪) ચોથા શ્રવણમાં સૂત્રનો પૂર્વાપરનો અભિપ્રાય જાણી લીધો હોવાથી આ કેવી રીતે ? એમ કંઈક પ્રશ્ન કરે. (૫) પછી પાંચમા શ્રવણમાં પ્રમાણને જાણવાની ઇચ્છા કરે. (૬) પછી છઠ્ઠા શ્રવણમાં ઉત્તરોત્તર ગુણોની પ્રાપ્તિ થાય અને શ્રવણના પારને પામે. (૭) સાતમા શ્રવણમાં પૂર્ણતા થાય, અર્થાત્ ગુરુના બોલ્યા પછી ગુરુની જેમ પોતે પણ બોલે." (આવશ્યક નિર્યુક્તિ ગા.૨૩)

तत्र=નરકમાં, નારક જીવો કોણ છે ? અહીં જવાબ કહેવામાં આવે છે- નરકોમાં ઉત્પન્ન થયેલા જીવો નારકો કહેવાય છે. નરક શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે- મનુષ્યોને બોલાવે[1] છે તેથી નરક કહેવાય છે. ઉષ્ટ્રિકા વગેરે નરકો હવે કહેવામાં આવશે. દુષ્કાર્યથી બંધાયેલા કર્મથી નરકોમાં ઉત્પન્ન થયેલા જીવો નારકો છે. નરકમાં નારકોની ઓળખાણ માટે હવે કહેવાશે તે સૂત્ર કહેવાય છે. કારણ કે નારકો નરકમાં રહેનારા છે. તે સૂત્રને કહે છે—

**નરકની સાત પૃથ્વીઓનાં નામો—**

**रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभा भूमयो घनाम्बु-वाताकाशप्रतिष्ठाः सप्त अधोऽधः पृथुतराः ॥३-१॥**

**સૂત્રાર્થ—** રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃપ્રભા એમ સાત ભૂમિઓ=પૃથ્વીઓ છે. એ સાત પૃથ્વીઓ ઘનાંબુ, વાત અને આકાશના આધારે રહેલી છે. ક્રમશઃ એક એકની નીચે આવેલી છે અને ક્રમશઃ વધારે વધારે પહોળી છે. (૩-૧)

**भाष्यं—** रत्नप्रभा शर्कराप्रभा वालुकाप्रभा पङ्कप्रभा धूमप्रभा तमःप्रभा महातमःप्रभा इत्येता भूमयो घनाम्बुवाताकाशप्रतिष्ठा भवन्त्येकैकशः सप्त अधोऽधः । रत्नप्रभाया अधः शर्कराप्रभा, शर्कराप्रभाया अधो वालुकाप्रभा । इत्येवं शेषाः । अम्बुवाताकाशप्रतिष्ठा इति सिद्धे घनग्रहणं क्रियते तेनायमर्थः प्रतीयेत घनमेवाम्बु अधः पृथिव्याः । वातास्तु घना-

૧. નારકો મનુષ્યોને બોલાવતા નથી. નરક શબ્દની આવી માત્ર વ્યુત્પત્તિ છે. રૂઢ શબ્દોમાં વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ ન હોય.

स्तनवश्चेति ॥ तदेवं खरपृथिवी पङ्कप्रतिष्ठा, पङ्को घनोदधिवलयप्रतिष्ठो, घनोदधिवलयं घनवातवलयप्रतिष्ठं, घनवातवलयं तनुवातवलयप्रतिष्ठं, ततो महातमोभूतमाकाशम् । सर्वं चैतत्पृथिव्यादि तनुवातवलयान्तमाकाशप्रतिष्ठम् । आकाशं त्वात्मप्रतिष्ठम् । उक्तमवगाहनमाकाशस्येति । तदनेन क्रमेण लोकानुभावसंनिविष्टा असङ्ख्येययोजनकोटीकोट्यो विस्तृताः सप्त भूमयो रत्नप्रभाद्याः ॥

सप्तग्रहणं नियमार्थं, रत्नप्रभाद्या मा भूवन्नेकशो ह्यनियतसङ्ख्या इति । किं चान्यत् । अधः सप्तैवेत्यवधार्यते । ऊर्ध्वं त्वेकैवेति वक्ष्यते ॥ अपि च तन्त्रान्तरीया असङ्ख्येयेषु लोकधातुष्वसङ्खेयाः पृथिवीप्रस्तारा इत्यध्यवसिताः । तत्प्रतिषेधार्थं च सप्तग्रहणमिति ॥

सर्वाश्चैता अधोऽधः पृथुतराः छत्रातिच्छत्रसंस्थिताः । घर्मा वंशा शैलाञ्जनारिष्टा माघव्या माघवीति चासां नामधेयानि यथासङ्ख्यमेव भवन्ति । रत्नप्रभा घनभावेनाशीतं योजनशतसहस्रम्, शेषा द्वात्रिंशदष्टाविंशतिर्विंशत्यष्टादशषोडशाष्टाधिकमिति । सर्वे घनोदधयो विंशतियोजनसहस्राणि । घनवाततनुवातास्त्वसङ्ख्येयानि, अधोऽधस्तु घनतरा विशेषेणेति ॥३-१॥

**ભાષ્યાર્થ–** રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃપ્રભા આ સાત ભૂમિઓ છે અને પ્રત્યેક ભૂમિ ઘનામ્બુ, વાત અને આકાશના આધારે રહેલી છે તથા ક્રમશઃ એક એકની નીચે આવેલી છે અને ક્રમશઃ વધારે વધારે પહોળી છે. રત્નપ્રભાની નીચે શર્કરાપ્રભા, શર્કરાપ્રભાની નીચે વાલુકાપ્રભા છે એ પ્રમાણે બીજી ભૂમિઓ પણ જાણવી. અમ્બુ, વાત અને આકાશના આધારે રહેલી છે એ પ્રમાણે કહેવાથી અર્થ સિદ્ધ થઇ જાય છે. છતાં ઘનામ્બુ એ સ્થળે ઘન શબ્દનું ગ્રહણ કરાય છે તેનાથી આ અર્થ જણાય છે કે પૃથ્વીની નીચે ઘન જ અમ્બુ(=પાણી) છે. વાત (વાયુ) તો ઘન અને તનુ એમ બે પ્રકારે છે. આ પ્રમાણે ખર પૃથ્વી પંકના આધારે રહેલી છે. પંક ઘનોદધિવલયના


આધારે રહેલો છે. ઘનોદધિવલય ઘનવાતવલયના આધારે રહેલો છે. ઘનવાતવલય તનુવાતવલયના આધારે રહેલો છે. ત્યારબાદ મહાઅંધકારવાળું આકાશ છે અને તનુવાતવલય સુધીનું પૃથ્વી વગેરે આ બધુ આકાશના આધારે રહેલું છે. આકાશ તો સ્વપ્રતિષ્ઠિત છે. અવગાહના(=જગ્યા) આપવી એ આકાશનું કાર્ય છે એમ (અધ્યાય ૫, સૂ.૧૮ માં) કહ્યું છે. તેથી રત્નપ્રભા વગેરે સાત પૃથ્વીઓ ક્રમથી લોકાનુભાવથી(=અનાદિકાળની લોકસ્થિતિથી) રહેલી છે અને અસંખ્ય કોટાકોટિ યોજન પહોળી છે.

સાત શબ્દનું ગ્રહણ રત્નપ્રભા વગેરે પૃથ્વીઓ અનેક છે એમ અનિયત સંખ્યા ન થાય એટલા માટે છે. વળી બીજું- सप्त શબ્દનું ગ્રહણ કરીને નીચે સાત જ પૃથ્વીઓ છે એમ અવધારણ કરાય છે. ઉપર તો એક જ પૃથ્વી છે એમ આગળ કહેવાશે. વળી- અન્યદર્શનકારો અસંખ્ય લોકધાતુઓમાં અસંખ્ય પૃથ્વીપ્રસ્તારો છે એમ અધ્યવસાયવાળા છે=એવું માનનારા છે. એમની આ માન્યતાનો પ્રતિષેધ કરવા માટે પણ सप्त શબ્દનું ગ્રહણ કર્યું છે.

આ બધી પૃથ્વીઓ નીચે નીચે અધિક પહોળી હોવાથી છત્રાતિછત્ર[1] જેવા આકારવાળી છે. તેમના નામો અનુક્રમે ઘર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, માઘવ્યા અને માઘવી છે. રત્નપ્રભા પૃથ્વી એક લાખ અને એંસી હજાર યોજન ઘન પહોળી છે, અર્થાત્ પોલાણ રહિત નક્કર છે. બાકીની પૃથ્વીઓ અનુક્રમે એક લાખ બત્રીશ હજાર યોજન, એક લાખ અઠાવીસ હજાર યોજન, એક લાખ વીસ હજાર યોજન, એક લાખ અઢાર હજાર યોજન, એક લાખ સોળ હજાર યોજન, એક લાખ આઠ હજાર યોજન પહોળી છે. સઘળાય ઘનોદધિ (જાડાઈમાં) વીસ હજાર યોજન છે, ઘનવાત અને તનુવાત તો જાડાઈમાં અસંખ્ય યોજન છે અને નીચે નીચે અધિક ઘન છે. (૩-૧)

૧. એક છત્રની નીચે બીજું વધારે પહોળું છત્ર, બીજા છત્રની નીચે ત્રીજું વધારે પહોળું છત્ર એમ છત્રાતિછત્ર આકારે રહેલી છે.

## સાત નરક પૃથ્વીનો દેખાવ




**टीका–** समुदायार्थः प्रकटः, अवयवार्थमाह–'रत्नप्रभे'त्यादिना, रत्नानि–वज्रादीनि तत्प्रधाना रत्नरूपा रत्नभावा रत्नबहुलेत्यर्थः, एवं शर्कराप्रभादयोऽपि वाच्याः, प्रभाशब्दस्य प्रत्येकमभिसम्बन्धात् इति, एवमेता 'भूमयो घनाम्बुवाताकाशप्रतिष्ठा भवन्ति' घनाम्बु च वाताकाशं चेति समासः, तेषु प्रतिष्ठा–स्थितिर्यासां तास्तथाविधा भवन्ति ।

'एकैकश' इत्येकैका घनाम्बुवातादिप्रतिष्ठा, न पुनः सप्तानामप्यध एव घनाम्ब्वादीनि, सप्तेति सङ्ख्या, सप्तैव, न न्यूनाधिकाः ।

'अधोऽध' इति प्रतिविशिष्टक्रमाख्यानं, तिर्यगूर्ध्वादिव्यवच्छेदार्थं, एतदेवाह- रत्नप्रभायाः अधः असङ्ख्येया योजनकोटीनां कोटीरवगाह्य शर्कराप्रभा भवति, एवं शर्कराप्रभाया अधः असङ्ख्येया योजनकोटीनां कोटीरतिक्रम्य वालुकाप्रभा, इत्येवं शेषाः पङ्कप्रभाद्या भाव्या इत्याद्यर्थः, एतदेवाह-रत्नप्रभाया अम्बुवाताकाशप्रतिष्ठा इत्येतावता सिद्धे सति घनग्रहणं क्रियते, किमर्थमित्याह-यथा प्रतीयेत-गम्येत यदुत घनमेवाम्बु अधः पृथिव्या रत्नप्रभारूपायाः, वातास्तु घनाः तनवश्चेति तद्यथा प्रतीयते, एतदेवाह-'तदेव'मित्यादिना, तदेवमुक्तनीत्याऽऽद्या खरपृथिवी रत्नप्रभाऽङ्गरूपा योजनसहस्रषोडशकबाहल्या पङ्कप्रतिष्ठा, पङ्कश्चतुरशीति-योजनसहस्रमानोऽशीतियोजनसहस्रमाने जलबहुले, तत्पुनर्विंशतियोजन-सहस्रमाने घनवलये घनवलयप्रतिष्ठमिति, विंशतियोजनसहस्रमानघनो-दधिवलयप्रतिष्ठमित्यर्थः, एवं घनोदधिवलयमसङ्ख्येययोजनसहस्र-बाहल्यघनवातवलयप्रतिष्ठं, एवं घनवातवलयमसङ्ख्येययोजनसहस्र-बाहल्यतनुवातवलयप्रतिष्ठं, ततः तनुवातवलयात् परं महातमोभूतमा-काशमिति, घनान्धकारनिचितम्, असङ्ख्येययोजनकोटीकोटिमान-मित्यर्थः, सर्वं चैतत् पृथिव्यादि तनुवातवलयान्तमनन्तरोदितं किमित्याह-आकाशप्रतिष्ठं, ज्योतिर्विमानानामाकाश एव तथादर्शनात्, आकाशं त्वात्मप्रतिष्ठमिति, नाधारान्तरप्रतिष्ठं, यस्मादुक्तं पञ्चमेऽध्याये सूत्रतः 'आकाशस्यावगाहः' (५.१८) उपकार इत्येतद्, उपलक्षणमिदमव-गाहनमाकाशस्येति, अवगाहदानेन व्याप्रियते आकाशं सर्वद्रव्याणाम्, अवगाहवतां पुनरवगाहदानव्यापारपरं सदवगाहिष्यति, तदन्यत्र तदनुरूपा-धाराभावात्, अतः स्वप्रतिष्ठमिदमिति ।

'तदनेन क्रमेणे'त्यादि, तस्मात् अनेन क्रमेणानन्तरोदितेन किमित्याह 'लोकानुभावसन्निविष्टा' इत्यनादिलोकस्थितिरचिताः 'असङ्ख्येययोजन-कोटीकोटयो विस्तृताः तिर्यग् सप्त भूमयो रत्नप्रभाद्या यथोदिष्टा इति,

सप्तग्रहणं नियमार्थं सप्तैवाध इत्याह, मा भूवन् एकशः एकैका अनियत-सङ्ख्या, तथा खरकाण्डभेदेन ।

'किञ्चान्यत्' अन्यदपि सप्तग्रहणस्य प्रयोजनं, तदाह-'अधः सप्तैवेत्य-वधार्यते' अध एव सप्त, ऊर्ध्वं त्वेकैवेषत्प्राग्भारेति, वक्ष्यते दशमेऽ-ध्याये 'तन्वी मनोज्ञे'त्यादिना इहैव प्रयोजनान्तरमाह-'अपिचे'त्यादिना, अन्तरे भवा अन्तरीयाः तन्त्रप्रधाना अन्तरीयास्तन्त्रान्तरीयाः शाक्यादयः असङ्ख्येयेषु लोकधातुषु सदाद्येषु असङ्ख्येयाः पृथिविप्रस्तरा इत्य-ध्यवसिताः एवं प्रतिपन्नाः, अनेकब्रह्माण्डोपलक्षणमेतत्, तत्प्रतिषेधार्थं च सप्तग्रहणमिति, प्रतिषेधश्च आसामेव सङ्ख्येययोजनकोटीकोटिमान-तया, सर्वाश्चैताः प्रस्तुताः पृथिव्यादयः किमित्याह-अधोऽधः पृथुतरा इति, यतो रज्जुप्रमाणा खल्वायामविष्कम्भाभ्यां प्रथमा अर्धतृतीय-रज्जुप्रमाणा द्वितीया चतूरज्जुप्रमाणा तृतीया पञ्चरज्जुप्रमाणा चतुर्थी षड्रज्जुप्रमाणा पञ्चमी अर्धसप्तमरज्जुप्रमाणा षष्ठी सप्तरज्जुप्रमाणा सप्तमी, अत एव 'छत्रातिच्छत्रसंस्थिता' इति अधोऽधो विस्तीर्णतयेति ।

आसां चोत्कीर्तनमुभयथा नामतो गोत्रतश्चेत्याह-'घर्मे'त्यादि, घर्मादीनि आसां नामधेयानि यथासङ्ख्यमेव भवन्ति, रत्नप्रभादीनि तु गोत्राणि, तद्गुणोपलक्षणात्, एवं च प्रथमा घर्मा नाम्ना रत्नप्रभा गोत्रेण, एवं शेषाणामपि योजना कार्या यावत् सप्तमी माघवी नाम्ना महातमःप्रभा गोत्रेणेति, एवमेतानि नामधेयानि-नामान्येव आसां यथाक्रममुभयथा भवन्ति ।

अत्र 'रत्नप्रभे'त्यादि, आद्या पृथिवी घनभावेन बाहल्येन अशीतं योजनशतसहस्रं, अशीतियोजनसहस्रोत्तरो लक्ष इत्यर्थः, शेषा द्वितीयाद्या द्वात्रिंशत् अष्टाविंशतिश्चेत्यादिर्द्वन्द्वः, भावार्थस्तु द्वात्रिंशदष्टाविंशतिर्विंशत्यष्टा-दशषोडशाष्टाधिकं योजनशतसहस्रमिति वर्त्तते, ततश्च द्वात्रिंशद्योजन-सहस्राधिकं शतसहस्रं शर्कराप्रभा घनभावेन ।


अधुना सर्वपृथिव्यधोवर्त्तिनो घनोदधीन् निर्दिशति-सर्वे घनोदधयो विंशतियोजनसहस्राणि, घनतनुवातावप्यधोऽसङ्ख्येययोजनसहस्रप्रमाणौ, पृथ्वीपर्यन्तमध्यभागे घनवातवलयं अर्धपञ्चमयोजनादारभ्य प्रतिपृथिवि क्रोशवृद्धं, तनुवातवलयं क्रोशषट्कमानं प्रतिपृथिविसत्रिभागक्रोशवृद्धं, मध्यभाग एव, प्रदेशहान्या पर्यन्ते तयोरपि तनुकभावात् ।

एते च घनोदधिघनवाततनुवाता अधोऽधस्तु पुनर्घनतरा विशेषेण, अनादिपरिणामवशादेव घनोदध्यादिवलयविभागास्त्वन्यग्रन्थानुसारतोऽवसेयाः "णवि अ फुसंति अलोगं चउसुंपि दिसासु सव्वपुढवीओ । संगहिआ वलएसुं विक्खंभं तासि वोच्छामि ॥१॥ छच्चेव अद्धपंचम जोअणमद्धं च रयणपुढवीए । उयहीघणतणुवाया जहा संखेण निद्दिट्ठा ॥२॥ तिभागो गाउअं चेव, तिभागो गाउअस्स य । आइदुवे पक्खेवो, अहो अहो जाव सत्तमिए ॥३॥ इत्यादि, इह रत्नप्रभायां घनोदधिवलयविष्कम्भः षड् योजनानि, घनवातवलयविष्कम्भः अर्द्धपञ्चमानि, तनुवातवलयविष्कम्भतस्तु सार्द्धं योजनमिति, यथोक्तप्रक्षेपात्तु प्रतिपृथिविभेदेन सप्तम्यां घनोदधिवलयविष्कम्भौ अष्टौ योजनानि घनवातवलयविष्कम्भस्तु द्वे इति ॥३-१॥

**ટીકાર્થ–** સમુદિત અર્થ સ્પષ્ટ છે. અવયવાર્થને ભાષ્યકાર "रत्नप्रभा" ઇત્યાદિથી કહે છે- વજ્ર વગેરે રત્નો છે. રત્નોની પ્રધાનતાવાળી કે રત્નસ્વરૂપ પૃથ્વી તે રત્નપ્રભા. અથવા જેમાં રત્નો ઘણાં છે તે પૃથ્વી રત્નપ્રભા છે. આ પ્રમાણે શર્કરાપ્રભા આદિ પૃથ્વીઓ પણ કહેવી. કારણ કે પ્રભા શબ્દનો સંબંધ રત્ન આદિ પ્રત્યેક શબ્દની સાથે છે. આ પ્રમાણે સાત પૃથ્વીઓ ઘનાંબુ, વાત અને આકાશમાં પ્રતિષ્ઠાવાળી=સ્થિતિવાળી છે; અર્થાત્ ઘનાંબુ વગેરે ત્રણના આધારે રહેલી છે.

एकैकशः इति, એક એક પૃથ્વી ઘનાંબુ, વાત, આકાશના આધારે રહેલી છે, નહિ કે સાતેય પૃથ્વીની નીચે જ ઘનાંબુ વગેરે છે. (પહેલાં

# ચૌદ રાજ લોક


લોકની ઉપર અનંત અલોક
લોકનો અગ્રભાગ
અલોકાકાશ
લોકની ફરતો બધી
દિશામાં અનંત અલોક
પહોળાઈ ૧ રાજ
અનંતાનંત સિદ્ધાત્માઓ
સિદ્ધશિલા (મોક્ષ સ્થાન)
૪૫ લાખ યોજન લાંબી
પાંચ અનુત્તર વિમાન
૧૧૧ વિમાન
૧૦૭ વિમાન
૧૦૦ વિમાન
નવ
ગ્રૈવેયક
કુલ ૩૧૮ વિમાન
આરણ
આનત
અચ્યુત
પ્રાણત
સહસ્રાર
શુક્ર
પહોળાઈ ૫ રાજ
૩ કિલ્બિષિક
દેવોનાં સ્થાન
નવ લોકાન્તિક
દેવોનાં સ્થાન
લાંતક
બ્રહ્મલોક
અલોકાકાશ
લોકની ફરતો બધી દિશામાં
અનંત અલોક છે.
અલોકાકાશ
લોકની ફરતો બધી
દિશામાં અનંત અલોક
સનતકુમાર
માહેન્દ્ર
સૌધર્મ
ઈશાન
સૂર્ય
ચંદ્ર
ચર - અચર જ્યોતિષચક્ર
મેરુ પર્વત
મધ્યલોક - મનુષ્યલોક
વાણવ્યંતર-વ્યંતર-ભવનપતિ
દેવોનાં સ્થાન
તિર્છાલોકવર્તી અસંખ્ય દ્વીપ-સમુદ્રો
પહોળાઈ ૧ રાજ
૧૪ રાજલોકનું મધ્યબિંદુ
પહેલી નરક પૃથ્વી - રત્ન પ્રભા
બીજી નરક પૃથ્વી
ત્રસનાડી ૧ રાજ પહોળી
૧૪ રાજ લાંબી
ત્રીજી નરક પૃથ્વી
ચોથી નરક પૃથ્વી
પાંચમી નરક પૃથ્વી
છઠ્ઠી નરક
પૃથ્વી
સાતમી
નરક પૃથ્વી
અધોલોક
ઊર્ધ્વલોક
સાત નરક પૃથ્વી
આકાશ
ઘનોદધિ
ઘનવાત
તનુવાત
લોકની નીચે અનંત અલોક છે.
અહીં લોકની પહોળાઈ ૭ રાજ પ્રમાણે છે
૧ રાજ
૨ રાજ
૩ રાજ
૪ રાજ
૫ રાજ
૬ રાજ
૭ રાજ

રત્નપ્રભા પૃથ્વી, તેની નીચે ક્રમશઃ ઘનાંબુ, વાત અને આકાશ. પછી શર્કરાપ્રભા, તેની નીચે ક્રમશઃ ઘનાંબુ, વાત અને આકાશ છે. આમ પ્રત્યેક પૃથ્વીની નીચે ક્રમશઃ ઘનાંબુ, વાત અને આકાશ રહેલા છે.)

પૃથ્વીઓ સાત જ છે, ઓછી કે વધારે નથી.

"अधोऽधः" इति, નીચે નીચે એમ વિશિષ્ટ ક્રમનું કથન તિર્છું અને ઉપર વગેરે (દિશા)નો વ્યવચ્છેદ(=નિષેધ) કરવા માટે છે. આને જ કહે છે- રત્નપ્રભા પૃથ્વીની નીચે અસંખ્ય કોડાકોડિ યોજન ઉતર્યા પછી શર્કરાપ્રભા પૃથ્વી છે. એ પ્રમાણે શર્કરાપ્રભા પૃથ્વીની નીચે અસંખ્ય કોડાકોડિ યોજન ગયા પછી વાલુકાપ્રભા પૃથ્વી છે. એ પ્રમાણે બાકીની પંકપ્રભા વગેરે પૃથ્વીઓ પણ વિચારવી. (અહીં ભાવાર્થ એ છે કે દરેક પૃથ્વીમાં એક પૃથ્વીથી બીજી પૃથ્વીનું અંતર અસંખ્યાત કોડાકોડિ યોજન છે.) अम्बुवाताकाशप्रतिष्ठाः એવો ઉલ્લેખ કરવાથી બોધ થઇ જતો હોવા છતાં ઘન શબ્દનો ઉલ્લેખ શા માટે કર્યો ? એવા પ્રશ્નના ઉત્તરને કહે છે- રત્નપ્રભા (વગેરે) પૃથ્વીનું અંબુ ઘન જ સમજાય અને વાત તો ઘન અને તનુ(=પાતળો) એમ બે પ્રકારનો સમજાય એ માટે ઘન શબ્દનો ઉલ્લેખ કર્યો છે. (આનો ભાવાર્થ એ છે કે દરેક પૃથ્વી ઘનાંબુ, ઘનવાત, તનુવાત અને આકાશના આધારે રહેલી છે.)


આ જ વિષયને "तदेवम्" ઇત્યાદિથી કહે છે- ઉક્ત રીતે[1] રત્નપ્રભાના અંગરૂપ ખરપૃથ્વી(રત્નપ્રભાનો પહેલો કાંડ) ૧૬ હજાર યોજન જાડી છે અને પંકના(=રત્નપ્રભાના બીજા કાંડના) આધારે રહેલી છે. પંકકાંડ ૮૪ હજાર યોજન પ્રમાણ છે અને જલબહુલકાંડના

૧. રત્નપ્રભા પૃથ્વીના ખરકાંડ, પંકકાંડ અને જલબહુલકાંડ એમ ત્રણ વિભાગ છે. ખરકાંડ પંકકાંડના આધારે, પંકકાંડ જલબહુલકાંડના આધારે અને જલબહુલકાંડ ઘનોદધિના આધારે રહેલ છે. ખરકાંડ ૧૬ હજાર યોજન, પંકકાંડ ૮૪ હજાર યોજન અને જલબહુલકાંડ ૮૦ હજાર યોજન છે. આમ રત્નપ્રભા પૃથ્વીની જાડાઇ ૧ લાખ ૮૦ હજાર થાય.

ઘનોદધિ વગેરે વલયના=બંગડીના આકારે રહેલા હોવાથી તેમને વલય કહેવામાં આવે છે. જેમકે– ઘનોદધિવલય, ઘનવાતવલય, તનુવાતવલય.

## રત્નપ્રભાના 3 કાંડ

કુલ માન ૧,૮૦,૦૦૦ યોજન




મધ્ય ભાગે ઘનોદધિ જાડાઈ ૨૦૦૦ યોજન.

મધ્ય ભાગે ઘનવાત તનુવાતની જાડાઈ અસંખ્ય યોજના


(=રત્નપ્રભાના ત્રીજા કાંડના) આધારે રહેલ છે. જલબહુલકાંડ ૮૦ હજાર યોજન પ્રમાણ છે અને ઘનોદધિવલયના આધારે રહેલ છે. ઘનોદધિવલય ૨૦ હજાર યોજન પ્રમાણ છે અને તનુવાતના આધારે રહેલ છે. તનુવાત અસંખ્યાત હજાર યોજન પ્રમાણ છે. તનુવાતવલય પછી અતિશય અંધકારરૂપ આકાશ છે. આકાશ, અસંખ્યાત કોટાકોટિ યોજન પ્રમાણ છે. હમણાં જ કહેલું પૃથ્વીથી આરંભી તનુવાતવલય સુધીનું (પૃથ્વી, ઘનોદધિ, ઘનવાત, તનુવાત) બધું જ આકાશના આધારે રહેલું છે. કારણ કે જ્યોતિષ્ક વિમાનો આકાશના આધારે રહેલા છે એમ (પ્રત્યક્ષ) જોવામાં આવે છે. આકાશ તો આત્મ પ્રતિષ્ઠિત છે=પોતાના આધારે રહેલ છે, અન્યના આધારે રહેલું નથી. કારણ કે પાંચમા અધ્યાયમાં સૂત્રની રચના કરીને "આકાશનો અવગાહ (=જગ્યા આપવી) એ ઉપકારકાર્ય છે" (૫-૧૮) એમ કહ્યું છે. આકાશનું અવગાહદાન ઉપલક્ષણ છે. (એ ઉપલક્ષણથી આ પણ જાણવું-) આકાશ જગ્યા આપવા વડે સર્વદ્રવ્યોમાં ગુંથાઇ જાય છે= ઓતપ્રોત થઈ જાય છે. રહેનારા દ્રવ્યોને જગ્યા આપવાના વ્યાપારમાં તત્પર થયું છતું આકાશ રહેનારા દ્રવ્યોમાં પ્રવેશી જશે (=પ્રવેશીને રહે છે). આકાશ સિવાય અન્ય કોઇ સ્થળે આકાશને અનુરૂપ આધાર નથી. આથી આકાશ પોતાનામાં રહેલું છે.

"तदनेन क्रमेण" ઇત્યાદિ, તેથી પૃથ્વી વગેરે દ્રવ્યો હમણાં કહેલાં ક્રમથી(=પૃથ્વી, ઘનોદધિ, ઘનવાત, તનુવાત એ ક્રમથી) અનાદિ લોકાનુભાવથી(=લોકસ્થિતિથી) રચાયેલા છે.

પૂર્વોક્ત રત્નપ્રભા વગેરે સાત પૃથ્વીઓ તિર્છી અસંખ્યાત કોટાકોટિ યોજન પ્રમાણ વિસ્તારવાળી છે. સાત શબ્દનો ઉલ્લેખ નીચે સાત જ પૃથ્વીઓ છે એમ નિશ્ચિત કરવા માટે કર્યો છે. તેવા પ્રકારના ખરકાંડના ભેદથી એક એક પૃથ્વી અનિયત સંખ્યાવાળી ન થાય એ માટે સાત શબ્દનો ઉલ્લેખ છે. (અહીં ભાવાર્થ આ છે- રત્નપ્રભા પૃથ્વીના ત્રણ કાંડ


# રત્નપ્રભા પૃથ્વીનો યથાર્થ સંપૂર્ણ દેખાવ

## ॥ પ્રથમ નરકમાં રહેલા પ્રતરોની વ્યવસ્થા... ॥



# રત્નપ્રભા પૃથ્વીનો યથાર્થ સંપૂર્ણ દેખાવ

## ॥ ભવનપતિ દેવોનું સ્થાન... ॥



છે. તેમાં પ્રથમ ખરકાંડના ૧૬ ભેદ છે. પંકકાંડ અને જલબહુલકાંડ એક એક છે. આ બધીય પૃથ્વીઓ છે. આથી એક એક પૃથ્વી અનિયત સંખ્યાવાળી ન થાય એ માટે સાત સંખ્યાનો ઉલ્લેખ કર્યો છે.)

किञ्चान्यत्=સાત સંખ્યા ગ્રહણ કરવાનું બીજું પ્રયોજન એ છે કે નીચે જ સાત પૃથ્વીઓ છે એમ અવધારણ કરવામાં આવે છે. ઉપર તો એક જ ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી છે. એમ દશમા અધ્યાયમાં "तन्वी मनोज्ञा" ઈત્યાદિથી કહેશે.

અહીં જ બીજું પ્રયોજન "अपि च" ઈત્યાદિથી કહે છે- વળી તંત્રાન્તરીયો (અન્યદર્શનીઓ) 'सत्' જેની આદિમાં છે તેવા અસંખ્ય લોકધાતુઓ છે, તે અસંખ્ય લોકધાતુઓમાં અસંખ્ય પૃથ્વી પ્રસ્તરો છે, એમ માને છે.

આના ઉપલક્ષણથી અનેક બ્રહ્માંડોને માને છે એમ પણ જાણવું.

**તંત્રાન્તરીયો શબ્દનો અર્થ–** અંતરમાં(=વચ્ચે, જૈનશાસનના કાળની વચ્ચે) થયેલા તે અંતરીયા. તંત્રની(=સિદ્ધાંતની) પ્રધાનતાવાળા અંતરીયો તે તંત્રાન્તરીયો.


તેમની માન્યતાનો નિષેધ કરવા(=તેમની માન્યતા ખોટી છે એમ જણાવવા) સાત સંખ્યાનું ગ્રહણ કર્યું છે. પ્રતિષેધ કરવાનું કારણ એ છે કે પૃથ્વીઓનું પ્રમાણ સંખ્યાત કોટાકોટિ યોજન પ્રમાણ છે.

આ બધી પૃથ્વીઓ લંબાઈ-પહોળાઈથી નીચે-નીચે વધારે-વધારે વિસ્તૃત છે. તે આ પ્રમાણે- પહેલી ૧ રાજ[1], બીજી ૨।। રાજ, ત્રીજી ૪ રાજ, ચોથી ૫ રાજ, પાંચમી ૬ રાજ, છઠ્ઠી ૬।। રાજ, સાતમી ૭ રાજ વિસ્તૃત છે.

આ પ્રમાણે પૃથ્વીઓ નીચે નીચે વધારે વધારે વિસ્તૃત હોવાથી (ચત્તા કરેલા) છત્રની નીચે રહેલા (ચત્તા મોટા) છત્રની જેવો તેમનો આકાર છે.


૧. રાજનું(=રજ્જુનું માપ) નિમિષ માત્રમાં એક લાખ યોજન જનાર દેવ છ મહિના સુધીમાં જેટલું અંતર કાપે તેટલા અંતરને એક રાજ કહેવાય.

## સાત રાજ પ્રમાણ નરક પૃથ્વી




આ પૃથ્વીઓના નામ અને ગોત્ર એ બંને કહે છે- 'घर्मा' इत्यादि, આ સાત પૃથ્વીઓના અનુક્રમે ઘર્મા વગેરે નામો છે. રત્નપ્રભા વગેરે ગોત્રો છે. કેમકે નામ પ્રમાણે ગુણોને ઓળખાવે છે=જણાવે છે. આ પ્રમાણે પહેલી પૃથ્વી નામથી ઘર્મા છે અને ગોત્રથી રત્નપ્રભા છે. એ પ્રમાણે અન્ય અન્ય પૃથ્વીઓમાં પણ યોજના કરવી. છેલ્લી સાતમી પૃથ્વી નામથી માઘવી છે અને ગોત્રથી મહાતમઃપ્રભા છે. આ પ્રમાણે પૃથ્વીઓનાં અનુક્રમે નામથી અને ગોત્રથી એમ બંને પ્રકારે નામો છે.

## સાત નરક


૭ રાજલોક પ્રમાણ
અધોલોક
મેરુ પર્વત
જ્યોતિષ્ક મંડળ-સૂર્ય-ચંદ્રાદિ
૧૮૦૦ યોજન તિર્છાલોક
તિર્છાલોક - અસંખ્ય દ્વીપ સમુદ્રો
૯૦૦ યોજન નીચે અધોલોકે નરક
૧. ધમા.
૨. વંશા.
૩. શૈલા.
૪. અંજના.
૫. રિષ્ટા.
૬. મઘા.
૭. માઘવી
રત્નપ્રભા ૧ લી નરક
શર્કરા પ્રભા ૨ જી નરક
વાલુકા પ્રભા ૩ જી નરક
પંક પ્રભા ૪ થી નરક
ધૂમ પ્રભા ૫ મી નરક
તમઃ પ્રભા ૬ ઠી નરક
મહાતમઃ પ્રભા ૭ મી નરક
૧
૨
૩
૪
૫
૬
૭

અહીં "रत्नप्रभा" इत्यादि, પહેલી પૃથ્વી જાડાઈથી ૧ લાખ ૮૦ હજાર યોજન છે. બાકીની બીજી વગેરે અનુક્રમે ૧ લાખ ૩૨ હજાર યોજન, ૧ લાખ ૨૮ હજાર યોજન, ૧ લાખ ૨૦ હજાર યોજન, ૧ લાખ ૧૮ હજાર યોજન, ૧ લાખ ૧૬ હજાર યોજન, ૧ લાખ ૮ હજાર યોજન છે.

| પૃથ્વીનું નામ | પૃથ્વીનું ગોત્ર | પૃથ્વીની જાડાઈ | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|---|---|
| ધર્મા | રત્નપ્રભા | ૧,૮૦,૦૦૦ યોજન | ૧ રાજ | ૧૩ | ૩૦ લાખ |
| વંશા | શર્કરાપ્રભા | ૧,૩૨,૦૦૦ યોજન | ૨॥ રાજ | ૧૧ | ૨૫ લાખ |
| શેલા | વાલુકાપ્રભા | ૧,૨૮,૦૦૦ યોજન | ૪ રાજ | ૯ | ૧૫ લાખ |
| અંજના | પંકપ્રભા | ૧,૨૦,૦૦૦ યોજન | ૫ રાજ | ૭ | ૧૦ લાખ |
| રિષ્ઠા | ધૂમપ્રભા | ૧,૧૮,૦૦૦ યોજન | ૬ રાજ | ૫ | ૩ લાખ |
| મઘા | તમઃપ્રભા | ૧,૧૬,૦૦૦ યોજન | ૬॥ રાજ | ૩ | ૯૯,૯૯૫ |
| માઘવી | તમઃતમઃપ્રભા | ૧,૦૮,૦૦૦ યોજન | ૭ રાજ | ૧ | ૫ |

હવે સર્વ પૃથ્વીઓની નીચે રહેલા ઘનોદધિ આદિનો નિર્દેશ કરે છે– સર્વ ઘનોદધિઓ ૨૦ હજાર યોજન પ્રમાણ છે. એની નીચે રહેલા ઘનવાત અને તનુવાત અસંખ્યાત હજાર યોજન પ્રમાણ છે. (ઘનવાતથી તનુવાતમાં અસંખ્યાતનું પ્રમાણ અધિક છે.) ઘનવાતવલય પૃથ્વીના અંતે મધ્યભાગમાં સાડા ચાર યોજનથી આરંભી દરેક પૃથ્વીમાં એક ગાઉ વધે છે, અર્થાત્ રત્નપ્રભા પૃથ્વીના અંતે મધ્યભાગમાં ઘનવાતવલય સાડા ચાર યોજન છે. ત્યાર બાદ દરેક પૃથ્વીમાં એક ગાઉ વધે છે.

તનુવાત વલય પૃથ્વીના અંતે છ ગાઉથી આરંભી દરેક પૃથ્વીમાં ૧/૩ ગાઉ વધે છે. આ વૃદ્ધિ મધ્યભાગમાં જ છે. કારણ કે પ્રદેશની હાનિ(=ક્રમશઃ પ્રમાણની હાનિ) થતી હોવાથી અંત ભાગમાં ઘનવાત અને તનુવાત પણ પાતળા થાય છે.

અહીં કોષ્ટક આ પ્રમાણે છે–

| પૃથ્વી | ઘનોદધિ યોજન | ઘનવાત યોજન | તનુવાત ગાઉ |
|---|---|---|---|
| ૧ | ૬ યોજન | ૪ાા યોજન | ૬ ગાઉ |
| ૨ | ૬ + ૧/૩ | ૪ાાા યોજન | ૬ + ૧/૩ |
| ૩ | ૬ + ૨/૩ | ૫ યોજન | ૬ + ૨/૩ |
| ૪ | ૭ યોજન | ૫ા યોજન | ૭ ગાઉ |
| ૫ | ૭ + ૧/૩ | ૫ાા યોજન | ૭ + ૧/૩ |
| ૬ | ૭ + ૨/૩ | ૫ાાા યોજન | ૭ + ૨/૩ |
| ૭ | ૮ યોજન | ૬ યોજન | ૮ ગાઉ |

આ ઘનોદધિ, ઘનવાત, તનુવાત અનાદિ પરિણામથી નીચે-નીચે અધિક અધિક ઘન છે, ઘનોદધિવલય આદિના વિભાગો અન્ય ગ્રંથના પ્રમાણે જાણવા. (તે આ પ્રમાણે-) "વલયોથી ગ્રહણ કરાયેલી બધી પૃથ્વીઓ ચારેય દિશાઓમાં અલોકને સ્પર્શતી નથી. તે પૃથ્વીઓના વિસ્તારને કહીશ. રત્નપ્રભા પૃથ્વીમાં (મધ્યભાગમાં) ઘનોદધિ, ઘનવાત અને તનુવાત અનુક્રમે છ યોજન, ૪ાા યોજન અને છ ગાઉ કહ્યા છે. પ્રથમ બેમાં (=ઘનોદધિ અને ઘનવાતમાં) યોજનનો ત્રીજો ભાગ ઉમેરવો અને તનુવાતમાં ગાઉનો ત્રીજો ભાગ ઉમેરવો. એમ સાતમી પૃથ્વી સુધી લેવું. અહીં રત્નપ્રભામાં ઘનોદધિવલયનો વિસ્તાર ૬ યોજન, ઘનવાત-વલયનો વિસ્તાર ૪ાા યોજન અને તનુવાતવલયનો વિસ્તાર ૬ ગાઉ (=દોઢ યોજન) છે. એમ યથોક્ત પ્રમાણ દરેક પૃથ્વીમાં ઉમેરવાથી (યાવત્) સાતમી પૃથ્વીમાં ઘનોદધિવલયનો આઠ યોજન વિસ્તાર, ઘનવાતવલયનો ૬ યોજન વિસ્તાર અને તનુવાતવલયનો ૮ ગાઉ=૨ યોજન વિસ્તાર જાણવો. (૩-૧)

**નરકાવાસોનું વર્ણન–**

**तासु नरकाः ॥३-२॥**

**સૂત્રાર્થ–** રત્નપ્રભા આદિ દરેક પૃથ્વીઓમાં નરકો=નરકાવાસો આવેલા છે. (૩-૨)

**भाष्यं–** तासु रत्नप्रभाद्यासु भूमिषूर्ध्वमधश्चैकैकशो योजनसहस्रमेकैकं वर्जयित्वा मध्ये नरका भवन्ति । तद्यथा- उष्ट्रिकापिष्टपचनीलोहीकर-केन्द्रजानुकाजन्तोकायस्कुम्भायःकोष्ठादिसंस्थाना वज्रतलाः सीमन्त-कोपक्रान्ता रौरवोऽच्युतो रौद्रो हाहारवो घातनः शोचनस्तापनः क्रन्दनो विलपनश्छेदनो भेदनः खटाखटः कालपिञ्जर इत्येवमाद्या अशुभनामानः कालमहाकालरौरवमहारौरवाप्रतिष्ठानपर्यन्ताः ।

रत्नप्रभायां नरकाणां प्रस्तारास्त्रयोदश । द्विद्व्यूनाः शेषासु ।

रत्नप्रभायां नरकवासानां त्रिंशच्छतसहस्राणि । शेषासु पञ्चविंशतिः पञ्चदश दश त्रीण्येकं पञ्चोनं नरकशतसहस्रमित्याषष्ठ्याः । सप्तम्यां तु पञ्चैव महानरका इति ॥३-२॥

**ભાષ્યાર્થ–** તે રત્નપ્રભા વગેરે દરેક પૃથ્વીઓમાં ઉપર-નીચે એક એક હજાર યોજન છોડીને મધ્યમાં નરકો હોય છે. તે આ પ્રમાણે - ઉષ્ટ્રિકા, પિષ્ટ પચની, લોહી, કરકા, ઇન્દ્રજાનુકા, જન્તોક, અયસ્કુંભ, અયઃકોષ્ઠ આદિના જેવા આકારવાળા, વજ્રના તળિયાવાળા, સીમંતક નામથી શરૂ થતા રૌરવ, અચ્યુત, રૌદ્ર, હાહારવ, ઘાતન, શોચન, તાપન, ક્રંદન, વિલપન, છેદન, ભેદન, ખટાખટ, કાલપિંજર ઇત્યાદિ અશુભનામવાળા, કાલ, મહાકાલ, રૌરવ, મહારૌરવ, અપ્રતિષ્ઠાન નામ સુધીના નરકો છે.

રત્નપ્રભા પૃથ્વીમાં નરકોના તેર પ્રસ્તારો (પાથડા) છે. બાકીની પૃથ્વીઓમાં અનુક્રમે બે બે પ્રસ્તારો ઓછા છે.

રત્નપ્રભામાં ૩૦ લાખ નરકાવાસો છે. બાકીની છઠ્ઠી સુધીની પૃથ્વીમાં અનુક્રમે ૨૫ લાખ, ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ, ૧ લાખ, પાંચ ન્યૂન (ઓછા) એવા એક લાખ અને સાતમી પૃથ્વીમાં તો પાંચ જ મહાનરકો(=નરકાવાસો) છે. (૩-૨)

**टीका–** समुदायार्थः प्रकटः, अवयवार्थं त्वाह-'तास्वि'त्यादिना, तासु उक्तलक्षणासु रत्नप्रभाद्यासु भूमिषु ऊर्ध्वमधश्चैकैकशः इत्येकैकस्याः पृथिव्या योजनसहस्रमेकैकं वर्जयित्वा ऊर्ध्वमधश्च मध्ये भूमीनामेव, नरका भवन्ति आ षष्ठ्या इति, तानिदानीं प्रसिद्धैरिहत्यनिदर्शनैर्भयानकैः प्रतिपादयन्नाह-'तद्यथा उष्ट्रिकादयो' भाण्डकविशेषाः, एते प्रकीर्णका भवन्ति, आवलिकाप्रविष्टास्तु वृत्तत्र्यस्रचतुरस्राकृतयः त्रिविधसंस्थानाः,

ते च सीमन्तकोपक्रान्ताः सीमन्तकं नरकमवधिमवस्थाप्यौपक्रम्यन्ते, एवमेते सामान्यतो द्विविधाः, इहैव काश्चिन्नाम्नैवाह-'रौरवे'त्यादिना, एवमन्ये केचिदिन्द्रकाः केचिदावलिकाप्रविष्टाः केचित् प्रकीर्णका इति, एवंप्रकाराः अशुभनामान इति व्याध्याक्रोशशपथनामानः, सप्तमनरक-पृथिवीवर्त्तिनस्तु कालादयः पञ्चाप्रतिष्ठानपर्यन्ताः तत्र कालः पूर्वतः अपरतो महाकालः दक्षिणतो रौरवः उत्तरतो महारौरवः मध्येऽप्रतिष्ठानो नरकेन्द्र इति, तत्र रत्नप्रभायामाद्यपृथिव्यां नारकाणां प्रस्तारा वेश्म-भूमिकाकल्पाः त्रयोदशः, द्विद्व्यूनाः शेषासु एकादशादयो यावत् सप्तम्यामेक इति, यथोक्तं 'तेरिक्कारस नव सत्त पंच तिन्नेव होंति एक्केव । पत्थडसंखा एसा सत्तसुवि कमेण पुढवीसुं ॥१॥'

एवं रत्नप्रभायां नरकावासानां नारकाणामित्यर्थः, त्रिंशत्शतसहस्राणि, सामान्येन, शेषासु शर्कराप्रभाद्यासु पञ्चविंशतिः पञ्चदश दश त्रीणि एकं पञ्चोनं नरकावासशतसहस्रमिति यथासङ्ख्यं सामान्येन आ षष्ठ्या इति षष्ठीं यावत्, षष्ठ्यां पञ्चोनं लक्षं इत्यर्थः, सप्तम्यां तु पृथिव्यां पञ्चैव महानरकाः, इह प्रकीर्णका न सन्ति एवेति, एते चाषष्ठ्याः केचित् सङ्ख्येययोजनप्रमाणाः केचिदसङ्ख्येययोजनप्रमाणा इति, सप्तम्यां त्वप्रतिष्ठानो जम्बूद्वीपतुल्यः, कालादयस्त्वसङ्ख्येययोजनसहस्रप्रमाणा इति, एते च बुध्नभागे योजनसहस्रबाहल्याः शुषिरमप्येतावदेव चूडा चेति त्रियोजनसहस्रप्रमाणा एवेति ॥३-२॥

**ટીકાર્થ–** સમુદિત અર્થ સ્પષ્ટ છે. અવયવાર્થને તો ભાષ્યકાર 'तासु' ઇત્યાદિથી કહે છે- જેનું સ્વરૂપ પૂર્વે કહ્યું છે તે રત્નપ્રભા આદિ દરેક પૃથ્વીઓમાં (પોતાની જાડાઇમાંથી) ઉપર નીચેના એક-એક હજાર યોજન છોડીને મધ્યભાગમાં નરકો=નરકાવાસો છે. આ નિયમ છઠ્ઠી નરક સુધી છે. હવે મનુષ્યલોકમાં પ્રસિદ્ધ અને ભયાનક દૃષ્ટાંતોથી નરકાવાસોનું પ્રતિપાદન કરતા ભાષ્યકાર કહે છે. તે આ પ્રમાણે- ભાષ્યમાં જણાવેલ ઉષ્ટ્રિકા વગેરે પાત્ર(=વાસણ)વિશેષ છે. આ નરકાવાસો છૂટા છૂટા હોય છે. શ્રેણિગત નરકાવાસો ગોળ, ત્રિકોણ અને ચોરસ એમ ત્રણ પ્રકારના આકારવાળા હોય છે.

सीमन्तोपक्रान्ता=સીમંતક(=રત્નપ્રભા નરકના પહેલા પ્રતરના મધ્યભાગે રહેલ) નરકાવાસથી આરંભી છઠ્ઠી નરક સુધી સામાન્યથી (ઉક્ત રીતે) બે પ્રકારના નરકાવાસો હોય છે. અહીં જ કેટલાક નરકાવાસોને નામથી જ "रौरवः" ઇત્યાદિથી કહે છે- રૌરવ, અચ્યુત, રૌદ્ર, હાહારવ, ઘાતન, તાપન, શોચન, ક્રન્દન, વિલપન, છેદન, ભેદન, ખટાખટ કાલપિંજર ઇત્યાદિ અશુભ નામવાળા નરકાવાસો છે. તદુપરાંત લોકમાં જેટલા વ્યાધિ, આક્રોશ અને શપથનાં નામો છે તેટલા અશુભ નામવાળા છે. સાતમી નરકપૃથ્વીમાં તો કાળથી પ્રારંભી અપ્રતિષ્ઠાન સુધીના પાંચ નરકાવાસો છે. તેમાં પૂર્વમાં કાળ, પશ્ચિમમાં મહાકાળ, દક્ષિણમાં રૌરવ, ઉત્તરમાં મહારૌરવ અને મધ્યમાં અપ્રતિષ્ઠાન ઇંદ્રક નરકાવાસ છે.

## પ્રતર-નરકાવાસોની સંખ્યા

પહેલી રત્નપ્રભા પૃથ્વીમાં ઘરના ઉપરના ભાગમાં આવેલા નળિયા સમાન-પ્રતરો ૧૩ છે. બાકીની પૃથ્વીઓમાં અનુક્રમે બે-બે ન્યૂન છે એટલે ૧૧, ૯, ૭, ૫, ૩, ૧ હોય છે. કહ્યું છે કે, "સાત નરક પૃથ્વીઓમાં અનુક્રમે ૧૩, ૧૧, ૯, ૭, ૫, ૩, ૧ પ્રતરો છે. પ્રત્યેક પૃથ્વીના મધ્યભાગે ઇન્દ્રક નરકાવાસો છે. તેમાં "રત્નપ્રભા પૃથ્વીના પહેલા પ્રતરના મધ્યભાગે સીમંતક નામનો ઇંદ્રક નરકાવાસ છે. સાતમી

પૃથ્વીમાં મધ્યભાગે અપ્રતિષ્ઠાન નામનો ઇંદ્રક નરકાવાસ છે." (બૃહત્સંગ્રહણી ગા.૨૧૯)

રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસો છે. બાકીની શર્કરાપ્રભા વગેરે પૃથ્વીઓમાં અનુક્રમે ૨૫ લાખ, ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ, પાંચ ઓછા એક લાખ નરકાવાસો છે. સાતમી પૃથ્વીમાં તો પાંચ જ મહાનરકાવાસો છે. અહીં પ્રકીર્ણ નરકાવાસો નથી જ. આ નરકાવાસો છઠ્ઠી સુધીમાં કોઈ સંખ્યાતયોજન પ્રમાણ છે તો કોઈ અસંખ્યાત યોજન પ્રમાણ છે. સાતમીમાં અપ્રતિષ્ઠાન નરકાવાસ જંબૂદ્વીપ પ્રમાણ છે. કાળ વગેરે નરકાવાસો તો અસંખ્યાત હજાર યોજન પ્રમાણ છે. આ નરકાવાસો તળિયાના ભાગે એક હજાર યોજન જાડા છે, મધ્યમા જ્યાં પોલાણનો ભાગ છે ત્યાં પણ એક હજાર યોજન જાડા છે અને ચૂડા (=અગ્રભાગે) એક હજાર યોજન પ્રમાણ જ છે. (૩-૨)

**टीकावतरणिका—** नरकानेवाधेयताधर्मविशिष्टानभिधातुमाह—

**ટીકાવતરણિકાર્થ—** આધેયતા ધર્મથી વિશિષ્ટ(=નરકમાં રહેનારા) નરક જીવોને જણાવવા માટે કહે છે—

**નરકમાં લેશ્યા આદિની અશુભતા—**

**नित्याशुभतरलेश्यापरिणामदेहवेदनाविक्रियाः[१] ॥३-३॥**

**સૂત્રાર્થ—** નારકો સદા અશુભતર લેશ્યા, પરિણામ, દેહ, વેદના વિક્રિયાવાળા હોય છે. (૩-૩)

**भाष्यं—** ते नरका भूमिक्रमेणाधोऽधो निर्माणतोऽशुभतराः । अशुभा रत्नप्रभायां, ततोऽशुभतराः शर्कराप्रभायां, ततोऽप्यशुभतरा वालुकाप्रभायाम् । इत्येवमासप्तम्याः ।

नित्यग्रहणं गतिजातिशरीराङ्गोपाङ्गकर्मनियमादेते लेश्यादयो भावा नरकगतौ नरकपञ्चेन्द्रियजातौ च नैरन्तर्येणाभवक्षयोद्वर्तनाद् भवन्ति, न च कदाचिदक्षिनिमेषमात्रमपि न भवन्ति, शुभा वा भवन्तीत्यतो नित्या इत्युच्यन्ते ।

१. वैकियाः इति पाठान्तरम् ।

अशुभतरलेश्याः। कापोतलेश्या रत्नप्रभायाम्। ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना कापोता शर्कराप्रभायाम् । ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना कापोतनीला वालुकाप्रभायाम् । ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना नीला पङ्कप्रभायाम्। ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना नीलकृष्णा धूमप्रभायाम्। ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना कृष्णा तमःप्रभायाम् । ततस्तीव्रतरसंक्लेशाध्यवसाना कृष्णैव महातमःप्रभायामिति ।

अशुभतरपरिणामः। बन्धनगतिसंस्थानभेदवर्णगन्धरसस्पर्शागुरुलघुशब्दाख्यो दशविधोऽशुभः पुद्गलपरिणामो नरकेषु। अशुभतरश्चाधोऽधः। तिर्यगूर्ध्वमधश्च सर्वतोऽनन्तेन भयानकेन नित्योत्तमकेन तमसा नित्यान्धकाराः श्लेष्ममूत्रपुरीषस्रोतोमलरुधिरवसामेदपूयानुलेपनतलाः । श्मशानमिव पूति-मांस-केशास्थि-चर्म-दन्त-नखास्तीर्णभूमयः । श्व-शृगाल-मार्जार-नकुल-सर्प-मूषक-हस्त्यश्व-गो-मानुष-शवकोष्ठाशुभतरगन्धाः । हा मातः ! धिगहो कष्टं बत मुञ्च तावद्धावत प्रसीद भर्तः ! मा वधीः कृपणकमित्यनुबद्धरुदितैस्तीव्रकरुणैर्दीनविक्लवैर्विलापैरार्त्तस्वनैर्निनादैर्दीनकृपणकरुणैर्याचितबाष्पसंनिरुद्धैर्निस्तनितैर्गाढवेदनैः कूजितैः सन्तापोष्णैश्च निश्वासैरनुपरतभयस्वनाः ।

अशुभतरदेहाः। देहाः शरीराणि। अशुभनामप्रत्ययादशुभान्यङ्गोपाङ्गनिर्माणसंस्थानस्पर्शरसगन्धवर्णस्वराणि । हुण्डानि निर्लूनाण्डजशरीराकृतीनि। क्रूरकरुणबीभत्सप्रतिभयदर्शनानि दुःखभाञ्ज्यशुचीनि च तेषु शरीराणि भवन्ति। अतोऽशुभतराणि चाधोऽधः। सप्त धनूंषि त्रयो हस्ताः षडङ्गुलमिति शरीरोच्छ्रायो नारकाणां रत्नप्रभायाम् । द्विर्द्विः शेषासु । स्थितिवच्चोत्कृष्टजघन्यतो वेदितव्यः ।

अशुभतरवेदनाः । अशुभतराश्च वेदना भवन्ति नरकेष्वधोऽधः । तद्यथा- उष्णवेदनास्तीव्रास्तीव्रतरास्तीव्रतमाश्चातृतीयायाः । उष्णशीते चतुर्थ्याम्। शीतोष्णे पञ्चम्याम्। परयोः शीताः शीततराश्चेति। तद्यथा-

प्रथमशरत्काले चरमनिदाघे वा पित्तव्याधिप्रकोपाभिभूतशरीरस्य सर्वतो दीप्ताग्निराशिपरिवृत्तस्य व्यभ्रे नभसि मध्याह्ने निवातेऽतिरस्कृतातपस्य यादृगुष्णजं दुःखं भवति ततोऽनन्तगुणं प्रकृष्टं कष्टमुष्णवेदनेषु नरकेषु भवति ।

पौषमाघयोश्च मासयोस्तुषारलिप्तगात्रस्य रात्रौ हृदयकरचरणाधरौष्ठ-दशनायासिनि प्रतिसमयप्रवृद्धे शीतमारुते निरग्न्याश्रयप्रावरणस्य यादृक्शीतसमुद्भवं दुःखमशुभं भवति ततोऽनन्तगुणं प्रकृष्टं कष्टं शीतवेदनेषु नरकेषु भवति ।

यदि किलोष्णवेदनान्नरकादुत्क्षिप्य नारकः समुहत्यङ्गारराशावुद्दीप्ते प्रक्षिप्येत स किल सुशीतां मृदुमारुतां शीतलां छायामिव प्राप्तः सुख-मनुपमं विन्द्यान्निद्रां चोपलभेत, एवं कष्टतरं नारकमुष्णमाचक्षते ।

तथा किल यदि शीतवेदनान्नरकादुत्क्षिप्य नारकः कश्चिदाकाशे माघमासे निशि प्रवाते महति तुषारराशौ प्रक्षिप्येत सदन्तशब्दोत्तमकर-प्रकम्पायासकरेऽपि तत्र सुखं विन्द्यादनुपमां निद्रां चोपलभेत एवं कष्टतरं नारकं शीतदुःखमाचक्षत इति ।

अशुभतरविक्रियाः । अशुभतराश्च विक्रिया नरकेषु नारकाणां भवन्ति । शुभं करिष्याम इत्यशुभतरमेव विकुर्वते । दुःखाभिभूतमनसश्च दुःख-प्रतीकारं चिकीर्षवो गरीयस एव ते दुःखहेतून्विकुर्वत इति ॥३-३॥

**ભાષ્યાર્થ–** તે નરકો પૃથ્વીના ક્રમથી નીચે નીચે અધિક અશુભ નિર્માણવાળા છે.

**અશુભ નિર્માણ આ પ્રમાણે હોય–** રત્નપ્રભામાં અશુભ નરકો છે તેનાથી શર્કરાપ્રભામાં અધિક અશુભ નરકો છે. તેનાથી પણ વાલુકા-પ્રભામાં અધિક અશુભ નરકો છે એ પ્રમાણે સાતમી પૃથ્વી સુધી જાણવું.

નિત્ય શબ્દનું ગ્રહણ ગતિ, જાતિ, શરીર અને અંગોપાંગ કર્મના નિયમનથી આ લેશ્યા વગેરે ભાવો નરકગતિ અને નરકપંચેન્દ્રિયજાતિમાં

આયુષ્યના ક્ષયથી નરકમાંથી નીકળે ત્યાં સુધી નિરંતર હોય છે. ક્યારેય આંખના પલકારા જેટલા કાળ સુધી પણ ન હોય એવું નથી અથવા આંખના પલકારા જેટલા કાળ સુધી પણ શુભ ન હોય. આથી નિત્ય શબ્દનું ગ્રહણ કર્યું છે.

**અધિક અશુભ લેશ્યા આ પ્રમાણે હોય–** રત્નપ્રભામાં અશુભ કાપોત-લેશ્યા હોય છે. તેનાથી અધિક તીવ્ર સંક્લેશ અધ્યવસાયવાળી કાપોત-લેશ્યા શર્કરાપ્રભામાં હોય છે. તેનાથી પણ અધિક તીવ્ર સંક્લેશ અધ્યવસાયવાળી કાપોત-નીલલેશ્યા વાલુકાપ્રભામાં હોય છે. તેનાથી પણ અધિક તીવ્ર સંક્લેશ અધ્યવસાયવાળી નીલલેશ્યા પંકપ્રભામાં હોય છે. તેનાથી પણ અધિક તીવ્ર સંક્લેશ અધ્યવસાયવાળી નીલ-કૃષ્ણલેશ્યા ધૂમપ્રભામાં હોય છે. તેનાથી પણ અધિક તીવ્ર સંક્લેશ અધ્યવસાયવાળી કૃષ્ણલેશ્યા તમ:પ્રભામાં હોય છે. તેનાથી પણ અધિક તીવ્ર સંક્લેશ અધ્યવસાયવાળી કૃષ્ણ જ લેશ્યા મહાતમ:પ્રભામાં હોય છે.

### શ્રી પ્રજ્ઞાપના સૂત્ર અને ઉત્તરાધ્યયન સૂત્રના આધારે
### દ્રવ્યલેશ્યાઓના વર્ણ-ગંધ-રસ-સ્પર્શનો કોઠો

| લેશ્યા | વર્ણ | ગંધ | રસ | સ્પર્શ |
|---|---|---|---|---|
| કાપોત | કબૂતરની ડોક જેવો | મરેલા કૂતરાના | કાચાં દાડમ જેવો | કરવતના સ્પર્શ |
| નીલ | મોરની ડોક જેવો | ક્લેવરની દુર્ગંધથી | સૂંઠના ચૂર્ણ જેવો | કરતા અનંતગુણ |
| કૃષ્ણ | ભ્રમર જેવો કાળો | અનંતગુણ અધિક | લીમડાના છાલ જેવો | અધિક રૂક્ષ |
| | | દુર્ગંધ હોય | | સ્પર્શ હોય |

**અધિક અશુભ પરિણામ આ પ્રમાણે હોય–** બંધન, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ અને શબ્દ નામવાળો દશ પ્રકારનો પુદ્ગલ પરિણામ નરકોમાં અશુભ હોય છે અને નીચે નીચે અધિક અશુભ હોય છે. તીર્છું-ઉપર અને નીચે એમ બધી તરફ અનંત ભયાનક અને નિત્ય ઉત્કૃષ્ટ અંધકાર વડે સદા અંધકારવાળા હોય છે.

તળિયા શ્લેષ્મ, મૂત્ર, વિષ્ઠા, પરસેવો, મેલ, લોહી, ચરબી, મેદ, રસીથી લેપાયેલા હોય છે. ભૂમિઓમાં સ્મશાનની જેમ અપવિત્ર માંસ, કેશ, હાડકાં, ચામડું, દાંત અને નખો પથરાયેલા હોય છે. કૂતરો, શિયાળ, બિલાડો, નોળિયો, સાપ, ઉંદર, હાથી, ઘોડો, ગાય, મનુષ્યના મૃતકના કોઠારથી અધિક અશુભ ગંધવાળા હોય છે. હે માતા ! ધિક્કાર ! અહો કષ્ટ ! હા મને દુઃખમાંથી છોડાવ, દોડો, મહેરબાની કર ! હે સ્વામી ! દીન એવા મને ન માર એ પ્રમાણે સતત રુદનથી તીવ્ર કરુણ, દીન અને આકુળવ્યાકુળ એવા વિલાપોથી, આર્ત અવાજવાળા શબ્દોથી દીન અને ગરીબના જેવી કરુણ યાચનાઓથી જેમાં આંસુઓથી અવાજ રૂંધાઇ ગયો છે તેવા અને ગાઢ વેદનાવાળા અવ્યક્ત શબ્દોથી સંતાપવાળા ઉષ્ણ નિઃશ્વાસોથી નહિ અટકેલા ભયના અવાજવાળા હોય છે.

**અધિક અશુભ દેહવાળા–** દેહ એટલે શરીર. અશુભ નામકર્મના કારણે અંગોપાંગ, નિર્માણ, સંસ્થાન, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને સ્વરો અશુભ હોય છે. હુંડ[1] અને ઉતરડેલા પીછાવાળા પક્ષી જેવી શરીરની આકૃતિવાળા હોય છે. ક્રૂર, કરુણ, બિભત્સ અને ભયંકર દર્શનવાળા હોય છે. નરકોમાં શરીરો દુઃખનો અનુભવ કરનારા અને અશુચિ(=અપવિત્ર) હોય છે. આથી નીચે નીચે શરીરો અધિક અશુભ હોય છે. રત્નપ્રભામાં નારકોના શરીરની ઊંચાઇ સાત ધનુષ ત્રણ હાથ અને છ અંગુલ હોય છે. બાકીની પૃથ્વીઓમાં ક્રમશઃ શરીરની ઊંચાઇનું પ્રમાણ બમણું બમણું જાણવું. શરીરની ઉત્કૃષ્ટ અને જઘન્ય ઊંચાઇ આયુષ્યની સ્થિતિની જેમ જાણવી.

**અધિક અશુભ વેદનાવાળા–** નરકોમાં નીચે નીચે અધિક અશુભ વેદના હોય છે. તે આ પ્રમાણે- ત્રીજી પૃથ્વી સુધી ઉષ્ણવેદના અનુક્રમે તીવ્ર, અધિક તીવ્ર અને તેનાથી પણ અધિક તીવ્ર હોય છે. ચોથી પૃથ્વીમાં ઉષ્ણ અને શીત વેદના હોય છે. પાંચમી પૃથ્વીમાં શીત અને ઉષ્ણવેદના હોય છે. છઠ્ઠી અને સાતમી પૃથ્વીમાં ક્રમશઃ શીત અને અધિક શીતવેદના

૧. હુંડ એટલે હાથ-પગ વગેરે શરીરના અવયવો વિચિત્ર પ્રમાણવાળા હોય તેવા શરીરને હુંડ કહેવાય.

હોય છે. તે આ પ્રમાણે- પ્રથમ શરદઋતુના કાળમાં અથવા છેલ્લા ઉનાળાના કાળમાં પિત્તવ્યાધિના પ્રકોપથી પરાભવ પામેલા શરીરવાળા, ચારે બાજુ સળગાવેલા અગ્નિસમૂહથી પરિવરેલા, વાદળથી રહિત આકાશમાં પવનરહિત મધ્યાહ્નના સમયે તાપને અનુભવતા (મનુષ્ય)ને ગરમીનું જેવું દુઃખ હોય તેનાથી અનંતગણું ઉત્કૃષ્ટ કષ્ટ ઉષ્ણવેદનાવાળા નારકોમાં હોય છે.

પોષ અને મહા મહિનામાં હૃદય, હાથ, પગ, નીચેના હોઠ અને દાંતની ધ્રુજારીવાળી, પ્રતિ સમયે ઠંડી અને પવન વધી રહ્યો છે જેમાં એવી રાત્રિમાં બરફથી લેપાયેલા શરીરવાળા, અગ્નિનો આશ્રય અને વસ્ત્રથી રહિત એવા મનુષ્યને ઠંડીથી થયેલું જેવું અશુભ દુઃખ હોય તેનાથી અનંતગણું ઉત્કૃષ્ટ દુઃખ શીતવેદનાવાળી નરકોમાં હોય છે.

જો નારકને ઉષ્ણવેદનાવાળા નરકમાંથી ઉપાડીને સળગેલા અતિશય મોટા અંગારાના ઢગલામાં નાખવામાં આવે તો તે જાણે સારી ઠંડીવાળી અને મૃદુપવનવાળી શીતળ છાયાને પામ્યો હોય તેમ અનુપમ સુખને અનુભવે અને નિદ્રાને પામે. આ પ્રમાણે ઉષ્ણનારકને અતિશય કષ્ટ હોય એમ કહે છે.

તથા જો કોઈક નારકને શીતવેદનાવાળા નરકમાંથી ઉપાડીને મહા મહિનાની રાત્રિમાં આકાશમાં ઘણો પવન વાય રહ્યો હોય ત્યારે બરફના ઢગલામાં નાખવામાં આવે તો તે નારક જેમાં દાંતનો અવાજ થતો હોય અને જે હાથને અતિશય ધ્રુજાવતો હોય તેવા પણ બરફના ઢગલામાં સુખને અનુભવે અને અનુપમ નિદ્રાને પામે. આ પ્રમાણે નારકને ઠંડીનું દુઃખ અતિશય હોય છે એમ કહે છે.

**અધિક અશુભ વિક્રિયાવાળા–** નરકોમાં નારકોને (નીચે-નીચે) અધિક અશુભ વિક્રિયા હોય છે. શુભ કરીશું એવા આશયથી વિકુર્વે પણ અધિક અશુભ જ વિકુર્વે. દુઃખથી પરાભવ પામેલા મનવાળા નારકો દુઃખનો પ્રતિકાર કરવાની ઈચ્છાવાળા થાય છે પણ તેઓ મોટા જ દુઃખના હેતુઓને વિકુર્વે છે. (૩-૩)

**टीका—** एतत्सम्बन्धनिबन्धनत्वाल्लेश्यादीनामेतेषामेवातिशयासुन्दरत्वाभिधानं, 'तात्स्थ्यात् तद्व्यपदेश'इति नीतेः, सूत्रसमुदायार्थः ।

इत्थं चैतदाह अवयवार्थ-'ते नरका' इत्यादिना ते नरका अनन्तरोदिता भूमिक्रमेण रत्नप्रभादीनामधोऽधः, किमित्याह-निर्माणतः संस्थाननिर्वृत्तेः अशुभतराः सङ्क्लेशजनकत्वेन, एतदेवाह-अशुभा रत्नप्रभायां, सामान्येन भयानकाः, ततो रत्नप्रभानरकेभ्यः अशुभतराः-अनिष्टतराः शर्कराप्रभायां, ततोऽपि शर्कराप्रभानरकेभ्यः अशुभतराः वालुकाप्रभायां, इत्येवमासप्तम्याः सप्तमीं यावत् अशुभतरा अशुभतमा अशुभतरतमा इति, एवमेते सामान्यत एवाशुभाः ।

अधुना नित्यार्थमाह-नित्यग्रहणमिह गतिजातिशरीराङ्गोपाङ्गकर्मनियमादिति नरकगतिनरकपञ्चेन्द्रियजात्योऽयं शरीराङ्गोपाङ्गकर्म तथाविधवैक्रियनिमित्तं तन्नियमात् तत्सामर्थ्येन एते सूत्रोक्ता लेश्यादयो भावाः नरकगतौ नरक(पञ्चेन्द्रिय)जातौ च वर्त्तमानानां, न शान्तिका-(या)नामपि, तत्सामर्थ्यात् नैरन्तर्येण-अविच्छेदेन, 'आभवक्षयोद्वर्त्तनात् भवन्ति, भवक्षय एव सति उद्वर्त्तन्ते, नान्तराले क्वापि तत्क्षयः इत्याभवक्षयोद्वर्त्तनादित्याह-नैरन्तर्यार्थं च स्पष्टयन्नाह-न कदाचिदक्षिनिमेषमात्रमपि न भवन्ति, एतावन्तमपि कालं नाशुभभाववियोग शुभा वा भवन्त्येतावन्तमपि कालमित्येतदपि नास्तीति नित्या उच्यन्ते तद्व्याख्याङ्गत्वेनैव, नित्यशब्दः इहाभीक्ष्णवचनो द्रष्टव्यः, नित्यप्रहसितादिवदिति ।

'अशुभतरलेश्या'इत्यादि, व्याचष्टे एतद्, कापोतलेश्या रत्नप्रभायाम्, रत्नप्रभायाः प्रकृत्यसुन्दरापि तीव्रसङ्क्लेशाध्यवसाना, विशेषेण अध्यवसानं द्रव्यसाचिव्यजनित आत्मपरिणामः, ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना कापोतैव शर्कराप्रभायां, तद्द्रव्यभेदात्, ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना कापोतनीला वालुकाप्रभायाम् । ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना नीला पङ्कप्रभायाम् । ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना

नीलकृष्णा धूमप्रभायां, इहापि प्रस्तारभेदेन नीला तीव्रतमा, कृष्णा तु तीव्रेति, ततस्तीव्रतरसङ्क्लेशाध्यवसाना कृष्णैव द्रव्यभेदेन तमःप्रभायां, ततस्तीव्रतराध्यवसाना कृष्णैव महातमःप्रभायां परमकृष्णरूपा द्रव्यभेदादिति ।

कथं अस्यां सम्यग्दर्शनलाभः ?, उच्यते-सर्वास्वविरोधात्, यथोक्तं- "सम्मत्तसुअं सव्वासु लहइ सुद्धास्वि"त्यादि, क्षीणप्रायायुषां चैषां शुद्धापि भवतीत्यविरोधः ।

'अशुभतरपरिणामा'इत्यादि, एतद् व्याचष्टे-'बन्धने'त्यादि, बन्धनं च गतिश्चेत्यादिर्द्वन्द्वः, एत एव बन्धनादयः आख्या यस्य परिणामस्येति प्रक्रमः, स एव तदाख्यः, किमित्याह-दशविधोऽप्यशुभः पुद्गलपरिणामो नरकेषु,

तत्र बन्धनपरिणामस्तत्तत्पुद्गलैः सम्बन्धलक्षणः महाग्न्यादिसम्बन्धाधिकः,

गतिपरिणामः उष्ट्रादिगतिरूपस्तप्तलोहादिपदन्यासाधिकः,

संस्थानपरिणामो जघन्यहुण्डाकृतिः,

भेदपरिणामः शस्त्रादिभ्योऽतिबीभत्सः,

वर्णपरिणामः परमनिकृष्टोऽतिभीषणः,

गन्धपरिणामः श्व-शृगालादिकोथाधिको,

रसपरिणामः कोशातकीत्रायमाणनिस्यन्दाधिकः,

स्पर्शपरिणामः वृश्चिककपिकच्छ्वादिस्पर्शाधिकः,

अगुरुलघुपरिणामोऽतितीव्रातिदुःखाश्रयः,

शब्दपरिणामः खरपरुषादिरूपोऽतिदुःखद इति,

एवमशुभः पुद्गलपरिणामो नरकेषु सामान्येन अशुभतरश्चाऽऽबाधः (अधोऽधः) तद्द्रव्यभेदादिति ।

साम्प्रतमिहैव दशविधः(धं)परिणामो(मं)भव्यसंवेगार्थं किञ्चिद्विशेषत आह-'इह तिर्यगूर्ध्वमधश्चे'त्यादि, अनेन वर्णपरिणाममाह, श्वशृगाल-

मार्जारादिना तु गन्धपरीणामं, हा मातः धिगहो कष्टमित्यादिना तु शब्दपरिणाममिति, प्रकटार्थमेतत् ।

तृतीयमपि अशुभतरदेहा इत्यादि निगदसिद्धं यावत्तेषु शरीराणि भवन्ति, तेष्विति नरकेषु, अतोऽधिकृतशरीरेभ्यः अशुभतराणि चाधोऽधो भवन्ति, क्लिष्टतरादिकर्मभेदात् ।

प्रमाणं चैहैषां 'सप्त धनूंषी'त्यादि, उत्सेधाङ्गुलमधिकृत्यैतत्, परमाण्वादिक्रमेण अष्टौ यवमध्यान्यङ्गुलं चतुर्विंशत्यङ्गुलो हस्तश्चतुर्हस्तं धनुरिति, एतच्च रत्नप्रभायां भवधारकशरीराणामुत्कर्षेण, जघन्येन त्वङ्गुलासङ्ख्येयभागोऽस्यामन्यासु च शेषासु किमेतदित्याह—

द्विर्द्विः शेषासु, रत्नप्रभानारकशरीरप्रमाणं द्विगुणं द्वितीयस्यां नारकशरीरप्रमाणं, एतदपि द्विगुणं तृतीयस्यां नारकशरीरप्रमाणं, एतदपि द्विगुणं एवं यावत् सप्तम्यां पञ्च धनुःशतानि पूर्णानीति, उत्तरवैक्रियं तु प्रथमायां जघन्येनाङ्गुलसङ्ख्येयभागमितमन्यासु च, उत्कर्षेण पञ्चदश धनूंषि अर्धतृतीयाश्च रत्नयः प्रथमायाम्, एतदेव द्विगुणं द्वितीयस्यामेवं ज्ञेयं यावत् सप्तम्यां धनुःसहस्रमिति, एतच्च प्रमाणं रत्नप्रभादिषु पर्यन्तवर्त्तिप्रतरेषु नारकाणामुत्कृष्टं द्रष्टव्यं, जघन्यमुत्कृष्टं च प्रथमप्रतरादिभेदेन सर्वत्र वक्तव्यम्, स्थितिवद् । यथाऽऽयुषः स्थितिः प्रथमप्रस्तारादिभेदेन भिद्यमाना दशनवतिसहस्रादिना रत्नप्रभायां पर्यन्तप्रतरे सागरोपमप्रमाणं भवति, एवमेव शरीरप्रमाणमपि प्रथमप्रस्तारादिभेदेन जघन्योत्कर्षाभ्यां भेत्तव्यमिति, तदुक्तं 'स्थितिवच्चोत्कृष्टजघन्यता वेदितव्या' उदितभेदेन शरीरप्रमाणस्येति ।

'अशुभतरवेदना'इत्यादि एतदपि प्रायो निगदसिद्धमेव यावत् सूत्रान्तरमिति, नवरम् 'उष्णशीते चतुर्थ्या'मिति, नवरमुष्णशीते द्वे वेदने भवतः प्रस्तारभेदेन, तत्रोष्णवेदना बहुतराणां शीतवेदना स्वल्पतराणामिति, एवम् 'शीतोष्णे पञ्चम्या'मिति शीतवेदना बहूनामुष्णवेदना त्वल्पानामिति, परयोः षष्ठीसप्तम्योः शीता शीततरा च वेदना यथासङ्ख्यमिति,

दृष्टान्तोऽत्रासद्भावप्रज्ञापनया, नारकाणामानयनाभावात्, तत्र चाग्न्ययोगात्, स हि पृथिवीकाय एवात्युष्णोऽन्धकारश्चेति ॥३-३॥

**ટીકાર્થ— પૂર્વપક્ષ—** બીજા સૂત્રમાં નરક શબ્દનો પ્રયોગ છે. એ શબ્દનો આ સૂત્રમાં સંબંધ કરવાથી નરકો અશુભતર લેશ્યા આદિવાળા છે એવો અર્થ થાય. પરમાર્થથી તો નારકો અશુભતર લેશ્યા આદિવાળા છે.

**ઉત્તરપક્ષ—** तात्स्थ्यात् तद्व्यपदेशः તેમાં રહેવાના કારણે તેનો વ્યવહાર થાય એવો ન્યાય છે. જેમકે मञ्चाः क्रोशन्ति=માંચડાઓ અવાજ કરે છે. ખરેખર તો મનુષ્યો અવાજ કરે છે. પણ મનુષ્યો માંચડાઓમાં રહેલા હોવાથી ઉક્ત ન્યાયથી માંચડાઓ અવાજ કરે છે એમ બોલવાનો વ્યવહાર થાય છે. તે રીતે પ્રસ્તુતમાં લેશ્યા આદિ નરકના સંબંધના કારણે છે. એથી સૂત્રમાં નરકોનું અતિશય અશુભપણું કહ્યું છે. પણ પરમાર્થથી તો નારકો અતિશય અશુભ લેશ્યા આદિવાળા છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. આ ઉપર્યુક્ત આ પ્રમાણે છે—

## અશુભતર

અવયવાર્થને ભાષ્યકાર તે नरकाः ઇત્યાદિથી કહે છે- હમણાં કહેલા પૃથ્વીક્રમથી રત્નપ્રભા આદિની નીચે નીચે નરકો(=નરકાવાસો) આકારની રચનાથી અધિક અશુભ હોય છે. કેમકે સંક્લેશને ઉત્પન્ન કરનારા છે. આને જ કહે છે- રત્નપ્રભામાં નરકો સામાન્યથી[૧] અશુભ=ભયાનક હોય છે. રત્નપ્રભાના નરકોથી શર્કરાપ્રભામાં નરકો વધારે અશુભ હોય છે. શર્કરાપ્રભાના નરકોથી વાલુકાપ્રભાના નરકો વધારે અશુભ હોય છે. આ પ્રમાણે સાતમી પૃથ્વી સુધી નરકાવાસો અશુભતર, અશુભતમ, અશુભતરતમ છે. આ પ્રમાણે આ નરકાવાસો સામાન્યથી જ અશુભ છે.

## નિત્ય શબ્દનો અર્થ

હવે નિત્ય શબ્દના અર્થને કહે છે— અહીં નિત્ય શબ્દનો ઉલ્લેખ કરવાનું કારણ આ છે- ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ કર્મના નિયમથી=

---

૧. અમુકની અપેક્ષાએ એવી ગણના વિના સામાન્યથી.

નરકગતિમાં નરક પંચેન્દ્રિયજાતિનો આ જીવ છે, તેવા પ્રકારના વૈક્રિય-નિમિત્તવાળા શરીર અને અંગોપાંગ કર્મ, તેમના નિયમનથી=સામર્થ્યથી સૂત્રમાં કહેલા આ અશુભલેશ્યા વગેરે ભાવો નરકગતિમાં અને નરકજાતિમાં [1]વર્તમાન જીવોને નરકગતિ-નરકજાતિના સામર્થ્યથી ભવક્ષયથી મૃત્યુ થાય ત્યાં સુધી નિરંતર હોય છે. ભવક્ષય થયે છતે જ મૃત્યુ પામે છે. વચ્ચે(=ભવક્ષય થયા વિના વચ્ચે) ક્યાંય પણ જીવનનો ક્ષય(=મરણ) થતો નથી માટે ભવક્ષયથી મૃત્યુ થાય ત્યાં સુધી એમ કહ્યું.

નિરંતર શબ્દના અર્થને સ્પષ્ટ કરતા ભાષ્યકાર કહે છે- અશુભલેશ્યા વગેરે ભાવો ક્યારેય આંખના પલકારા માત્ર પણ ન હોય એવું નથી, અર્થાત્ આંખના પલકારા જેટલા પણ કાળ સુધી અશુભભાવોનો વિયોગ થતો નથી. અથવા એટલો=પલકારા જેટલો પણ કાળ શુભભાવો થાય છે એવું પણ નથી. આથી તે ભાવો 'નિત્ય' કહેવાય છે.

(तद्व्याख्याङ्गत्वेनैव=) અહીં નિરંતર શબ્દના અર્થમાં न कदाचिदक्षि-निमेषमात्रमपि न भवन्ति એવી વ્યાખ્યા પૂર્ણ છે. शुभा वा भवन्ति એમ કહેવાની જરૂર નથી એવા પૂર્વપક્ષના ઉત્તરપક્ષમાં કહે છે કે- નિરંતર શબ્દની વ્યાખ્યાનું અંગ હોવાથી જ शुभा वा भवन्ति એમ કહ્યું છે.

અહીં નિત્ય શબ્દ વારંવાર અર્થવાળો જાણવો. નિત્યપ્રહસિતની જેમ. જેમ કોઈ માણસ વારંવાર હસતો હોય તો તે નિત્યપ્રહસિત કહેવાય છે તેની જેમ.

[**પૂર્વપક્ષ–** અહીં ભવક્ષય ન થાય ત્યાં સુધી આંખના પલકારા જેટલા પણ કાળ સુધી અશુભભાવોનો વિયોગ થતો નથી એવા નિત્ય શબ્દના અર્થની સાથે વારંવાર શબ્દના અર્થનો મેળ બેસતો નથી. કારણ કે અભાવ થાય અને પછી થાય એમાં વારંવાર શબ્દનો પ્રયોગ થાય છે. પણ નિરંતર=સતત હોય તેમાં વારંવાર શબ્દનો પ્રયોગ થતો નથી.

---

૧. न शान्तिका(या)नामपि આ પાઠમાં અશુદ્ધિ જણાય છે. અહીં गत्यन्तरजात्यन्तरवर्तमानानामपि એવો પાઠ હોવો જોઈએ. અન્ય ગતિમાં અને અન્ય જાતિમાં વર્તમાન જીવોને પણ નિરંતર આવું દુઃખ ન હોય.

**ઉત્તરપક્ષ–** અભાવ અને ભાવ એ બે નિરંતર=સર્વકાળ થાય છે. એમાં અભાવનો કાળ એટલો બધો અલ્પ હોય છે કે જેથી તે નથી એમ જ વ્યવહારથી કહી શકાય. આથી નિત્ય શબ્દનો વારંવાર અર્થ કરવામાં કોઇ દોષ નથી.]

## અશુભતર લેશ્યા

'अशुभतर लेश्याः' इत्यादि, આને(=કઇ નરકમાં કઇ લેશ્યા હોય એને) કહે છે- રત્નપ્રભા પૃથ્વીમાં કાપોતલેશ્યા હોય છે. રત્નપ્રભાની કાપોતલેશ્યાથી સ્વભાવથી અશુભ હોવા ઉપરાંત અધિક તીવ્ર સંક્લેશના અધ્યવસાનવાળી કાપોત જ લેશ્યા શર્કરાપ્રભામાં હોય છે. અધ્યવસાન એટલે દ્રવ્યના સાંનિધ્યથી ઉત્પન્ન કરાયેલો આત્મપરિણામ. કારણ કે (तद्द्रव्यभेदात्=)કાપોતલેશ્યાના દ્રવ્યોનો ભેદ છે, અર્થાત્ રત્નપ્રભામાં કાપોતલેશ્યાનાં જેવાં દ્રવ્યો છે તેનાથી શર્કરાપ્રભામાં કાપોતલેશ્યાનાં દ્રવ્યો ભિન્ન છે=અધિક અશુભ છે.) તેનાથી અધિક તીવ્ર સંક્લેશના અધ્વયસાનવાળી કાપોત અને નીલલેશ્યા વાલુકા પ્રભામાં હોય છે. (અહીં કાપોતલેશ્યા અધિક તીવ્ર અને નીલલેશ્યા તેનાથી અલ્પ તીવ્ર હોય છે.) તેનાથી અધિક તીવ્ર સંક્લેશના અધ્યવસાનવાળી નીલલેશ્યા પંકપ્રભામાં હોય છે. તેનાથી અધિક તીવ્ર સંક્લેશના અધ્યવસાનવાળી નીલલેશ્યા અને કૃષ્ણલેશ્યા ધૂમપ્રભામાં હોય છે. અહીં પણ પ્રતરના ભેદથી નીલલેશ્યા અધિક તીવ્ર અને કૃષ્ણલેશ્યા અલ્પ તીવ્ર હોય છે. તેનાથી અધિક તીવ્ર સંક્લેશના અધ્યવસાનવાળી કૃષ્ણ જ લેશ્યા દ્રવ્યભેદથી તમ:પ્રભામાં હોય છે. તેનાથી અધિક તીવ્ર અધ્યવસાનવાળી કૃષ્ણ જ લેશ્યા મહાતમ:પ્રભામાં હોય છે. આમાં દ્રવ્યભેદથી કૃષ્ણલેશ્યા અતિશય કૃષ્ણ હોય છે.

**પ્રશ્ન–** સાતમી નરકમાં અતિશય તીવ્ર કૃષ્ણલેશ્યા હોવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

**ઉત્તર–** સર્વ પૃથ્વીઓમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં વિરોધ નથી. કહ્યું છે કે- સમ્યક્ત્વ અને શ્રુતને કૃષ્ણ વગેરે સર્વ લેશ્યાઓમાં પામે છે."

(આવ.નિ. ગા.૮૨૨) તથા જેમનું આયુષ્ય લગભગ ક્ષય પામ્યું છે (=લગભગ પૂરું થવા આવ્યું છે) એવા નારકોને શુદ્ધ પણ લેશ્યા હોય છે. આથી આમાં વિરોધ નથી.

## અશુભતર પરિણામ

"अशुभतरपरिणामाः" इत्यादि, આને કહે છે- 'बन्धन' इत्यादि, બંધન, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ અને શબ્દ એ દશ પ્રકારનો પુદ્ગલપરિણામ નરકોમાં અશુભ હોય છે.

(૧) **બંધન–** તે તે પુદ્ગલોની સાથે (શરીર આદિનો) સંબંધરૂપ બંધનપરિણામ મહાઅગ્નિ આદિની સાથેના સંબંધથી પણ અધિક અશુભ હોય છે.

(૨) **ગતિ–** ઊંટ આદિની જેવી ગતિરૂપ ગતિપરિણામ તપેલા લોઢા આદિ ઉપર પગ મૂકવાથી પણ અધિક અશુભ હોય છે.

(૩) **સંસ્થાન–** (જીવોના શરીરનો અને નરકભૂમિનો) આકાર (હલકો-બેડોળ) હોય છે.

(૪) **ભેદ–** શસ્ત્રો આદિથી ભેદાતા પુદ્ગલોનો પરિણામ અત્યંત બીભત્સ(=ઘૃણાજનક) હોય છે.

(૫) **વર્ણ–** વર્ણપરિણામ અત્યંત હલકો અતિશય ભયંકર હોય છે.

(૬) **ગંધ–** ગંધપરિણામ કુતરા-શિયાળ વગેરેના કોહાયેલા મૃતકથી પણ અધિક અશુભ હોય છે.

(૭) **રસ–** રસપરિણામ અઘાડો અને ત્રાયમાણ નામની વનસ્પતિના રસથી અધિક અશુભ હોય છે.

(૮) **સ્પર્શ–** સ્પર્શપરિણામ વીંછી, ખુજલી આદિના સ્પર્શથી અધિક અશુભ હોય છે.

(૯) **અગુરુલઘુ–** શરીરનો અગુરુ-લઘુ પરિણામ[1] અતિશય તીવ્ર દુઃખનો આશ્રય હોવાથી અશુભ હોય છે.

---

૧. सर्वेषां हि जीवानां शरीराण्यात्मनो न गुरुणि नापि लघूनीत्यलघुगुरुपरिणामः ।

**(૧૦)શબ્દ–** શબ્દપરિણામ ખોખરા સાદવાળો અને કઠોર ઇત્યાદિ પ્રકારનો હોવાથી અત્યંત દુઃખ આપનારો હોય છે.

આ પ્રમાણે નરકોમાં પુદ્ગલપરિણામ સામાન્યથી અશુભ હોય છે. નીચે નીચેની નરકોમાં વધારે અશુભ અને પીડા કરનારો હોય છે. કેમકે તે તે નરકમાં દ્રવ્યો જુદા જુદા હોય છે.

હવે ભવ્યજીવોમાં સંવેગ ઉત્પન્ન કરવા માટે દશ પ્રકારના પરિણામને કંઇક વિશેષથી કહે છે–

**વર્ણપરિણામ–** "इह तिर्यगूर्ध्वमधश्च" इत्यादि નરકાવાસો તિર્છુ, ઉપર, નીચે એમ બધી તરફ અનંત, ભયંકર અને સદા ઉત્કૃષ્ટ અંધકાર વડે સદા અંધકારવાળા હોય છે. નરકાવાસોના તળિયા, બળખા, પેશાબ, ઝાડા, પરસેવા, શરીરમેલ, લોહી, ચરબી, મેદ અને પરુથી ખરડાયેલા હોય છે. નરકાવાસોની ભૂમિઓમાં સ્મશાનની જેમ દુર્ગંધવાળા માંસ, વાળ, હાડકાં, ચામડા, દાંત અને નખ પથરાયેલા હોય છે. આટલા વર્ણનથી નરકનો વર્ણપરિણામ જણાવ્યો.

**ગંધપરિણામ–** નરક ભૂમિઓ કૂતરા, શિયાળ, બિલાડા, નોળિયા, સર્પ, ઉંદર, હાથી, ઘોડા, ગાય અને મનુષ્યોના મૃતકના કોઠારથી પણ અધિક અશુભ ગંધવાળી હોય છે. કૂતરા, શિયાળ, બિલાડા ઇત્યાદિથી ગંધપરિણામ જણાવ્યો.

**શબ્દપરિણામ–** ઓય મા ! ધિક્કાર છે આ કષ્ટને, મને[1] છોડી મૂકો, (મને બચાવવા) દોડો, હે સ્વામી ! કૃપા કરો, રાંક એવા મને મારો નહિ, આ પ્રમાણે સતત રુદનોથી, અતિશય કરુણ અને (दीनविक्लवैः=)દીન જેવા ગભરાટભર્યા વિલાપોથી, (आर्तस्वनैर्निनादैः) પીડાભર્યા અવાજવાળી ગર્જનાઓથી, દીન અને કૃપણના જેવી કરુણ યાચનાઓથી, (बाष्पसंनिरुद्धैर्निस्तनितैः) આંસુઓથી રૂંધાયેલી ગર્જનાઓથી, અર્થાત્ આંસુઓથી મંદ થયેલી ગર્જનાઓથી, ગાઢ વેદનાવાળા અવ્યક્ત

૧. बत અવ્યય નિંદા કે શોક અર્થનો સૂચક છે.

શબ્દોથી, સંતાપથી ઉષ્ણ નિઃસાસાઓથી, સતત ભય ભરેલા શબ્દોવાળા હોય છે. ઓય મા ! ધિક્કાર છે આ કષ્ટને ઇત્યાદિથી શબ્દપરિણામ જણાવ્યો. આ (વર્ણપરિણામ વગેરેનું વર્ણન) સ્પષ્ટ અર્થવાળું છે.

**અશુભતરદેહ**– ત્રીજું પણ अशुभतरदेहा ઇત્યાદિથી પ્રારંભી तेषु शरीराणि भवन्ति ત્યાં સુધીનું વર્ણન બોલવા માત્રથી સમજાઇ જાય તેવું છે.

(નરકોમાં અશુભનામકર્મના ઉદયના કારણે શરીરનાં અંગોપાંગ, નિર્માણ, સંસ્થાન, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને સ્વરો અશુભ હોય છે. શરીરો ખરાબ-બેડોળ, પીંછા ખેંચી લીધેલા પક્ષીના શરીર જેવી આકૃતિવાળા, ક્રૂર, કરુણ(=દયાપાત્ર) અને બીભત્સ(=ઘૃણાજનક) હોય છે. શરીરોનું દર્શન પણ (प्रतिभय=)ભયંકર હોય છે. શરીરો દુઃખનાં ભાજન અને અશુચિમય હોય છે.) પ્રસ્તુત(=ઉપર્યુક્ત) શરીરોથી નીચે નીચેની ભૂમિમાં શરીરો અધિક અશુભ હોય છે. કારણ કે (દરેક પૃથ્વીમાં) ક્લિષ્ટતર આદિ કર્મો ભિન્ન છે.

**શરીરની ઊંચાઇ**– નરકમાં નારકોના શરીરનું પ્રમાણ ઉત્સેધાંગુલથી સાત ધનુષ્ય ત્રણ હાથ અને છ અંગુલ છે. પરમાણુ આદિના ક્રમથી આઠ યવમધ્યનો ૧ અંગુલ, ૨૪ અંગુલનો ૧ હાથ, ચાર હાથનો ૧ ધનુષ્ય થાય. આ પ્રમાણ રત્નપ્રભામાં ભવધારક શરીરોનું ઉત્કૃષ્ટથી છે. જઘન્યથી તો આ પૃથ્વીમાં અને બીજી પૃથ્વીઓમાં અંગુલનો અસંખ્યાતમો ભાગ છે.

[પરમાણુ આદિનો ક્રમ આ પ્રમાણે છે–

| | |
|---|---|
| અનંત સૂક્ષ્મ પરમાણુ | = ૧ વ્યવહારિક પરમાણુ |
| અનંત વ્યવહારિક પરમાણુઓ | = ૧ ઉત્શ્લક્ષણશ્લક્ષણિકા |
| ૮ ઉત્શ્લક્ષણશ્લક્ષણિકા | = ૧ શ્લક્ષણશ્લક્ષણિકા |
| ૮ શ્લક્ષણશ્લક્ષણિકા | = ૧ ઊર્ધ્વરેણુ |
| ૮ ઊર્ધ્વરેણુ | = ૧ ત્રસરેણુ |
| ૮ ત્રસરેણુ | = ૧ રથરેણુ |

| | |
|---|---|
| ૮ રથરેણુ | = ૧ દેવકુરુ-ઉત્તરકુરુ મનુષ્યનો વાલાગ્ર |
| ૮ દેવકુરુ-ઉત્તરકુરુ મનુષ્યવાલાગ્ર | = ૧ હરિવર્ષ-રમ્યક્ મનુષ્યવાલાગ્ર |
| ૮ હરિવર્ષ-રમ્યક્ મનુષ્યવાલાગ્ર | = ૧ હિમવત્-હિરણ્યવત્ મનુષ્યવાલાગ્ર |
| ૮ હિમવત્-હિરણ્યવત્ મનુષ્યવાલાગ્ર | = ૧ પૂર્વ-પશ્ચિમવિદેહ મનુષ્યવાલાગ્ર |
| ૮ પૂર્વ-પશ્ચિમ વિદેહ મનુષ્યવાલાગ્ર | = ૧ ભરત-ઐરાવત મનુષ્યવાલાગ્ર |
| ૮ ભરત-ઐરાવત મનુષ્યવાલાગ્ર | = ૧ લીખ |
| ૮ લીખ | = ૧ જૂ |
| ૮ જૂ | = ૧ યવમધ્ય |
| ૮ યવમધ્ય | = ૧ અંગુલ] |

"द्विर्द्विः शेषासु" બાકીની પૃથ્વીઓમાં શરીર પ્રમાણ બમણું-બમણું છે. પહેલી રત્નપ્રભા પૃથ્વીના શરીર પ્રમાણથી બીજી પૃથ્વીમાં [1]બમણું છે. બીજી પૃથ્વીના પ્રમાણથી ત્રીજી પૃથ્વીમાં બમણું છે. એમ બમણું બમણું કરતાં છેલ્લી પૃથ્વીમાં સંપૂર્ણ ૫૦૦ ધનુષ્ય છે. ઉત્તર વૈક્રિય શરીર પહેલીમાં અને અન્ય પૃથ્વીઓમાં જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ છે. ઉત્કૃષ્ટથી ૧૫ ધનુષ્ય અને અઢીહાથ પહેલી નરકમાં છે. આ જ બમણું પ્રમાણ બીજીમાં છે. એમ બમણું-બમણું કરતાં સાતમીમાં ૧ હજાર ધનુષ્ય પ્રમાણ જાણવું.

૧. બીજીમાં સાડા પંદર ધનુષ્ય અને ૧૨ અંગુલ, ત્રીજીમાં ૩૧ ધનુષ્ય અને એક હાથ, ચોથીમાં ૬૨ ધનુષ્ય, ૨ હાથ, પાંચમીમાં ૧૨૫ ધનુષ્ય, છઠ્ઠીમાં ૨૫૦ ધનુષ્ય પ્રમાણ હોય છે.

નારકોનું આ પ્રમાણ રત્નપ્રભાદિ નરકોમાં છેલ્લા પ્રતરોમાં ઉત્કૃષ્ટ જાણવું. જઘન્ય અને ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ સ્થિતિની જેમ પ્રથમ પ્રતર આદિના ભેદથી સર્વ નરકોમાં કહેવું. જેવી રીતે આયુષ્યની સ્થિતિ પ્રથમ પ્રતર આદિના ભેદથી ૯૦ હજાર આદિથી ભેદાતી(=વૃદ્ધિ પામતી) રત્નપ્રભાના અંતિમ પ્રતરમાં એક સાગરોપમ પ્રમાણ થાય છે. એ પ્રમાણે જ શરીરપ્રમાણ પણ પ્રથમ પ્રતર આદિના ભેદથી (વૃદ્ધિ પામતી) જઘન્ય-ઉત્કૃષ્ટથી ભેદ કરવો. તેથી જ ભાષ્યકારે કહ્યું કે સ્થિતિની જેમ ઉત્કૃષ્ટ-જઘન્યપણું જાણવું, અર્થાત્ ઉક્તભેદથી શરીરનું પ્રમાણ જાણવું.

[સાતે નરકોમાં દરેક પાથડે ઉત્કૃષ્ટ ભવધારણીય અને ઉત્તર વૈક્રિય દેહમાનનું કોષ્ટક

**પ્રથમ રત્નપ્રભા નરકમાં ઉત્તર વૈક્રિય શરીર**

| [illegible] | [illegible] | [illegible] | અંગુલ |
|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | ૦ |
| ૨ | ૨ | ૨ | ૧૭ |
| ૩ | ૩ | ૩ | ૧૦ |
| ૪ | ૫ | ૦ | ૩ |
| ૫ | ૬ | ૦ | ૨૦ |
| ૬ | ૭ | ૧ | ૧૩ |
| ૭ | ૮ | ૨ | ૬ |
| ૮ | ૯ | ૨ | ૨૩ |
| ૯ | ૧૦ | ૩ | ૧૬ |
| ૧૦ | ૧૨ | ૦ | ૯ |
| ૧૧ | ૧૩ | ૧ | ૨ |
| ૧૨ | ૧૪ | ૧ | ૧૯ |
| ૧૩ | ૧૫ | ૨ | ૧૨ |

## પ્રથમ રત્નપ્રભા નરકમાં ભવધારણીય શરીર

| [illegible] | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|
| ૧ | ૦ | ૩ | ૦ |
| ૨ | ૧ | ૧ | ૮ાા |
| ૩ | ૧ | ૩ | ૧૭ |
| ૪ | ૨ | ૨ | ૧ાા |
| ૫ | ૩ | ૦ | ૧૦ |
| ૬ | ૩ | ૨ | ૧૮ાા |
| ૭ | ૪ | ૧ | ૩ |
| ૮ | ૪ | ૩ | ૧૧ાા |
| ૯ | ૫ | ૧ | ૨૦ |
| ૧૦ | ૬ | ૦ | ૪ાા |
| ૧૧ | ૬ | ૨ | ૧૩ |
| ૧૨ | ૭ | ૦ | ૨૧ાા |
| ૧૩ | ૭ | ૩ | ૬ |

## બીજી શર્કરાપ્રભા નરકમાં ઉત્તર વૈક્રિય શરીર

| [illegible] | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|
| ૧ | ૧૫ | ૨ | ૧૨ |
| ૨ | ૧૭ | ૦ | ૧૮ |
| ૩ | ૧૮ | ૩ | ૦ |
| ૪ | ૨૦ | ૧ | ૬ |
| ૫ | ૨૧ | ૩ | ૧૨ |
| ૬ | ૨૩ | ૧ | ૧૮ |
| ૭ | ૨૫ | ૦ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૮ | ૨૬ | ૨ | ૬ |
| ૯ | ૨૮ | ૦ | ૧૨ |
| ૧૦ | ૨૯ | ૨ | ૧૮ |
| ૧૧ | ૩૧ | ૧ | ૦ |

## બીજી શર્કરાપ્રભા નરકમાં ભવધારણીય શરીર

| [illegible] | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|
| ૧ | ૭ | ૩ | ૬ |
| ૨ | ૮ | ૨ | ૯ |
| ૩ | ૯ | ૧ | ૧૨ |
| ૪ | ૧૦ | ૦ | ૧૫ |
| ૫ | ૧૦ | ૩ | ૧૮ |
| ૬ | ૧૧ | ૨ | ૨૧ |
| ૭ | ૧૨ | ૨ | ૦ |
| ૮ | ૧૩ | ૧ | ૩ |
| ૯ | ૧૪ | ૦ | ૬ |
| ૧૦ | ૧૪ | ૩ | ૯ |
| ૧૧ | ૧૫ | ૨ | ૧૨ |

## ત્રીજી વાલુકાપ્રભા નરકમાં ઉત્તર વૈક્રિય શરીર

| [illegible] | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|
| ૧ | ૩૧ | ૧ | ૦ |
| ૨ | ૩૫ | ૦ | ૧૫ |
| ૩ | ૩૯ | ૦ | ૬ |
| ૪ | ૪૨ | ૩ | ૨૧ |
| ૫ | ૪૬ | ૩ | ૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૬ | ૫૦ | ૩ | ૩ |
| ૭ | ૫૪ | ૨ | ૧૮ |
| ૮ | ૫૮ | ૨ | ૯ |
| ૯ | ૩૨ | ૨ | ૦ |

## ત્રીજી વાલુકાપ્રભા નરકમાં ભવધારણીય શરીર

| [illegible] | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|
| ૧ | ૧૫ | ૨ | ૧૨ |
| ૨ | ૧૭ | ૨ | ૭॥ |
| ૩ | ૧૯ | ૨ | ૩ |
| ૪ | ૨૧ | ૧ | ૨૨॥ |
| ૫ | ૨૩ | ૧ | ૧૮ |
| ૬ | ૨૫ | ૧ | ૧૩॥ |
| ૭ | ૨૭ | ૧ | ૯ |
| ૮ | ૨૯ | ૧ | ૪॥ |
| ૯ | ૩૧ | ૧ | ૦ |

## ચોથી પંકપ્રભા નરકમાં ઉત્તર વૈક્રિય શરીર

| [illegible] | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|
| ૧ | ૬૨ | ૨ | ૦ |
| ૨ | ૭૨ | ૩ | ૧૬ |
| ૩ | ૮૩ | ૧ | ૮ |
| ૪ | ૯૩ | ૩ | ૦ |
| ૫ | ૧૦૪ | ૦ | ૧૬ |
| ૬ | ૧૧૪ | ૨ | ૮ |
| ૭ | ૧૨૫ | ૦ | ૦ |

## ચોથી પંકપ્રભા નરકમાં ભવધારણીય શરીર

| પાથડા | ધનુષ | હાથ | અંગુલ |
|---|---|---|---|
| ૧ | ૩૧ | ૧ | ૦ |
| ૨ | ૩૬ | ૧ | ૨૦ |
| ૩ | ૪૧ | ૨ | ૧૬ |
| ૪ | ૪૬ | ૩ | ૧૨ |
| ૫ | ૫૨ | ૦ | ૮ |
| ૬ | ૫૭ | ૧ | ૪ |
| ૭ | ૬૨ | ૨ | ૦ |

## પાંચમી ધૂમપ્રભા નરકમાં ઉત્તર વૈક્રિય શરીર

| પાથડા | ધનુષ | હાથ | અંગુલ |
|---|---|---|---|
| ૧ | ૧૨૫ | ૦ | ૦ |
| ૨ | ૧૫૬ | ૧ | ૦ |
| ૩ | ૧૮૭ | ૨ | ૦ |
| ૪ | ૨૧૮ | ૩ | ૦ |
| ૫ | ૨૫૦ | ૦ | ૦ |

## પાંચમી ધૂમપ્રભા નરકમાં ભવધારણીય શરીર

| પાથડા | ધનુષ | હાથ | અંગુલ |
|---|---|---|---|
| ૧ | ૬૨ | ૨ | ૦ |
| ૨ | ૭૮ | ૦ | ૧૨ |
| ૩ | ૯૩ | ૩ | ૦ |
| ૪ | ૧૦૯ | ૧ | ૧૨ |
| ૫ | ૧૨૫ | ૦ | ૦ |

## છઠ્ઠી તમઃપ્રભા નરકમાં ઉત્તર વૈક્રિય શરીર

| પાથડા | ધનુષ્ય | હાથ | અંગુલ |
|---|---|---|---|
| ૧ | ૨૫૦ | ૦ | ૦ |
| ૨ | ૩૭૫ | ૦ | ૦ |
| ૩ | ૫૦૦ | ૦ | ૦ |

## છઠ્ઠી તમઃપ્રભા નરકમાં ભવધારણીય શરીર

| પાથડા | ધનુષ્ય | હાથ | અંગુલ |
|---|---|---|---|
| ૧ | ૧૨૫ | ૦ | ૦ |
| ૨ | ૧૮૭॥ | ૦ | ૦ |
| ૩ | ૨૫૦ | ૦ | ૦ |

## સાતમી તમસ્તમઃપ્રભા નરકમાં ઉત્તર વૈક્રિય શરીર

| પાથડા | ધનુષ્ય | હાથ | અંગુલ |
|---|---|---|---|
| ૧ | ૧૦૦૦ | ૦ | ૦ |

## સાતમી તમસ્તમઃપ્રભા નરકમાં ભવધારણીય શરીર

| પાથડા | ધનુષ્ય | હાથ | અંગુલ |
|---|---|---|---|
| ૧ | ૫૦૦ | ૦ | ૦ |

## રત્નપ્રભા નરકમાં આયુષ્યનું પ્રમાણ

| પ્રતરમાં | આયુષ્ય પ્રમાણ | પ્રતરમાં | આયુષ્ય પ્રમાણ |
|---|---|---|---|
| ૧ | ૯૦ હજાર વર્ષ | ૮ | ૫/૧૦ સાગરોપમ |
| ૨ | ૯૦ લાખ વર્ષ | ૯ | ૬/૧૦ સાગરોપમ |
| ૩ | પૂર્વ ક્રોડ વર્ષ | ૧૦ | ૭/૧૦ સાગરોપમ |
| ૪ | ૧/૧૦ સાગરોપમ[1] | ૧૧ | ૮/૧૦ સાગરોપમ |
| ૫ | ૨/૧૦ સાગરોપમ | ૧૨ | ૯/૧૦ સાગરોપમ |
| ૬ | ૩/૧૦ સાગરોપમ | ૧૩ | ૧૦/૧૦=૧ સાગરોપમ |
| ૭ | ૪/૧૦ સાગરોપમ | | (બૃહત્સંગ્રહણી ગા.૨૦૩) |

૧. હવેથી ૧/૧૦ ની વૃદ્ધિ.

## રત્નપ્રભા નરકમાં શરીરનું પ્રમાણ

| [illegible] | [illegible] |
|---|---|
| ૧ | ૩ હાથ |
| ૨ | ૧ ધનુ + ૧ હાથ + ૮ાા અંગુલ (હવેથી ૫૬ાા અંગુલની વૃદ્ધિ) |
| ૩ | ૧ ધનુ + ૩ હાથ + ૧૭ અંગુલ |
| ૪ | ૨ ધનુ + ૨ હાથ + ૧ાા અંગુલ |
| ૫ | ૩ ધનુ + ૧૦ અંગુલ |
| ૬ | ૩ ધનુ + ૨ હાથ + ૧૮ાા અંગુલ |
| ૭ | ૪ ધનુ + ૧ હાથ + ૩ અંગુલ |
| ૮ | ૪ ધનુ + ૩ હાથ + ૧૧ાા અંગુલ |
| ૯ | ૫ ધનુ + ૧ હાથ + ૨૦ અંગુલ |
| ૧૦ | ૬ ધનુ + ૪ાા અંગુલ |
| ૧૧ | ૬ ધનુ + ૨ હાથ + ૧૩ અંગુલ |
| ૧૨ | ૭ ધનુ + ૨૧ાા અંગુલ |
| ૧૩ | ૭ ધનુ + ૩ હાથ + ૬ અંગુલ |

## શર્કરાપ્રભા નરકમાં શરીરનું પ્રમાણ

| [illegible] | [illegible] |
|---|---|
| ૧ | ૭ ધનુ + ૩ હાથ + ૬ અંગુલ |
| ૨ | ૮ ધનુ + ૨ હાથ + ૯ અંગુલ |
| ૩ | ૯ ધનુ + ૧ હાથ + ૧૨ અંગુલ |
| ૪ | ૧૦ ધનુ + ૧૫ અંગુલ |
| ૫ | ૧૦ ધનુ + ૩ હાથ + ૧૮ અંગુલ |
| ૬ | ૧૧ ધનુ + ૨ હાથ + ૨૧ અંગુલ |
| ૭ | ૧૨ ધનુ + ૨ હાથ |

| | |
|---|---|
| ૮ | ૧૩ ધનુ + ૧ હાથ + ૩ અંગુલ |
| ૯ | ૧૪ ધનુ + ૬ અંગુલ |
| ૧૦ | ૧૪ ધનુ + ૩ હાથ + ૯ અંગુલ |
| ૧૧ | ૧૪ ધનુ + ૨ હાથ + ૧૨ અંગુલ |

## વાલુકાપ્રભા નરકમાં શરીરનું પ્રમાણ

| [illegible] | [illegible] |
|---|---|
| ૧ | ૧૫ ધનુ + ૨ હાથ + ૧૨ અંગુલ |
| ૨ | ૧૭ ધનુ + ૨ હાથ + ૭॥ અંગુલ |
| ૩ | ૧૯ ધનુ + ૨ હાથ + ૩ અંગુલ |
| ૪ | ૨૧ ધનુ + ૧ હાથ + ૨૨॥ અંગુલ |
| ૫ | ૨૩ ધનુ + ૧ હાથ + ૧૮ અંગુલ |
| ૬ | ૨૫ ધનુ + ૧ હાથ + ૧૩॥ અંગુલ |
| ૭ | ૨૭ ધનુ + ૧ હાથ + ૯ અંગુલ |
| ૮ | ૨૯ ધનુ + ૧ હાથ + ૪॥ અંગુલ |
| ૯ | ૩૧ ધનુ + ૧ હાથ + ૦ અંગુલ |

## પંકપ્રભા નરકમાં શરીરનું પ્રમાણ

| [illegible] | [illegible] |
|---|---|
| ૧ | ૩૧ ધનુ + ૧ હાથ + ૦ અંગુલ |
| ૨ | ૩૬ ધનુ + ૧ હાથ + ૨૦ અંગુલ |
| ૩ | ૪૧ ધનુ + ૨ હાથ + ૧૬ અંગુલ |
| ૪ | ૪૬ ધનુ + ૩ હાથ + ૧૨ અંગુલ |
| ૫ | ૫૨ ધનુ + ૦ હાથ + ૮ અંગુલ |
| ૬ | ૫૭ ધનુ + ૧ હાથ + ૪ અંગુલ |
| ૭ | ૬૨ ધનુ + ૨ હાથ + ૦ અંગુલ |

## ધૂમપ્રભા નરકમાં શરીરનું પ્રમાણ

| [illegible] | [illegible] |
|---|---|
| ૧ | ૬૨ ધનુ + ૨ હાથ + ૦ અંગુલ |
| ૨ | ૭૮ ધનુ + ૦ હાથ + ૧૨ અંગુલ |
| ૩ | ૯૩ ધનુ + ૩ હાથ + ૦ અંગુલ |
| ૪ | ૧૦૯ ધનુ + ૧ હાથ + ૧૨ અંગુલ |
| ૫ | ૧૨૫ ધનુ + ૦ હાથ + ૦ અંગુલ |

## તમ:પ્રભા નરકમાં શરીરનું પ્રમાણ

| [illegible] | [illegible] |
|---|---|
| ૧ | ૧૨૫ ધનુ + ૦ હાથ + ૦ અંગુલ |
| ૨ | ૧૮૭ ધનુ + ૨ હાથ + ૦ અંગુલ |
| ૩ | ૨૫૦ ધનુ + ૦ હાથ + ૦ અંગુલ |

## તમસ્તમ:પ્રભા નરકમાં શરીરનું પ્રમાણ

| [illegible] | [illegible] |
|---|---|
| ૧ | ૫૦૦ ધનુ + ૦ હાથ + ૦ અંગુલ |

(બૃહત્સંગ્રહણી ગા.૨૪૫)

## નરકમાં વેદના

| [illegible] | [illegible] |
|---|---|
| પહેલીમાં → | તીવ્ર ઉષ્ણવેદના |
| બીજીમાં → | તીવ્રતર ઉષ્ણવેદના |
| ત્રીજીમાં → | તીવ્રતમ ઉષ્ણવેદના |
| ચોથીમાં → | તીવ્ર ઉષ્ણ-શીતવેદના |
| પાંચમીમાં → | તીવ્ર શીત-ઉષ્ણવેદના |
| છઠ્ઠીમાં → | તીવ્રતર શીતવેદના |
| સાતમીમાં → | તીવ્રતમ શીતવેદના |

## અશુભતર વેદના

'अशुभतरवेदना' इत्यादि આ ભાષ્ય પણ અન્યસૂત્ર સુધી બોલતાં જ સમજાઇ જાય તેવું છે. ફક્ત આ વિશેષ છે- ચોથી નરકમાં પ્રતરના ભેદથી ઉષ્ણ-શીત બે વેદના હોય. તેમાં ઘણાને ઉષ્ણ વેદના હોય, થોડાને શીત વેદના હોય. પાંચમી નરકમાં ઘણાને શીત વેદના હોય, થોડાને ઉષ્ણ વેદના હોય. અહીં દૃષ્ટાંત અસદ્ભાવની પ્રરૂપણાથી છે. કારણ કે નારકોને અહીં લાવી શકાતા નથી. નરકમાં અગ્નિ ન હોય. તે પૃથ્વીકાયજ અત્યંત ઉષ્ણ હોય. નરકમાં અંધકાર હોય.

## અશુભ વિક્રિયા

નરકોમાં નારકોને વિક્રિયા(=ઉત્તરવૈક્રિય શરીરની રચના) નીચે નીચે નરકમાં અધિક અશુભ હોય છે. શુભ કરીશું એવી ઇચ્છા હોવા છતાં અધિક અશુભ જ ઉત્તરવૈક્રિય શરીર કરે છે. દુઃખથી પરાભવ પામેલા મનવાળા અને દુઃખનો પ્રતિકાર કરવાની ઇચ્છાવાળા તે નારકો ઘણા ભારી અને દુઃખનું કારણ એવા ઉત્તરવૈક્રિય શરીરોને વિકુર્વે છે. (૩-૩)

**નરકમાં પરસ્પરોદીરિત વેદના–**

**परस्परोदीरितदुःखाश्च ॥३-४॥**

**સૂત્રાર્થ–** નારકો પરસ્પર ઉદીરિત(=નરક જીવોથી પરસ્પર કરાતા) દુઃખવાળા હોય છે. (૩-૪)

**भाष्यं–** परस्परोदीरितानि दुःखानि नरकेषु नारकाणां भवन्ति । क्षेत्रस्वभावजनिताच्चाशुभात्पुद्गलपरिणामादित्यर्थः ।

तत्र क्षेत्रस्वभावजनितपुद्गलपरिणामः शीतोष्णक्षुत्पिपासादिः । शीतोष्णे व्याख्याते क्षुत्पिपासे वक्ष्यामः । अनुपरतशुष्केन्धनोपादानेनैवाग्निना तीक्ष्णेन प्रततेन क्षुदग्निना दन्दह्यमानशरीरा अनुसमयमाहारयन्ति ते सर्वपुद्गलानप्यद्युस्तीव्रया च नित्यानुषक्तया पिपासया शुष्ककण्ठौष्ठतालुजिह्वाः सर्वोदधीनपि पिबेयुर्न च तृप्तिं समाप्नुयुर्वर्धेयातामेव चैषां क्षुत्तृष्णे इत्येवमादीनि क्षेत्रप्रत्ययानि ।

परस्परोदीरितानि च। अपि चोक्तम्। भवप्रत्ययोऽवधिर्नारकदेवानाम् (अ.१ सू.२२) इति। तन्नारकेष्ववधिज्ञानमशुभभवहेतुकं मिथ्यादर्शन-योगाच्च विभङ्गज्ञानं भवति। भावदोषोपघातात्तु तेषां दुःखकारणमेव भवति। तेन हि ते सर्वतः तिर्यगूर्ध्वमधश्च दूरत एवाजस्रं दुःख-हेतून्पश्यन्ति।

यथा च काकोलूकमहिनकुलं चोत्पत्त्यैव बद्धवैरं तथा परस्परं प्रति नारकाः। यथा वापूर्वान् शुनो दृष्ट्वा श्वानो निर्दयं क्रुध्यन्त्यन्योन्यं प्रहरन्ति च तथा तेषां नारकाणामवधिविषयेण दूरत एवान्योन्यमालोक्य क्रोध-स्तीव्रानुशयो जायते दुरन्तो भवहेतुकः। ततः प्रागेव दुःखसमुद्घातार्त्ताः क्रोधाग्न्यादीपितमनसोऽतर्किता इव श्वानः समुद्धता वैक्रियं भयानकं रूपमास्थाय तत्रैव पृथिवीपरिणामजानि क्षेत्रानुभावजनितानि चायःशूल-शिला-मुसल-मुद्गर-कुन्त-तोमरासि-पट्टिश-शक्त्ययोघन-खड्ग-यष्टि-परशु-भिण्डमालादीन्यायुधान्यादाय कर-चरण-दशनैश्चान्योन्य-मभिघ्नन्ति। ततः परस्पराभिहता विकृताङ्गा निस्तनन्तो गाढवेदनाः सूनाघातनप्रविष्टा इव महिषसूकरोरभ्राः स्फुरन्तो रुधिरकर्दमे चेष्टन्ते। इत्येवमादीनि परस्परोदीरितानि नरकेषु नारकाणां दुःखानि भवन्तीति ॥३-४॥

**ભાષ્યાર્થ–** નરકોમાં નારકોને પરસ્પર ઉદીરિત(=પરસ્પર કરાયેલા) દુઃખો હોય છે તથા ક્ષેત્રના સ્વભાવથી ઉત્પન્ન થયેલા અશુભ પુદ્ગલ-પરિણામથી પણ દુઃખો હોય છે.

તેમાં ક્ષેત્રના સ્વભાવથી થયેલો પુદ્ગલપરિણામ ઠંડી, ગરમી, ભૂખ અને તરસ વગેરે સ્વરૂપે છે. ઠંડી-ગરમીનું વ્યાખ્યાન કર્યું. હવે ભૂખ-તરસને કહીશું.

**ક્ષુધા-પિપાસાનું દુઃખ–** જેમાં સતત ઇંધન(=બળતણ) નંખાઇ રહ્યા છે તેવા તીક્ષ્ણ અગ્નિની જેમ વધેલા ક્ષુધારૂપી અગ્નિથી બળતા

શરીરવાળા નારકો પ્રતિસમય આહાર કરે છે. તે નારકો સર્વપુદ્ગલોનું ભક્ષણ કરી નાખે તો પણ ભૂખ ન શમે બલકે ભૂખ વધે તથા તીવ્ર અને નિત્ય રહેલી તૃષાથી જેમના કંઠ, હોઠ, તાળવું અને જીભ સુકાઈ રહ્યા છે એવા તે નારકો સઘળા સમુદ્રને પણ પી જાય તો પણ તૃપ્તિને ન પામે, બલકે તૃષા વધે. ઈત્યાદિ દુઃખો ક્ષેત્રના કારણે હોય છે

નારકોને પરસ્પર ઉદીરાતા (કરાતા) દુઃખો હોય છે. વળી (અ.૧ સૂ.૨૨ માં) કહ્યું છે કે "નારકોને અને દેવોને ભવપ્રત્યય(=ભવના કારણે) અવધિજ્ઞાન હોય." તેથી નારકોને અશુભ ભવના કારણવાળું અવધિજ્ઞાન હોય. [કહેવાનો ભાવ એ છે કે અવધિજ્ઞાન શુભ છે પણ ધર્મની સામગ્રીનો અભાવ અને પાપની સામગ્રીનો સદ્ભાવ છે તેથી આત્માનું હિત સાધી શકાતું નથી.] મિથ્યાદર્શનના યોગથી (મિથ્યાદષ્ટિ નારકોને) તે જ્ઞાન વિભંગજ્ઞાનમાં પરિણમે છે. ભાવદોષના ઉપઘાતથી તેમનું વિભંગજ્ઞાન અવશ્ય તેમના દુઃખનું જ કારણ થાય છે. તે વિભંગજ્ઞાનથી નારકો તિર્છું, ઉપર, નીચે એમ બધી તરફ દૂરથી જ સદા દુઃખના હેતુઓને જુએ છે.

તથા જેવી રીતે કાગડો-ઘુવડ અને સાપ-નોળિયો જન્મથી જ બદ્ધવૈરવાળા હોય છે તેમ નારકો પરસ્પર વૈરવાળા હોય છે. અથવા જેવી રીતે કૂતરાઓ નવા કૂતરાઓને જોઈને નિર્દયપણે પરસ્પર ક્રોધ કરે છે અને પ્રહાર કરે છે તેવી રીતે તે નારકોને અવધિજ્ઞાનથી દૂરથી જ એક-બીજાને જોઈને તીવ્ર દ્વેષવાળો ક્રોધ ઉત્પન્ન થાય છે. દુઃખે કરીને દૂર કરી શકાય તેવો તે ક્રોધ ભવનું કારણ બને છે. તેથી પહેલેથી જ દુઃખસમૂહથી પીડાય છે તથા ક્રોધરૂપી અગ્નિથી પ્રદીપ્ત કરાયેલા મનવાળા તે નારકો ઓચિંતા જ ભેગા થયેલા કૂતરાઓની જેમ ભયંકર વૈક્રિય રૂપ બનાવીને ત્યાં જ પૃથ્વીપરિણામથી થયેલા અને ક્ષેત્રના સ્વભાવથી થયેલા લોઢાના શૂલ, શિલા, સાંબેલા, ગદાઓ, બરછી, ભાલા, તલવાર, [૧]પટ્ટીશ,

૧. પટ્ટિશ, શક્તિ, ભિંદિમાલ એ એક પ્રકારના શસ્ત્ર છે.

શક્તિ, હથોડા, તલવાર, લાકડીઓ, કુહાડીઓ, ભિંદિમાલા વગેરે શસ્ત્રો લઈને એકબીજાને હણે છે તથા હાથ, પગ, દાંતોથી એકબીજાને હણે છે. તેથી પરસ્પર હણાયેલા, વિકૃત શરીરવાળા, અવાજ કરતા, ગાઢ વેદનાવાળા, કતલખાનામાં પ્રવેશેલા પાડા, ભૂંડ, ઘેટાની જેમ કંપતા તે નારકો લોહીવાળા કાદવમાં ચાલે છે, ઈત્યાદિ પરસ્પરથી કરાયેલા દુઃખો નરકમાં નારકોને હોય છે. (૩-૪)

**टीका–** प्रायः प्रतीतसमुदायावयवार्थमेव, नवरं 'अनुसमयं आहार-यन्ती'ति मनोऽधिकतरदुःखोत्पादनाय, इतरथा 'ते सर्वपुद्गले'त्यादि

'परस्परोदीरितानि चे'ति मिथ्यादृष्टयः, सम्यग्दृष्टयस्तु परोदीरितदुःखानि सहन्ते, नैवान्येषामुदीरयन्ति, दृष्टविपाकत्वात्, अत एवाधिकदुःखाः, न सामान्येन तज्ज्ञानभावात्,

'अपि चोक्तं भवप्रत्यय' इत्यादि 'काकोलूक'मित्यादि एतत्तु मिथ्यादृष्टिविषयं मिथ्यादृष्टिं, सम्यग्दृष्टीनां तु प्राप्यासन्नमुक्तित्वात् क्षान्ति(:) परमा एवेत्याचार्याः ॥३-४॥

**ટીકાર્થ–** સૂત્રનો સમુદિત અર્થ અને અવયવાર્થ પ્રાયઃ જણાઈ ગયેલો જ છે. ફક્ત આ વિશેષ છે- "अनुसमयमाहारयन्ति" इति, પ્રતિસમય ગ્રહણ કરાતો આહાર માનસિક દુઃખ અધિક ઉત્પન્ન કરનારો થાય છે. અન્યથા નારક જીવો સઘળાય પુદ્ગલોનું ભક્ષણ કરે તો પણ તૃપ્તિ ન થાય, બલકે ક્ષુધા વધે.

"परस्परोदीरितानि च" इति, મિથ્યાદૃષ્ટિ નારકો પરસ્પર દુઃખ આપે છે. સમ્યગ્દૃષ્ટિ નારકો તો બીજાઓથી કરાયેલા દુઃખોને સહન કરે છે. બીજાઓને દુઃખો આપતા નથી. કેમકે તેમણે કર્મવિપાકને જોયો છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ નારકો અધિક દુઃખી હોય. (પૂર્વભવમાં દુષ્કૃત્યો કર્યાં તો અત્યારે દુઃખો સહન કરવા પડે છે. આ ભવમાં ધર્માચરણ કરી શકાતું નથી. ઈત્યાદિ વિચારીને સમ્યગ્દૃષ્ટિ નારકો અધિક દુઃખી થાય

છે.) સામાન્યથી સમ્યગ્દષ્ટિ નારકો દુઃખી ન થાય. કેમકે તેમને સમ્યગ્જ્ઞાન[1] હોય છે. (સમતાથી સહન કરે. તેથી દુઃખમાં પણ દુઃખી ન થાય. આથી સમ્યગ્દષ્ટિ નારકો દુઃખી ન થાય.)

વળી- ભાષ્યમાં "भवप्रत्यय" इत्यादि અને "काकोलूकं" इत्यादि જે કહ્યું તે મિથ્યાદષ્ટિ નારકો સંબંધી જાણવું. સમ્યગ્દષ્ટિનારકોને તો તેમની મુક્તિ નજીક હોવાથી પરમ ક્ષમા જ હોય એમ આચાર્યો કહે છે. (૩-૪)

**टीकावतरणिका–** तत्र नैवंविधदुःखभाज एव ते, किन्तु–

**ટીકાવતરણિકાર્થ–**નરકોમાં નારકો આવા પ્રકારનાં જ દુઃખનાં ભાજન હોય છે એમ નહિ, કિંતુ–

**નરકમાં પરમાધામીકૃત વેદના–**

**सङ्क्लिष्टासुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ॥३-५॥**

**સૂત્રાર્થ–** ત્રીજી નરક સુધીના નારકો સંક્લિષ્ટ અસુરોથી= પરમાધામીઓથી પણ દુઃખ પામે છે. (૩-૫)

**भाष्यं–** सङ्क्लिष्टासुरोदीरितदुःखाश्च नारका भवन्ति । तिसृषु भूमिषु प्राक् चतुर्थ्याः । तद्यथा- अम्बाम्बरीष-श्याम-शबल-रुद्रोपरुद्र-काल-महाकालास्यसिपत्रवन-कुम्भी-वालुका-वैतरणी-खरस्वर-महाघोषाः पञ्चदश परमाधार्मिका मिथ्यादृष्टयः पूर्वजन्मसु सङ्क्लिष्टकर्माणः पापाभिरतय आसुरीं गतिमनुप्राप्ताः कर्मक्लेशजा एते ताच्छील्यान्नारकाणां वेदनाः समुदीरयन्ति चित्राभिरुपपत्तिभिः ।

तद्यथा-तप्तायोरसपायन-निष्टप्तायःस्तम्भालिङ्गन-कूटशाल्मल्यग्रारोपणावतारणायोघनाभिघात-वासीक्षुरतक्षण-क्षारतप्ततैलाभिषेचनायः-कुम्भपाकाम्बरीषतर्जन-यन्त्रपीडनायःशूलशलाकाभेदन-क्रकचपाटनाङ्गारदहन-वाहनसूचीशाड्वलापकर्षणैस्तथा सिंह-व्याघ्र-द्वीपि-श्व-

૧. तज्ज्ञानभावात् ના સ્થાને सज्ज्ञानभावात् એવો પાઠ હોવો જોઇએ એમ સમજીને આ અર્થ લખ્યો છે. જો तज्ज्ञानभावात् એવો જ પાઠ હોય તો અર્થ આ થાય- કારણ કે તેમને વિપાકનું=કર્મવિપાકનું જ્ઞાન હોય છે. સમતાથી સહન કરે તેથી દુઃખી ન થાય.

शृगाल-वृक-कोक-मार्जार-नकुल-सर्प-वायस-गृध्र-काकोलुक-श्येनादिखादनैस्तथा तप्तवालुकावतरणासिपत्रवनप्रवेशन-वैतरण्यवतारण-परस्परयोधनादिभिरिति ।

स्यादेतत् किमर्थं त एवं कुर्वन्तीति । अत्रोच्यते- पापकर्माभिरतय इत्युक्तम् ।

तद्यथा- गो-वृषभ-महिष-वराह-मेष-कुक्कुट-वार्तक-लावकान्मुष्टि-मल्लांश्च युध्यमानान् परस्परं चाभिघ्नतः पश्यतां रागद्वेषाभिभूतानाम-कुशलानुबन्धिपुण्यानां नराणां परा प्रीतिरुत्पद्यते, तथा तेषामसुराणां नारकांस्तथा तानि कारयतामन्योन्यं घ्नतश्च पश्यतां परा प्रीतिरुत्पद्यते । ते हि दुष्टकन्दर्पास्तथाभूतान् दृष्ट्वाट्टहासं मुञ्चन्ति, चेलोत्क्षेपान्क्ष्वेडिता-स्फोटितावल्गिततलतालनिपातनांश्च कुर्वन्ति, महतश्च सिंहनादान्नदन्ति । तच्च तेषां सत्यपि देवत्वे सत्सु च कामिकेष्वन्येषु प्रीतिकारणेषु माया-निदानमिथ्यादर्शनशल्यतीव्रकषायोपहतस्यानालोचितभावदोषस्या-प्रत्यवमर्षस्याकुशलानुबन्धिपुण्यकर्मणो बालतपसश्च भावदोषानुकर्षिणः फलं यत्सत्स्वप्यन्येषु प्रीतिहेतुष्वशुभा एव प्रीतिहेतवः समुत्पद्यन्ते ।

इत्येवमप्रीतिकरं निरन्तरं सुतीव्रं दुःखमनुभवतां मरणमेव काङ्क्षतां तेषां न विपत्तिरकाले विद्यते कर्मनिर्धारितायुषाम् । उक्तं हि- 'औप-पातिकचरमदेहोत्तमपुरुषासङ्ख्येयवर्षायुषोऽनपवर्त्यायुष' (अ.२ सू.५३) इति । नैव तत्र शरणं विद्यते नाप्यपक्रमणम् । ततः कर्मवशादेव दग्धपाटितभिन्नच्छिन्नक्षतानि च तेषां सद्य एव संरोहन्ति शरीराणि दण्डराजिरिवाम्भसीति । एवमेतानि त्रिविधानि दुःखानि नरकेषु नारकाणां भवन्तीति ॥३-५॥

**ભાષ્યાર્થ–** તથા ચોથીથી પૂર્વની ત્રણ નરકભૂમિમાં નારકો સંક્લિષ્ટ અસુર દેવોથી કરાયેલા દુઃખવાળા હોય છે. સંક્લિષ્ટ અસુરોના નામો આ પ્રમાણે છે - અંબ, અંબરીષ, શ્યામ, શબલ, રુદ્ર, ઉપરુદ્ર, કાલ,

મહાકાલ, અસિ, અસિપત્રવન, કુંભી, વાલુકા, વૈતરણી, ખરસ્વર, મહાઘોષ. આ પંદર અસુરો પરમ અધાર્મિક, મિથ્યાદૃષ્ટિ, પૂર્વ જન્મોમાં સંક્લિષ્ટ કર્મવાળા, પાપમાં અતિશય રત, આસુરી(=ભવનપતિની) ગતિને પામેલા, કર્મરૂપ ક્લેશથી ઉત્પન્ન થયેલા હોય છે. દુઃખ આપવાના સ્વભાવને કારણે નારકોને વિવિધ ઉપાયોથી વેદના ઉત્પન્ન કરે છે.

તે આ પ્રમાણે- તપેલો લોહરસ પીવડાવે છે, તપેલા લોઢાના થાંભલાની સાથે આલિંગન કરાવે છે. [1]કૂટશાલ્મલી વૃક્ષની ઉપર ચઢાવે છે અને ઉતારે છે. લોઢાના ઘણથી મારે છે. વાંસલાઓથી અને અસ્ત્રાઓથી છોલે છે. ક્ષારવાળા તપેલા તેલને શરીર ઉપર રેડે છે. લોઢાની કુંભીમાં પકાવે છે. કઢાયામાં [2]શેકે છે-તળે છે. યંત્રમાં પીલે છે. લોઢાના ત્રિશૂળથી અને સળીયાથી ભેદે છે. કરવતથી કાપે છે. અંગારાઓમાં બાળે છે. અંગારાઓ ઉપર ચલાવે છે. સોયવાળા ઘાસ ઉપર [3]ઢસડે છે તથા સિંહ, વાઘ, દીપડો, કૂતરો, શિયાળ, વરુ, [4]ઘેટો, બિલાડો, નોળિયો, સાપ, કાગડો, ગીધ, ઘુવડ, બાજ વગેરેને (નારકોના શરીરો) ખવડાવે છે. ધગધગતી રેતીમાં ચલાવે છે. અસિપત્રવૃક્ષોના વનમાં પ્રવેશ કરાવે છે, વૈતરણી નદીમાં ઉતારે છે, પરસ્પર યુદ્ધ કરાવે છે.

[**પ્રશ્ન–** કેવા જીવો પરમાધામીમાં ઉત્પન્ન થાય ?

**ઉત્તર–** જે જીવો અત્યંત નીબિડ રાગ-દ્વેષ-મોહ અને મિથ્યાત્વના ઉદયથી સુનિશ્ચિત એવા પણ પરમહિતકારી ઉપદેશની અવજ્ઞા કરનારા હોય અને દ્વાદશાંગીરૂપ શ્રુતજ્ઞાનને અપ્રમાણ કરી શાસ્ત્રના સદ્ભાવને જાણ્યા વિના અનાચારની પ્રશંસા કરનારા હોય. જેમકે- જે કુશીલ હોય તે

---

૧. કૂટશાલ્મલી વૃક્ષમાં કાંટા ઘણા હોય છે, એ કાંટા એમને લાગે અને તેનાથી વેદના થાય એ હેતુથી ઉપર ચઢાવે છે અને ઉતારે છે.

૨. अम्बरीष એટલે કઢાયું. तर्जन એટલે તિરસ્કારવું એવો અર્થ થાય. પણ તેવો અર્થ અહીં ઘટતો ન હોવાથી શેકવું-તળવું એવો અર્થ કર્યો છે.

૩. ઘાસનો અગ્રભાગ સોય જેવો હોય તેવા ઘાસ ઉપર ઢસરડવાથી.

૪. कोक=કાકિડો, ઈહામગૃ, ઘેંટું, સારસપક્ષી વગેરે અર્થો ભગવદ્ગોમંડલમાં આપેલા છે.

સાધુ ન હોય, હવે જો સાધુઓ પણ કુશીલ હોય તો આ જગતમાં કોઇ સુશીલ નથી એમ હું નિશ્ચય કરું છું. જેવો આ સાધુ બુદ્ધિ વિનાનો છે. તીર્થંકર પણ તેવો જ હશે. આ પ્રમાણે બોલનારા કદાચ મોટાપણ તપ અનુષ્ઠાનને કરે તો પણ એ પરમાધામીમાં ઉત્પન્ન થાય છે. (મહાનિશીથ અધ્યાય-૪)]

**પ્રશ્ન–** શા માટે પરમાધામીઓ આવું કરે છે ?

**ઉત્તર–** પરમાધામીઓ પાપકાર્યો કરવાના રસવાળા હોય છે એમ આ સૂત્રમાં પૂર્વે કહ્યું છે.

જેવી રીતે સાંઢ, બળદ, પાડો, ભૂંડ, ઘેટો, કુકડો, વાર્તક, તેતરને અને મુઠ્ઠીથી યુદ્ધ કરતા મલ્લોને પરસ્પર યુદ્ધ કરતા અને મારતા જોઇને રાગ-દ્વેષથી પરાભવ પામેલા અને પાપાનુબંધી પુણ્યવાળા મનુષ્યોને અતિશય આનંદ થાય છે, તે રીતે નારકોને તેવા પ્રકારના દુઃખો આપતા તથા પરસ્પરને હણતા જોતા તે પરમાધામીઓને અત્યંત પ્રીતિ ઉત્પન્ન થાય છે. દુષ્ટ મજાક કરનારા તે પરમાધામીઓ નારકોને તેવા પ્રકારના થયેલા જોઇને અટ્ટહાસ્ય કરે છે, વસ્ત્રોને ફેંકે છે, સિંહગર્જના કરે છે, હથેળી ઠોકીને અવાજ કરે છે, જમીન ઉપર આળોટે છે, તાળીઓ પાડે છે, મોટા સિંહનાદો કરે છે, પરમાધામીઓનું દેવપણું હોવા છતાં, પ્રીતિનું કારણ એવા ઇષ્ટ સાધનો હોવા છતાં [1]માયાશલ્ય, નિદાનશલ્ય, મિથ્યાત્વશલ્ય અને કષાયોથી દૂષિત થયેલ ભાવદોષની આલોચનાથી રહિત, (લાભ-હાનિની) વિચારણાથી રહિત જીવના પાપાનુબંધી પુણ્યકર્મ અને ભાવ-દોષને વધારનારા બાલતપનું આ ફળ છે. બીજા આનંદના કારણો હોવા છતાં પરમાધામીઓને આનંદના અશુભ કારણો ઉત્પન્ન થાય છે.

આ પ્રમાણે અપ્રીતિકર, નિરંતર સુતીવ્ર દુઃખને અનુભવતા મરણને જ ઇચ્છતા કર્મથી નિશ્ચિત થયેલા આયુષ્યવાળા તેઓનું (નારકોનું) અકાળે મરણ થતું નથી. પૂર્વે (અ.૨ સૂ.૫૨ માં) કહ્યું છે કે "ઔપપાતિક, ચરમદેહી, ઉત્તમ પુરુષ અને અસંખ્ય વર્ષના આયુષ્યવાળા એ ચાર પ્રકારના જીવોનું આયુષ્ય અનપવર્ત્ય=ન ઘટે તેવું હોય છે.

---

૧. માયાશલ્યથી પ્રારંભી ભાવદોષોને વધારનારા સુધીનાં બધાં વિશેષણો બાલતપનાં છે.

ત્યાં કોઇ શરણ હોતુ નથી અને આયુષ્ય ઘટતું પણ નથી અને નરકમાંથી નીકળી પણ શકાતું નથી. તેથી કર્મવશથી જ તેમના બળેલા, ચીરેલા, કાપેલા, ભેદાયેલા, છેદાયેલા અને વ્રણવાળા શરીરો પાણીમાં દંડથી કરેલી રેખાની જેમ જલદી હતા તેવા થઇ જાય છે.

આ પ્રમાણે આ ત્રણ પ્રકારના દુઃખો નરકોમાં નારકોને હોય છે. (૩-૫)

**टीका–** परमाधार्मिकोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः, चतुर्थीमर्यादयेति सूत्रसमुदायार्थः, अवयवार्थस्तु प्रायो निगदसिद्ध एव, नवरमसयः असिपत्रवनानि, कुम्भीनामानः त एव गृह्यन्ते, द्वन्द्वः समासः, करादिभिः अधर्मचारिण आधर्मिकाः परमा–उत्कर्षत एव, असुरनिकायाऽन्तर्गताः कर्मक्लेशजा वेदनाः ताच्छील्यात् तद्वेदनोत्पादनशीलतया, अम्बरीषो भावा(०षाद्याः)तलतालनिपातः पातो भूमौ कसाभिघातश्चटिकेत्यन्ये, त्रिविधानि दुःखानि क्षेत्रस्वभावपरस्परोदीरणासुरजनितानि नरकेषु नारकाणां भवन्तीति ॥३-५॥

**ટીકાર્થ–** ત્રીજી નરક સુધી નારકો પરમાધામીઓએ કરેલા દુઃખવાળા પણ હોય છે. प्राक्चतुर्थ्याः એટલે ચોથીની મર્યાદાથી, અર્થાત્ ત્રીજી સુધી. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થ તો પ્રાયઃ બોલતાં જ સમજાઇ જાય તેવો છે. ફક્ત આ વિશેષ છે- અસિ, અસિપત્રવન અને કુંભી એ ત્રણ શબ્દોથી અસિનામના, અસિપત્રવન નામના અને કુંભી નામના પરમાધામીઓ જ ગ્રહણ કરાય છે=સમજાય છે.

**પરમાધાર્મિક શબ્દનો અર્થ–** હાથ આદિથી અધર્મને આચરે તે આધર્મિક. પરમ=ઉત્કૃષ્ટ આધાર્મિક તે પરમાધાર્મિક. (પરમાધાર્મિક શબ્દમાંથી પ્રાકૃતમાં 'परमाहम्मिय' એવો શબ્દ બને. તે શબ્દનો અપભ્રંશ થતા ગુજરાતીમાં પરમાધામી એમ બોલાય છે.). આ પરમાધામીઓ ભવનપતિના અસુર નિકાયની અંતર્ગત છે.

**कर्मक्लेशजाः–** એ વિશેષણ વેદનાઓનું છે.

**ताच्छील्यात्**=નારકોને વેદના ઉત્પન્ન કરવાનો સ્વભાવ હોવાથી.

अम्बरीषो भावा(षाद्याः) અહીં અશુદ્ધિ જણાતી હોવાથી અર્થ લખ્યો નથી.

**तलतालनिपातः** એ પદમાં પાત એટલે નારકોને ભૂમિમાં પાડવા, અથવા સોટીઓથી માર મારવો, અથવા નારકો ઉપર (ખભા વગેરે ઉપર) ચઢવું એમ બીજાઓ કહે છે.

નરકોમાં નારકોને ક્ષેત્રના સ્વભાવથી થનારા, પરસ્પરથી કરાયેલા અને પરમાધામીઓથી ઉત્પન્ન કરાયેલા એમ ત્રણ પ્રકારનાં દુ:ખો હોય છે. (૩-૫)

**टीकावतरणिका–** कियन्तं कालमेतानीति तत्स्थितिमाह–

**ટીકાવતરણિકાર્થ–** દુ:ખો કેટલા કાળ સુધી હોય એવા પ્રશ્નના ઉત્તરમાં નારકોની આયુષ્યસ્થિતિને કહે છે–

**નારકોના આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ–**

**तेष्वेक-त्रि-सप्त-दश-सप्तदश-द्वाविंशति-त्रयस्त्रिंशत्-सागरोपमा सत्त्वानां परा स्थितिः ॥३-६॥**

**સૂત્રાર્થ–** પહેલી નરક આદિમાં નારકોના આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુક્રમે ૧, ૩, ૭, ૧૦, ૧૭, ૨૨, ૩૩ સાગરોપમ છે. (૩-૬)

**भाष्यं–** तेषु नरकेषु नारकाणां पराः स्थितयो भवन्ति । तद्यथा-रत्नप्रभायामेकं सागरोपमम् । एवं त्रिसागरोपमा सप्तसागरोपमा दशसागरोपमा सप्तदशसागरोपमा द्वाविंशतिसागरोपमा त्रयस्त्रिंशत्सागरोपमा । जघन्या तु पुरस्ताद्वक्ष्यते ।

'नारकाणां च द्वितीयादिषु । दशवर्षसहस्राणि प्रथमायाम् (अ.४ सू.४३-४४) इति ।

तत्रास्रवैर्यथोक्तैर्नारकसंवर्तनीयैः कर्मभिरसंज्ञिनः प्रथमायामुत्पद्यन्ते । सरीसृपा द्वयोरादितः प्रथमद्वितीययोः । एवं पक्षिणस्तिसृषु । सिंहाश्चतसृषु । उरगाः पञ्चसु । स्त्रियः षट्सु । मत्स्यमनुष्याः सप्तस्विति ।

न तु देवा नारका वा नरकेषूपपत्तिं प्राप्नुवन्ति । न हि तेषां बह्वारम्भ-परिग्रहादयो नरकगतिनिर्वर्तका हेतवः सन्ति । नाप्युद्वर्त्य नारका देवेषूत्पद्यन्ते । न ह्येषां सरागसंयमादयो देवगतिनिर्वर्तका हेतवः सन्ति ।

उद्वर्तितास्तु तिर्यग्योनौ मनुष्येषु वोत्पद्यन्ते । मानुषत्वं प्राप्य केचित्तीर्थकरत्वमपि प्राप्नुयुरादितस्तिसृभ्यः, निर्वाणं चतसृभ्यः, संयमं पञ्चभ्यः, संयमासंयमं षड्भ्यः, सम्यग्दर्शनं सप्तभ्योऽपीति ।

द्वीप-समुद्र-पर्वत-नदी-ह्रद-तडाग-सरांसि ग्राम-नगर-पत्तनादयो विनिवेशा बादरो वनस्पतिकायो वृक्ष-तृण-गुल्मादिः द्वीन्द्रियादयस्तिर्यग्योनिजा मनुष्या देवाश्चतुर्निकाया अपि न सन्ति ।

अन्यत्र समुद्घातोपपातविक्रियासाङ्गतिकनरकपालेभ्यः । उपपाततस्तु देवा रत्नप्रभायामेव सन्ति । नान्यासु । गतिस्तृतीयां यावत् ।

यच्च वायव आपो धारयन्ति न च विष्वग्गच्छन्ति, आपश्च पृथिवीं धारयन्ति न च प्रस्पन्दन्ते, पृथिव्यश्चाप्सु विलयं न गच्छन्ति, तत्तस्यानादिपारिणामिकस्य नित्यसन्ततेर्लोकविनिवेशस्य लोकस्थितिरेव हेतुर्भवति ॥३-६॥

**ભાષ્યાર્થ–** તે નારકોમાં નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રમાણે છે-રત્નપ્રભામાં ૧ સાગરોપમ એ પ્રમાણે બીજી વગેરેમાં અનુક્રમે ૩ સાગરોપમ, ૭ સાગરોપમ, ૧૦ સાગરોપમ, ૧૭ સાગરોપમ, ૨૨ સાગરોપમ અને ૩૩ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

જઘન્ય સ્થિતિ તો "नारकाणां द्वीतियादिषु" (અ.૪ સૂ.૪૩) "दश-वर्षसहस्राणि प्रथमायाम्" (અ.૪ સૂ.૪૪) એ પ્રમાણે આગળ કહેવાશે.

તેમાં યથોક્ત (અ.૬ સૂ.૧૬) આસ્રવોથી નરકમાં ઉત્પન્ન થવા યોગ્ય કર્મોથી અસંજ્ઞી (પંચેન્દ્રિય) પહેલી નરકમાં, ભુજપરિસર્પો પહેલી, બીજી નરક સુધી, પક્ષીઓ ત્રીજી નરક સુધી, સિંહો ચોથી નરક સુધી, સર્પો પાંચમી નરક સુધી, સ્ત્રીઓ છઠ્ઠી નરક સુધી, માછલા અને મનુષ્યો

## નારકોમાં નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ

| [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|
| રત્નપ્રભા | ૧ સાગરોપમ | ૧૦ હજાર વર્ષ |
| શર્કરાપ્રભા | ૩ સાગરોપમ | ૧ સાગરોપમ |
| વાલુકાપ્રભા | ૭ સાગરોપમ | ૩ સાગરોપમ |
| પંકપ્રભા | ૧૦ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ધૂમપ્રભા | ૧૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| તમઃપ્રભા | ૨૨ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| મહાતમઃપ્રભા | ૩૩ સાગરોપમ | ૨૨ સાગરોપમ |

સાતમી નરક સુધી ઉત્પન્ન થાય છે. દેવો અને નારકો ચ્યવીને નરકોમાં ઉત્પન્ન થતા નથી. તેમને નરક ગતિમાં ઉત્પન્ન કરે તેવા [1]બહુઆરંભ અને બહુપરિગ્રહ વગેરે હેતુઓ હોતા નથી. નરકો નરકમાંથી ઉદ્વર્તીને (=નીકળીને) દેવોમાં ઉત્પન્ન થતા નથી. કારણ કે તેમને દેવગતિમાં ઉત્પન્ન કરે તેવા [2]સરાગસંયમ વગેરે હેતુઓ હોતા નથી.

નરકમાંથી નીકળેલા જીવો તિર્યંચ(પંચેન્દ્રિય)યોનિમાં કે મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. પ્રથમની ત્રણ નરકોમાંથી નીકળીને મનુષ્યપણું પામેલા કેટલાક તીર્થંકરપણું પણ પામે. પ્રથમની ચાર નરકમાંથી નીકળી મનુષ્યપણાને પામેલા મોક્ષને પામી શકે. પ્રથમની પાંચ નરકમાંથી નીકળીને મનુષ્યપણાને પામેલા સંયમને પામી શકે. પ્રથમની છ નરકમાંથી નીકળીને મનુષ્યપણું પામેલા દેશવિરતિને પામી શકે. પ્રથમની સાત નરકમાંથી નીકળીને મનુષ્યપણું પામેલા સમ્યગ્દર્શનને પામી શકે. (અહીં તે તે નરક સુધીની છેલ્લામાં છેલ્લી વસ્તુ પામવાની મર્યાદા બતાવી છે.)

---

૧. बह्वारम्भपरिग्रहत्वं च नारकस्यायुषः (૬-૧૬)

૨. सरागसंयम-संयमासंयम-ऽकामनिर्जरा-बालतपांसि देवस्य (૬-૨૦)

નરકોમાં દ્વીપ, સમુદ્ર, હ્રદ, તળાવ, સરોવરો, ગ્રામ, નગર, શહેર વગેરે રચનાઓ, બાદર વનસ્પતિ કાય, વૃક્ષ, તૃણ, ગુલ્મ વગેરે, તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયેલા બેઇન્દ્રિય વગેરે, મનુષ્ય અને ચાર નિકાયના દેવો પણ ન હોય.

**આમાં અપવાદ આ પ્રમાણે છે–** સમુદ્ઘાત, ઉપપાત, વૈક્રિય શરીરની રચના, સાંગતિક=પૂર્વભવનો મિત્ર દેવ, પરમાધામીઓ ત્યાં હોઇ શકે છે. ઉપપાતથી તો દેવો રત્નપ્રભામાં જ છે, અન્ય પૃથ્વીઓમાં નહીં. દેવોની ગતિ(=ગમન) ત્રીજી નરકપૃથ્વી સુધી થાય છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે–** કેવળી ભગવંત સમુદ્ઘાત કરે ત્યારે તેમનો આત્મા નરકમાં હોય. ઉપપાત એટલે ઉપપાતજન્મથી જન્મ પામનારા નારકો નરકોમાં હોય. વૈક્રિય લબ્ધિસંપન્ન જીવો નરકોમાં જાય. સાંગતિક એટલે પૂર્વભવના મિત્ર દેવો. પૂર્વભવના દેવો નારકોમાં જાય. નરકપાલો એટલે પરમાધામી દેવો. પરમાધામીઓ નારકોને દુઃખો આપવા ત્રીજી નરક સુધી જાય. ઉપપાતજન્મથી દેવો રત્નપ્રભામાં જ છે. (ભવનપતિ અને વ્યંતરદેવો રત્નપ્રભા પૃથ્વીમાં છે.) બીજી પૃથ્વીઓમાં ન હોય. દેવલોકમાંથી નરકગતિમાં ગમન ત્રીજી નરક સુધી જ થાય. (જો કે સીતાજીનો જીવ અચ્યુતેંદ્ર ચોથી નરકમાં રહેલ લક્ષ્મણજીને પૂર્વના સ્નેહથી મળવા માટે ગયો હતો. પરંતુ આવું ક્વચિત્ જ બનતું હોવાથી તેની વિવક્ષા કરવામાં આવી નથી.)

વાયુઓ (ઘનવાત-તનુવાત) પાણીને (ઘનોદધિને) ધારણ કરે છે છતાં વાયુ ચારે તરફ ફેલાતો નથી. પાણી પૃથ્વીને ધારણ કરે છે છતાં પ્રસરતું નથી=સ્થિર રહે છે. પૃથ્વીઓ પાણીમાં નાશ પામતી નથી. અહીં અનાદિ પારિણામિક નિત્ય અવિચ્છિન્ન ધારારૂપ લોકનિર્માણમાં અનાદિકાલીન લોકસ્થિતિ જ કારણ છે. (૩-૬)

**टीका–** उक्तलक्षणेषु नरकेषु नारकाणां सत्त्वानामियमुत्कृष्टा स्थितिरिति सूत्रसमुदायार्थः, अवयवार्थश्च इहापि प्रायो निगदसिद्धः

नवरं त्रयस्त्रिंशत्सागरोपमस्थितिर्गृह्यते, एतावन्ति सागरोपमाणि यस्याः स्थितेः सा एतावत्सागरोपमेत्येवं सर्वत्र योजनीयं ।

इदञ्चागमसिद्धमेव, योजनविस्तृतः पल्यः तथा योजनमुच्छ्रितः, सप्तरात्रिप्ररूढानां केशाग्राणां स पूरितः, ततो वर्षशते पूर्णे एकैकं केशमुद्धरेत्, क्षीयते येन कालेन तत् पल्योपममुच्यते, कोटीकोट्यो दशैतेषां पल्यानां सागरोपममितिवचनात्, जघन्यां तु स्थितिं परस्ताद्वक्ष्यते चतुर्थेऽध्याये 'नारकाणां चे'त्यादिना (४-४३) सूत्रेण ।

तथा ये प्राणिनोऽसंज्ञिप्रभृतयः यासु भूमिषूत्पद्यन्ते उद्वृत्ताश्च यतो ये भवन्ति सम्यग्दर्शनादि वा लभन्ते तदेतदपि प्रकटमेव ।

द्वीपसमुद्रपर्वतादिप्रतिषेधः शर्कराप्रभादिविषयः, इहैवापवादमाह- 'अन्यत्रे'त्यादिना समुद्घाते गताः केवलिनः, औपपातिका नारका एव, तथा वैक्रियलब्धिसंपन्नाः, पूर्वजन्ममित्रादयः, नरकपालाः परमाधार्मिकाः, एते सर्वेऽपि द्वितीयादिषु कदाचित् केचित् केचित् सम्भवेयुरपीति, उपपातमङ्गीकृत्य रत्नप्रभायामेव देवाः सन्ति, न शेषासु, गमनमङ्गीकृत्य यावत्तृतीया, ततः परं न गच्छन्ति एव, शक्ता अपि लोकानुभावादेवेति, अयमन्यो लोकानुभाव एव 'यच्च वायव' इत्यादिनोक्त इति ॥३-६॥

**ટીકાર્થ–** જેનું સ્વરૂપ પૂર્વે કહ્યું છે તે નરકોમાં નારક જીવોની આ(=સૂત્રમાં કહેલી) ઉત્કૃષ્ટ સ્થિતિ છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થ આ સૂત્રમાં પણ પ્રાયઃ બોલતાં જ સમજાઇ જાય તેવો છે. ફક્ત આ વિશેષ છે- त्रयस्त्रिंशत्सागरोपमा પદથી ૩૩ સાગરોપમ સ્થિતિ જાણવી. આટલા સાગરોપમ જે સ્થિતિના છે તે સ્થિતિ આટલા સાગરોપમ છે એમ દરેક સ્થળે (એકથી ૩૩ સુધી) સમજવું. (જેમકે एकसागरोपमा, त्रिसागरोपमा વગેરે)

## સાગરોપમનું માપ

આ માપ આગમમાં પ્રસિદ્ધ જ છે. (તે આ પ્રમાણે-) એક યોજન લાંબો-પહોળો પ્યાલો સાત રાત સુધીમાં ઊગેલા કેશાગ્રોથી ભરેલો.

તેમાંથી સો વર્ષે એક એક વાળ કાઢવામાં આવે, તો જેટલા કાળથી તે ખાલી થાય તે એક પલ્યોપમ કહેવાય. દશ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય એવું વચન છે.

નારકોની જઘન્ય સ્થિતિ તો આગળ ચોથા અધ્યાયમાં "नारकाणां च" इत्यादि સૂત્રથી કહેશે.

તથા અસંજ્ઞી વગેરે જે પ્રાણીઓ જે નરકભૂમિઓમાં ઉત્પન્ન થાય છે. જે નરકમાંથી નીકળેલા નારકો જ્યાં ઉત્પન્ન થાય છે, કે સમ્યગ્દર્શન વગેરે જે ગુણને પામે છે, (ભાષ્યમાં કહેલું) એ પણ સ્પષ્ટ જ છે.

દ્વીપ, સમુદ્ર અને પર્વત આદિનો નિષેધ શર્કરાપ્રભા વગેરે પૃથ્વી સંબંધી જ છે. (પહેલી પૃથ્વી સંબંધી નહીં.) આમાં જ અપવાદને કહે છે- 'સમુદ્ઘાતમાં રહેલા કેવળીઓ, ઔપપાતિકો નારકો જ, વૈક્રિયલબ્ધિ સંપન્ન જીવો, પૂર્વજન્મના મિત્રો વગેરે, નરકપાલો એટલે પરમાધાર્મિકો, આ બધાય બીજી વગેરે પૃથ્વીઓમાં ક્યારેક કોઈક કોઈક સંભવે છે. ઉપપાત જન્મથી તો દેવો રત્નપ્રભામાં જ હોય, અન્ય પૃથ્વીમાં ન હોય, જવાની અપેક્ષાએ ત્રીજી નરક સુધી જાય છે. તેનાથી આગળ જતા નથી. તેનાથી આગળ જવા માટે સમર્થ હોવા છતાં લોકાનુભાવથી જ જતા નથી. "यच्च वायवः" ઇત્યાદિથી જે કહ્યું છે એ બીજો લોકાનુભાવ જ છે. (૩-૬)

**भाष्यावतरणिका—** अत्राह- उक्तं भवता लोकाकाशेऽवगाहः (अ.५ सू.१२) । तदनन्तरं ऊर्ध्वं गच्छत्यालोकान्तात् (अ.१० सू.५) इति । तत्र लोकः कः कतिविधो वा किंसंस्थितो वेति ।

अत्रोच्यते- पञ्चास्तिकायसमुदायो लोकः । ते चास्तिकायाः स्वतत्त्वतो विधानतो लक्षणतश्चोक्ता वक्ष्यन्ते च । स च लोकः क्षेत्र-विभागेन त्रिविधोऽधस्तिर्यगूर्ध्वं चेति । धर्माधर्मास्तिकायौ लोकव्यवस्था-हेतू । तयोरवगाहविशेषाल्लोकानुभावनियमात् सुप्रतिष्टकवज्राकृतिर्लोकः । अधोलोको गोकन्धरार्धाकृतिः । उक्तं ह्येतत् । भूमयः सप्ताधोऽधः

पृथुतराश्छत्रातिच्छत्रसंस्थिता इति ता यथोक्ताः। तिर्यग्लोको झल्लर्याकृतिः। उर्ध्वलोको मृदङ्गाकृतिरिति । तत्र तिर्यग्लोकप्रसिद्ध्यर्थमिदमाकृतिमात्रमुच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** આપે "લોકાકાશમાં અવગાહ(=સ્થાન) છે એમ (અ.૫ સૂ.૧૨ માં) કહ્યું છે તથા સઘળા કર્મોનો ક્ષય થતાં આત્મા તુરત ઉપર લોકાંત સુધી જાય છે" એમ (અ.૧૦ સૂ.૫ માં) કહ્યું છે. તેથી લોક કેવો છે અથવા કેટલા પ્રકારનો છે અથવા લોક કેવી રીતે રહેલો છે?

**ઉત્તર–** લોક પંચાસ્તિકાયના સમુદાયરૂપ છે. તે અસ્તિકાયોને સ્વરૂપથી, પ્રકારથી અને લક્ષણથી કહ્યા છે અને (અ.૫ સૂ.૧૨ અને અ.૧૦ સૂ.૫ વગેરેમાં) કહેવાશે. તે લોક ક્ષેત્રના વિભાગથી અધોલોક, તિર્ચ્છાલોક અને ઊર્ધ્વલોક એમ ત્રણ પ્રકારનો છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે લોકવ્યવસ્થાના(=મર્યાદાના) કારણ છે. તે બેના અવગાહ વિશેષથી અને લોકાનુભાવના નિયમથી લોક સારી રીતે રહેલા વજ્રની આકૃતિ જેવો છે. અધોલોક ગાયની અડધી ડોકના જેવી આકૃતિવાળો છે. (અ.૩ સૂ.૧ માં) આ કહી દીધું છે કે સાત પૃથ્વીઓ નીચે નીચે અધિક પહોળી છે અને છત્રાતિછત્ર જેવા આકારવાળી છે. તેથી તે પૃથ્વીઓ જેવી કહી છે તેવી છે, અર્થાત્ ગાયની અડધી ડોક જેવી આકૃતિવાળો અધોલોક છે. તિર્ચ્છાલોક ઝલ્લરી જેવી આકૃતિવાળો છે. ઊર્ધ્વલોક મૃદંગ(નગારા) જેવી આકૃતિવાળો છે.

તેમાં તિર્યક્(=તિર્ચ્છા)લોકના બોધ માટે સંક્ષેપથી આ આકાર કહેવાય છે–

**टीकावतरणिका–** सूत्रान्तरसम्बन्धार्थमाह-'अत्राहे'त्यादि, 'उक्तं भवता लोकाकाशेऽवगाह'इति (५-१२) पञ्चमेऽध्याये, तथा दशमे 'तदनन्तरमूर्ध्वं गच्छन्त्यालोकान्ता'दित्युक्तं (१०-५), तत्र लोकः स्वरूपेण, कतिविधो वा अधोलोकादिभेदेन, किंसंस्थितो वाऽऽकृतिमधिकृत्येति।

अत्रोच्यते- पञ्चास्तिकायसमुदायो लोकः, धर्मादयोऽस्तिकाया इति, ते चास्तिकाया धर्मादिकाः स्वतत्त्वतः स्वरूपतः विधानतो भेदतः

लक्षणतश्चोक्तगत्यादिलक्षणभेदेन उक्ता मनागिह अन्यत्र प्रकरणान्तरे वक्ष्यन्ते च प्रतिपदमेव पञ्चमेऽध्याये, स च लोकोऽधिकृतः क्षेत्रविभागेन त्रिविधः त्रिप्रकारः अधस्तिर्यगूर्ध्वं चेति दर्शयिष्यामः ।

संस्थानाख्यानायाह-'धर्मे'त्यादि, धर्माधर्मास्तिकायौ वक्ष्यमाणलक्षणौ लोकव्यवस्थाहेतू वर्त्तेते, तदवच्छिन्नाऽऽकाशस्य लोकत्वात्, एतदाह-तयोरवगाहनविशेषात् धर्माधर्मयोरवगाहनभेदात् वक्ष्यमाणाकारात् लोकानुभावनियमात् अनादिपारिणामिको लोकानुभावः तन्नियतावगाहनविशेषात्, सुप्रतिष्ठकवज्राकृतिर्लोकः इति सुप्रतिष्ठकवज्रयोरिव संस्थानम्-आकृतिर्यस्य स तथाविधः बहुसादृश्याल्लोक एवंविध इति ।

यथोक्तमनेनैव सूरिणा प्रकरणान्तरे

"जीवाजीवा द्रव्यमिति षड्विधं भवति लोकपुरुषोऽयम् ।
वैशाखस्थानस्थः पुरुष इव कटिस्थकरयुग्मः ॥ (२१०)
तत्राधोमुखमल्लकसंस्थानं वर्णयन्त्यधोलोकम् ।
स्थालमिव तिर्यग्लोकमूर्ध्वमथ मल्लकसमुद्गम् ॥२११॥ इति,

अत एवाह- 'अधोलोको गोकन्धराकृतिः' गोग्रीवासदृशः, उपरि तनुकोऽधोऽधो विशालः, समधिकसप्तरज्जुमानमिति ।

एतत्समर्थनायाह-उक्तं ह्येतत् प्राक् यदुत भूमयः सप्ताधोऽधः पृथुतराश्छत्रातिच्छत्रसंस्थिता' (३-३) इति ।

ता यथोक्ता इति अधोभूमयः गोकन्धराकृतय इत्यर्थः, एवं तिर्यग्लोको झल्लर्याकृतिः समतलवादित्रविशेषाकृतिरष्टादशयोजनशतोच्छ्रयमानः, एवमूर्ध्वलोको मृदङ्गाकृतिः मृदङ्गो वादित्रविशेष एव (उपरिष्टादधश्च सङ्क्षिप्तः) पृथुमध्यः एतदाकृतिः, ब्रह्मलोकप्रदेशे पृथुत्वादिति, स्वात्मना (?सर्वात्मना) सप्तरज्जुमानः ॥ तत्रैवं त्रिविधे लोके तिर्यग्लोकप्रसिद्ध्यर्थमिदमिति लक्ष्यम्, आकृतिमात्रं उच्यते—

**ટીકાવતરણિકાર્થ–** અન્ય સૂત્રનો સંબંધ કરવા માટે કહે છે- 'अत्राह' इत्यादि, અહીં શિષ્ય પૂછે છે કે આપે "ધર્માસ્તિકાય આદિ ચાર દ્રવ્યો લોકાકાશમાં રહેલાં છે." (૫-૧૨) એમ પાંચમા અધ્યાયમાં કહ્યું છે તથા દશમા અધ્યાયમાં 'સઘળાં કર્મોનો ક્ષય થતાં આત્મા ઉપર લોકાંત સુધી જાય છે." (૧૦-૫) એમ કહ્યું છે. તેમાં લોક સ્વરૂપથી કેવો છે ? અથવા અધોલોક આદિ ભેદોથી કેટલા પ્રકારનો છે ? અથવા આકારની અપેક્ષાએ કેવા આકારે રહેલો છે ?

અહીં ઉત્તર અપાય છે- લોક પંચાસ્તિકાયના સમુદાય રૂપ છે. ધર્માસ્તિકાય વગેરે અસ્તિકાયો છે. ધર્માસ્તિકાય વગેરે અસ્તિકાયો સ્વરૂપથી, ભેદથી અને લક્ષણથી પૂર્વોક્ત ગતિ(સ્થિતિ) આદિ સ્વરૂપભેદથી કંઈક અહીં અને અન્ય સ્થળે અન્ય પ્રકરણમાં કહ્યા છે. પાંચમા અધ્યાયમાં દરેક પદમાં કહેવાશે. તે પ્રસ્તુત લોક ક્ષેત્રવિભાગની અપેક્ષાએ અધોલોક, તિર્ચ્છાલોક અને ઊર્ધ્વલોક એમ ત્રણ પ્રકારનો છે એમ બતાવીશું.

સંસ્થાનને (આકારને) જણાવવા માટે કહે છે- 'धर्म' इत्यादि, જેમનું લક્ષણ હવે કહેવાશે તે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય લોકની વ્યવસ્થાના કારણ છે. કેમકે જેટલા ક્ષેત્રમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય છે તેટલા ક્ષેત્રમાં રહેલા આકાશને લોક કહેવાય છે. આ વિષયને જ કહે છે- ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બેની અવગાહનાના ભેદથી (ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય જેટલા ક્ષેત્રમાં રહ્યા હોય તેટલા ક્ષેત્રના ભેદથી) અને [1]લોકાનુભાવના નિયમથી (લોકાનુભાવથી નિયત કરાયેલ અવકાશ(જગ્યા)ના ભેદથી) લોકનો [2]સુપ્રતિષ્ઠકની જેવો કે [3]વજ્રના જેવો આકાર છે. કારણ કે તે બેના

૧. लोकानुभावो हि महानुभावश्चित्रानेकशक्तिगर्भोऽनादिपारिणामिकस्वभावविशेषस्तत्कृतादेव नियमात् तथासंस्थाने ते द्रव्ये, नेश्वरादीच्छाविरचिते, इत्येवं धर्माधर्मद्वयव्यवस्थानकृतो लोकसन्निवेशः। (શ્રી સિદ્ધસેન ગણિકૃત ટીકા)

૨. સુપ્રતિષ્ઠક એટલે શર(=ઘાસ વિશેષમાંથી બનેલું યંત્ર). પૂર્વે લોકો શરપ્રતિષ્ઠકમાં વસ્ત્રો મૂકીને ધૂપિત કરતા હતા. તેનો આકાર લગભગ લોકના જેવો છે. (સિ.ગ. ટીકા)

૩. વજ્ર ઈન્દ્રનું શસ્ત્ર છે. તેનો પણ આકાર લગભગ લોકના જેવો છે. (સિ.ગ. ટીકા)

આકારની અને લોકના આકારની લગભગ સમાનતા છે. લોકાનુભાવ અનાદિ પારિણામિક ભાવ છે.

આ જ આચાર્ય ભગવંતે અન્ય પ્રકરણમાં કહ્યું છે કે- "આ પ્રમાણે જીવ અને અજીવ(=ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ) એ દ્રવ્ય છે. આ છ દ્રવ્યો લોક છે, અર્થાત્ જેટલા ક્ષેત્રમાં આ છ દ્રવ્યો રહેલાં છે તેટલા ક્ષેત્રની લોક સંજ્ઞા છે. લોકનો આકાર (**वैशाखस्थानस्थः**)[1] બે પગ પહોળા કરીને અને બંને હાથ બંને બાજુએ કેડ ઉપર રાખીને ઊભા રહેલા પુરુષ જેવો છે. "(પ્રશમરતિ-૨૧૦)" લોકપુરુષમાં અધોલોક ઊંધા મૂકેલા શકોરાના આકારે છે. તિર્યગ્લોક થાળીના આકારે છે. ઊર્ધ્વલોક સીધા મૂકેલા શકોરાની ઉપર ઊંધુ શકોરું મૂકતા જેવો આકાર થાય તેવા આકારે છે." (પ્રશમરતિ-૨૧૧)

આથી જ ભાષ્યકાર કહે છે- અધોલોક ગાયની ડોક સમાન છે. અધોલોક ઉપર સંક્ષિપ્ત છે, નીચે નીચે વિશાળ થતો જાય છે. (આથી સર્વથી નીચેનો લોક) કંઈક અધિક સાત રાજ પ્રમાણ છે.

આના સમર્થન માટે કહે છે- પહેલાં આ કહ્યું જ છે કે "સાત પૃથ્વીઓ નીચે નીચે અધિક અધિક પહોળી છે. (તેથી) (ચત્તા કરેલા) છત્રની નીચે રહેલા (ચત્તા મોટા) છત્રના જેવો તેમનો આકાર છે." (૩-૧-સૂત્રનું ભાષ્ય)

**ता यथोक्ताः** એટલે નીચેની ભૂમિઓ ગાયના ડોકના જેવી આકારવાળી છે. એ પ્રમાણે તિર્યગ્લોક ઝલ્લરી જેવા આકારવાળો છે, અર્થાત્ જેનું તળ સમાન છે એવા વાજિંત્રવિશેષ(=ખંજરી)ના જેવી આકૃતિવાળો છે. તિર્યગ્લોક અઢારસો યોજન ઊંચો છે. એ પ્રમાણે ઊર્ધ્વલોક મૃદંગના આકારે છે. મૃદંગ(=મુરજ) વાજિંત્રવિશેષ જ છે. આ વાજિંત્ર (ઉપર-નીચે સાંકડું હોય) મધ્યમાં પહોળું હોય. ઊર્ધ્વલોક એના જેવા આકારવાળો છે. કેમકે બ્રહ્મલોકના સ્થાને પહોળો (ઉપર-નીચે સાંકડો)

---

૧. વૈશાખ સંસ્થાન એ ધનુર્ધારીઓનું એક પ્રકારનું આસન છે. તેમાં ધનુર્ધારીઓ બંને પગ વચ્ચે અંતર રાખીને ઊભા રહે છે.

છે. ઊર્ધ્વલોક સંપૂર્ણ પણે (ઊંચાઇમાં) સાત[1] રાજ છે. આ પ્રમાણે ત્રણ પ્રકારના લોકમાં તિર્યગ્લોકનો બોધ કરાવવા માટે આ(=ચોથા અધ્યાયના અંત સુધી જે કહેવાશે તે)[2] સંક્ષેપથી આકાર કહેવાય છે–

**તિર્ચ્છાલોકમાં દ્વીપ-સમુદ્રો–**

## जम्बूद्वीपलवणादयः शुभनामानो द्वीपसमुद्राः ॥३-७॥

**સૂત્રાર્થ–** તિર્યગ્લોકમાં જંબૂદ્વીપ અને લવણ સમુદ્ર વગેરે શુભનામવાળા (અસંખ્ય) દ્વીપો અને સમુદ્રો આવેલા છે. (૩-૭)

**भाष्यं–** जम्बूद्वीपादयो द्वीपा लवणादयश्च समुद्राः शुभनामान इति । यावन्ति लोके शुभानि नामानि तन्नामान इत्यर्थः । शुभान्येव वा नामान्येषामिति ते शुभनामानः । द्वीपादनन्तरः समुद्रः समुद्रादनन्तरो द्वीपो यथासङ्ख्यम् ।

तद्यथा- जम्बूद्वीपो द्वीपो लवणोदः समुद्रः । धातकीखण्डो द्वीपः कालोदः समुद्रः । पुष्करवरो द्वीपः पुष्करोदः समुद्रः । वरुणवरो द्वीपो वरुणोदः समुद्रः । क्षीरवरो द्वीपः क्षीरोदः समुद्रः । घृतवरो द्वीपो घृतोदः समुद्रः । इक्षुवरो द्वीप इक्षुवरोदः समुद्रः । नन्दीश्वरो द्वीपो नन्दीश्वरवरोदः समुद्रः । अरुणवरो द्वीपोऽरुणवरोदः समुद्रः । इत्येवमसङ्ख्येया द्वीप-समुद्राः स्वयम्भूरमणपर्यन्ता वेदितव्या इति ॥३-७॥

**ભાષ્યાર્થ–** જંબૂદ્વીપ વગેરે દ્વીપો અને લવણ વગેરે સમુદ્રો શુભનામવાળા હોય છે. લોકમાં જેટલા શુભ નામો છે તે નામવાળા દ્વીપ-સમુદ્રો છે અથવા જેમના નામો શુભ જ છે તે શુભનામવાળા. દ્વીપ પછી તુરત સમુદ્ર. સમુદ્ર પછી તરત દ્વીપ એમ અનુક્રમે દ્વીપ-સમુદ્ર રહેલા છે.


---

૧. ઊર્ધ્વલોક કંઇક ન્યૂન સાત રાજ છે.

૨. मात्रशब्दः संक्षेपाभिधानार्थः, केनचिद् लेशोद्देशेन न पुनर्विस्तरेणेति, विस्तरतस्तु द्वीपसागरप्रज्ञप्त्यादिभ्योऽधिगन्तव्य इत्यावेदयति । (सिद्धर्षिगणिटीका)

તે આ પ્રમાણે- જંબૂદ્વીપ નામનો દ્વીપ, પછી લવણોદધિ નામનો સમુદ્ર, પછી ધાતકીખંડ નામનો દ્વીપ, પછી કાલોદ નામનો સમુદ્ર, પછી પુષ્કરવર નામનો દ્વીપ, પછી પુષ્કરોદ નામનો સમુદ્ર, પછી વરુણવર નામનો દ્વીપ, પછી વરુણોદ નામનો સમુદ્ર, પછી ક્ષીરવર નામનો દ્વીપ, પછી ક્ષીરોદ નામનો સમુદ્ર, પછી ઘૃતવર નામનો દ્વીપ, પછી ઘૃતોદ નામનો સમુદ્ર, પછી ઈક્ષુવર નામનો દ્વીપ, પછી ઈક્ષુવરોદ નામનો સમુદ્ર, પછી નંદીશ્વર નામનો દ્વીપ, પછી નંદીશ્વરવરોદ્ નામનો સમુદ્ર પછી અરુણવર નામનો દ્વીપ, પછી અરુણવરોદ નામનો સમુદ્ર. આ પ્રમાણે સ્વયંભૂરમણ સમુદ્ર સુધી અસંખ્યાત દ્વીપ-સમુદ્રો જાણવા. (૩-૭)

**અસંખ્ય દ્વીપો અને સમુદ્રો**



**टीका–** समुदायावयवार्थौ प्रायः प्रतीतौ, नवरं शुभनामानः प्रशस्त-नामान इति, असङ्ख्येयकमर्द्धतृतीयोद्धारसागरोपमोद्धारराशिप्रमाणं, एते च स्वयम्भूरमणसमुद्रपर्यन्ता वेदितव्या इति, अनादिमती सैषामियं संज्ञा जम्ब्वादिप्रवृत्तिनिमित्तापेक्षा च ॥३-७॥

**ટીકાર્થ–** સૂત્રનો સમુદિતાર્થ અને અવયવાર્થ પ્રાયઃ પ્રસિદ્ધ છે. ફક્ત આ વિશેષ છે- શુભનામવાળા એટલે પ્રશસ્તનામવાળા. અસંખ્ય એટલે અઢી સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમના જેટલા સમયો થાય તેટલા દ્વીપ-સમુદ્રો છે. આ દ્વીપ-સમુદ્રો સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવા. દ્વીપ-સમુદ્રોનાં નામો અનાદિકાળથી છે અને જંબૂ આદિ પ્રવૃત્તિનિમિત્તની અપેક્ષાવાળા અર્થાત્ અન્વર્થ(=અર્થને અનુસરતી વ્યુત્પત્તિવાળા)[1] પણ છે. (૩-૭)

**टीकावतरणिका–** किञ्च–

**ટીકાવતરણિકાર્થ–** વળી–

**દ્વીપ-સમુદ્રની પહોળાઈ અને આકૃતિ–**

**द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः ॥३-८॥**

**સૂત્રાર્થ–** દ્વીપ-સમુદ્રો પૂર્વપૂર્વના દ્વીપ-સમુદ્રથી બમણા પહોળા છે. પૂર્વપૂર્વના દ્વીપસમુદ્રને વીંટળાઈને રહેલા છે, અને બંગડીના આકારે છે. (૩-૮)

**भाष्यं–** सर्वे चैते द्वीपसमुद्रा यथाक्रममादितो द्विर्द्विर्विष्कम्भाः पूर्व-पूर्वपरिक्षेपिणो वलयाकृतयः प्रत्येतव्याः । तद्यथा- योजनशतसहस्र-विष्कम्भो जम्बूद्वीपस्य वक्ष्यते । तद्द्विगुणो लवणजलसमुद्रस्य । लवणजलसमुद्रविष्कम्भाद् द्विगुणो धातकीखण्डद्वीपस्य । इत्येवमा-स्वयम्भूरमणसमुद्रादिति ।

---

૧. જેમકે જંબૂદ્વીપમાં શાશ્વત રત્નમય જંબૂવૃક્ષ હોવાથી તેનું જંબૂ નામ છે. લવણ સમુદ્રનું પાણી લવણ=મીઠા જેવું ખારું હોવાથી તેનું લવણ એવું નામ છે. ધાતકીખંડમાં શાશ્વત ધાતકીવૃક્ષ હોવાથી તેનું ધાતકી એવું નામ છે. કાલોદધિ સમુદ્રનું પાણી કાળા રંગનું હોવાથી તેનું કાલોદધિ નામ છે.

पूर्वपूर्वपरिक्षेपिणः । सर्वे पूर्वपूर्वपरिक्षेपिणः प्रत्येतव्याः । जम्बूद्वीपो लवणसमुद्रेण परिक्षिप्तः । लवणजलसमुद्रो धातकीखण्डद्वीपेन परिक्षिप्तः । धातकीखण्डद्वीपः कालोदसमुद्रेण परिक्षिप्तः । कालोदसमुद्रः पुष्करवर-द्वीपार्धेन परिक्षिप्तः । पुष्करवरद्वीपार्धं मानुषोत्तरेण पर्वतेन परिक्षिप्तम् । पुष्करवरद्वीपः पुष्करवरोदेन समुद्रेण परिक्षिप्तः । एवमास्वयम्भूरमणा-त्समुद्रादिति ।

वलयाकृतयः । सर्वे च ते वलयाकृतयः सह मानुषोत्तरेणेति ॥३-८॥

**ભાષ્યાર્થ–** આ બધા દ્વીપ-સમુદ્રો પ્રથમથી આરંભી અનુક્રમે બમણા બમણા પહોળા છે અને પૂર્વ પૂર્વના દ્વીપ સમુદ્રને વીંટળાઇને રહેલા છે અને બંગડીના જેવી આકૃતિવાળા જાણવા. તે આ પ્રમાણે- જંબૂદ્વીપની પહોળાઇ લાખ યોજન છે એમ (અ.૩ સૂ.૯ માં) કહેવાશે. તેનાથી લવણજલસમુદ્ર બમણો છે. લવણજલસમુદ્રની પહોળાઇથી ધાતકીખંડ દ્વીપ બમણો પહોળો છે. આ પ્રમાણે સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવું.

"पूर्वपूर्वपरिक्षेपिणः" બધા દ્વીપ-સમુદ્રો પૂર્વપૂર્વના દ્વીપ સમુદ્રને વીંટળાઇને રહેલા જાણવા. જંબૂદ્વીપ લવણસમુદ્રથી વીંટળાયેલો છે. લવણ-સમુદ્ર ધાતકીખંડથી વીંટળાયેલો છે. ધાતકીખંડદ્વીપ કાલોદ સમુદ્રથી વીંટળાયેલો છે. કાલોદ સમુદ્ર પુષ્કરવર દ્વીપાર્દ્ધથી વીંટળાયેલો છે. પુષ્કરવર દ્વીપાર્દ્ધ માનુષોત્તર પર્વતથી વીંટળાયેલો છે. પુષ્કરવરદ્વીપ પુષ્કરવરોદ સમુદ્રથી વીંટળાયેલો છે. આ પ્રમાણે સ્વયંભૂરમણ સમુદ્ર સુધી જાણવું.

वलयाकृतयः માનુષોત્તર પર્વતથી સહિત આ બધા દ્વીપ-સમુદ્રો બંગડીના જેવા આકારવાળા છે. (૩-૮)

**टीका–** एतदपि प्रकटसमुदायावयवार्थमेव, नवरं विष्कम्भः पृथुलता, मानुषोत्तरपर्वतो मनुष्यलोकव्यवस्थाकारीति ॥३-८॥

**ટીકાર્થ–** આ સૂત્રનો પણ સમુદિત અર્થ અને અવયવાર્થ સ્પષ્ટ છે. ફક્ત આ વિશેષ છે- વિષ્કંભ[1] એટલે પહોળાઇ. માનુષોત્તર પર્વત

૧. વૃત્તવસ્તુની સરખી લંબાઇ-પહોળાઇના પ્રમાણને વિષ્કંભ કે વ્યાસ કહેવાય છે.

મનુષ્યલોકની વ્યવસ્થા કરે છે, અર્થાત્ મનુષ્યો માનુષોત્તર પર્વત સુધી જ હોય છે, પછી નહિ. (૩-૮)

**टीकावतरणिका–** जम्बूद्वीपस्यापि द्वीपत्वेन वलयाकृतित्वे प्राप्ते अपवादार्थमाह–

**ટીકાવતરણિકાર્થ–** જંબૂદ્વીપ પણ દ્વીપ છે. આથી "બધા દ્વીપ-સમુદ્રો બંગડીના આકારે છે" એ નિયમથી જંબૂદ્વીપ પણ બંગડીના આકારે સિદ્ધ થાય. આથી જંબૂદ્વીપના અપવાદને જણાવવા માટે કહે છે-

**સર્વ દ્વીપ-સમુદ્રોની મધ્યમાં આવેલા દ્વીપનું નામ વગેરે–**

**तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्रविष्कंभो जम्बूद्वीपः ॥३-९॥**

**સૂત્રાર્થ–** સર્વ દ્વીપ-સમુદ્રોની મધ્યમાં જંબૂનામે ગોળદ્વીપ છે. તે એક લાખ યોજન પહોળો છે. તેની મધ્યમાં મેરુપર્વત આવેલો છે. (૩-૯)


**भाष्यं–** तेषां द्वीपसमुद्राणां मध्ये तन्मध्ये । मेरुनाभिः मेरुरस्य नाभ्यामिति मेरुर्वास्य नाभिरिति मेरुनाभिः । मेरुरस्य मध्य इत्यर्थः । सर्वद्वीपसमुद्राभ्यन्तरो वृत्तः कुलालचक्राकृतिर्योजनशतसहस्रविष्कम्भो जम्बूद्वीपः । वृत्तग्रहणं नियमार्थम् । लवणादयो वलयवृत्ता जम्बूद्वीपस्तु प्रतरवृत्त इति यथा गम्येत, वलयाकृतिभिश्चतुरस्रत्र्यस्रयोरपि परिक्षेपो विद्यते तथा च मा भूदिति ।

मेरुरपि काञ्चनस्थालनाभिरिव वृत्तो योजनसहस्रमधो धरणितलमवगाढो नवनवत्युच्छ्रितो दशाधो विस्तृतः, सहस्रमुपरीति । त्रिकाण्डस्त्रिलोकप्रविभक्तमूर्तिश्चतुर्भिर्वनैर्भद्रशालनन्दसौमनसपाण्डुकैः परिवृत्तः ।

तत्र शुद्धपृथिव्युपलवज्रशर्कराबहुलं योजनसहस्रमेकं प्रथमं काण्डम् । द्वितीयं त्रिषष्टिसहस्राणि रजतजातरूपाङ्कस्फटिकबहुलम् । तृतीयं षट्त्रिंशत्सहस्राणि जाम्बूनदबहुलम् । वैडूर्यबहुला चास्य चूलिका, चत्वारिंशद्योजनान्युच्छ्रायेण, मूले द्वादश विष्कम्भेण मध्येऽष्टौ उपरि चत्वारीति ।

मूले वलयपरिक्षेपि भद्रशालवनम्। भद्रशालवनात्पञ्चयोजनशतान्यारुह्य तावत्प्रतिक्रान्तिविस्तृतं नन्दनम्। ततोऽर्धत्रिषष्टिसहस्राण्यारुह्य पञ्चयोजन-शतप्रतिक्रान्तिविस्तृतमेव सौमनसम् । ततोऽपि षट्त्रिंशत्सहस्राण्यारुह्य चतुर्नवतिचतुःशतप्रतिक्रान्तिविस्तृतं पाण्डुकवनमिति । नन्दनसौमनसा-भ्यामेकादशैकादशसहस्राण्यारुह्य प्रदेशपरिहाणिर्विष्कम्भस्येति ॥३-९॥

**ભાષ્યાર્થ–** તે દ્વીપ-સમુદ્રોની મધ્યમાં મેરુનાભિ એવો જંબૂદ્વીપ એક લાખ યોજન પહોળો છે. મેરુ જેની નાભિમાં છે તે મેરુનાભિ અથવા મેરુ એની નાભિ છે તેથી મેરુનાભિ કહેવાય છે, અર્થાત્ જંબૂદ્વીપની



મધ્યમાં મેરુ (પર્વત) છે. જંબૂદ્વીપ સર્વ દ્વીપ-સમુદ્રોની મધ્યમાં રહેલો છે અને ગોળાકાર છે. કુંભારના ચક્રના જેવી આકૃતિવાળો છે. એક લાખ યોજન પહોળો છે. વૃત્ત શબ્દનું ગ્રહણ નિયમ માટે છે. લવણ સમુદ્ર વગેરે બંગડીના આકાર જેવા ગોળ છે અને જંબૂદ્વીપ તો પ્રતરના જેવો ગોળ છે એ પ્રમાણે જણાય માટે વૃત્ત શબ્દનું ગ્રહણ કરેલું છે. વળી ચોરસ અને ત્રિકોણ વસ્તુને પણ બંગડીના જેવા આકારવાળી વસ્તુઓથી પરિક્ષેપ (=ઘેરાવો) હોય છે, તેમ અહીં ન થાય(=જંબૂદ્વીપ ચોરસ કે ત્રિકોણ છે એવું ન સમજાય) એ માટે વૃત્ત શબ્દનું ગ્રહણ કર્યું છે. (૩-૯)

**टीका–** इदमपि प्रायः सूचितार्थमेवेति, नवरं-मेरुरस्य नाभ्यामिति मेरुनाभिरुच्यते, कण्ठेकालवद्गमकत्वात् समासः, व्यधिकरणबहुव्रीहि-नीत्या, वाक्यान्तरेणाह-मेरुर्वाऽस्य नाभिरिति मेरुनाभिः, नाभिशब्दो मध्यवाचीत्याह-मेरुरस्य मध्य इत्यर्थः, अयं च सर्वद्वीपसमुद्राभ्यन्तर-स्सन् न वृत्त इति प्रतरवृत्त इत्याह-'कुलालचक्राकृति'रिति, कुलाल-चक्रवत् प्रतरवृत्त इत्यर्थः, वृत्तग्रहणं सूत्रे नियमार्थं, वृत्त एव, न चान्य-वलयाकृतिग्रहणान्नियमसिद्धिरित्याह-वलयाकृतिभिरित्यादि, तथा च मा भूदिति नियमार्थं, काञ्चनस्थालः काञ्चनपात्रं तन्नाभिस्तच्चन्द्रकस्तद्वद्वृत्त इति, अधो धरणितलमवगाढो रुचकप्रतराविशिष्टप्रमाणानुगतो विच्छेदः, काण्डं त्रिलोकप्रविभक्तमूर्त्तिस्तत्स्पर्शनेन, प्रतिक्रान्तिः विस्तारः,

अयं च मेरुगिरिर्न सर्वत्र समप्रमाणवृद्धः किंतु प्रदेशपरिहाण्यैतदाह-'नन्दनसौमनसाभ्या'मित्यादिना एकादशैकादश योजनसहस्राण्यारुह्य प्रदेशपरिहाणिस्तथाविधा विष्कम्भस्य यथाविधया गणितशास्त्राविरोधेन सर्वत्र यथोक्तपरिक्रान्तिः भवतीति गणितज्ञा एवात्र प्रमाणं[1] ॥३-९॥

---

१. मेरोर्मूले धरणितले दशयोजनसहस्राणि विष्कम्भः, ततः पञ्चशत्यां नन्दनवनमिति तस्या एकादशभागेन पञ्चचत्वारिंशद्योजनानि पञ्च चैकादशभागा हीनाः, ततो नन्दनबहिर्विष्कम्भः चतुष्पञ्चाशदधिकानि नवनवतिशता, षट् चैकादशभागाः, ततो नन्दनाभ्यन्तरविष्कम्भानयनाय सहस्रं पात्यते, जातमेकोनाशीतिः शतानि चतुष्पञ्चाशदधिकानि षट् चैकादशभागाः, नन्दनाच्च

**ટીકાર્થ–** આ સૂત્ર પણ પ્રાયઃ જણાયેલા અર્થવાળું જ છે. ફક્ત આટલો વિશેષ છે–

**मेरुनाभिः**=મેરુ જેની નાભિમાં છે તે મેરુનાભિ કહેવાય છે.

**પ્રશ્ન–** બહુવ્રીહિમાં બંને પદ સમાન વિભક્તિમાં હોય છે. જ્યારે અહીં એક પદ સપ્તમી વિભક્તિમાં છે અને એક પદ પ્રથમા વિભક્તિમાં છે. આમ કેમ ?

**ઉત્તર–** વ્યધિકરણ (જેમાં બંને પદ સમાન ન હોય તેવાં) બહુવ્રીહિ સમાસ પણ થાય છે. અહીં વ્યધિકરણ બહુવ્રીહિથી અર્થને જણાવનાર હોવાથી कण्ठेकालः શબ્દની જેમ સમાસ છે. [कण्ठे कालः कृष्णवर्णो यस्यासौ कण्ठेकालो महादेवः]

મેરુનાભિ શબ્દનો અર્થ અન્ય વાક્યથી કહે છે- અથવા મેરુ જેની નાભિ છે તે મેરુનાભિ. નાભિ શબ્દ મધ્ય અર્થને કહેનારો છે આથી કહે છે- "મેરુ એની મધ્યમાં છે" એવો અર્થ છે.

જંબૂદ્વીપ સર્વ દ્વીપ-સમુદ્રોની મધ્યમાં હોવા છતાં (બંગડીના આકારે) ગોળ નથી, કિંતુ પ્રતરવૃત્ત(=થાળી જેવો ગોળ) છે. આથી કહે છે- કુંભારચક્રની જેમ પ્રતરવૃત્ત છે એવો અર્થ છે. સૂત્રમાં વૃત્તશબ્દનો ઉલ્લેખ નિયમ માટે છે. ગોળ જ છે.

**પૂર્વપક્ષ–** બીજા દ્વીપ-સમુદ્રો બંગડીના આકારે સ્વીકાર્યા હોવાથી (પ્રત્તરવૃત્ત) ગોળ જ છે એવો નિયમ નથી રહેતો.

**ઉત્તરપક્ષ–** वलयाकृतिभिः इत्यादि, ચોરસ અને ત્રિકોણ વસ્તુને પણ વલયાકાર વસ્તુથી પરિક્ષેપ(=વીંટળાવવું) હોઇ શકે છે. એથી જંબૂદ્વીપને

---

नैकादशसहस्राणि हानिरिति सार्धैकपञ्चाशत्सहस्रा एकादशभागेन एकाशीत्यधिकानि षट्चत्वारिंशत् शतानि नव चैकादशभागा हीनाः, ततः सौमनसे बाह्यविष्कम्भः द्विसप्तत्यधिकद्विचत्वारिंशच्छतानि अष्ट चैकादशभागाः, अभ्यन्तरविष्कम्भस्त्वस्य दशशत्या हीनः, तत एकादशसहस्रा यावद्धानेरभावात् पञ्चविंशतिसहस्र एकादशभागेन अष्टभागाधिकद्वासप्तत्यधिकद्वाविंशतिशतपाते पण्डकवने सहस्रमेवावशिष्यते इति नन्दनसौमनसयोरन्तर्बहिर्विष्कम्भश्च यथोक्तमान एव सूत्रेष्वधीतः श्रीमज्जम्बूद्वीपवृत्त्यादिषु, यच्चात्र गणितज्ञाः प्रमाणमिति सूरिवाक्यं तत्तु नन्दनसौमनसाभ्यामेकादशैकादशसहस्राण्यारुह्य प्रदेशपरिहाणिर्विष्कम्भस्येति भाष्यकारवचसोऽन्यत्र संवादानुपलम्भादिति ।

કોઇ ત્રિકોણ કે ચોરસ ન સમજી લે એ માટે વૃત્ત શબ્દનો ઉલ્લેખ છે. (જંબૂદ્વીપ પ્રતરવૃત્ત ગોળ જ છે.)

કાંચનસ્થાલ એટલે સુવર્ણપાત્ર. તેમાં નાભિ એટલે ચંદ્ર. જંબૂદ્વીપ સુવર્ણપાત્રમાં રહેલા ચંદ્રની જેવો ગોળ છે.

अधो धरणितलमवगाढः જંબૂદ્વીપ નીચે (જ્યાં અધોગ્રામ છે ત્યાં) પૃથ્વીમાં (૧ હજાર યોજન) અવગાહીને રહ્યો છે.

(काण्डम्=) વિશિષ્ટ પ્રમાણવાળો વિભાગ તે કાંડ.

## મેરુની ત્રણ લોકમાં સ્પર્શના

त्रिलोकप्रविभक्तमूर्तिः મેરુ પર્વત ત્રણે લોકને સ્પર્શતો હોવાથી ત્રણ લોકમાં વહેંચાયેલો છે. (તે આ પ્રમાણે- મેરુ પર્વત ૧ લાખ યોજન ઊંચો છે. તેમાં ૧૦૦ યોજન અધોલોકમાં, ૧,૮૦૦ યોજન તિર્યગ્લોકમાં, ૯૮,૧૦૦ યોજન ઊર્ધ્વલોકમાં છે. સમભૂતલા પૃથ્વીથી ૯૦૦ યોજન નીચે અને ૯૦૦ યોજન ઉપર એમ ૧૮૦૦ યોજન તિર્યગ્લોક છે. મેરુ સમભૂતલાપૃથ્વીથી ૧૦૦૦ યોજન નીચે હોવાથી અધોલોકમાં ૧૦૦ યોજન થાય. નીચેના બાકીના ૯૦૦ યોજન તિર્યગ્લોકમાં ગણાય. ઉપરના ૯૦૦ યોજન ઉમેરતાં ૧,૮૦૦ યોજન તિર્યગ્લોકમાં થાય. ઉપરના બાકીના ૯૮,૧૦૦ યોજન ઊર્ધ્વલોકમાં ગણાય.)

[૧]પ્રતિક્રાન્તિ એટલે વિસ્તાર.

આ મેરુ પર્વત બધા સ્થળે સરખા પ્રમાણથી વધેલો નથી. કિંતુ પ્રદેશ હાનિથી વધેલો છે. આ વિષયને ભાષ્યકાર "नन्दनसौमनसाभ्याम्" ઇત્યાદિથી કહે છે- નંદનવન અને સૌમનસવન એ બેની મધ્યમાં દર ૧૧ હજાર યોજને ૧ હજાર યોજન પહોળાઇ ઘટે છે. અહીં પહોળાઇની તેવી હાનિ ગ્રહણ કરવી કે જે જેવી હાનિથી ગણિતશાસ્ત્રમાં વિરોધ ન આવે તે રીતે સર્વસ્થળે

૧. तावती चासौ प्रतिक्रान्तिश्च तावत्प्रतिकान्तिः विस्तारः । पञ्चयोजनशतप्रमाण एव, तावत्प्रतिक्रान्त्या विस्तृतमेवंप्रकारेण विस्तृतमित्यर्थः । (સિ.ગ.ટી.) तावत् થી પૂર્વે જેટલું કહ્યું હોય તેટલું ગ્રહણ કરાય. પૂર્વે पञ्चयोजनशतान्यारुह्य એમ કહ્યું છે. માટે तावत् એટલે ૫૦૦ યોજન.

યથોક્ત વિસ્તાર થાય. અહીં [1]ગણિતમાં નિપુણ પુરુષો જ પ્રમાણ છે.

**મેરુ પર્વત**

[સુવર્ણપાત્રની નાભિસમાન મેરુ પણ ગોળ છે. (મેરુપર્વત ૧ લાખ યોજન પ્રમાણ છે તેમાં) એક હજાર યોજન નીચે ભૂમિતળમાં રહેલો છે, અને (સમતલભૂમિથી) ૯૯ હજાર યોજન ઊંચો છે. સમતલભૂમિમાં દશ હજાર યોજન પહોળો છે અને ઉપર (શિખરના ભાગે) એક હજાર યોજન પહોળો છે. મેરુ પર્વતના ત્રણ કાંડ છે. મેરુ પર્વત ત્રણ લોકમાં વિભક્ત સ્વરૂપવાળો છે, અર્થાત્ ત્રણે લોકમાં વહેંચાયેલો છે અને ભદ્રશાલ, નંદન, સૌમનસ, પાંડુક એ ચાર વનોથી પરિવરેલો છે.


**મેરુના ત્રણ કાંડ–** તેમાં પ્રથમ કાંડ એક હજાર યોજન પ્રમાણવાળો છે અને શુદ્ધ પૃથ્વી, પથ્થર, વજ્ર, કાંકરાની બહુલતાવાળો છે. બીજો કાંડ ૬૩ હજાર યોજન પ્રમાણવાળો અને રૂપું, સોનું, અંકરત્ન, સ્ફટિકરત્નની બહુલતાવાળો છે. ત્રીજો કાંડ ૩૬ હજાર યોજનનો અને સુવર્ણની બહુલતાવાળો છે.

**ચૂલા–** મેરુની ચૂલિકા વૈડૂર્યરત્નની બહુલતાવાળી અને ચાલીસ યોજન ઊંચી છે. તે ચૂલિકા મૂળમાં બાર યોજન, મધ્યમાં ૮ યોજન અને ઉપર ચાર યોજન વિષ્કંભવાળી છે.

**ચાર વન–** મેરુના મૂળમાં વલયાકારે વીંટળાયેલું ભદ્રશાલ વન છે. ભદ્રશાલ વનથી ૫૦૦ યોજન ઊંચે ચઢતાં ચોતરફ ૫૦૦ યોજન વિસ્તારવાળું નંદનવન છે. ત્યાંથી ૬૨,૫૦૦ યોજન ઉપર જતાં ચોતરફ ૫૦૦ યોજન વિસ્તારવાળું સૌમનસ વન છે. ત્યાંથી ૩૬ હજાર યોજન ઉપર જતાં ચોતરફ ૪૯૪ યોજન વિસ્તારવાળું પાંડક વન છે. નંદન અને સૌમનસ એ બે વનની મધ્યમાં દર ૧૧ હજાર યોજન ગયા પછી વિષ્કંભમાં પ્રદેશોની હાનિ થાય છે, અર્થાત્ દર ૧૧ હજાર યોજને વિષ્કંભ ઘટતો જાય છે.


૧. અહીં ગણિતમાં નિપુણ પુરુષો જ પ્રમાણ છે એમ કહેવાનું તાત્પર્ય એ છે કે- "નંદનવન અને સૌમનસવન એ બેની મધ્યમાં દર ૧૧ હજાર યોજને ૧ હજાર યોજન પહોળાઈ ઘટે છે" એવું ભાષ્યકારનું કથન અન્ય જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ આદિ શાસ્ત્રોની સાથે સંગત થતું નથી. આ વિષયમાં વિશેષ રસ ધરાવતા જિજ્ઞાસુએ આ અંગે વિશેષ સ્પષ્ટતા પ્રતમાં આપેલી ટીપ્પણમાંથી અને આ સૂત્રની શ્રી સિદ્ધસેન ગણિ કૃત ટીકામાંથી જાણી લેવી.

# મેરુ પર્વત અને ગતિશિલ જ્યોતિષચક્ર





મેરુ પર્વત ત્રણે લોકમાં આવેલો છે. તેમાં ૧૦૦ યોજન અધોલોકમાં છે, ૧૮૦૦ યોજન તીર્ચ્છાલોકમાં છે અને ૯૮,૧૦૦ યોજન ઊર્ધ્વલોકમાં છે.

## મેરુના શિખર ઉપર પંડકવન




ચૈત્ય લંબાઇ .. ૫૦ યો.
પહોળાઇ ..... ૨૫ યો.
ઊંચાઇ ....... ૩૬ યો.
પ્રાસાદ વિસ્તાર ૨૫૦ યો. (ચતુરસ્ર)
ઊંચાઇ ....... ૫૦૦ યો.
વાપિકા દીર્ઘ .. ૫૦ યો.
પૃથુલ ........ ૨૫૦ યો.
ઊંડી ......... ૧૦ યો.

અભિષેક શિલાની લંબાઇ ૫૦૦ યો.
પહોળાઇ (મધ્યે) ........ ૨૫૦ યો.
ઊંચાઇ ................ ૪ યોજન
સિંહાસન લંબાઇ ....... ૫૦૦ ધનુષ
પહોળાઇ .............. ૨૫૦ ધનુષ
ઊંચાઇ ................ ૪ ધનુષ




(૩-૯)

જંબૂદ્વીપમાં આવેલા ક્ષેત્રો–

## तत्र भरतहैमवतहरिविदेहरम्यकहिरण्यवतैरावतवर्षाः क्षेत्राणि ॥३-१०॥

**સૂત્રાર્થ–** જંબૂદ્વીપમાં ભરત, હૈમવત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક્, હૈરણ્યવત અને ઐરાવત એ સાત ક્ષેત્રો આવેલાં છે. (૩-૧૦)

**भाष्यं–** तत्र जम्बूद्वीपे भरतं हैमवतं हरयो विदेहा रम्यकं हैरण्यवत-मैरावतमिति सप्त वंशाः क्षेत्राणि भवन्ति । भरतस्योत्तरतो हैमवतं हैमवतस्योत्तरतो हरयः इत्येवं शेषाः । वंशा वर्षा वास्या इति चैषां गुणतः पर्यायनामानि भवन्ति । सर्वेषां चैषां व्यवहारनयापेक्षादादित्यकृता-द्दिग्नियमादुत्तरतो मेरुर्भवति । लोकमध्यावस्थितं चाष्टप्रदेशं रुचकं दिग्नियमहेतुं प्रतीत्य यथासम्भवं भवतीति ॥३-१०॥

**ભાષ્યાર્થ–** તે જંબૂદ્વીપમાં ભરત, હૈમવત, હરિવર્ષ, વિદેહ, રમ્યક્, હૈરણ્યવત, ઐરાવત એ પ્રમાણે સાત ક્ષેત્રો આવેલા છે. ભરતની ઉત્તરમાં હૈમવત છે. હૈમવતની ઉત્તરમાં હરિવર્ષ છે. એ પ્રમાણે બીજા ક્ષેત્રો જાણવા. વંશ, વર્ષ, વાસ્ય તેમના ગુણને આશ્રયીને પર્યાયવાચી નામો છે. વ્યવહારનયની અપેક્ષાએ સૂર્યથી કરાયેલા દિશાના નિયમ પ્રમાણે આ બધાની ઉત્તરમાં મેરુ પર્વત છે.

**પ્રશ્ન–** નિશ્ચિત દિશાને કેવી રીતે જાણવી ?

**ઉત્તર–** અહીં लोकमध्यावस्थितं થી જવાબ અપાય છે- લોકની મધ્યમાં રહેલા જે આકાશના આઠ રુચક પ્રદેશ છે તે દિશાનો નિશ્ચય કરવામાં હેતુ છે. તેને આશ્રયીને દિશાની યથાસંભવ ગણતરી થાય છે. (૩-૧૦)

**टीका–** प्रकटार्थं सुविवृत्तं च, नवरं तत्र जम्बूद्वीपे भरतमित्यादिना एषां पृथग्द्वीपत्वनिषेधमाह,

तथा वंशा वर्षेत्यादौ वंशाः किल पर्ववन्तो भवन्ति, तद्वत् पर्वभाग-विभाजनाद्वंशा इव अमी भरतादयः, वर्षसन्निधानाच्च वर्षाः, मनुजादि-निवासाच्च वास्याः ।

'सर्वेषा'मित्यादि आदित्यकृताद् दिग्नियमाद्, तत्र यस्मिन् क्षेत्रे यत्र आदित्य उदेति सा प्राची, यस्यामस्तमेति सा प्रतीची, यथोक्तमार्षे "जस्स जओ आइच्चो उदेइ सा तस्स होति पुव्वदिसा। अवरेण अत्थमेइ सव्वेसिं उत्तरो मेरू ॥१॥" इत्यादि, व्यवहारमात्रमिदं, न निश्चयो,

नियमो लोकमध्यावस्थितं पुनरष्टप्रदेशं रुचकं दिग्नियमहेतुं प्रतीत्य, किमित्याह-यथासम्भवं भवति, मेरुर्नोत्तरत एव, स हि दिशामैन्द्र्यादीनां द्विप्रदेशिकानां द्विप्रदेशोत्तरवृद्धानां चतसृणां पूर्वादीनां दिशां विदिशां चाऽऽग्नेय्यादीनामेकैकाकाशप्रदेशरचनाहितस्वरूपाणां मुक्तावलीसन्नि-भानां चतसृणामेव भावात्, उपरिष्टात्तु चतुःप्रदेशात्मिकैव विमला, अधस्तु तमोऽभिधानेति दश दिश इति ।

उक्तं च-

"अट्ठपएसो रुअगो तिरियं लोअस्स मज्झयारम्मि ।
एस पभवो दिसाणं एसेव भवे अणुदिसाणं ॥१॥

इंदग्गेई जम्मा य णेरइया वारुणी अ वायव्वा ।
सोमा ईसाणाऽविअ विमला य तमा य बोद्धव्वा ॥२॥" इति ॥

कृतं विस्तरेण ॥३-१०॥

**ટીકાર્થ–** આ સૂત્ર સ્પષ્ટ અર્થવાળું અને સારી રીતે વિવરણ કરાયેલું જ છે. ફક્ત આ વિશેષ છે- तत्र એટલે જંબૂદ્વીપમાં. 'भरतम्' ઇત્યાદિથી આ ક્ષેત્ર અલગ દ્વીપરૂપ નથી એમ નિષેધ જણાવ્યો.

"वंशा वर्षा" ઇત્યાદિમાં વંશ આદિનો અર્થ આ પ્રમાણે છે–

વાંસ પર્વવાળા હોય છે. તેની જેમ પર્વરૂપ વિભાગને ઉત્પન્ન કરતા હોવાથી આ ભરત વગેરે વાંસ જ છે. વર્ષનો(=વર્ષરૂપ કાળનો) આશ્રય હોવાથી વર્ષા છે. મનુષ્ય આદિના નિવાસ હોવાથી વાસ્ય કહેવાય છે.

"सर्वेषाम्" इत्यादि, સૂર્યથી(=સૂર્યોદયથી) કરાયેલ દિશાના નિયમથી જે ક્ષેત્રમાં જે દિશામાં સૂર્ય ઊગે તે પૂર્વ દિશા છે, જે દિશામાં સૂર્ય અસ્ત પામે તે પશ્ચિમ દિશા છે. આર્ષમાં કહ્યું છે કે- 'જે ક્ષેત્રમાં જે દિશા તરફ સૂર્ય ઊગે છે તે ક્ષેત્રમાં તે દિશા પૂર્વ છે. તેનાથી ઊલટી દિશામાં સૂર્ય આથમે છે. મેરુ પર્વત સર્વ ક્ષેત્રોની ઉત્તરમાં છે." ઇત્યાદિ.

આ દિશાઓ માત્ર વ્યવહારથી છે, નિશ્ચયથી નથી.

નિશ્ચયથી દિશાનો નિયમ આ છે–

લોકની મધ્યમાં, અર્થાત્ સમભૂતલ ભૂમિભાગના મેરુમાં રહેલા ચોરસ(=સામ સામે રહેલા ગાયના આંચળના) આકારમાં ગોઠવાયેલ આઠ રુચક પ્રદેશો છે. તે પૂર્વ વગેરે દિશાઓનું અને અગ્નિ વગેરે વિદિશાઓનું ઉત્પત્તિ સ્થાન છે. મેરુ દરેકની ઉત્તરમાં જ છે એવો

નિયમ નથી. બે બે આકાશ પ્રદેશોથી શરૂ થતી અને (તે તે દિશાઓ તરફ એક એક પ્રદેશ કેન્દ્રથી દૂર જતાં) બે બે આકાશ પ્રદેશોથી વધતી (ઉદ્‌ગમસ્થાને સાંકડી અને આગળ વધતાં પહોળી થતી હોવાથી) મહાશકટ(ગાડા)ની ઉદ્ધિ(ઉધ)ના આકારવાળી વિશિષ્ટ આકારમાં ગોઠવાયેલ અનંત આકાશ પ્રદેશોથી નિર્માણ થયેલ સ્વરૂપવાળી ચાર દિશાઓ સાદિ અનંત ભાંગે છે, અર્થાત્ દિશાઓની શરૂઆત છે પણ અંત નથી.


મુક્તાવલી (મોતીની એક સળંગ પંક્તિ) સમાન એકેક આકાશ પ્રદેશની રચનાથી સ્થપાયેલ સ્વરૂપવાળી અનંત પ્રદેશવાળી ચાર વિદિશાઓ સાદિ અનંત ભાંગે છે.

ઉપરના તે જ ચાર પ્રદેશોથી પ્રારંભીને ચાર પ્રદેશવાળી અનુત્તર એવી વિમલા નામની ઊર્ધ્વ દિશા છે તથા નીચેના ચાર આકાશ પ્રદેશથી શરૂ થતી તમા નામની અધોદિશા છે. આ દિશા-વિદિશાઓ અનાદિ કાળથી રહેલી છે. એના નામો પણ અનાદિકાલીન છે. આ નિશ્ચયનયને અનુસરીને છે. આથી નિશ્ચયનયને આશ્રયીને દરેક દિશાના ઉત્તરમાં મેરુ પર્વત છે એમ ન કહેવાય.

આથી જ આવા પ્રકારના રુચક પ્રદેશો દિશાના નિયમનનો હેતુ બને છે. આના આધારે બે પ્રદેશની વૃદ્ધિથી બે પ્રદેશની સાથે ચાર દિશાનો, એક પ્રદેશાદિથી એક પ્રદેશની સાથે ચાર વિદિશાનો અને ચાર પ્રદેશથી ચાર પ્રદેશની સાથેનો સંભવ (ઉત્પત્તિનો સંબંધ) ઘટાવવો.

કહ્યું છે કે- તિર્ચ્છાલોકની મધ્યમાં આઠ રુચક પ્રદેશો છે. આ દિશાઓનું અને વિદિશાઓનું ઉત્પત્તિ સ્થાન છે, અર્થાત્ નિશ્ચયથી દિશાઓ અને વિદિશાઓ અહીંથી ગણાય છે. પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર અને ઈશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય તથા વિમલા અને તમા દિશાઓ જાણવી. વિસ્તારથી સર્યું. (૩-૧૦)

## સોળ દિશા-વિદિશાનું ચિત્ર




આચારાંગ નિર્યુક્તિમાં કુલ ૧૮ દિશાઓ બતાવેલ છે. તે સામે બતાવેલી ૧૬ છે, તેમાં અધો અને ઊર્ધ્વ એમ બે ઉમેરતા ૧૮ થાય. ઊર્ધ્વને વિમલા કહે છે. અધોને તમા કહે છે. (વિ.આ.ભા.૨૭૦૦)


ઉત્તર દિશાનો અધિષ્ઠાયક કુબેર હોવાથી કૌબેરી કહેવાય છે.

પૂર્વ દિશાનો અધિષ્ઠાયક ઈન્દ્ર હોવાથી ઐન્દ્રી કહેવાય છે.


દક્ષિણ દિશાનો અધિષ્ઠાયક યમ હોવાથી યામી કહેવાય છે.

પશ્ચિમ દિશાનો અધિષ્ઠાયક વરુણ હોવાથી વારુણી કહેવાય છે.

## ચાર દિશા - ચાર વિદિશાનું ચિત્ર




## ઊર્ધ્વ-અધો દિશાનું ચિત્ર



જંબૂદ્વીપમાં આવેલા ક્ષેત્રો-પર્વતો–

**तद्विभाजिनः पूर्वापरायता हिमवन्महाहिमवन्निषधनील-रुक्मिशिखरिणो वर्षधरपर्वताः ॥३-११॥**

**સૂત્રાર્થ–** જંબૂદ્વીપમાં આવેલાં ભરત અને હૈમવત વગેરે ક્ષેત્રોનો વિભાગ કરનારા અને પૂર્વ-પશ્ચિમ લાંબા હિમવાન, મહાહિમવાન, નિષધ, નીલ, રુક્મિ અને શિખરી એ છ વર્ષધર પર્વતો આવેલા છે. (૩-૧૧)

**भाष्यं–** तेषां वर्षाणां विभक्तारो हिमवान् महाहिमवान् निषधो नीलो रुक्मी शिखरीत्येते षड् वर्षधराः पर्वताः । भरतस्य हैमवतस्य च विभक्ता हिमवान् । हैमवतस्य हरिवर्षस्य च विभक्ता महाहिमवानित्येवं शेषाः ।

तत्र पञ्च योजनशतानि षड्विंशानि षट्चैकोनविंशतिभागा (५२६ $\frac{६}{१९}$) भरतविष्कम्भः । स द्विर्द्विर्हिमवद्धैमवतादीनामाविदेहेभ्यः । परतो विदेहेभ्योऽर्धार्धहीनाः । पञ्चविंशतियोजनान्यवगाढो योजनशतोच्छ्रायो हिमवान् । तद्द्विर्महाहिमवान् । तद्द्विर्निषध इति ।

भरतवर्षस्य योजनानां चतुर्दशसहस्राणि चत्वारि शतान्येकसप्ततीनि षट् च भागा विशेषतो (१४४७१ $\frac{६}{१९}$) ज्या । इषुर्यथोक्तो (५२६ $\frac{६}{१९}$) विष्कम्भः । धनुःकाष्ठं चतुर्दशसहस्राणि शतानि पञ्चाष्टविंशान्येकादश च भागाः साधिकाः (१४५२८ $\frac{११}{१९}$) ।

भरतक्षेत्रमध्ये पूर्वापरायत उभयतः समुद्रमवगाढो वैताढ्यपर्वतः षड् योजनानि सक्रोशानि धरणिमवगाढः पञ्चाशद्विस्तरतः पञ्चविंशत्युच्छ्रितः ।

विदेहेषु निषधस्योत्तरतो मन्दरस्य दक्षिणतः काञ्चनपर्वतशतेन चित्रकूटेन विचित्रकूटेन चोपशोभिता देवकुरवः । विष्कम्भेणैकादश योजनसहस्राण्यष्टौ च शतानि द्विचत्वारिंशानि द्वौ च भागौ । एवमेवोत्तरेणोत्तराः कुरवश्चित्रकूटविचित्रकूटहीना द्वाभ्यां च काञ्चनाभ्यामेव यमकपर्वताभ्यां विराजिताः ।

विदेहा मन्दरदेवकुरूत्तरकुरुभिर्विभक्ताः क्षेत्रान्तरवद्भवन्ति पूर्वे चापरे च। पूर्वेषु षोडश चक्रवर्तिविजया नदीपर्वतविभक्ताः परस्परागमाः, अपरेऽप्येवंलक्षणाः षोडशैव ।

तुल्यायामविष्कम्भावगाहोच्छ्रायौ दक्षिणोत्तरौ वैताढ्यौ, तथा हिमवच्छिखरिणौ महाहिमवद्रुक्मिणौ निषधनीलौ चेति ।

क्षुद्रमन्दरास्तु चत्वारोऽपि धातकीखण्डपुष्करार्धका महामन्दरात्पञ्चदशभिर्योजनसहस्रैर्हीनोच्छ्रायाः । षड्भिर्योजनशतैर्धरणितले हीनविष्कम्भाः। तेषां प्रथमं काण्डं महामन्दरतुल्यम्। द्वितीयं सप्तभिर्हीनम्। तृतीयमष्टाभिः ।

भद्रशालनन्दनवने महामन्दरवत् । ततोऽर्धषट्पञ्चाशद्योजनसहस्राणि सौमनसं पञ्चशतं विस्तृतम् । ततोऽष्टाविंशतिसहस्राणि चतुर्नवतिचतुःशतविस्तृतमेव पाण्डुकं भवति। उपरि चाधश्च विष्कम्भोऽवगाहश्च तुल्यो महामन्दरेण । चूलिका चेति ।

विष्कम्भकृतेर्दशगुणाया मूलं वृत्तपरिक्षेपः । स विष्कम्भपादाभ्यस्तो गणितम् । इच्छावगाहोनावगाहाभ्यस्तस्य विष्कम्भस्य चतुर्गुणस्य मूलं ज्या । ज्याविष्कम्भयोर्वर्गविशेषमूलं विष्कम्भाच्छोध्यं, शेषार्धमिषुः । इषुवर्गस्य षड्गुणस्य ज्यावर्गयुतस्य कृतस्य मूलं धनुःकाष्ठम्। ज्यावर्गचतुर्भागयुक्तमिषुवर्गमिषुविभक्तं तत्प्रकृतिवृत्तविष्कम्भः । उदग्धनुःकाष्ठाद्दक्षिणं शोध्यं शेषार्धं बाहुरिति ।


अनेन करणाभ्युपायेन सर्वक्षेत्राणां सर्वपर्वतानामायामविष्कम्भज्येषुधनुःकाष्ठपरिमाणानि ज्ञातव्यानि ॥३-११॥

**ભાષ્યાર્થ–** તે ક્ષેત્રનો વિભાગ કરનારા હિમવાન, મહાહિમવાન, નિષધ, નીલ, રુક્મિ અને શિખરી એમ છ વર્ષધર પર્વતો છે. ભરત અને હૈમવત ક્ષેત્રનો વિભાગ કરનાર હિમવાન પર્વત છે. હૈમવત અને

હરિવર્ષનો વિભાગ કરનાર મહાહિમવાન પર્વત છે. એ પ્રમાણે બાકીના પર્વતો પણ જાણવા.

તેમાં ભરત ક્ષેત્રની પહોળાઈ ૫૨૬-૬/૧૯ યોજન છે. ત્યાર બાદ વિદેહ ક્ષેત્ર સુધી હિમવાન, હૈમવત વગેરેનો વિસ્તાર બમણો બમણો છે. વિદેહ પછી વિસ્તાર અર્ધો અર્ધો છે. હિમવાન પર્વત ૨૫ યોજન પૃથ્વીમાં અવગાહીને રહેલો છે અને ૧૦૦ યોજન ઊંચો છે. તે જ રીતે મહાહિમવાન તેનાથી બમણો છે. તેનાથી નિષધ બમણો છે.

## ૬ કુલગિરિ અને ૭ મહાક્ષેત્ર અને ક્ષેત્રોના મધ્યગિરિ




ભરતક્ષેત્રની જ્યા ૧૪૪૭૧-૬/૧૯ યોજન છે. ભરતક્ષેત્રનો જે વિષ્કમ્ભ કહ્યો છે તે ઈષુ છે, અર્થાત્ પાંચસો છવીસ યોજન ૬ કળા[1] (૫૨૬-૬/૧૯ યોજન) છે. ભરતક્ષેત્રનો ધનુઃપૃષ્ઠ ૧૪૫૨૮-૧૧/૧૯ યોજન છે.

**વૈતાઢ્યપર્વત–** ભરતક્ષેત્રની મધ્યમાં પૂર્વ-પશ્ચિમ લાંબો અને બંને બાજુ સમુદ્રને અવગાહીને રહેલો વૈતાઢ્ય પર્વત છે. સવા છ યોજન પૃથ્વીમાં રહેલો છે(=ઊંડો છે), પચાસ યોજન પહોળો છે અને પચીસ યોજન ઊંચો છે.

**દેવકુરુ–** વિદેહક્ષેત્રમાં નિષધ પર્વતની ઉત્તરમાં અને મેરુ પર્વતની દક્ષિણમાં ૧૦૦ કાંચન પર્વતોથી, ચિત્ર-વિચિત્ર કૂટથી શોભેલું દેવકુરુ ક્ષેત્ર છે. તે પહોળાઈથી ૧૧૮૪૨-૨/૧૯ યોજન છે.

**ઉત્તરકુરુ–** એ જ પ્રમાણે મેરુ પર્વતથી ઉત્તરમાં ઉત્તરકુરુ ક્ષેત્ર છે. એમાં ચિત્રકૂટ અને વિચિત્રકૂટ નથી. સુવર્ણના જ બે યમક પર્વતોથી શોભેલા છે.

**પૂર્વમહાવિદેહ-પશ્ચિમમહાવિદેહ–** બીજા ક્ષેત્રોની જેમ મેરુ પર્વત અને દેવકુરુ-ઉત્તરકુરુથી વિભાગ કરાયેલા પૂર્વવિદેહ અને પશ્ચિમવિદેહ એવા બે વિભાગ છે.




૧. ૬ કળા એટલે વસ્તુના ઓગણીશ ભાગ પાડવામાં આવે તેમાંથી છ ભાગ.

**ચક્રવર્તી વિજયો–** પૂર્વવિદેહમાં સોળ ચક્રવર્તી વિજયો છે, અને એ વિજયો નદીઓ અને પર્વતોથી વિભક્ત(=જુદા) કરાયેલા છે. એક વિજયમાંથી બીજા વિજયમાં જઇ શકાતું નથી. પશ્ચિમ વિદેહમાં પણ આવા પ્રકારના સોળ જ વિજયો છે.

## ધાતકી ખંડ અને પુષ્કરાર્ધની વિગત

**વર્ષધર–** લંબાઇમાં, પહોળાઇમાં, અવગાહમાં(=ઊંડાઇમાં) અને ઊંચાઇમાં સમાન એવા દક્ષિણ અને ઉત્તરમાં રહેલા બે વૈતાઢ્ય પર્વતો છે. તથા દક્ષિણ અને ઉત્તરમાં રહેલા હિમવાન અને શિખરી, મહાહિમવાન અને રુક્મિ, નિષધ અને નીલ લંબાઇ આદિમાં પરસ્પર સમાન છે.

ધાતકી ખંડ અને પુષ્કરાર્ધમાં રહેલા ચાર લઘુ મેરુ પર્વતો મોટા મેરુ પર્વતથી ઊંચાઇમાં પંદર [1]હજાર યોજન નાના છે. પૃથ્વીતળમાં મોટા મેરુ પર્વતથી છસો યોજન ન્યૂન પહોળાઇવાળા છે. અર્થાત્ ૯,૪૦૦ યોજન છે. તેઓનો પહેલો કાંડ મોટા મેરુ પર્વત તુલ્ય છે. બીજો કાંડ મોટા મેરુ પર્વતથી સાત (હજાર) યોજન ન્યૂન છે. ત્રીજો કાંડ આઠ (હજાર) યોજન ન્યૂન છે.


**ચાર વન–** ભદ્રશાલ અને નંદનવન મહામેરુ પર્વત સમાન છે. અર્થાત્ સમભૂતલા પૃથ્વી ઉપર ચારે બાજુ ભદ્રશાલવન છે. ત્યાંથી ૫૦૦ યોજન ઉપર જતા ચારેબાજુ નંદનવન છે. ત્યાંથી સાડા પંચાવન હજાર યોજન ચઢ્યા પછી સૌમનસવન આવેલ છે. તેનો વિસ્તાર પાંચસો યોજન છે. ત્યાંથી અઠ્યાવીસ હજાર યોજન ઉપર ગયા પછી પંડકવન આવેલ છે. તેનો વિસ્તાર ચારસો ચોરાણું યોજન છે.

ચારે લઘુ મેરુનો ઉપરનો વિસ્તાર અને નીચેની ઊંડાઇ મહામેરુ પર્વત તુલ્ય છે.

**ચૂલિકા–** ચૂલિકા પણ મહામેરુ પર્વત તુલ્ય છે.

---

૧. મહામેરુ પર્વત ૧ હજાર યોજન જમીનમાં હોવાથી ઉપર ૯૯ હજાર યોજન છે. ૯૯માંથી ૧૫ બાદ કરતાં ૮૪ થાય. એ દૃષ્ટિએ ૧૫ હજાર જણાવ્યું છે.


ભદ્રશાલ વનના ૮ વિભાગો
કુલ ૫૪,૦૦૦ યોજન
માલ્યવંત પર્વત
સોમનસ પર્વત
ગંધમાદન પર્વત
વિદ્યુત્પ્રભ પર્વત
ઉત્તર કુરુક્ષેત્ર
ઉત્તર કુરુક્ષેત્ર
દેવ કુરુક્ષેત્ર
દેવ કુરુક્ષેત્ર
ભદ્રશાલ વન
મેરુ પર્વત
સીતા નદી
સીતા નદી
સીતોદા નદી
સીતોદા નદી
પૂર્વ
પશ્ચિમ
ઉત્તર
દક્ષિણ
૧ પૂર્વ તરફનો ઉત્તર વિભાગ
૨ પૂર્વ તરફનો દક્ષિણ વિભાગ
૩ દક્ષિણ તરફનો પૂર્વ વિભાગ
૪ દક્ષિણ તરફનો પશ્ચિમ વિભાગ
૫ પશ્ચિમ તરફનો દક્ષિણ વિભાગ
૬ પશ્ચિમ તરફનો ઉત્તર વિભાગ
૭ ઉત્તર તરફનો પશ્ચિમ વિભાગ
૮ ઉત્તર તરફનો પૂર્વ વિભાગ

**વૃત્તપરિક્ષેપ(=પરિધિ)–** ગોળાકાર ક્ષેત્રના વ્યાસનો વર્ગ કરીને, તેને દસથી ગુણીને જે આવે તેનું વર્ગમૂળ કાઢતા જે આવે તે, તે ક્ષેત્રનો વૃત્તપરિક્ષેપ(=પરિધિ=ગોળાકાર ક્ષેત્રની ગોળાઇ) આવે છે. આ પરિધિને વ્યાસના ચોથા ભાગથી ગુણતા જે આવે તે ક્ષેત્રનું ક્ષેત્રફળ (આવે) કહેવાય છે.

**જ્યા (જીવા)–** ગોળાકાર ક્ષેત્રની વિષ્કંભ કલામાંથી ઇષુકલા બાદ કરતા ઇચ્છાવગાહોનાવગાહ આવે. તેને વિષ્કંભથી ગણીને જે આવે તેને ફરીથી ચાર વડે ગુણવા. જે આવે તેનું વર્ગમૂળ કાઢતા જે આવે તે, તે ક્ષેત્રની જ્યા આવે.

**ઇષુ–** વિષ્કંભના વર્ગમાંથી જીવાના વર્ગને બાદ કરવો. બાકી જે રહે તેનું વર્ગમૂળ કાઢવું. તે વર્ગમૂળ ગોળાકાર ક્ષેત્રમાંથી બાદ કરી જે શેષ આવે તેનું અડધું આવે તે, તે ક્ષેત્રનું ઇષુ જાણવું.

**ધનુઃપૃષ્ઠ–** ગોળાકાર ક્ષેત્રના ઇષુનો વર્ગ કરવો પછી તેને છ ગુણા કરવા જે આવે તેમાં તે ક્ષેત્રની જીવાનો વર્ગ ઉમેરવો પછી સરવાળો આવે તેનું વર્ગમૂળ કાઢવું. યોજન કરવા માટે ૧૯ કલાથી ભાગ દેવો. જે આવે તે, તે ક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ જાણવું.

**ઇષુકલા–** ઇષુને ૧૯થી ગુણતા જે આવે તે ઇષુકલા કહેવાય છે. ઇષુકલા કરવાનું પ્રયોજન માત્ર ગણિતની સુગમતા માટે જ છે. નહીંતર અપૂર્ણાંક યોજનના ગણિત બહુ વિકટ થઇ જાય માટે બધે ઇષુકલા કરીને જ ગણિત કરવામાં આવે છે.

**વૃત્તક્ષેત્રનો વિષ્કંભ–** જીવાનો વર્ગ કરી તેને ચારથી ભાગવા. જે આવે તેને ઇષુના વર્ગમાં ઉમેરવા. જે સરવાળો આવે તેને ઇષુથી ભાગવામાં આવે તે સ્વાભાવિક વૃત્ત(ગોળ)ક્ષેત્રનો વિષ્કંભ થાય છે.

**બાહા–** બાહા એટલે ગોળાકાર જે વસ્તુ હોય તેમાંના છેડા સિવાયના કોઇ એક ક્ષેત્ર આદિના ઉત્તર-દક્ષિણ પહોળાઇ સિવાયના પૂર્વ-પશ્ચિમ

બાજુના અંત ભાગના બંને છેડાના જે પડખા તે પડખાની પહોળાઈ તે બાહા કહેવાય છે. છેડા સિવાયના એટલે ભરતક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્રના સિવાયના વચમાં રહેલા ક્ષેત્ર પર્વતોને બાહા હોય.

આ કરણસાધનથી સર્વ ક્ષેત્રોની, સર્વ પર્વતોની પહોળાઇ, વિષ્કંભ, જ્યા, ઇષુ, ધનુઃપૃષ્ઠના માપોની ગણતરી કરાય છે. (૩-૧૧)

**टीका–** तानि विभक्तुं शीलमेषामिति तद्विभाजिनः, पूर्वापरायता अकृत्रिमनिवेशत एव, हिमवदादयो वर्षधरपर्वता इति सूत्रसमुदायार्थः, अवयवार्थस्तु 'तेषां वर्षाणां विभक्तार'इत्यादि भाष्यादवसेयः, एतच्च प्रायो गतार्थं, नवरं एवं शेषा इत्यत्र हरिवर्षविदेहयोर्विभक्ता निषधः, विदेहरम्यकयोर्विभक्ता नीलः, रम्यकहैरण्यवतयोर्विभक्ता रुक्मी, हिरण्यवतैरावतयोर्विभक्ता शिखरीति ।

एषामेव क्षेत्राणां प्रमाणमाह–तत्र पञ्च योजनशतानि षड्विंशत्यधिकानि षडेकोनविंशतिभागा योजनस्य भरतविष्कम्भः, भरतं ह्यारोपितचापाकारं तदस्यायमिषुरिति, एवमेकमभिधाय शेषाभिधित्सयाऽऽह–'स द्विर्द्विर्हिमवद्धैमवतादीनामामहाविदेहेभ्य इति' स भरतेषुः द्विगुणो द्विगुणः हिमवद्धैमवतादीनामिति पर्वतक्षेत्राणां भवति, आमहाविदेहेभ्यो महाविदेहानि यावत्, तद्यथा–हिमवच्छिखरिणोः योजनसहस्रं द्व्युत्तरपञ्चशताऽधिकं द्वादश चैकोनविंशतिभागा योजनस्य, हैमवतहिरण्यवतयोः सहस्रद्वयं शतं च पञ्चोत्तरं पञ्च चैकोनविंशतिभागा योजनस्य, महाहिमवद्रुक्मिणोश्चत्वारि सहस्राणि शतद्वयं दशोत्तरं दश चैकोनविंशतिभागा योजनस्य, हरिरम्यकयोरष्टौ सहस्राणि चत्वारि शतान्येकविंशत्यधिकानि एकश्चैकोनविंशतिभागो योजनस्य, निषधनीलयोः षोडश सहस्राण्यष्टौ शतानि द्व्युत्तरचत्वारिंशताधिकानि भवन्ति द्वौ चैकोनविंशतिभागौ योजनस्य, विदेहानां त्रयस्त्रिंशत् सहस्राणि षट् शतानि चतुरशीत्यधिकानि चत्वारश्चैकोनविंशतिभागा योजनस्येति ।

'परतो विदेहेभ्योऽर्द्धार्द्धहीना' इति नीलादीनां प्रमाणमाचष्टे लाघविक आचार्यः, विदेहक्षेत्रेषुतः अर्द्धहीनो नीलेषुर्भवति, सोऽर्द्धहीनो रम्यकेषुः, इत्येवं यावदैरावतक्षेत्रमिति ।

अधुनैषां हिमवदादीनां कुलपर्वतानामवगाहोच्छ्रायौ प्रतिपादयति- 'पञ्चविंशती'त्यादि, उच्छ्रायचतुर्भागोऽवगाहः सर्वेषां, उच्छ्रायो योजनशतम् अवगाहः पञ्चविंशतिर्योजनानि हिमवतः, एतदेव द्विगुणं समुच्छ्रायोऽ-वगाहप्रमाणं महाहिमवतः योजनशतद्वयसमुच्छ्रायः पञ्चाशदवगाहः, एतद्विगुणं निषधस्य चत्वारि शतान्युच्छ्रायः शतमवगाह इति, नीलादीनां निषधादिभिः तुल्यौ उच्छ्रायावगाहौ इति ।

इदानीं जीवाधनुःकाष्ठे कथयति-'भरतवर्षस्ये'त्यादि भाष्यम्, हिमवत आराद्भागवर्तिनी जीवेयं प्रतिपत्तव्या, धनुःकाष्ठं च, इषुर्यथोक्तो विष्कम्भ इति, प्रागभिहितोऽपि पुनरिहोपन्यस्त इषुरिति, तत्रैवं नोक्तस्त-स्मात् पुनरुपन्यास इति ।

'भरतक्षेत्रमध्ये' इत्यादि, वैताढ्यपर्वतो दक्षिणोत्तरार्धविभागकरो विद्याधराधिवासः पञ्चाशत्षष्टिनगरयुक्तः दक्षिणोत्तरश्रेणिद्वयालङ्कृतो गुहाद्वयोपशोभितश्च प्रतिपत्तव्यः ।

'विदेहेष्वि'त्यादि, मेरुगिरेर्दक्षिणतो निषधस्योत्तरतो देवकुरवो भवन्ति, ते च काञ्चनपर्वतशतेनोपशोभिताः, ह्रदपञ्चकोभयपर्यन्तावस्थितैर्दशदशभिः काञ्चनपर्वतैर्विभूषिताः, शीतोदानदीपूर्वापरगौ निषधाच्चतुस्त्रिंशाष्टशत-सचतुःसप्तभागान्तरौ चित्रविचित्रकूटौ योजनसहस्रोच्चौ तावदधोविस्तृतौ तदर्धमुपरि, ताभ्यां विराजिता इति ।

'विदेहा'इत्यादि, मन्दरगिरिणा देवकुरूत्तरकुरुभिश्च विभक्ता व्यव-च्छिन्नमर्यादाः स्थापिताः एते क्षेत्रान्तरवद्भवति, तत्र मनुष्यादीनां परस्परेण गमनागमनाभावात्, अतः पूर्वे चापरे च उभये विदेहा भवन्ति, मेरोः

पूर्वतः पूर्वेऽपरतोऽपरे, तत्र पूर्वविदेहेषु षोडश चक्रवर्त्तिविजया नदी-पर्वतविभक्ताः परस्परस्यागम्याः चक्रवर्त्तिनां विजेतव्या विभोक्तव्याश्च, नदीभिर्गिरिभिश्च विभक्ताः परस्परेण अगम्याः क्षेत्रविशेषा इत्यर्थः,

अधुना अपरानपि अतिदिशति-अपरेऽप्येवंलक्षणाः षोडशैव चक्र-वर्त्तिविजयाः सरिद्गिरिविभक्ताः परस्परासम्भाव्यमानगमना इति ।

अधुना उत्तरभागवर्त्तिपर्वतान् प्रमाणतो निदर्शयति 'तुल्यायाम' इत्यादि भाष्यमेव सुज्ञानम् ।

'क्षुद्रमन्दरास्त्वि'त्यादि, धातकीखण्डे द्वौ पुष्करद्वीपार्धे द्वावित्येवं चत्वारोऽपि क्षुल्लकमन्दरा भवन्ति, जम्बूद्वीपमध्यवर्त्तिमेरोर्हीनप्रमाणाः, तच्च दर्शयति-महामन्दरात् पञ्चदशभिर्योजनसहस्रैर्हीनोच्छ्रायाः, चतुर-शीतियोजनसहस्रोच्छ्रिता इत्यर्थः, तथा षड्भिर्योजनशतैर्धरणितले हीनविष्कम्भाः चतुःशताधिकनवसहस्रविष्कम्भा इत्यर्थः ।

तेषां चतुर्णामपि प्रथमं काण्डं महामन्दरतुल्यं धरणिमवगाढं, सहस्र-प्रमाणमित्यर्थः, द्वितीयं सप्तभिर्हीनं, षट्पञ्चाशत्सहस्रमानं, तृतीयं काण्डं अष्टाभिः सहस्रैर्हीनं महामेरोः सकाशाद्, अष्टाविंशतिसहस्रप्रमाणमित्यर्थः,

भद्रशालनन्दनवने महामन्दरे इव द्रष्टव्ये, धरण्यां भद्रशालवनं तदुपरि पञ्चशतात् नन्दनमिति, तदुपरि अर्धषट्पञ्चाशत्सहस्राण्यारुह्य सौमनसं, पञ्च शतानि नन्दनवनेनाक्षिप्तानि, सौमनसेन पञ्च शतानि, आक्षिप्तानि, द्वितीयकाण्डस्यान्तेऽर्द्धषड्पञ्चाशत्सहस्राणि गत्वा तत् पञ्चशतविस्तीर्णमेव भवति, ततोऽष्टाविंशतिसहस्राणि आरुह्य पाण्डकवनं चतुर्नवतिचतुः-शतविस्तीर्णमेवावसेयं, तत्रोपरि अधश्च विष्कम्भोऽवगाहश्च तुल्यो महा-मन्दरेण यथासङ्ख्यमत्राभिसम्बन्धः उपरि मस्तके यो विष्कम्भः स महामन्दरेणैषां तुल्यः, सहस्रप्रमाण इत्यर्थः, अधश्च योऽवगाहः सोऽपि महामन्दरेण तुल्यो, योजनदशसहस्रमान एषां भवन्ति ।

चूलिका चैषां महामन्दरचूलासदृशी प्रमाणतोऽवसातव्येति ।

अधुना लाघवार्थं द्वीपानां परिधिगणितपदजीवाद्यानयनाय करणोपाया भण्यन्ते–

तत्र ईप्सितवृत्तक्षेत्रपरिधेरानयनायेदं करणसूत्रं–विष्कम्भकृतेर्दशगुणाया मूलं वृत्तपरिक्षेपः विष्कम्भो योजनशतसहस्रं, तल्लक्षगुणं कृतिर्वर्गो भवति, पुनर्दशगुणा क्रियते, पश्चान्मूलमानीयते, तद् वृत्तक्षेत्रपरिक्षेपः,

तत्र योजनराशौ उपलब्धव्ये त्र्येकषड्द्विद्विकसप्तकैः क्रमेण मूलमानेतव्यं, ततोऽयं राशिरधस्ताज्जातः ६३२४५४, एषोऽर्द्धेन छिन्नो योजनत्रिलक्षषोडशसहस्रसप्तविंशतिद्विशतसङ्ख्यो भवति, शेषमुपरीदं ४८४४७१ चतुर्भिर्गुण्यते, चतुर्गव्यूतं योजनं यतः, ततोऽयं गव्यूतराशिर्भवति १९३७८८४, षडादिराशिना ६३२४५४ भागो हार्यो, लब्धमिदं गव्यूतत्रितयं, शेषमुपरीदं ४०५२२, धनुःसहस्रद्वयेन गुण्यते, जातस्ततो धनूराशिः ८१०४४०००, षडादिराशिना भागे लब्धभागमिदं १२८, शेषमुपरीदं ८९८८८, षण्णवत्यङ्गुलं धनुर्भवतीति षण्णवत्या गुण्यते, जातोऽङ्गुलराशिः ८६२९२४८, षडादिराशिना भागे लब्धमिदं १३, शेषमुपरीदं ४०७३४६, द्वाभ्यां गुण्यते, यतोऽर्द्धाङ्गुलद्वयेनैकमङ्गुलं भवति, जातोऽर्द्धाङ्गुलराशिः ८१४६९२, षडादिराशिना भागे लब्धमिदं १, शेषार्द्धाङ्गुलभागा एतावन्त उद्धरिताः १८२२३८, अधस्तात् षडादिराशिः, एष जम्बूद्वीपपरिधिः, वृत्तग्रहणं चतुरस्रादिक्षेत्रव्यावृत्त्यर्थं, परिक्षेपग्रहणं विष्कम्भेषुजीवादिव्यावृत्त्यर्थमिति ।

अधुना गणितपदमानीयते जम्बूद्वीपस्य, तत्रेदं करणसूत्रं 'स विष्कम्भपादाभ्यस्तो गणितं' प्रक्रान्तविष्कम्भो लक्षमेकः पादः पञ्चविंशतिः सहस्राणि, विष्कम्भपादेनाभ्यस्तो–गुणितो विष्कम्भपादाभ्यस्तः, स इति परिधिर्जम्बूद्वीपस्य अभिसम्बन्ध्यते, प्रक्रान्तार्थपरामर्शित्वात्

सर्वनामशब्दानां, गणितमिति गणितपदमित्यर्थः, जम्बूद्वीपे योजनप्रमाणानि चतुरस्रखण्डान्येतावन्ति भवन्तीति वाक्यार्थः ।

तत्र परिधियोजनराशिः पञ्चविंशतिसहस्रगुणितोऽयं ७९०५६७५०००, गव्यूतत्रितयं पञ्चविंशतिसहस्रगुणं जातमिदं ७५०००, गव्यूतराशिश्चायं योजनीक्रियते, चतुर्भिर्भागे लब्धमिदं १८७५०, योजनराशिरयं, धनूराशिरपि पञ्चविंशतिसहस्रगुणो जातमिदं ३२०००००, अयमपि धनूराशिर्यो-जनीक्रियते, 'अष्टौ धनुःसहस्राणि योजनं भवती'ति वचनात् अष्टाभिः सहस्रैर्भागे लब्धमिदं ४००, अयमपि योजनराशिरनन्तरराशौ प्रक्षिप्तो, जातमिदं १९१५०, अयमपि सप्तकोट्यादिराशौ, जातमिदं ७९०५६९४१५०, अङ्गुलराशिः पञ्चविंशतिसहस्रगुणो, जातमिदं ३२५०००, अर्द्धाङ्गुलं पञ्चविंशतिसहस्रगुणं, जातमिदं २५०००, अस्यार्द्धाङ्गुलराशेरर्द्धं गृह्यते, ततोऽङ्गुलानि लभ्यन्तेऽमूनि १२५००, एतान्यङ्गुलराशौ क्षिप्यन्ते, जातमिदं ३३७५००, ततः षण्णवत्या भागो, यस्मात् षण्णवत्यङ्गुलं धनुर्भवति, भागे लब्धमिदं ३५१५, अयं धनूराशिः, शेषमङ्गुलं षष्टिः, अस्य धनुराशेर्भागे सहस्रद्वयेन लब्धमेकं गव्यूतं, शेषमिदं १५१५ ।

अधुना जीवानयनमुच्यते-इच्छावगाहोनावगाहाभ्यस्तस्य विष्कम्भस्य चतुर्गुणस्य मूलं ज्या ईप्सितोऽवगाहो यावान् स इच्छावगाहस्तेनोनो विष्कम्भः इच्छावगाहोनः, पुनरवगाहेन अभ्यस्यते-गुण्यते, इच्छावगाहो-नश्चासाववगाहाभ्यस्तश्च इच्छावगाहोनावगाहाभ्यस्तस्तस्य पुनर्चतुर्भि-र्गुणितस्य यन्मूलं सा मण्डलक्षेत्रजीवा भवतीति ।

अत्र विष्कम्भो योजनलक्ष ईप्सितावगाहोनः क्रियते, ईप्सितश्चायं ५२६ षट् कलाः, एष उपरितनो राशिः संवर्ण्यते, कलीक्रियते इत्यर्थः, एकोनविंशत्या गुण्यते, जातमिदं ९९९४, अत्र षट् कलाः क्षिप्यन्ते, जातमिदं १००००, विष्कम्भराशिरपि संवर्ण्यते एकोनविंशत्या, जातमिदं

१९०००००, एषोऽवगाहराशिरमुतः पात्यते, जातमिदं १८९००००, पुनरवगाहराशिना गुण्यते, जातमिदं १८९००००००००, ततश्चतुर्भिर्गुण्यते जातमिदं ७५६००००००००, अस्य मूलं जीवा भवति, तच्च ग्राह्यं द्विसप्तचतुष्कनवपञ्चचतुष्कैः, क्रमेण जातमिदं २९७८८४/५४९९०८, अधस्त्योऽर्द्धेन छिन्नो जातमिदं २७४९५४, अस्य राशेरेकोनविंशत्या भागे लब्धमिदं १४४७१, कलाश्च पञ्च, शेषं यदुद्धरितं तत्रैका न्यूना कला लभ्यत इत्येषा जीवा ।

अधुना करणसूत्रमेवेषोरानयनायाह–ज्याविष्कम्भयोर्वर्गविशेषमूलं विष्कम्भाच्छोध्यं शेषार्द्धमिषुः जीवावर्गस्य विष्कम्भवर्गस्य च विशेषः तस्य मूलं विष्कम्भाच्छोद्यते, शेषस्य यदर्धं स इषुर्भवति, तत्र जीवा-वर्गोऽयं ७५६००००००००, विष्कम्भवर्गश्चायम् एकषष्ट्युत्तरत्रिशतगुणः ३६१००००००००००, अस्माज्जीवावर्गे विशुद्धे शेषमिदं भवति ३५३४४००००००००, अस्य मूलमादीयते शून्याष्टकस्यार्द्धेन चत्वारि शून्यानि, शेषस्य मूलमेकाष्टकाष्टकैः, लब्धमिदं १८८००००, एतद्विष्कम्भाद् एकोनविंशतिगुणाच्छोध्यं, शेषं जातमिदं २०००० अस्यार्द्धेनेदं १००००, अस्यैकोनविंशत्या भागे लब्धमिदं ५२६ षड् कला इषुरिति ।

अधुना धनुःकाष्ठानयनाय करणसूत्रम्–इषुवर्गस्य षड्गुणस्य ज्या-वर्गयुतस्य (कृतस्य) मूलं धनुःकाष्ठं इषोः कलीकृतस्यायं वर्गः १००००००००, एष षड्भिर्गुण्यते, जातमिदं ६००००००००, एष ज्यावर्गे क्षिप्यते, ज्यावर्गश्चायं ७५६००००००००, जातमिदं ७६२००००००००, अस्य मूलमात्रं धनुःकाष्ठं भवति, तच्च द्विक २ सप्तक ७ षट् ६ शून्यचतुष्क ४ त्रिकैः क्रमेणादीयते, ततोऽयं राशिर्भवति २६२१५१/५५२०८६, अधस्त्यार्द्धेन छिन्नस्यैकोनविंशत्या भागे लब्धमिदं १४५२८, एकादश चैकोनविंशतिभागा इति ।

सम्प्रति विष्कम्भानयनाय करणसूत्रमिदं-ज्यावर्गचतुर्भागयुतमिषु-वर्गमिषुविभक्तं तत् प्रकृतिवृत्तविष्कम्भः जीवावर्गचतुर्भागेन युक्त इषुवर्ग इषुणा विभक्तः स स्वभाववृत्तक्षेत्रविष्कम्भो भवति, ज्यावर्गः ७५६०००००००० अस्य चतुर्भागोऽयं १८९००००००० एष इषुवर्गे क्षिप्यते, इषुवर्गश्चायं १००००००००, एकीकृत्यमिदं जातं १९००००००००, भागपरावृत्त्या एकषष्ट्यधिकशतत्रयेणेषुर्गुण्यते, एकोनविंशतिभागेनैकः स गुणकारः, उपरितनस्य, इतरस्य चैकोन-विंशतिभागेनैकोनविंशतिरेव शून्यचतुष्कापगमेऽनया भागलब्धमिदं १००००० ।

अधुना बाहुरानीयते, तत्रेदं करणसूत्रं-उदग्धनुःकाष्ठाद्दक्षिणं शोध्यं शेषार्द्धं बाहुरिति, उदग्धनुःकाष्ठमिदं २५२३० चत्वारश्चैकोनविंशतिभागाः, अमुष्माद्दक्षिणं धनुःकाष्ठं पात्यते, तत्त्विदं १४५२८ एकादश चैकोन-विंशतिभागाः, पातिते उपरितनराशिरयं १०७०२, अधस्तादेकादश कला न पतन्ति चतसृभ्यः कलाभ्य इतिकृत्वा उपरितनराशेः रूपमवतार्यते, एकोनविंशतिमध्यादेकादश शुद्धा अष्टौ शेषाः, कलाचतुष्टयक्षेपाद् द्वादश जाताः, अर्द्धेन षट्, उपरितनराशिर्न ददात्यर्द्धमतो रूपमेकमवतार्यते, एकोनविंशतिरपि नार्द्धं ददातीत्येकोनविंशते रूपं (अप)नीयते, तस्यार्द्धेन अर्द्धकलाः, अष्टादशानामर्द्धेन नव, नव षट् च पञ्चदश कलाः सार्द्धा जाताः, उपरितनराशेरर्द्धे चेदं ५३५०, एतावती बाहुः क्षुल्लहिमवत इति,

अनेन परिक्षेपाद्यानयनकरणाभ्युपायेन सर्वक्षेत्राणां सर्वपर्वतानां चायामविष्कम्भज्येषुधनुःकाष्ठप्रमाणान्यवगन्तव्यानीति ।

अपरे पुनर्विद्वांसोऽतिबहूनि स्वयं विरचय्यास्मिन् प्रस्तावे सूत्राण्यधीयते विस्तरप्रदर्शनाभिप्रायेण तत्त्वयुक्तम्, अयं संग्रहः सूरिणा संक्षेपः कृत इत्यत्र विस्तराभिधानमपाचीनमाचक्षते प्रवचननिपुणाः ।

अथ विस्तरतो विभक्तिस्ततो ग्रन्थलक्षविवक्षितपरिभाषितायाः जम्बूद्वीपदेशनायाः पटुप्रज्ञैस्तैर्विस्तृणद्भिरपि कियदत्र विस्तृतं स्यात् ?, विस्तरार्थिनो बहुगुणः सिद्धान्त एव तत्कृतसूत्रेभ्यः इत्यत उपेक्षणीय-स्तदभिप्राय इति ॥३-११॥

**ટીકાર્થ–** तद्विभाजिनः=તેમનો(=ક્ષેત્રનો) વિભાગ કરવા માટે જેમનો સ્વભાવ છે તે तद्विभाजिनः.

पूर्वापरायताः=અકૃત્રિમ સ્થિતિથી જ પૂર્વ-પશ્ચિમ લાંબા છે.


હિમવાન વગેરે વર્ષધર પર્વતો છે.

આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો तेषां वर्षाणां विभक्तारः इत्यादि ભાષ્યથી જાણવો. આ સૂત્ર પ્રાયઃ જણાઇ ગયેલા અર્થવાળું છે. ફક્ત આ વિશેષ છે- एवं शेषाः એ ભાષ્ય સ્થળે આ જાણવું- નિષધપર્વત હરિવર્ષ અને મહાવિદેહ એ બે ક્ષેત્રનો વિભાગ કરે છે. નીલ-પર્વત મહાવિદેહ અને રમ્યક્ એ બે ક્ષેત્રનો વિભાગ કરે છે. રુક્મિપર્વત રમ્યક્ અને હૈરણ્યવત એ બે ક્ષેત્રનો વિભાગ કરે છે. શિખરીપર્વત હિરણ્યવત અને ઐરાવત એ બે ક્ષેત્રનો વિભાગ કરે છે.

આ ક્ષેત્રોનાં જ પ્રમાણને કહે છે- તેમાં ભરતક્ષેત્રનો વિષ્કંભ ૫૨૬ યોજન અને ૬/૧૯ કળા છે. ભરતક્ષેત્ર જેમાં બાણ ચઢાવ્યું હોય તેવા ધનુષ્યના આકારવાળું છે. તેથી ભરતક્ષેત્રનો ૫૨૬ યોજન ૬/૧૯ કલા ઈષુ છે.

**ભરતક્ષેત્રનો વિષ્કંભ**

૨૩૮ +૩ કળા
+ ૫૦
+ ૨૩૮ +૩ કળા
= ૫૨૬ યો. ૬ કળા



આ પ્રમાણે એકને કહીને બાકીના પર્વત-ક્ષેત્રોનું પ્રતિપાદન કરવાની ઇચ્છાથી કહે છે- ભરતના ઇષુથી હિમવાન-હૈમવત આદિ પર્વત-ક્ષેત્રનો ઇષુ મહાવિદેહ સુધી બમણો-બમણો છે. તે આ પ્રમાણે- હિમવાન અને શિખરી એ બે પર્વતોનો ઇષુ ૧૦૫૨ યોજન ૧૨/૧૯ કલા છે. હૈમવત અને હિરણ્યવત એ બે ક્ષેત્રનો ઇષુ ૨૧૦૫ યોજન ૫/૧૯ કલા છે. મહાહિમવાન અને રુક્મિ એ બે પર્વતોનો ૪૨૧૦ યોજન ૧૦/૧૯ કલા છે. હરિવર્ષ અને રમ્યક્ એ બે ક્ષેત્રનો ઇષુ ૮૪૨૧ યોજન ૧/૧૯ કલા છે. નિષધ અને નીલ એ બે પર્વતોનો ઇષુ ૧૬૮૪૨ યોજન ૨/૧૯ કલા છે. મહાવિદેહ ક્ષેત્રનો ઇષુ ૩૩૬૮૪ યોજન ૪/૧૯ કલા છે.

परतो विदेहेभ्योऽर्धार्धहीनाः એમ કહીને સંક્ષેપમાં બતાવવામાં કુશળ આચાર્ય નીલ આદિના પ્રમાણને કહે છે. મહાવિદેહ ક્ષેત્રના ઇષુથી નીલપર્વતનો ઇષુ અર્ધો હીન છે. નીલના ઇષુથી રમ્યક્નો ઇષુ અર્ધો હીન છે. આ પ્રમાણે ઐરાવત ક્ષેત્ર સુધી જાણવું.

હવે આ હિમવંત આદિ કુલપર્વતોનો અવગાહ અને ઊંચાઇ કહે છે- "पञ्चविंशति" इत्यादि, સર્વ પર્વતોની ઊંચાઇથી ચોથા ભાગની અવગાહના(=જમીનમાં ઊંડાઇ) છે. હિમવંત પર્વતની ઊંચાઇ ૧૦૦ યોજન અને અવગાહના ૨૫ યોજન છે. મહાહિમવાન પર્વતની ઊંચાઇ અને અવગાહનાનું પ્રમાણ આનાથી બમણું છે, અર્થાત્ મહાહિમવાન પર્વતની ઊંચાઇ ૨૦૦ યોજન અને અવગાહના ૫૦ યોજન છે. આનાથી બમણું માપ નિષધનું છે, અર્થાત્ નિષધની ઊંચાઇ ૪૦૦ યોજન અને અવગાહના ૧૦૦ યોજન છે. નીલ આદિ પર્વતોની ઊંચાઇ અને અવગાહના નિષધ આદિની સમાન છે.

**ભરતક્ષેત્રની વિશેષ માહિતી–**

[**છ ખંડ–** ભરતના બરોબર મધ્યભાગમાં પૂર્વ-પશ્ચિમ લાંબો વૈતાઢ્ય પર્વત છે. આથી ભરતના દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધ એમ બે ભાગ પડે છે તથા હિમવંત પર્વતના પદ્મદ્રહમાંથી નીકળેલી અને વૈતાઢ્ય

## જંબૂદ્વીપનાં સાત ક્ષેત્ર અને છ પર્વતોનો વિસ્તાર

| [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|---|---|
| ૧ | ભરત ક્ષેત્ર | ૧ | ૫૨૬ | ૬ | ૫૨૬ યોજન અને ૬ કળા પ્રમાણવાળા કુલ ૧૯૦ ખંડ થાય. |
| ૨ | હિમવંત પર્વત | ૨ | ૧૦૫૨ | ૧૨ | |
| ૩ | હૈમવંત ક્ષેત્ર | ૪ | ૨૧૦૫ | ૫ | |
| ૪ | મહા હિમવંત પર્વત | ૮ | ૪૨૧૦ | ૧૦ | |
| ૫ | હરિવર્ષ ક્ષેત્ર | ૧૬ | ૮૪૨૧ | ૧ | |
| ૬ | નિષધ પર્વત | ૩૨ | ૧૬૮૪૨ | ૨ | |
| ૭ | મહાવિદેહ ક્ષેત્ર | ૬૪ | ૩૩૬૮૪ | ૪ | |
| ૮ | નીલવંત પર્વત | ૩૨ | ૧૬૮૪૨ | ૨ | |
| ૯ | રમ્યક્ ક્ષેત્ર | ૧૬ | ૮૪૨૧ | ૧ | |
| ૧૦ | રુક્મિ પર્વત | ૮ | ૪૨૧૦ | ૧૦ | |
| ૧૧ | હૈરણ્યવત ક્ષેત્ર | ૪ | ૨૧૦૫ | ૫ | |
| ૧૨ | શિખરી પર્વત | ૨ | ૧૦૫૨ | ૧૨ | |
| ૧૩ | ઐરાવત ક્ષેત્ર | ૧ | ૫૨૬ | ૬ | |

## છ પર્વતોની જમીનથી ઊંચાઇ અને જમીનમાં ઊંડાઇ

| પર્વત → | હિમવંત | મહાહિમવંત | નિષધ | નીલ | રુક્મિ | શિખરી |
|---|---|---|---|---|---|---|
| બહાર → ઊંચાઇ | ૧૦૦ યોજન | ૨૦૦ યોજન | ૪૦૦ યોજન | ૪૦૦ યોજન | ૨૦૦ યોજન | ૧૦૦ યોજન |
| જમીનમાં → ઊંડાઇ | ૨૫ યોજન | ૫૦ યોજન | ૧૦૦ યોજન | ૧૦૦ યોજન | ૫૦ યોજન | ૨૫ યોજન |

પર્વતને ભેદીને પૂર્વ તથા પશ્ચિમ લવણ સમુદ્રમાં મળેલી અનુક્રમે ગંગા અને સિંધુ એ બે નદીઓ વહે છે. આથી ભરતના દક્ષિણાર્ધના ત્રણ અને ઉત્તરાર્ધના ત્રણ એમ છ ખંડ=ભાગ થાય છે. દક્ષિણાર્ધના ત્રણ ખંડોમાં જે મધ્યખંડ છે, તેના મધ્યભાગમાં ૯ યોજન પહોળી ૧૨ યોજન લાંબી અયોધ્યા નગરી છે. અયોધ્યાનગરીની ઉત્તર દિશાએ ૧૨ યોજન દૂર અષ્ટાપદ પર્વત આવેલ છે તથા આ ખંડમાં સાડા પચીસ આર્ય દેશો છે. તે સિવાયના બધા દેશો અનાર્ય છે. અન્ય પાંચ ખંડો પણ અનાર્ય છે.

દક્ષિણાર્ધના મધ્યખંડમાં રહેલા આર્ય દેશોમાં જ તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ વગેરે ઉત્તમ પુરુષો ઉત્પન્ન થાય છે.

**વૈતાઢ્ય પર્વતનું માપ–** ૫૦ યોજન પહોળો, ૨૫ યોજન ઊંચો તથા છ યોજન અને એક ગાઉ જમીનમાં ઊંડો છે. આ સંપૂર્ણ પર્વત ચાંદીનો છે.

**નવ કૂટો–** વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટો=શિખરો આવેલા છે. પહેલો સિદ્ધાયતન નામનો કૂટ પૂર્વ સમુદ્ર પાસે અને બાકીના આઠ પશ્ચિમ સમુદ્ર પાસે આવેલા છે. સિદ્ધાયતન કૂટ ઉપર એક સિદ્ધાયતન=શાશ્વત જિનમંદિર છે. તેમાં દરેક દિશામાં ૨૭-૨૭ એમ કુલ ૧૦૮ શાશ્વતી જિન પ્રતિમાઓ છે. બાકીના પ્રત્યેક શિખર ઉપર એક મહાન રત્નમય પ્રાસાદ છે. જ્યારે જ્યારે એ શિખરોના સ્વામી દેવો પોતાની રાજધાનીમાંથી અહીં આવે છે ત્યારે ત્યારે પ્રાસાદમાં આનંદથી રહે છે.

**વિદ્યાધરોનો વાસ–** વૈતાઢ્ય પર્વત ઉપર સમભૂતલા પૃથ્વીથી ઊંચે દશ યોજન જઈએ ત્યાં દશ યોજન પહોળી અને વૈતાઢ્ય પર્વત જેટલી જ લાંબી એક દક્ષિણમાં અને એક ઉત્તરમાં એમ બે મેખલા છે. બંને મેખલા ઉપર મેખલાના જ માપની વિદ્યાધરોની શ્રેણિઓ આવેલી છે. દક્ષિણ શ્રેણિમાં પચાસ અને ઉત્તર શ્રેણિમાં સાઠ નગરો છે. તેની આસપાસ તે તે નગરીના દેશો આવેલા છે. આ નગરીઓમાં ઉત્તમ કોટિના રત્નોના મહેલોમાં વિદ્યાધરો રહે છે.

**ઇન્દ્રના લોકપાલક દેવોના સેવકોનો વાસ–** વિદ્યાધરોની શ્રેણિથી ઊંચે દશ યોજન જઈએ ત્યાં દશ યોજન પહોળી અને વૈતાઢ્ય પર્વત જેટલી જ લાંબી એક દક્ષિણમાં અને એક ઉત્તરમાં એમ બે મેખલાઓ અને બે શ્રેણિઓ છે. તેમાં ઇન્દ્રના લોકપાલ દેવોના સેવકો રત્નમય ભવનોમાં રહે છે.

**વ્યંતરોની ક્રીડાનું સ્થાન–** ત્યાર બાદ ઊંચે પાંચ યોજન જતાં વૈતાઢ્ય પર્વતનો ઉપરનો ભાગ આવે છે. એના મધ્યમાં પદ્મવર વેદિકા

અને બંને બાજુ બગીચા છે. એ બગીચાઓમાં રહેલા ક્રીડાપર્વતો (=ક્રીડા કરવાના નાના નાના પર્વતો) ઉપર કદલીગૃહોમાં અને વાવ વગેરેમાં વ્યંતર દેવો ક્રીડા કરે છે.

**ગુફાઓ–** વૈતાઢ્ય પર્વતમાં પૂર્વ તરફ ખંડપ્રપાતા અને પશ્ચિમ તરફ તમિસ્રા નામની ગુફા છે. આ ગુફાઓ સદા અંધકારમય હોય છે. પ્રત્યેક ગુફા ૮ યોજન ઊંચી, ૧૨ યોજન પહોળી અને ૫૦ યોજન લાંબી છે.

**ઋષભ કૂટ–** હિમવંત પર્વતની નજીકમાં દક્ષિણ દિશામાં ગંગા અને સિંધુની વચ્ચે ઋષભ કૂટ નામે પર્વત છે. એના ઉપર ઋષભ નામના મહર્ધિક દેવનો વાસ છે.

### ૧૪ મહા નદીઓ + ૩૨ વિજયની ૬૪ નદીઓ અને ૧૨ અંતર નદીઓ = ૯૦ નદીઓ


(૧) **ગંગા નદી–** ગંગા નદી લઘુહિમવંત પર્વતના પદ્મદ્રહમાંથી પૂર્વ તરફ નીકળી ભરતક્ષેત્રમાં પૂર્વ દિશામાં ચાલી પોતાના ૧૪ હજાર નદીઓના પરિવાર સાથે પૂર્વ લવણ સમુદ્રમાં મળે છે.

(૨) **સિંધુ નદી–** સિંધુ નદી લઘુહિમવંત પર્વતના પદ્મદ્રહમાંથી પશ્ચિમ તરફ નીકળી ભરતક્ષેત્રમાં પશ્ચિમ દિશામાં ચાલી પોતાના ૧૪ હજાર નદીઓના પરિવાર સાથે પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે.


(૩) **રોહિતાંશા નદી–** રોહિતાંશા નદી લઘુહિમવંત પર્વતના પદ્મ દ્રહમાંથી ઉત્તર તરફ નીકળી હિમવંત ક્ષેત્રમાં પશ્ચિમ દિશામાં ચાલી પોતાના ૨૮ હજાર નદીઓના પરિવાર સાથે પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે.

(૪) **રોહિતા નદી–** રોહિતા નદી મહાહિમવંત પર્વતના મહાપદ્મ દ્રહમાંથી દક્ષિણ તરફ નીકળી હિમવંત ક્ષેત્રમાં પૂર્વ દિશામાં ચાલી પોતાના ૨૮ હજાર નદીઓના પરિવાર સાથે પૂર્વ લવણ સમુદ્રમાં મળે છે.

## જંબૂદ્વીપમાં ૧૪ મુખ્ય નદીઓનું સ્થાન




## ૧૨ અંતર નદીઓ



(૫) **હરિકાંતા નદી–** હરિકાંતા નદી મહાહિમવંત પર્વતના મહાપદ્મ દ્રહમાંથી ઉત્તર તરફ નીકળી હરિવર્ષ ક્ષેત્રમાં પશ્ચિમ દિશામાં ચાલી પોતાના ૫૬ હજાર નદીઓના પરિવાર સાથે પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે.

(૬) **હરિસલિલા નદી–** હરિસલિલા નદી નિષધ પર્વતના તિગિચ્છ દ્રહમાંથી દક્ષિણ તરફ નીકળી હરિવર્ષ ક્ષેત્રમાં પૂર્વ દિશામાં ચાલી પોતાના ૫૬ હજાર નદીઓના પરિવાર સાથે પૂર્વ લવણ સમુદ્રમાં મળે છે.

(૭) **સીતોદા નદી–** સીતોદા નદી નિષધ પર્વતના તિગિચ્છદ્રહમાંથી ઉત્તર તરફ નીકળી મહાવિદેહ ક્ષેત્રમાં પશ્ચિમ દિશામાં ચાલી પોતાના ૮૪ હજાર નદીઓના પરિવાર સાથે પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે.

(૮) **સીતા નદી–** સીતા નદી નીલવંત પર્વતના કેસરીદ્રહમાંથી દક્ષિણ તરફ નીકળી મહાવિદેહ ક્ષેત્રમાં પૂર્વ દિશામાં ચાલી પોતાના ૮૪ હજાર નદીઓના પરિવાર સાથે પૂર્વ લવણ સમુદ્રમાં મળે છે.

(૯) **નારીકાંતા નદી–** નારીકાંતા નદી નીલવંત પર્વતના કેસરી દ્રહમાંથી ઉત્તર તરફ નીકળી રમ્યક્ ક્ષેત્રમાં પશ્ચિમ દિશામાં ચાલી પોતાના ૫૬ હજાર નદીઓના પરિવાર સાથે પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે.

(૧૦) **નરકાંતા નદી–** નરકાંતા નદી રુકિમ પર્વતના મહાપુંડરીક દ્રહમાંથી દક્ષિણ તરફ નીકળી રમ્યક્ ક્ષેત્રમાં પૂર્વ દિશામાં ચાલી પોતાના ૫૬ હજાર નદીઓના પરિવાર સાથે પૂર્વ લવણ સમુદ્રમાં મળે છે.

(૧૧) **રુપ્યકુલા નદી–** રુપ્યકુલા નદી રુક્મિ પર્વતના મહાપુંડરીકદ્રહમાંથી ઉત્તર તરફ નીકળી હિરણ્યવંત ક્ષેત્રમાં પશ્ચિમ દિશામાં ચાલી પોતાના ૨૮ હજાર નદીઓના પરિવાર સાથે પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે.

(૧૨) **સુવર્ણકુલા નદી–** સુવર્ણકુલા નદી શિખરી પર્વતના પુંડરીકદ્રહમાંથી દક્ષિણ તરફ નીકળી હિરણ્યવંત ક્ષેત્રમાં પૂર્વ દિશામાં ચાલી પોતાના ૨૮ હજાર નદીઓના પરિવાર સાથે પૂર્વ લવણ સમુદ્રમાં મળે છે.

(૧૩) **રક્તા નદી–** રક્તા નદી શિખરી પર્વતના પુંડરીકદ્રહમાંથી પૂર્વ તરફ નીકળી ઐરવત ક્ષેત્રમાં પૂર્વ દિશામાં ચાલી પોતાના ૧૪ હજાર નદીઓના પરિવાર સાથે પૂર્વ લવણ સમુદ્રમાં મળે છે.

(૧૪) **રક્તાવતી નદી–** રક્તાવતી નદી શિખરી પર્વતના પુંડરીકદ્રહમાંથી પશ્ચિમ તરફ નીકળી ઐરવત ક્ષેત્રમાં પશ્ચિમ દિશામાં ચાલી પોતાના ૧૪ હજાર નદીઓના પરિવાર સાથે પશ્ચિમ લવણ સમુદ્રમાં મળે છે.

આ બધી નદીઓનો કુલ પરિવાર ૫,૬૦,૦૦૦ થયો.

મહાવિદેહમાં ૩૨ વિજયોમાં ૧૪-૧૪ હજારના પરિવારવાળી ૬૪ નદીઓ છે. આમ ૬૪ x ૧૪,૦૦૦ = ૮,૯૬,૦૦૦ નદીઓ થઈ. મહાવિદેહમાં ૧૨ અંતર નદીઓ છે. આમ જંબૂદ્વીપમાં ૧૪ + ૫,૬૦,૦૦૦ + ૬૪ + ૮,૯૬,૦૦૦ + ૧૨ = ૧૪,૫૬,૦૯૦ નદીઓ છે.

**તીર્થો–** ગંગા નદીનો જ્યાં સમુદ્ર સાથે સંગમ થાય છે ત્યાં માગધ નામે તીર્થ છે, સિંધુનો સમુદ્ર સાથે સંગમ થાય છે ત્યાં પ્રભાસ નામે તીર્થ છે, અને બંને તીર્થોની વચ્ચે વરદામ નામે તીર્થ છે. અહીં તીર્થ એટલે સમુદ્રમાં ઉતરવાનો માર્ગ.

**બિલો–** વૈતાઢ્ય પર્વતની દક્ષિણ દિશામાં ગંગા અને સિંધુના પૂર્વ અને પશ્ચિમ કાંઠા ઉપર નવ નવ બિલો છે. આથી કુલ ૩૬ બિલો= ગુફાઓ છે. એ જ રીતે વૈતાઢ્ય પર્વતની ઉત્તરમાં પણ ૩૬ બિલો છે. આમ કુલ ૭૨ બિલો છે. છઠ્ઠા આરામાં મનુષ્યો આ બિલોમાં વસે છે.


આ પ્રમાણે ભરતક્ષેત્રનું સામાન્ય વર્ણન પૂર્ણ થાય છે.


**લઘુ હિમવંત પર્વત–** ભરતક્ષેત્ર પછી લઘુ હિમવંત પર્વત છે. આ પર્વત ઉપર પદ્મ નામે દ્રહ=પાણીનો ધરો છે. એ દ્રહમાં પૃથ્વીકાયનું બનેલું મોટું કમળ છે. એ કમળની કર્ણિકામાં શ્રીદેવીનું ભવન છે. તેમાં

શ્રીદેવી રહે છે તથા તે પર્વત ઉપર ૧૧ કૂટો=શિખરો છે. તેમાં પહેલા સિદ્ધાયતન નામના કૂટમાં સિદ્ધમંદિરમાં દરેક દિશામાં ૨૭-૨૭ એમ કુલ ૧૦૮ જિનપ્રતિમાઓ છે. આ સંપૂર્ણ પર્વત સુવર્ણનો છે.

**૫૬ અંતર્દ્વીપો–** લઘુ હિમવંત પર્વતથી ગજદંતના આકારની ચાર દાઢા નીકળે છે. તેમાં બે દાઢા તે પર્વતના પૂર્વ છેડાથી નીકળીને અને બે દાઢા પશ્ચિમ છેડાથી નીકળીને લવણ સમુદ્રમાં આવે છે. દરેક દાઢા ઉપર સાત સાત દ્વીપો હોવાથી કુલ ૨૮ દ્વીપો છે. એ જ પ્રમાણે ૨૮ દ્વીપો

**લવણસમુદ્રમાં ૫૬ અંતરદ્વીપ**




પ૬ અંતરદ્વીપ
૮,૪૦૦ યોજન લાંબી દાઢા ઉપર સાત અંતરદ્વીપો
લવણસમુદ્ર
જંબૂદ્વીપની જગતી
૧,૦૦,૦૦૦ યોજન પ્રમાણ જંબૂદ્વીપ
લઘુ હિમવંત પર્વત

શિખરી પર્વતથી નીકળતી ચાર દાઢા ઉપર છે. આમ કુલ ૫૬ દ્વીપો છે. આ દ્વીપો લવણ સમુદ્રની અંદર હોવાથી અંતર્દ્વીપો તરીકે ઓળખાય છે.


અંતર્દ્વીપમાં રહેલા યુગલિકો ૮૦૦ ધનુષ્યની ઊંચાઇવાળા, પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આયુષ્યવાળા, એક દિવસના આંતરે આહાર કરનારા, ૬૪ પાંસળીવાળા, આયુષ્યના છ મહિના બાકી રહે ત્યારે સ્ત્રી-પુરુષરૂપ એક યુગલને જન્મ આપનારા, ૭૯ દિવસ અપત્યનું પાલન કરનારા હોય છે.

**હૈમવતક્ષેત્ર–** હિમવંત પર્વત પછી હૈમવતક્ષેત્ર આવેલું છે. તેના બરોબર મધ્યમાં વૈતાઢ્ય પર્વત આવેલો છે. તે વૃત્ત=ગોળાકારે હોવાથી વૃત્તવૈતાઢ્ય કહેવાય છે. એની આસપાસ સુંદર પદ્મવેદિકા અને બગીચો છે. તથા તેના માલિક દેવનો પ્રાસાદ છે. હૈમવતક્ષેત્રમાં રોહિતાંશા અને રોહિતા એ બે નદીઓ આવેલી છે. રોહિતાંશા નદી પદ્મદ્રહમાંથી ઉત્તર દિશા તરફ નીકળે છે. આગળ જતાં હૈમવંતક્ષેત્રના વૃત્તવૈતાઢ્યથી બે ગાઉ દૂર રહીને પશ્ચિમ દિશા તરફ વળે છે અને લવણ સમુદ્રને મળે છે. રોહિતાનદી મહાહિમવંત પર્વતના મહાપદ્મદ્રહમાંથી નીકળી દક્ષિણ દિશા તરફ વહે છે. આગળ જતાં વૃત્તવૈતાઢ્યથી બે ગાઉ દૂર રહીને પૂર્વદિશા તરફ વળે છે અને લવણસમુદ્રને મળે છે. આ ક્ષેત્રમાં સદા અવસર્પિણીના ત્રીજા આરા સમાન કાળ હોય છે. તેમાં રહેલાં યુગલિક જીવો એક દિવસના આંતરે આમળા પ્રમાણ આહાર લે છે. તેમનું એક પલ્યોપમનું આયુષ્ય હોય છે. શરીરની ઊંચાઇ એક ગાઉ હોય છે.


**મહાહિમવંત પર્વત–** હૈમવતક્ષેત્ર પછી ઉત્તર દિશામાં મહાહિમવંત પર્વત છે. તેના ઉપર મધ્યભાગમાં મહાપદ્મ નામનો દ્રહ છે. તેમાં આવેલા કમળની કર્ણિકા ઉપર હ્રીદેવીનું ભવન છે તથા એ પર્વત ઉપર પૂર્વ-પશ્ચિમ લાઇનમાં આઠ કૂટો છે. તેમાં પહેલા સિદ્ધાયતન કૂટ ઉપર જિનપ્રાસાદમાં દરેક દિશામાં ૨૭-૨૭ એમ કુલ ૧૦૮ પ્રતિમાઓ છે. બાકીના કૂટો ઉપર તેના માલિક દેવ-દેવીઓના પ્રાસાદો છે. આ સંપૂર્ણ પર્વત સુવર્ણનો છે.

**હરિવર્ષ ક્ષેત્ર–** મહાહિમવંત પર્વત પછી ઉત્તર દિશામાં હરિવર્ષ ક્ષેત્ર છે. તેના મધ્ય ભાગમાં વૃત્તવૈતાઢ્ય (=ગોળાકાર પર્વત) છે. આ ક્ષેત્રમાં હરિકાંતા અને હરિસલિલા એ બે નદીઓ છે. હરિકાંતા નદી મહાપદ્મદ્રહમાંથી નીકળીને ઉત્તર દિશા તરફ વહે છે. આગળ જતાં તે ક્ષેત્રના વૃત્તવૈતાઢ્યથી ચાર ગાઉ દૂર રહીને પશ્ચિમ દિશા તરફ વળીને લવણ સમુદ્રને મળે છે. હરિસલિલા નદી તિગિચ્છદ્રહમાંથી દક્ષિણ દિશા તરફ નીકળે છે. આગળ જતાં વૃત્તવૈતાઢ્યથી ચાર ગાઉ દૂર રહીને પૂર્વ દિશામાં વળીને લવણ સમુદ્રને મળે છે. આ ક્ષેત્રમાં સદા અવસર્પિણીના બીજા આરા સમાન કાળ હોય છે. તેમાં રહેલા યુગલિક જીવો બે દિવસના આંતરે બોર જેટલો આહાર લે છે. તેમનું આયુષ્ય બે પલ્યોપમનું હોય છે. શરીરની ઊંચાઈ બે ગાઉ હોય છે.

**ધાતકી ખંડમાં ૧૪ મહાક્ષેત્રો, ૧૨ વર્ષધર પર્વતો તથા ૨ ઈષુકાર પર્વતો**



## ધાતકીખંડ તથા પુષ્કરવરાર્ધમાંના ૧૪ ક્ષેત્રો અને ૧૪ પર્વતો




[હિમવંત આદિ વર્ષધર પર્વતો, ચિત્રાદિ વક્ષસ્કાર પર્વતો, વિજયોની અંદરના પર્વતો, વિદ્યુત્પ્રભ આદિ ગજદંત પર્વતો, પદ્મદ્રહાદિ દ્રહો, ગંગા આદિ મહાનદીઓ, ગંગાપ્રપાત આદિ કુંડો, શીતા મહાનદી અને શીતોદા મહાનદી પાસેના વનો આ બધાનો વિસ્તાર પૂર્વ પૂર્વ દ્વીપના વિસ્તાર કરતાં પછી પછીના દ્વીપમાં બેગુણ વિસ્તાર જાણવો. અર્થાત્ જંબૂદ્વીપમાં પર્વતો આદિનો જે વિસ્તાર છે તેનાથી દ્વિગુણ વિસ્તારવાળા ધાતકીખંડ દ્વીપના પર્વતો આદિનો વિસ્તાર જાણવો. ધાતકીખંડ દ્વીપમાં પર્વતો આદિનો જે વિસ્તાર છે તેનાથી બેગુણ વિસ્તારવાળા પુષ્કરવર દ્વીપાર્ધના પર્વતો આદિનો વિસ્તાર જાણવો. જ્યારે ઊંચાઇમાં બધે સરખા છે. અર્થાત્ જંબૂદ્વીપમાં જે ઊંચાઇ અને ઊંડાઇ છે તેટલી ઊંડાઇ અને ઊંચાઇ ધાતકીખંડમાં અને પુષ્કરવર દ્વીપાર્ધમાં જાણવી.]

**નિષધ પર્વત–** હરિવર્ષ ક્ષેત્ર પછી ઉત્તર તરફ નિષધ પર્વત છે. તેના મધ્ય ભાગમાં તિગિચ્છિદ્રહ છે. તેમાં આવેલા કમળની કર્ણિકા ઉપર ધી દેવીનું ભવન છે. પર્વત ઉપર પૂર્વ મુજબ શ્રેણિબદ્ધ નવ કૂટો છે. જિનપ્રાસાદ વગેરે પૂર્વ મુજબ સમજી લેવું.

**મહાવિદેહ ક્ષેત્ર–** નિષધ પર્વત પછી ઉત્તરદિશામાં મહાવિદેહ ક્ષેત્ર છે. તેના પૂર્વ મહાવિદેહ, પશ્ચિમ મહાવિદેહ, દેવકુરુ અને ઉત્તરકુરુ એમ ચાર વિભાગ છે. મેરુથી પૂર્વમાં પૂર્વ મહાવિદેહ, પશ્ચિમમાં પશ્ચિમ મહાવિદેહ, દક્ષિણમાં દેવકુરુ અને ઉત્તરમાં ઉત્તરકુરુ છે. શીતા નદીથી પૂર્વ મહાવિદેહના અને શીતોદા નદીથી પશ્ચિમ મહાવિદેહના બે વિભાગ પડે છે. એ બંને નદીઓની બંને બાજુ આઠ આઠ વિજયો છે. તેથી કુલ ૩૨ [1]વિજયો છે. દરેક વિજયનું પ્રમાણ ક્ષેત્રસમાસ આદિ ગ્રંથથી જાણી લેવું. એક એક વિજયની વચ્ચે ક્રમશઃ પર્વત અને નદી છે. જેમ કે– પહેલા વિજય, પછી પર્વત, પછી વિજય, પછી નદી, પછી વિજય, પછી પર્વત, પછી વિજય, પછી નદી. આઠ વિજયના આંતરા સાત થાય. એટલે આઠ વિજયની વચ્ચે ચાર પર્વતો અને ત્રણ નદીઓ છે. દરેક વિજયમાં છ ખંડો, ગુફાઓ, નદીઓ, બિલો, પર્વતો, તીર્થો, દ્રહો વગેરેની વિગત ભરતક્ષેત્રની જેમ જાણવી.


**ચાર ગજદંત પર્વતો–** મેરુપર્વતથી અગ્નિખૂણામાં સોમનસ નામનો, નૈઋત્યખૂણામાં વિદ્યુત્પ્રભ નામનો, વાયવ્યખૂણામાં ગંધમાદન નામનો, ઈશાનખૂણામાં માલ્યવંત નામનો ગજદંત પર્વત છે. આ પર્વતો હાથીદાંત જેવા આકારવાળા હોવાથી ગજદંત કહેવાય છે.

દેવકુરુમાં નિષધ પર્વતથી ઉત્તરમાં શીતોદા નદીના પશ્ચિમ અને પૂર્વ કિનારા ઉપર અનુક્રમે ચિત્ર અને વિચિત્ર એ બે કૂટો છે. ઉત્તરકુરુમાં

---

૧. આઠમી પુષ્કલાવતી વિજયમાં શ્રી સીમંધરસ્વામી, નવમી વત્સ વિજયમાં શ્રી યુગમંધરસ્વામી, ચોવીસમી નલિનાવતી વિજયમાં શ્રી બાહુસ્વામી, પચીસમી વપ્રાવતી વિજયમાં શ્રી સુબાહુસ્વામી છે.

## ॥ મહાવિદેહ ક્ષેત્ર... ॥


વનમુખ
વનમુખ
૮. પુષ્કલાવતીવિજય
૯. વત્સવિજય
૭. પુષ્કલવિજય
૧૦. સુવત્સવિજય
૬. મંગલાવર્તવિજય
૧૧. મહાવત્સવિજય
૫. આવર્તવિજય
૧૨. વત્સાવતીવિજય
૪. કચ્છાવતીવિજય
૧૩. રમ્યવિજય
૩. મહાકચ્છવિજય
૧૪. રમ્યકવિજય
૨. સુકચ્છવિજય
૧૫. રમણીયવિજય
૧. કચ્છવિજય
૧૬. મંગલાવતીવિજય
માલ્યવંતગિરિ
સૌમનસગિરિ
મેરુ પર્વત
ગંધમાદનગિરિ
વિદ્યુત્પ્રભગિરિ
૩૨. ગંધિલાવતીવિજય
૧૭. પદ્મવિજય
૩૧. ગંધિલવિજય
૧૮. સુપદ્મવિજય
૩૦. સુવલ્ગુવિજય
૧૯. મહાપદ્મવિજય
૨૯. વલ્ગુવિજય
૨૦. પદ્માવતીવિજય
૨૮. વપ્રાવતીવિજય
૨૧. શંખવિજય
૨૭. મહાવપ્રવિજય
૨૨. નલિનવિજય
૨૬. સુવપ્રવિજય
૨૩. કુમુદવિજય
૨૫. વપ્રવિજય
૨૪. નલિનાવતીવિજય
વનમુખ
વનમુખ

નીલવંત પર્વતથી દક્ષિણમાં શીતા નદીના પૂર્વ અને પશ્ચિમ કિનારા ઉપર અનુક્રમે સમક અને યમક એ બે પર્વતો છે.

**કાંચનપર્વતો–** દેવકુરુમાં શીતોદા નદીની અંદર એક સરખા અંતરવાળા ક્રમશઃ પાંચ દ્રહો છે. એ પ્રત્યેક દ્રહની પૂર્વ દિશામાં દશ દશ અને પશ્ચિમમાં દશ દશ કાંચન પર્વતો છે. પૂર્વમાં ૫૦ અને પશ્ચિમમાં ૫૦ મળીને કુલ સો કાંચન પર્વતો દેવકુરુમાં છે.

એ જ રીતે ઉત્તરકુરુમાં શીતા નદીની અંદર એક સરખા આંતરાવાળા ક્રમશઃ પાંચ દ્રહો છે. એ પ્રત્યેક દ્રહની પૂર્વમાં દશ દશ અને પશ્ચિમમાં દશ દશ કાંચન પર્વતો છે. આથી ઉત્તરકુરુમાં પણ ૧૦૦ કાંચન પર્વતો છે. આમ કુલ ૨૦૦ કાંચન પર્વતો છે.

મહાવિદેહ ક્ષેત્રમાં અવસર્પિણીના ચોથા આરા સમાન અને દેવકુરુ-ઉત્તરકુરુમાં પહેલા આરા સમાન કાળ હોય છે. દેવકુરુ-ઉત્તરકુરુમાં રહેલા યુગલિક જીવો ત્રણ દિવસના આંતરે તુવરના દાણા જેટલો આહાર લે છે. તેમનું આયુષ્ય ત્રણ પલ્યોપમનું અને શરીરની ઊંચાઇ ત્રણ ગાઉ હોય છે.

**બાકીના પર્વતો-ક્ષેત્રો–** મહાવિદેહ ક્ષેત્ર પછી ઉત્તર દિશામાં અનુક્રમે નીલવંત પર્વત, રમ્યક્ ક્ષેત્ર, રુક્મિ પર્વત, હૈરણ્યવત ક્ષેત્ર, શિખરી પર્વત અને ઐરાવત ક્ષેત્ર છે. એમની વિગત અનુક્રમે નિષધ પર્વત, હરિવર્ષ ક્ષેત્ર, મહાહિમવંત પર્વત, હૈમવત ક્ષેત્ર, લઘુ હિમવંત પર્વત અને ભરત ક્ષેત્ર મુજબ જાણવી. દ્રહો વગેરેનાં નામોમાં ફેરફાર છે. તે અહીં આપેલા કોઠામાંથી જાણી શકાય છે.]

**હવે જીવા અને ધનુકાષ્ઠને કહે છે–** "भरतवर्षस्य" इत्यादि, ભરતક્ષેત્રની જીવા ચૌદ હજાર ચાર સો ઇકોતેર યોજન અને ૬ ભાગ (૧૪૪૭૧-૬/૧૯) છે. આ જીવા હિમવાન પર્વતની પહેલાની જાણવી. ભરતક્ષેત્રનું ધનુકાષ્ઠ ચૌદ હજાર પાંચસો અઠાવીસ અને ૧૧ ભાગ (૧૪૫૨૮-૧૧/૧૯) છે. આ ધનુકાષ્ઠ હિમવાન પર્વતની પહેલાનું જાણવું.

## પર્વતોની વિશેષ માહિતીનું કોષ્ટક

| [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લઘુહિમવંત | ૧૧ | પદ્મ | શ્રી | પીળા સુવર્ણનો | ૧૦૦ યોજન | ૨૫ યોજન | ૨૪૯૩૨ યો. ૦॥ કલા | ૧૦૫૨ યો. ૧૨ કળા | પૂર્વ-ગંગા પશ્ચિમ-સિંધુ ઉત્તર-રોહિતાંશા |
| મહાહિમવંત | ૮ | મહાપદ્મ | હ્રી | સર્વ રત્નનો | ૨૦૦ યોજન | ૫૦ યોજન | ૫૩૯૩૧ યો. ૬॥ કલા | ૪૨૧૦ યો. ૧૦ કળા | દક્ષિણ-રોહિતા ઉત્તર-હરિકાંતા |
| નિષધ | ૯ | તિગિચ્છ | ધી | લાલ સુવર્ણનો | ૪૦૦ યોજન | ૧૦૦ યોજન | ૯૪૧૫૬ યો. ૨ કલા | ૧૬૮૪૨ યો. ૨ કળા | દક્ષિણ-હરિસલિલા ઉત્તર-સીતોદા |
| નીલ | ૯ | કેશરી | કીર્તિ | નીલા વૈડુર્ય રત્નનો | ૪૦૦ યોજન | ૧૦૦ યોજન | ૯૪૧૫૬ યો. ૨ કલા | ૧૬૮૪૨ યો. ૨ કળા | ઉત્તર-નારીકાંતા દક્ષિણ-સીતા |
| રુક્મિ | ૮ | મહાપુંડરીક | બુદ્ધિ | રૂપાનો | ૨૦૦ યોજન | ૫૦ યોજન | ૫૩૯૩૧ યો. ૬॥ કલા | ૪૨૧૦ યો. ૧૦ કળા | ઉત્તર-રૂપ્યકૂલા દક્ષિણ-નરકાંતા |
| શિખરી | ૧૧ | પુંડરીક | લક્ષ્મી | જાતિવંત સુવર્ણનો | ૧૦૦ યોજન | ૨૫ યોજન | ૨૪૯૩૨ યો. ૦॥ કલા | ૧૦૫૨ યો. ૧૨ કળા | પૂર્વ-રક્તા પશ્ચિમ-રક્તવતી દક્ષિણ-સુવર્ણકૂલા |

પૂર્વે ભરતક્ષેત્રનો જે વિષ્કંભ કહ્યો છે તે ઈષુ જાણવો.

**પ્રશ્ન–** પૂર્વે આ સૂત્રના ભાષ્યમાં तत्र पञ्चयोजनशतानि ઈત્યાદિથી ભરતક્ષેત્રનું પ્રમાણ કહ્યું જ છે તો પછી અહીં કહેવાની શી જરૂર છે ?

**ઉત્તર–** ત્યાં ઈષુ તરીકે નથી કહ્યું. અહીં ઈષુ તરીકે જણાવવા ફરી આનો ઉલ્લેખ કર્યો છે.

"भरतक्षेत्रमध्ये" इत्यादि, વૈતાઢ્યપર્વત ક્ષેત્રના દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધ એવા બે વિભાગ કરે છે. તેમાં વિદ્યાધરો રહે છે. તેની દક્ષિણશ્રેણિ અને ઉત્તરશ્રેણિ એ બે શ્રેણિઓ છે. દક્ષિણશ્રેણિમાં ૫૦ નગરો અને ઉત્તરશ્રેણિમાં ૬૦ નગરો છે તથા તેને બે ગુફાઓથી સુશોભિત જાણવો.

"विदेहेषु" इत्यादि, મેરુની દક્ષિણ તરફ અને નિષધની ઉત્તર તરફ દેવકુરુ ક્ષેત્ર છે. તે ક્ષેત્ર સો કાંચન પર્વતથી સુશોભિત છે. તેમાં શીતોદા નદીની અંદર (એક સરખા અંતરવાળા) પાંચ પાંચ દ્રહો છે. એ પ્રત્યેક દ્રહની પૂર્વમાં રહેલાં દશ દશ અને પશ્ચિમમાં રહેલા દશ દશ કાંચન પર્વતોથી દેવકુરુ અલંકૃત છે.

શીતોદા નદીના પશ્ચિમ અને પૂર્વ કિનારા ઉપર અનુક્રમે ચિત્ર અને વિચિત્ર પર્વતો છે. એ પર્વતો નિષધ પર્વતથી ઉત્તર દિશામાં ૮૩૪-૪/૭ યોજન દૂર છે.

આ બે પર્વતો એક હજાર યોજન ઊંચા, નીચે એક હજાર યોજન વિસ્તારવાળા અને ઉપર ૫૦૦ યોજન વિસ્તારવાળા છે. આવા ચિત્ર અને વિચિત્ર એ બે પર્વતોથી દેવકુરુ સુશોભિત છે.

'विदेहा' इत्यादि, મહાવિદેહક્ષેત્ર મેરુ પર્વતથી, દેવકુરુથી અને ઉત્તરકુરુથી જુદું કરાયેલું છે. જુદી કરાયેલી મર્યાદાઓથી સ્થાપિત છે. (આથી) એ ક્ષેત્ર એક ક્ષેત્રમાં હોવા છતાં જુદા ક્ષેત્રના જેવું થાય છે. કારણ કે ત્યાં મનુષ્ય વગેરેનું પરસ્પર ગમનાગમન થતું નથી.

મહાવિદેહ ક્ષેત્રના મેરુથી પૂર્વમાં આવેલ પૂર્વમહાવિદેહ અને પશ્ચિમમાં આવેલ પશ્ચિમમહાવિદેહ એમ બે વિભાગ છે. તેમાં પૂર્વમહાવિદેહમાં સોળ ચક્રવર્તી વિજયો છે. એ વિજયો નદીઓ અને પર્વતોથી જુદી કરાયેલી છે. એક વિજયમાંથી બીજી વિજયમાં પરસ્પર જઈ શકાતું નથી. એ વિજયો ચક્રવર્તીઓથી જીતવા યોગ્ય છે, અને ભોગવવા યોગ્ય છે. વિજયો નદીઓથી અને પર્વતોથી જુદી કરાયેલી અને પરસ્પર ન જઈ શકાય તેવા વિશેષ પ્રકારના ક્ષેત્રો છે.

હવે બીજા પણ વિજયોની ભલામણ કરે છે- अपरेऽप्येवंलक्षणाः= પશ્ચિમમહાવિદેહમાં બીજા પણ સોળ જ ચક્રવર્તી વિજયો છે. નદીઓ અને પર્વતોથી જુદા કરાયેલા અને પરસ્પર ન જઈ શકાય તેવા છે.

હવે ક્ષેત્ર પછી રહેલા પર્વતોના પ્રમાણને બતાવે છે- "तुल्यायाम" इत्यादि, ભાષ્ય જ સારી રીતે સમજી શકાય તેવું છે.

**લઘુમેરુ–** "क्षुद्रमहामन्दरास्तु" इत्यादि, ધાતકીખંડમાં બે અને અર્ધા પુષ્કરદ્વીપમાં બે એમ ચારેય મેરુ પર્વતો નાના છે. જંબૂદ્વીપમાં રહેલા મેરુથી હીન પ્રમાણવાળા છે. પ્રમાણને બતાવે છે- મહામેરુ પર્વતથી ૧૫ હજાર ન્યૂન ઊંચાઈવાળા છે, અર્થાત્ [1]૮૪ હજાર યોજન ઊંચા છે તથા પૃથ્વીતળમાં ૬૦૦ યોજન હીન પહોળા છે. અર્થાત્ ૯,૪૦૦ યોજન પહોળા છે.

**ત્રણ કાંડ–** તે ચારે મેરુ પર્વતોનો પ્રથમ કાંડ મહામેરુ તુલ્ય છે, અર્થાત્ પૃથ્વીથી એક હજાર યોજનનો છે. બીજો કાંડ સાત હજાર યોજન ન્યૂન=૫૬ હજાર યોજનનો છે. ત્રીજો કાંડ આઠ હજાર યોજન ન્યૂન છે, અર્થાત્ ૨૮ હજાર યોજન પ્રમાણ છે.

**ચાર વન–** ભદ્રશાલ અને નંદનવન મહામેરુની સમાન છે=પૃથ્વી-તળમાં ભદ્રશાલવન છે. ત્યાંથી ૫૦૦ યોજન ઉપર ગયા પછી નંદનવન

૧. મહામેરુ ૧ હજાર યોજન જમીનમાં હોવાથી ઉપર ૯૯ હજાર યોજન છે. ૯૯માંથી ૧૫ બાદ કરતાં ૮૪ થાય. માટે ૮૪ હજાર બરાબર છે.

છે. તેની ઉપર સાડા છપ્પન હજાર (૫૬,૫૦૦) ઉપર જતાં સૌમનસવન છે. ૫૦૦ યોજન નંદનવને રોક્યા છે. ૫૦૦ યોજન સૌમનસવને રોક્યા છે. બીજા કાંડના અંતભાગથી ૫૬,૫૦૦ યોજન જતાં ૫૦૦ યોજન વિસ્તારવાળું સૌમનસવન છે. ત્યાંથી ૨૮,૦૦૦ યોજન જતાં પાંડુકવન છે. તે ૯૯૪ યોજન વિસ્તૃત છે.

તેમાં મેરુપર્વતનો ઉપરનો વિષ્કંભ અને નીચેની અવગાહના મહામેરુ તુલ્ય છે. અર્થાત્ ઉપર હજાર યોજન પ્રમાણ છે અને નીચે જમીનમાં એક હજાર યોજન છે.


**ચૂલા–** ચારેય મેરુની ચૂલિકા પ્રમાણથી મહામેરુની ચૂલા સમાન છે. (તે આ પ્રમાણે - ત્રીજા કાંડની ઉપર બરાબર વચમાં વૈડૂર્યરત્નમય ચૂલિકા છે. તે ૪૦ યોજન ઊંચી છે, મૂળમાં ૧૨ યોજન પહોળી છે અને છેક ઉપર ૪ યોજન પહોળી છે. તેના અગ્રભાગે શાશ્વત જિનમંદિર છે.)

હવે લાઘવ(=જલદી ગણી શકાય) માટે દ્વીપોની પરિધિ, ગણિતપદ અને જીવા વગેરેને લાવવા માટે કરણના(=રીતના) ઉપાયો કહેવાય છે.

તેમાં ઈષ્ટવૃત્તક્ષેત્રની પરિધિને લાવવા માટે આ કરણ સૂત્ર છે- **विष्कम्भकृतेर्दशगुणाया मूलं वृत्तक्षेत्रपरिक्षेपः**=વિષ્કંભ એક લાખ યોજન છે. તેને લાખ ગણું કરવાથી કૃતિ=વર્ગ થાય. કૃતિને ફરી દશગુણી કરવામાં આવે છે. પછી મૂળ લાવવામાં આવે છે. તે મૂળ વૃત્તક્ષેત્રની પરિધિ છે.

તેમાં યોજનની સંખ્યા મેળવવાની(=લાવવાની) હોય ત્યારે ક્રમશઃ ૩-૧-૬-૨-૨-૭ સંખ્યાથી(=એ સંખ્યાનો ઉમેરો કરવા આદિથી) મૂળ લાવવું. તેથી નીચેની સંખ્યા ૬૩૨૪૫૪ આવી. હવે તે સંખ્યાને અર્ધી કરવાથી ૩૧૬૨૨૭ સંખ્યા થાય. ઉપર ૪૮૪૪૭૧ સંખ્યા શેષ થઈ. (આ સંખ્યાના ગાઉ વગેરે કરવા માટે પહેલાં) આ સંખ્યાને ચારથી ગુણવી. કારણ કે ચાર ગાઉનો એક યોજન થાય. આ સંખ્યાને ચારથી ગુણવાથી ૧૯૩૭૮૮૪ સંખ્યા થાય. આ સંખ્યાનો છ આદિ સંખ્યાથી એટલે કે ૬૩૨૪૫૪ સંખ્યાથી ભાગાકાર કરવો. એથી ૩ ગાઉ થયા અને

## ધાતકીખંડના મેરુપર્વતનું પ્રમાણ




ધાતકીખંડના ૨ મેરુ અને અર્ધપુષ્કરના ૨ મેરુ એ ચાર મેરુ તુલ્ય પ્રમાણ અને સ્વરૂપવાળા છે.

ઉપર ૪૦૫૨૨ સંખ્યા વધી. (હવે આ સંખ્યાના ધનુષ્ય કરવા) આ સંખ્યાને ૨૦૦૦થી ગુણવી. તેથી ૮૧૦૪૪૦૦૦ ધનુષ્ય થયા. એને પૂર્વ પ્રમાણે ૬૩૨૪૫૪ સંખ્યાથી ભાગાકાર કરવો. તેથી ૧૨૮ ધનુષ્ય થયા અને ઉપર ૮૯૮૮૮ વધ્યા. ૯૬ અંગુલનો એક ધનુષ્ય થાય. આથી ૯૬થી ગુણાકાર કરવો. એથી ૮૬૨૯૨૪૮ અંગુલ સંખ્યા થઇ. તેને ૬૩૨૪૫૪ સંખ્યાથી ભાગાકાર કરતાં ૧૩ આવ્યા અને ઉપર ૪૦૭૩૪૬ વધ્યા. તેને બેથી ગણવામાં આવે. કારણ કે બે અર્ધાંગુલથી એક અંગુલ થાય. અર્ધાંગુલની સંખ્યા ૮૧૪૬૯૨ થઇ. તેને ૬૩૨૪૫૪ સંખ્યાથી ભાગવામાં ૧ અર્ધીઅંગુલ આવી અને ૧૮૨૨૩૮ અર્ધાંગુલ વધ્યા. નીચે ૬૩૨૪૫૪ સંખ્યા છે.

## [1][વર્ગમૂળ કાઢવાની રીત તથા સ્પષ્ટ હિસાબ

**પરિભાષા–**

**ભાજ્ય–** જે સંખ્યાના ભાગ કરવા હોય તે સંખ્યા.

**ભાજક–** ભાગ પાડનારી સંખ્યા.

**ભાગાકાર–** પડેલા ભાગ જણાવનારી સંખ્યા.

**શેષ–** ભાગ પાડતાં છેવટે બાકી રહેલી સંખ્યા.

**વર્ગ–** કોઇ પણ સંખ્યાને તે જ સંખ્યાએ ગુણતાં આવેલી સંખ્યા.

**વર્ગમૂળ–** કોઇ પણ સરખી બે સંખ્યાના ગુણાકારવાળી સંખ્યાની મૂળ સંખ્યા શોધી કાઢવી.

વર્ગમૂળની સંખ્યાને તે વર્ગમૂળની સંખ્યાએ ગુણીએ તો પાછી તે જ સંખ્યા આવી જવી જોઇએ. તે જ સંખ્યા આવે તો વર્ગમૂળ સાચો જાણવો.

દા.ત. ૨૫ મૂળ સંખ્યા. ૨૫ x ૨૫ = ૬૨૫ આ વર્ગ થયો. તેનું વર્ગમૂળ કાઢીએ તો તેનું મૂળ ૨૫ સંખ્યા આવે. વર્ગમૂળને ફરીથી વર્ગમૂળે ગુણાકાર કરતાં ૬૨૫ આવે.

---

૧. અહીંથી શરૂ થતું લખાણ બૃહત્સંગ્રહણી ભાષાંતરમાંથી સાભાર ઉદ્ધૃત કરેલું છે.

આંકડાનું ગણિત હંમેશા જમણી બાજુથી ડાબી બાજુ તરફ જતાં જતાં થાય છે. એટલે એકમ સંખ્યા જમણી બાજુ છેલ્લી આવે છે અને દશક સંખ્યાઓ ડાબી બાજુથી ચાલી આવે છે. માટે સંખ્યાનું વાંચન ડાબી બાજુથી થાય છે.

જેમ કે, જમણી બાજુથી ડાબી તરફ- એકમ, દશક, સો, હજાર, દશ-હજાર, લાખ, દશ લાખ વગેરે.

| લાખ | દશહજાર | હજાર | સો | દશક | એકમ |
|---|---|---|---|---|---|
| ૪ | ૬ | ૫ | ૭ | ૩ | ૯ |

**વાંચન–** ચાર લાખ પાંસઠ હજાર સાતસો ઓગણચાલીસ.

**ગણિત–** ભાગાકાર સિવાય, જમણી બાજુથી ડાબી બાજુ થાય છે.

| | |
|---|---|
| **ગુણાકાર–** દા.ત. : | ચાર પંચા વીસ, વીસની શૂન્ય બે વધ્યા, ચાર ચોક |
| ૧૬૨૪૫ | સોળ, બે ઉમેરતાં અઢાર, અઢારનો આઠ, એક વધ્યો, |
| | ચાર દુ આઠ, એક ઉમેરતાં નવ, ચાર છક ચોવીસ, |
| x ૪ | ચોવીસનો ચોગડો, બે વધ્યા, ચાર એકા ચાર, બે |
| ૬૪૯૮૦ | ઉમેરતાં છ, **જવાબ**-ચોસઠ હજાર નવસો એંશી વંચાય. |

સરવાળો, બાદબાકી, પણ આ રીતે જમણેથી ડાબે કરાય છે. જ્યારે ભાગાકાર ડાબેથી જમણે કરાય છે. માટે વર્ગમૂળ કાઢવા માટે પણ છેલ્લા એકમના આંકડાથી, દશક, સો, હજાર, દશહજાર, લાખ વગેરે આંકડા વિષમ-સમની નિશાની કરવી. એક સ્થાનના આંકડા વિષમ કહેવાય છે અને બેકી સ્થાનના આંકડા સમ કહેવાય છે. ઊભી લીટી । અથવા શૂન્ય ૦ વિષમ, અને આડી – લીટી સમ સમજવી.

આ નિશાની કરવાનું કારણ, વર્ગમૂળનો ભાગાકાર કરતી વખતે ડાબી બાજુના પહેલા આંકડા ઉપર । અથવા ૦ ની નિશાની હોય તો એક જ આંકડાથી વર્ગમૂળનું શોધન શરૂ કરવું જોઈએ, પણ પહેલા આંકડા ઉપર સમ – નિશાની હોય તો બે આંકડાથી વર્ગમૂળનું શોધન કરવું જોઈએ. તે પછી દરેક વખતે વિષમ નિશાનીવાળી સંખ્યા કટકે કટકે નીચે ઉતારવી. કેમ કે એકી સાથે મોટી સંખ્યાનો ભાગાકાર કે વર્ગમૂળ કરી

શકાય નહિ. માટે કટકે કટકે સંખ્યા ઉતારીને તેનું વર્ગમૂળ કરતાં કરતાં ઠેઠ સુધી પૂરી સંખ્યાનું વર્ગમૂળ કરી શકાય છે.

સામાન્ય ભાગાકારમાં એક એક સંખ્યા ઉતારીને ભાગાકાર કરવામાં આવે છે, જ્યારે વર્ગમૂળના ભાગાકારમાં-વર્ગમૂળમાં વર્ગમૂળ પોતે પોતાની સંખ્યાને ગુણાયેલ હોવાથી તેનું મૂળ કાઢતાં બે બે આંકડા ઉતારવા પડે છે. દરેક વિષમ આંકડા ઉપર । ઊભી લીટી કરવી અને સમ આંકડા ઉપર – આડી લીટી કરવી.

**જે સંખ્યાનું વર્ગમૂળ કાઢવું હોય તેની–**

૧. ડાબા હાથ તરફની વિષમ નિશાનીવાળી સંખ્યામાંથી જે સંખ્યાનો વર્ગ બાદ થઈ શકે તે જ વર્ગના મૂળને (જેમ કે વિષમ નિશાની સંખ્યા ૧̄૦́ છે તો ૩ નો વર્ગ ૯ થાય, ૧૦માંથી ૯ બાદ થઈ શકે પણ ૪નો વર્ગ ૧૬ થાય તે ૧૦માંથી બાદ થઈ શકે નહિ. માટે ૩ ને ભાજક રાખવો અને ભાગાકારમાં પણ તે જ આંકડો મૂકવો.

વિષમ સંખ્યા, બાદ ભાજકનો વર્ગ, ભાજકના વર્ગનું મૂળ, તે જ પહેલો ભાજક અને તે જ ભાગાકારની પહેલી સંખ્યા.

કારણ કે વર્ગમૂળ કાઢવા માટે ભાજકની કોઈ પણ સંખ્યા આપેલી હોતી નથી; તેથી આવી રીતે તે સંખ્યા પહેલેથી શોધી કાઢવાની હોય છે.

૨. પછી વિષમ નિશાનીવાળી સંખ્યા બાકી રહેલી શેષ સંખ્યા ઉપર ચઢાવવી. તેમાંથી બાદ (ભાજક + ભાગાકાર x ૧૦ + નવો ભાગાકાર = નક્કી થયેલ નવો ભાજક x નવા ભાગાકારની સંખ્યા).

૩. એ જ પ્રમાણે વળી વિષમ નિશાનીવાળી સંખ્યા, શેષ સંખ્યા ઉપર ચઢાવવી, તેમાંથી બાદ (ભાજક + ભાગાકાર x ૧૦ + નવો ભાગાકાર = નક્કી થયેલ નવો ભાજક x નવા ભાગાકારની સંખ્યા).

આ પ્રમાણે ઠેઠ સુધી બધી સંખ્યા પુરી થાય ત્યાં સુધી કરવું.

જંબૂદ્વીપની પરિધિના વર્ગમૂળના દૃષ્ટાંતનો અભ્યાસ કરવાથી બીજી સંખ્યાના વર્ગમૂળ કાઢવાનું સમજી શકાશે

જંબૂદ્વીપનો વર્ગ કરી ૧૦ થી ગુણતાં એકડા ઉપર ૧૧ મીંડાં આવે. હવે તેનો વર્ગમૂળ કાઢવા માટે-

| | | |
|---|---|---|
| | | ૧ ૨ ૩ ૪ ૫ ૬ |
| | | -।-।-।-।-।-। યોજન |
| ૧લો ભાજક | ૩ ) | ૧૦ ૦૦ ૦૦ ૦૦ ૦૦ ૦૦ ૦૦ (૩ |
| | + ૩ = | ૯ (છ વાર બબે આંકડા લઈને ગણિત કરવાનું.) |
| | ૬ | )૦૧૦૦ (૧ યોજન |
| | X ૧૦ | ૬૧ |
| | ૬૦ | )૦૩૯૦૦ (૬ યોજન |
| | + ૧ | ૩૭૫૬ |
| ૨જો ભાજક | ૬૧ X ૧ | )૦૧૪૪,૦૦ (૨ યોજન |
| | + ૧ | ૧૨૬૪૪ |
| | ૬૨ | )૦૧૭૫૬,૦૦ (૨ યોજન |
| | X ૧૦ | ૧૨૬૪૮૪ |
| | ૬૨૦ | )૦૪૯૧૧૬,૦૦ (૭ યોજન |
| | + ૬ | ૪૪૨૭૧૨૯ |
| ૩જો ભાજક | ૬૨૬ X ૬ | ૦૪૮૪૪૭૧ શેષ |
| | + ૬ | |
| | ૬૩૨ | |
| | X ૧૦ | |
| | ૬૩૨૦ | |
| | + ૨ | |
| ૪થો ભાજક | ૬૩૨૨ X ૨ | |
| | + ૨ | |
| | ૬૩૨૪ | |
| | + ૧૦ | |
| | ૬૩૨૪૦ | |
| | + ૨ | |
| ૫મો ભાજક | ૬૩૨૪૨ X ૨ | |
| | + ૨ | |
| | ૬૩૨૪૪ | |
| | X ૧૦ | |
| | ૬૩૨૪૪૦ | |
| | + ૭ | |
| ૬ઠો ભાજક | ૬૩૨૪૪૭ X ૭ | |
| | + ૭ | |
| ધ્રુવભાજક | ૬૩૨૪૫૪ | |

આવેલો જવાબનો આંક સરખી રીતે મુકતાં ૩૧૬૨૨૭ યોજન આવ્યા, હવે જે શેષ ૪૮૪૪૭૧ વધી તેના ગાઉ કરવા ૪ થી ગુણીને વર્ગમૂળ કાઢવું.

$$\frac{\text{શેષ } ૪૮૪૪૭૧}{\text{ધ્રુવ ભાજક } ૬૩૨૪૫૪} \times ૪ = \frac{૧૯૩૭૮૮૪}{૬૩૨૪૫૪}$$

$૩ \; \frac{૪૦૫૨૨}{\text{ગાઉ } ૬૩૨૪૫૪}$ શેષ- ધનુષ કરવા ૨૦૦૦ થી ગુણીને વર્ગમૂળ કાઢવું.

$$\frac{૪૦૫૨૨}{૬૩૨૪૫૪} \times \frac{૧૦૦૦}{૨૦૦૦} = \frac{૪૦૫૨૨૦૦૦}{૩૧૬૨૨૭} \text{ ૧૨૮ ધનુષ}$$

૩૧૬૨૨૭

$\frac{૪૪૯૪૪}{૩૧૬૨૨૭}$ શેષ હાથ કરવા ૪ થી ગુણવા

$$\frac{૪૪૯૪૪}{૩૧૬૨૨૭} \times ૪ = \frac{૧૭૯૭૭૬}{૩૧૬૨૨૭} = ૦$$ ગણિત થઈ શકે નહિ માટે ૦ હાથ

હાથના આંગળ કરવા ૨૪ થી ગુણતાં

$$\frac{૧૭૯૭૭૬}{૩૧૬૨૨૭} \times \frac{૮}{૨૪} = \frac{૧૪૩૮૨૦૮}{૧૦૫૪૦૯} \text{ ૧૩ આંગળ}$$

૧૦૫૪૦૯

ાા આંગળ કાઢવા બેથી ગુણતાં

$$\frac{૬૭૮૯૧}{૧૦૫૪૦૯} \times ૨ = \frac{૧૩૫૭૮૨}{૧૦૫૪૦૯} = ૧ \; \frac{૩૦૩૭૩}{૧૦૫૪૦૯} \text{ અડધી આંગળ}$$

**જવાબ–** ૩૧૬૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ, ૧૩ાા અંગુલથી અધિક વર્ગમૂળ આવ્યું. આ જંબૂદ્વીપની પરિધિ છે.]

આ(=૩૧૬૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ્ય અને ૧૩ાા અંગુલ) જંબૂદ્વીપની પરિધિ છે.

ભાષ્યમાં વૃત્તશબ્દનું ગ્રહણ ચોરસ આદિ ક્ષેત્રનો નિષેધ કરવા માટે છે. પરિક્ષેપનું ગ્રહણ વિષ્કંભ, ઈષુ, જીવા આદિનો નિષેધ કરવા માટે છે.

હવે જંબૂદ્વીપનું ગણિતપદ(=ક્ષેત્રફળ) લાવવામાં આવે છે. તેમાં કરણસૂત્ર આ છે- વિષ્કંભના ચોથા ભાગથી ગુણાયેલ પરિધિ ગણિતપદ (=ક્ષેત્રફળ) છે. પ્રસ્તુત વિષ્કંભ એક લાખ યોજન છે. તેનો ચોથો ભાગ ૨૫,૦૦૦ છે. વિષ્કંભના ચોથા ભાગથી ગુણાયેલ જંબૂદ્વીપનો પરિધિ ગણિતપદ છે.

ભાષ્યમાં રહેલા स પદનો જંબૂદ્વીપના પરિધિ સાથે સંબંધ છે, અર્થાત્ स એટલે જંબૂદ્વીપનો પરિધિ. કારણ કે સર્વનામના શબ્દો પ્રસ્તુત અર્થનો પરામર્શ કરનારા છે. જંબૂદ્વીપમાં યોજન પ્રમાણ ચોરસ ખંડો આટલા (=વિષ્કંભના ચોથા ભાગથી ગુણાયેલ પરિધિની જેટલી સંખ્યા થાય તેટલા) થાય એવો અહીં વાક્યાર્થ છે.

તેમાં ૨૫,૦૦૦ થી ગુણાયેલ પરિધિના યોજનની સંખ્યા ૭,૯૦,૫૬,૭૫,૦૦૦ છે. ૨૫,૦૦૦ થી ગુણાયેલ ત્રણ ગાઉની સંખ્યા ૭૫,૦૦૦ થાય. ગાઉની આ સંખ્યાના યોજન કરવા (એક યોજન=૪ ગાઉ થાય આથી) ગાઉની સંખ્યાને ચારથી ભાગવાથી ૧૮,૭૫૦ સંખ્યા થાય. આ સંખ્યા યોજનની છે. ૨૫,૦૦૦થી ગુણાયેલ ધનુષ્યની સંખ્યા ૩૨,૦૦,૦૦૦ થાય. આ ધનુષ્ય સંખ્યાના યોજન કરવા. આઠ હજાર ધનુષ્યનો એક યોજન થાય એવું વચન હોવાથી આઠ હજારથી ભાગાકાર કરવામાં ૪૦૦ સંખ્યા થાય. આ યોજનની સંખ્યા પણ અનંતર ૧૮,૭૫૦ સંખ્યામાં નાંખતાં ૧૯,૧૫૦ થાય. આ સંખ્યા પણ સાત ક્રોડ આદિ સંખ્યામાં નાંખતાં ૭,૯૦,૫૬,૯૪,૧૫૦ થાય. ૨૫,૦૦૦ થી ગુણાયેલ અંગુલની સંખ્યા ૩,૨૫,૦૦૦ થઈ. એક અર્ધાંગુલને ૨૫,૦૦૦ થી ગુણવાથી ૨૫,૦૦૦ અર્ધાંગુલ થયા. આ અર્ધાંગુલની સંખ્યાને અર્ધી

કરવાથી ૧૨,૫૦૦ અંગુલ થાય. આ સંખ્યાને અંગુલની સંખ્યામાં નાંખતાં ૩,૩૭,૫૦૦ થયા. ત્યાર બાદ તે સંખ્યાને ૯૬ સંખ્યાથી ભાગાકાર કરવો. કારણ કે ૯૬ અંગુલનો એક ધનુષ્ય થાય. ભાગાકાર કરતાં ૩,૫૧૫ થયા. આ ધનુષ્યની સંખ્યા છે. ૬૦ અંગુલ વધ્યા. આ ધનુષ્યની સંખ્યા (૩,૫૧૫) ને ૨૦૦૦થી ભાગતાં એક ગાઉ થયો. ૧૫૧૫ વધ્યા. (આ પ્રમાણે જંબૂદ્વીપનું ગણિતપદ ૭,૯૦,૫૬,૯૪,૧૫૦ યોજન, ૧ ગાઉ, ૧૫૧૫ ધનુષ્ય અને ૬૦ અંગુલ થાય.)

## ગણિતપદ-ક્ષેત્રફળ

[1][ગણિતપદ કરવા માટે પરિધિ આવી તેને વિષ્કંભના ચોથા ભાગે ગુણવાથી ગણિતપદ-ક્ષેત્રફળ આવે.

પરિધિ-૩૧૬૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ, ૧૩ાા આંગળ ને વિષ્કંભ ચોથો ભાગ (૧૦૦૦૦૦/૪=) ૨૫૦૦૦ થી ગુણતાં

આંગળ ૧૩ાા x ૨૫૦૦૦ = ૩૩૭૫૦૦ આંગળ

ધનુષ ૧૨૮ x ૨૫૦૦૦ = ૩૨૦૦૦૦૦ ધનુષ

ગાઉ ૩ x ૨૫૦૦૦ = ૭૫૦૦૦ ગાઉ

યોજન ૩૧૬૨૨૭ x ૨૫૦૦૦ = ૭૯૦૫૬૭૫૦૦૦ યોજન

હવે બધાનો સરવાળો કરવો.

(૧) આંગળ ૩૩૭૫૦૦/૯૬ (ધનુષ કરવા) ૩૫૧૫ ધનુષ-૬૦ આંગળ.

(૨) ધનુષ ૩૨૦૦૦૦૦ + ૩૫૧૫ = ૩૨૦૩૫૧૫
૩૨૦૩૫૧૫/૨૦૦૦ (ગાઉ કરવા) = ૧૬૦૧ ગાઉ - ૧૫૧૫ ધનુષ.

(૩) ગાઉ ૭૫૦૦૦ + ૧૬૦૧ = ૭૬૬૦૧
૭૬૬૦૧/૪ (યોજન કરવા) = ૧૯૧૫૦ યોજન - ૧ ગાઉ.

(૪) યોજન ૭૯૦૫૬૭૫૦૦૦ + ૧૯૧૫૦ = ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન.

એટલે જંબૂદ્વીપનું ક્ષેત્રફળ ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન, ૧ ગાઉ, ૧૫૧૫ ધનુષ, ૬૦ આંગળથી કંઈક અધિક થાય.

૧. અહીંથી શરૂ થતું લખાણ બૃહત્ક્ષેત્રસમાસમાંથી લીધેલ છે.

આ ગણિતપદ ક્ષેત્રફળ કેવી રીતે લાવવું તે બતાવે છે-

**एगाइतिलक्खंते पणुवीससहस्ससंगुणे काउं ।**
**दुग-छन्नउई-दुसहस्स-चउरं गुणभागहारेहिं ॥११॥**

છાયા– **एकादित्रिलक्षान्तान् पञ्चविंशतिसहस्त्रसंगुणान् कृत्वा ।**
**द्विक-षण्णवति-द्विसहस्त्रचतुर्भिः गुणभागहारैः ॥११॥**

**અર્થ–** જંબૂદ્વીપનું ગણિતપદ લાવવા માટે એકથી ત્રણ લાખ સુધીના અંકોને પચીસ હજારથી ગુણાકાર કરીને બે, છન્નુ, બે હજાર અને ચારે ભાગવાથી ગણિતપદ આવે.

**વિવેચન–** જંબૂદ્વીપની પરિધિ ૩૧૬૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ, ૧૩॥ આંગળ છે. આ અંકોને ૨૫૦૦૦ થી ગુણવા પછી આંગળ, ધનુષ, ગાઉ, યોજન કરવા માટે ક્રમસર બે, છન્નુ, બે હજાર, ચાર સંખ્યાથી ભાગવાથી ગણિતપદ આવે.

બે અડધા આંગળે ૧ આંગળ, ૯૬ આંગળે ૧ ધનુષ, ૨૦૦૦ ધનુષે ૧ ગાઉ, ૪ ગાઉએ ૧ યોજન થાય. અડધા આંગળને ૨ થી ભાગવાથી આખા આંગળ આવે. આંગળોને ૯૬થી ભાગવાથી ધનુષ આવે, ધનુષને ૨૦૦૦ થી ભાગતા ગાઉ આવે અને ગાઉને ૪ થી ભાગવાથી યોજન આવે. આંગળ, ધનુષ, ગાઉ, યોજન આંગળમાં ઉમેરીને ગણિત કરવાથી ક્ષેત્રફળ મળી રહે.

અડધા આંગળ ૧ x ૨૫૦૦૦ = ૨૫૦૦૦ અડધા આંગળ

આખા આંગળ ૧૩ x ૨૫૦૦૦ = ૩૨૫૦૦૦ આખા આંગળ

ધનુષ ૧૨૮ x ૨૫૦૦૦ = ૩૨૦૦૦૦૦ ધનુષ

ગાઉ ૩ x ૨૫૦૦૦ = ૭૫૦૦૦ ગાઉ

યોજન ૩૧૬૨૨૭ x ૨૫૦૦૦ = ૭૯૦૫૬૭૫૦૦૦ યોજન

૨૫૦૦૦ અડધા આંગળને બે થી ભાગતાં ૧૨૫૦૦ આંગળ થયા તે ૩૨૫૦૦૦ આંગળમાં ઉમેરતાં ૩૩૭૫૦૦ આંગળ થયા.

૩૩૭૫૦૦ આંગળના ધનુષ કરવા માટે ૯૬ થી ભાગતાં ૩૫૧૫ ધનુષ, ઉપર ૬૦ આંગળ વધ્યા.

૩૫૧૫ ધનુષ ૩૨૦૦૦૦૦ ધનુષમાં ઉમેરતાં ૩૨૦૩૫૧૫ થયા, તેના ગાઉ કરવા ૨૦૦૦ થી ભાગતા ૧૬૦૧ ગાઉ ૧૫૧૫ ધનુષ વધ્યા.


૧૬૦૧ ગાઉ ૭૫૦૦૦ ગાઉમાં ઉમેરતાં ૭૬૬૦૧ ગાઉ થયા, તેના યોજન કરવા માટે ૪ થી ભાગતા ૧૯૧૫૦ યોજન ઉપર એક ગાઉ વધ્યો.

૧૯૧૫૦ યોજન ૭૯૦૫૬૭૫૦૦૦ યોજનમાં ઉમેરતાં ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન થયા.

૭૯૦૫૬૯૪૧૫૦ યોજન, ૧ ગાઉ, ૧૫૧૫ ધનુષ, ૬૦ આંગળ જંબૂદ્વીપનું સંપૂર્ણ ક્ષેત્રફળ થયું.

આ પ્રમાણે જંબૂદ્વીપનું ગણિતપદ કહ્યું. (બૃહત્ક્ષેત્ર સમાસ ગાથા-૧૧)]

**પ્રતરવૃત્ત આકાર જંબૂદ્વીપ**



હવે જીવા લાવવાનું(=જીવા લાવવાના ઉપાયને) કહેવાય છે-
इच्छावगाहोनावगाहाभ्यस्तस्य विष्कम्भस्य चतुर्गुणस्य मूलं ज्या

(૧) મેળવવા ઈચ્છેલ અવગાહ જેટલો હોય તે ઈચ્છા અવગાહ છે.

(૨) તેનાથી ન્યૂન વિષ્કંભ તે ઈચ્છાઅવગાહ ન્યૂન વિષ્કંભ છે.

(૩) આ ઈચ્છા અવગાહથી ન્યૂન વિષ્કંભને ફરીથી અવગાહથી ગુણવો.

(૪) અવગાહથી ગુણાયેલા વિષ્કંભને ચારથી ગુણવો.

(૫) ચારથી ગુણાયેલા વિષ્કંભનું જે મૂળ થાય તે ગોળક્ષેત્રની જીવા થાય.

(૧) અહીં વિષ્કંભ ૧ લાખ યોજન છે. તેને ઈચ્છેલ અવગાહથી ન્યૂન કરવો. ઈચ્છેલ અવગાહ ૫૨૬-૬/૧૯ કળા છે. આ ઉપરની ૫૨૬ સંખ્યાની કળાઓ કરવી. કળા કરવા તે સંખ્યાને ૧૯ થી ગુણવી. આમ કરવાથી ૯,૯૯૪ કળા થઈ. તેમાં ૬ કળા ઉમેરવાથી ૧૦,૦૦૦ કળા થઈ. આ (૧૦,૦૦૦ કળા) ઈચ્છા અવગાહની સંખ્યા છે.

(૨) વિષ્કંભની સંખ્યાને(=૧,૦૦,૦૦૦ને) પણ ૧૯ થી ગુણવી. તેથી ૧૯ લાખ થયા. આ ઈચ્છા અવગાહની સંખ્યાને(=દશ હજાર કળાને) વિષ્કંભ (૧૯,૦૦,૦૦૦)માંથી બાદ કરવી. તેથી અઢાર લાખ નેવું હજાર (૧૮,૯૦,૦૦૦ કળા) થઈ. (આ ઈચ્છા અવગાહથી ન્યૂન વિષ્કંભ સંખ્યા થઈ.)

(૩) ઈચ્છા અવગાહથી ન્યૂન વિષ્કંભને (૧૮ લાખ નેવું હજારને) ફરીથી ઈચ્છા અવગાહથી(=૧૦,૦૦૦) થી ગુણવો. તેથી ૧૮,૯૦,૦૦,૦૦,૦૦૦ કળા થઈ.

(૪) આ સંખ્યાને ચારથી ગુણવી. તેથી ૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦ કળા થાય.

(૫) આ સંખ્યાનું જે મૂળ આવે તે જીવા થાય.

(૧) ક્રમશઃ ૨, ૭, ૪, ૯, ૫, ૪ સંખ્યાથી મૂળ ગ્રહણ કરવું=મૂળ કાઢવું. ક્રમે કરીને ૨૯૭૮૮૪/૫૪૯૯૦૮ આટલી સંખ્યા થઈ.

(૨) अधस्त्योऽर्धेन छिन्नः હવે નીચેની ૫,૪૯,૯૦૮ સંખ્યાને અર્ધી કરવાથી (जातमिदं) ૨,૭૪,૯૫૪ કળા સંખ્યા થઈ.

(૩) (આના યોજન કરવા માટે) આ સંખ્યાને ૧૯ સંખ્યાથી ભાગતાં ૧૪,૪૭૧-૫/૧૯ યોજન થયા.

(૪) શેષ જે વધી તેની કંઈક ન્યૂન ૧ કળા થઈ.

(૫) કંઈક ન્યૂન ૧ કળા પાંચ કળામાં ઉમેરવી.

(૬) આમ ૧૪,૪૭૧ યોજન અને કંઈક ન્યૂન ૬ કળા મૂળ થયું.

આ જંબૂદ્વીપની જીવા છે.

હવે ઈષુને લાવવા માટે કરણસૂત્રને કહે છે-

जीवावर्गस्य विष्कम्भवर्गस्य च विशेषः=

(૧) જીવાના વર્ગને વિષ્કંભના વર્ગમાંથી બાદ કરવો.

(૨) तस्य(=विशेषस्य) मूलं(=वर्गमूलम्) જે આવે તે વિશેષનું(=જે બાકી રહ્યું તેનું) વર્ગમૂળ કાઢવું.

(૩) (मूलं विष्कम्भाच्छोध्यते) એ વર્ગમૂળને વિષ્કંભમાંથી બાદ કરવો.

(૪) (शेषस्य यदर्धम्)=બાકી રહેલી સંખ્યાનું અર્ધું કરવું.

(૫) (स इषुर्भवति) જે અર્ધું રહ્યું તે ઈષુ છે.

(૧) જીવાવર્ગ ૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦ છે. વિષ્કંભવર્ગ ૩૬,૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ છે. આ સંખ્યામાંથી જીવાવર્ગ બાદ કરતાં ૩૫,૩૪,૪૦,૦૦,૦૦,૦૦૦ આટલું થયું.

(૨) તેનું વર્ગમૂળ લાવવું. તેથી આઠ શૂન્યના અર્ધા કરવાથી ચાર શૂન્ય (૦૦૦૦) થયા. બાકીની ૩૫,૩૪૪ સંખ્યાનું મૂળ ૧૮૮ થયું. કુલ ૧૮,૮૦,૦૦૦ સંખ્યા પ્રાપ્ત થઈ.

(૩) (एतद्=)આ સંખ્યાને(=૧૮,૮૦,૦૦૦) ૧૯ ગુણી સંખ્યામાંથી બાદ કરવી. (૧૯,૦૦,૦૦૦–૧૮,૮૦,૦૦૦=૨૦,૦૦૦) બાકી ૨૦,૦૦૦ સંખ્યા રહી.

| | | |
|---|---|---|
| [જંબૂદ્વીપની જીવા | | ૧ ૨ ૩ ૪ ૫ ૬<br>- । - । - । - । - । - । યોજન |
| ૧લો ભાજક | ૨ | ) ૭ ૫ ૬ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ (૨ કળા |
| | + ૨ | ૪ |
| | ૪ | ૩૫૬ (૭ કળા |
| | x ૧૦ | ૩૨૯ |
| | ૪૦ | ૨૭૦૦ (૪ કળા |
| | + ૭ | ૨૧૭૬ |
| ૨જો ભાજક | ૪૭ x ૭ | ૫૨૪૦૦ (૯ કળા |
| | + ૭ | ૪૯૪૦૧ |
| | ૫૪ | ૨૯૯૯૦૦ (૫ કળા |
| | x ૧૦ | ૨૭૪૯૨૫ |
| | ૫૪૦ | ૨૪૯૭૫૦૦ (૪ કળા |
| | + ૪ | ૨૧૯૯૬૧૬ |
| ૩જો ભાજક | ૫૪૪ x ૪ | ૨૯૭૮૮૪ |
| | + ૪ | |
| | ૫૪૮ | |
| | x ૧૦ | |
| | ૫૪૮૦ | |
| | + ૯ | |
| ૪થો ભાજક | ૫૪૮૯ x ૯ | |
| | + ૯ | |
| | ૫૪૯૮ | |
| | x ૧૦ | |
| | ૫૪૯૮૦ | |
| | + ૫ | |
| ૫મો ભાજક | ૫૪૯૮૫ x ૫ | |
| | + ૫ | |
| | ૫૪૯૯૦ | |
| | x ૧૦ | |
| | ૫૪૯૯૦૦ | |
| | + ૪ | |
| ૬ઠો ભાજક | ૫૪૯૯૦૪ x ૪ | |
| | + ૪ | |
| | ૫૪૯૯૦૮ | |

જવાબ ૨૭૪૯૫૪ $\frac{૨૯૭૮૮૪}{૫૪૯૯૦૮}$ કળા

૨,૭૪,૯૫૪ કળાના યોજન કરવા માટે ૧૯થી ભાગવા.

૨,૭૪,૯૫૯/૧૯ = ૧૪,૪૭૧ યોજન અને ૫ કળા થયા.

જે શેષ વધી છે તેની કંઈક ન્યૂન ૧ કળા ગણી ૫ કળામાં ઉમેરતા ૧૪,૪૭૧ યોજન અને કંઈક ન્યૂન ૬ કળા મૂળ થયું.

આ જંબૂદ્વીપની જીવા છે.

## ૩૫૩૪૪૦૦૦૦૦૦૦૦ નું વર્ગમૂળ

| | | |
|---|---|---|
| ૧લો ભાજક | ૧ X ૧ | ) ૩ ૫ ૩ ૪ ૪ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ (૧ |
| | + ૧ | ૧ |
| | ૨ | ૨૫૩ (૮ |
| | X ૧૦ | ૨૨૪ |
| | ૨૦ | ૨૯૪૪ (૮ |
| | + ૮ | ૨૯૪૪ |
| ૨જો ભાજક | ૨૮ X ૮ | ૦૦૦૦ (૦૦૦૦ |
| | + ૮ | ૦૦૦૦ |
| | ૩૬ | |
| | X ૧૦ | જવાબ : ૧૮,૮૦,૦૦૦ |
| | ૩૬૦ | |
| | + ૮ | |
| ૩જો ભાજક | ૩૬૮ X ૮ | |
| | + ૮ | |
| | ૩૭૬ | ] |

(૪) એનું અર્ધું કરવાથી ૧૦,૦૦૦ સંખ્યા થઈ. (આ સંખ્યા કળાની હોવાથી એ સંખ્યાના યોજન કરવા માટે) આ સંખ્યાને ૧૯થી ભાગાકાર કરતાં ૫૨૬ યોજન અને ૬ કળા થઈ.

(૫) આ પ્રમાણે ૫૨૬-૬/૧૯ યોજન જંબૂદ્વીપનું ઈષુ છે.

હવે ધનુકાષ્ઠ લાવવા માટે કરણસૂત્ર- (૧) ઈષુ વર્ગને ૬ ગણું કરવું. (૨) છ ગુણ કરેલા ઈષુ વર્ગને જીવા વર્ગથી યુક્ત કરવો. (૩) જીવા વર્ગથી યુક્ત ઈષુ વર્ગનું વર્ગમૂળ કરવું. (૪) આ વર્ગમૂળ ધનુકાષ્ઠ છે.

(૧) કળા કરાયેલા ઈષુનો વર્ગ ૧૦,૦૦,૦૦,૦૦૦ છે. આને છ ગણું કરવાથી ૬૦,૦૦,૦૦,૦૦૦ સંખ્યા થઈ.

(૨) આને જીવા વર્ગમાં નાખવી. જીવા વર્ગ ૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦ છે. આમાં છ ગુણા કરાયેલા ઈષુ વર્ગને નાખતાં ૭૬,૨૦,૦૦,૦૦,૦૦૦ સંખ્યા થઈ.

(૩) આનું વર્ગમૂળ ક્રમશઃ ૨, ૭, ૬, ૦, ૪, ૩ થી કાઢવું. તેથી ૨૬૨૧૫૧/૫૫૨૦૮૬ સંખ્યા થઈ.

## [૭૬,૨૦,૦૦,૦૦,૦૦૦ નું વર્ગમૂળ

| | | |
|---|---|---|
| ૧લો ભાજક | ૨ x ૨ | )૭૬૨૦૦૦૦૦૦૦૦ (૨ |
| | + ૨ | ૪ |
| | ૪ | ૩૬૨ (૭ |
| | x ૧૦ | ૩૨૯ |
| | ૪૦ | ૩૩૦૦ (૬ |
| | + ૭ | ૩૨૭૬ |
| ૨જો ભાજક | ૪૭ x ૭ | ૨૪૦૦ (૦ |
| | + ૭ | ૦૦૦૦ |
| | ૫૪ | ૨૪૦૦૦૦ (૪ |
| | x ૧૦ | ૨૨૦૮૧૬ |
| | ૫૪૦ | ૧૯૧૮૪૦૦ (૩ |
| | + ૬ | ૧૬૫૬૨૪૯ |
| ૩જો ભાજક | ૫૪૬ x ૬ | ૨૬૨૧૫૧ |
| | + ૬ | |
| | ૫૫૨ | |
| | x ૧૦ | |
| | ૫૫૨૦ | |
| | + ૦ | |
| ૪થો ભાજક | ૫૫૨૦ x ૦ | |
| | + ૦ | |
| | ૫૫૨૦ | |
| | x ૧૦ | |
| | ૫૫૨૦૦ | |
| | + ૪ | |
| ૫મો ભાજક | ૫૫૨૦૪ x ૪ | |
| | + ૪ | |
| | ૫૫૨૦૮ | |
| | x ૧૦ | |
| | ૫૫૨૦૮૦ | |
| | + ૩ | |
| ૬ઠો ભાજક | ૫૫૨૦૮૩ x ૩ | |
| | + ૩ | |
| | ૫૫૨૦૮૬ | |

જવાબ ૨૭૬૦૪૩ $\frac{૨૬૨૧૫૧}{૫૫૨૦૮૬}$

(૪) નીચેની (૫,૫૨,૦૮૬) સંખ્યાને અર્ધી કરવાથી ૨,૭૬,૦૪૩ સંખ્યા આવી. આ સંખ્યાને (યોજન કરવા માટે) ૧૯ સંખ્યાથી ભાગાકાર કરતાં ૧૪,૫૨૮ યોજન અને ૧૧ કળા થઇ.

(૫) આથી ૧૪,૫૨૮ યોજન ૧૧/૧૯ જંબૂદ્વીપનું ધનુકાષ્ઠ છે.

**હવે વિષ્કંભ લાવવા માટે કરણસૂત્ર નીચે મુજબ છે–** ज्यावर्गचतुर्भागयुतमिषुवर्गमिषुविभक्तं तत्प्रकृतिवृत्तविष्कम्भः जीवावर्गचतुर्भागेन युक्त इषुवर्ग इषुणा विभक्तः स स्वभाववृत्तक्षेत्रविष्कम्भो भवति ।

કોઇપણ ગોળ પદાર્થની પહોળાઇ(=વિષ્કંભ) કાઢવી હોય તો તેની રીત બતાવે છે–

(૧) જે ક્ષેત્રની જીવાથી વિષ્કંભ કાઢવો હોય તે ક્ષેત્રની જીવાનો વર્ગ કરવો.

(૨) તેમાં વર્ગમૂળની શેષ ઉમેરી વર્ગ પૂર્ણ કરવો.

(૩) પછી તેને ચારથી ભાગ આપવો.

(૪) પછી તેમાં વિવક્ષિત ક્ષેત્રના ઇષુનો વર્ગ ઉમેરવો.

(૫) બંનેનો સરવાળો કરી વિવક્ષિત ક્ષેત્રના ઇષુથી ભાગવો.

(૬) પછી તેના યોજન કરવા ૧૯ કલાથી ભાગ દેવો.

(૭) જે આવે તે વિવક્ષિત ક્ષેત્રના ગોળ પદાર્થનો વિષ્કંભ આવે.

દા.ત. ભરતક્ષેત્રની જીવા ઉપરથી જંબૂદ્વીપનો વિષ્કંભ કાઢવો છે.

ભરતક્ષેત્રની જીવા ૧૪,૪૭૧ યોજન અને ૫ કલા છે. આની કલા કરતા ૧૪,૪૭૧ x ૧૯ + ૫ કલા = ૨,૭૪,૯૫૪ કલા થઇ.

તેનો વર્ગ ૨,૭૪,૯૫૪ x ૨,૭૪,૯૫૪ = ૭૫,૫૯,૯૭,૦૨,૧૧૬. તેમાં વર્ગમૂળની શેષ ૨,૯૭,૮૮૪ ઉમેરતા ૭૫૬૦૦૦૦૦૦૦૦ કલા થઇ. તેને ચારથી ભાગતા ૭૫૬૦૦૦૦૦૦૦૦ / ૪ = ૧૮૯૦૦૦૦૦૦૦૦. તેમાં ભરતક્ષેત્રના ઇષુનો વર્ગ ઉમેરતાં ૧૮૯૦૦૦૦૦૦૦૦ + ૧૦૦૦૦૦૦૦૦ =

૧૯0000000000. આને ભરતક્ષેત્રની ઈષુ કલાથી ભાગતા ૧૯0000000000 / ૧0,000 = ૧૯00000. તેને યોજન કરવા ૧૯ કલાથી ભાગતા ૧૯00000 / ૧૯ = ૧00000 યોજન જંબૂદ્વીપનો વિષ્કંભ થયો.

હવે બાહુ લાવવામાં આવે છે. તેમાં કરણસૂત્ર આ છે–

(૧) (उदग्धनुःकाष्ठाद् दक्षिणं शोध्यं=)ઉત્તર દિશાના ધનુકાષ્ઠમાંથી દક્ષિણ દિશાનું ધનુકાષ્ઠ બાદ કરવું.

(૨) (शेषार्धम्=)બાદ કરતાં શેષ રહેલ સંખ્યાનું અર્ધું કરવું.

(૩) તે સંખ્યા બાહુ છે.

(૧) ઉત્તર દિશાનું ધનુકાષ્ઠ ૨૫,૨૩0-૪/૧૯ યોજન છે. દક્ષિણદિશાનું ધનુકાષ્ઠ ૧૪,૫૨૮-૧૧/૧૯ યોજન છે. ૨૫,૨૩0-૪/૧૯ માંથી ૧૪,૫૨૮-૧૧/૧૯ સંખ્યા બાદ કરતાં ૧0,૭0૨ સંખ્યા થઈ. હવે ૪ કળામાંથી ૧૧ કળા બાદ ન કરી શકાય. તેથી (उपरितन राशेः=)યોજનની સંખ્યામાંથી એક સંખ્યા ઉતારવી (૧ યોજન=૧૯ કળા થાય તેથી) ૧૯ માંથી ૧૧ બાદ કરતાં ૮ કળા શેષ રહે. તેમાં ચાર કળા નાંખવાથી ૧૨ કળા થાય. ૧૨ કળાનું અર્ધું કરવાથી ૬ કળા થાય. (उपरितन राशिः=) ઉપરની ૧0,૭0૧ સંખ્યાનું અર્ધું કરી શકાય નહિ, તેથી ૧ સંખ્યા ઉતારવી. (૧ યોજન=૧૯ કળા થાય) ૧૯ સંખ્યાનું પણ અર્ધું કરી શકાય નહિ. તેથી ૧૯માંથી ૧ સંખ્યા લઈ લેવી. લીધેલી ૧ સંખ્યાને અર્ધી કરવાથી અર્ધી કળા થાય. (વધેલ) અઢારનું અર્ધું કરવાથી ૯ થાય. અર્ધી કળાથી સહિત આ નવ અને પૂર્વની ૬ કળા ભેગી કરતાં સાડા પંદર થઈ. ઉપરની યોજનની (૧0,૭00) સંખ્યાને અર્ધી કરવાથી ૫,૩૫0 સંખ્યા થઈ. આ ૫,૩૫0-૧૫ાા/૧૯ યોજન લઘુહિમવંત પર્વતની બાહુ(=બાહા) છે.

પરિધિ વગેરે લાવવાના કરણના(=રીતના) આ ઉપાયથી સર્વ ક્ષેત્રોનાં અને સર્વ પર્વતોનાં લંબાઈ, પહોળાઈ, જીવા, ઈષુ, ધનુકાષ્ઠનાં પ્રમાણો જાણવા.

અહીં બીજા વિદ્વાનો આ પ્રસંગે વિસ્તારથી બતાવવાના ભાવથી જાતે અતિશય ઘણા સૂત્રો રચીને કહે છે. પણ તે યુક્ત નથી. આચાર્ય ભગવંતે આ સંગ્રહ સંક્ષેપથી કર્યો છે. એથી પ્રવચનનિપુણ પુરુષો અહીં વિસ્તારથી કથન અપ્રસિદ્ધ છે એમ કહે છે.

હવે જો આ સંગ્રહ વિસ્તારથી કહેવા માટે ઇચ્છેલો હોય તો લાખો ગ્રંથોથી(=શ્લોકોથી) કહેવાયેલા જંબૂદ્વીપના ઉપદેશને વિસ્તારનારા પણ કુશળ બુદ્ધિવાળા પુરુષો વડે અહીં કેટલો વિસ્તાર કરાય? પ્રવચનનિપુણ પુરુષો વડે કરાયેલા સૂત્રોના આધારે નિર્ણય કરવો એ જ વિસ્તારના અર્થી પુરુષને ઘણા લાભવાળો છે. આથી ઘણા સૂત્રોની રચના કરનારા વિદ્વાનોના અભિપ્રાયની ઉપેક્ષા કરવી. (૩-૧૧)

**टीकावतरणिका–** एवमिमां जम्बूद्वीपवक्तव्यतां परिसमाप्य समासतः सम्प्रति द्वीपान्तरवक्तव्यताभिधित्सयोवाच–

**ટીકાવતરણિકાર્થ–** આ પ્રમાણે આ જંબૂદ્વીપની વક્તવ્યતાને સંક્ષેપથી પૂર્ણ કરીને હવે અન્ય દ્વીપોની વક્તવ્યતાને કહેવાની ઇચ્છાથી (નીચેના સૂત્રોમાં જે કહેવાશે તે) કહ્યું છે–

**ધાતકીખંડ દ્વીપમાં ક્ષેત્રો અને પર્વતોની સંખ્યા–**

## द्विर्धातकीखण्डे ॥३-१२॥

**સૂત્રાર્થ–** ધાતકીખંડમાં ક્ષેત્રો અને પર્વતો જંબૂદ્વીપથી બમણાં છે. (૩-૧૨)

**भाष्यं–** ये एते मन्दरवंशवर्षधरा जम्बूद्वीपेऽभिहिता, एते द्विगुणा धातकीखण्डे द्वाभ्यामिष्वाकारपर्वताभ्यां दक्षिणोत्तरायताभ्यां विभक्ताः । एभिरेव नामभिर्जम्बूद्वीपकसमसङ्ख्याः पूर्वार्धे चापरार्धे च चक्रारक-संस्थिता निषधसमोच्छ्रायाः कालोदलवणजलस्पर्शिनो वंशधराः सेष्वाकारा अरविवरसंस्थिता वंशा इति ॥३-१२॥

**ભાષ્યાર્થ–** જંબૂદ્વીપમાં જે મેરુ પર્વત, વર્ષધર પર્વતો કહ્યા છે તે ધાતકીખંડમાં બમણાં(= બે બે) છે તથા દક્ષિણ-ઉત્તર લાંબા બે ઈષુકાર પર્વતો વડે વિભક્ત કરાયેલા છે તેમના નામો પણ એ જ છે. પૂર્વાર્ધમાં

અને પશ્ચિમાર્ધમાં જંબૂદ્વીપની સમાન સંખ્યાવાળા છે. તે જ પ્રમાણે પશ્ચિમાર્ધમાં પણ જંબૂદ્વીપની સમાન સંખ્યાવાળા છે. આ બધા પર્વતો ચક્રના આરાના આકારે રહેલા છે અને નિષધ પર્વત જેટલી ઊંચાઈવાળા છે. કાલોદધિ અને લવણ સમુદ્રને સ્પર્શીને રહેલા છે. બાણ સહિત ધનુષના જેવા આકારવાળા છે અને ચક્રના આરાના અંદરના વિભાગમાં રહેલા હોય છે, અર્થાત્ ચક્રના આરાના વિવરમાં રહેલા હોય તેવા દેખાય છે. (૩-૧૨)

**टीका–** 'य एते मन्दरवंश'इत्यादि भाष्यं, लवणजलधेर्बहिर्धातकीखण्डः द्वीपः धातकीवृक्षसम्बन्धाद्, वलयाकृतिलक्षाचतुष्टयविष्कम्भः, तस्मिन् धातकीखण्डे मन्दरादयो जम्बूद्वीपमन्दरादिभ्यः सङ्ख्यया द्विगुणद्विगुणमाना वेदितव्याः, जम्बूद्वीपे मेरुरेकः, तत्र द्वौ, पूर्वापरदिग्मध्यव्यवस्थितौ मेरू, वंशा भरतादिक्षेत्राण्यैरवतपर्यवसानानि, तानि च तत्र द्विसङ्ख्यायुक्तानि, प्रत्येकं वर्षधरा हिमवदादयः पर्वता वैताढ्यादयश्च तेऽपि तत्र द्विर्द्विः स्थिताः ।

एते च सर्वेऽपि मन्दरादयो द्वाभ्यामिष्वाकारपर्वताभ्यां ऋजुभ्यामित्यर्थः दक्षिणोत्तरदिग्मध्यव्यवस्थिताभ्यां दक्षिणोत्तरायताभ्यां च विभक्ता विच्छिन्नाः, पूर्वार्धे चापरार्द्धे च व्यवस्थिताः, [१]एभिरेव नामभिर्जम्बूद्वीपकैः समा सङ्ख्या येषां भरतादिक्षेत्राणां ते जम्बूद्वीपकसमसङ्ख्याः चक्रनाभिप्रतिबद्धारकसंस्थिताः ।

तत्र वर्षधरपर्वता निषधगिरिसदृशोच्छ्रायाः, चतुर्योजनशतोच्चा इत्यर्थः, कालोदलवणजलस्पर्शिनो वंशधराः सेष्वाकाराः कालोदसमुद्रो धातकीखण्डपरिक्षेपी लवणसमुद्रो जम्बूद्वीपपरिक्षेपी एतयोर्जलं कालोदलवणजलं तत् स्प्रष्टुं शीलमेषामिति कालोदलवणजलस्पर्शिनो हिमवदादयः, सह इष्वाकारपर्वताभ्यां पञ्चयोजनशतोच्चाभ्यामिति ।

१. एतैरेव इति पाठान्तरम् ।

धातकीखण्डवर्त्तिनश्च हिमवदादयो जम्बूद्वीपप्रक्रहिमवदादिविच्छेद-प्रतिनिधिना व्यवस्थिताः, वैताढ्यादयः क्षेत्राणि चेति ।

अरविवरसंस्थिता वंशा इति, अराणां विवराणि-अन्तरालानि तद्वद् व्यवस्थिताः वंशाः क्षेत्राणि तत्रेति, सङ्क्षेपात्तु प्रतिपत्तव्यमिदं, यन्नाम किञ्चिन्नदीदेवकुरूत्तरकुरुप्रभृति जम्बूद्वीपेऽभिहितं तत् सर्वं धातकीखण्डे द्विर्द्विरवसातव्यमिति ॥३-१२॥


**ટીકાર્થ–** "ये एते मन्दरवंशा" ઇત્યાદિ ભાષ્ય છે. લવણસમુદ્રની બહાર(=પછી) ધાતકીખંડ દ્વીપ છે. તેમાં ધાતકીવૃક્ષ હોવાથી તેનું ધાતકીખંડ એવું નામ છે. તેનો વલયાકારે ચાર લાખ વિષ્કંભ છે. તે ધાતકીખંડમાં મેરુપર્વત વગેરે પદાર્થો જંબૂદ્વીપના મેરુ પર્વત વગેરેની સંખ્યાથી બમણા-બમણા જાણવા. જંબૂદ્વીપમાં મેરુ એક છે. ધાતકીખંડમાં પૂર્વ-પશ્ચિમ દિશાના મધ્યમાં રહેલાં બે મેરુ છે. ભરતથી પ્રારંભી ઐરાવત સુધીનાં ક્ષેત્રો ધાતકીખંડમાં બમણા છે. હિમવાન વગેરે વર્ષધરપર્વતો અને વૈતાઢ્ય વગેરે પર્વતો ધાતકીખંડમાં બે બે રહેલાં છે.

આ મેરુ વગેરે બધાય દક્ષિણ-ઉત્તર દિશાની મધ્યમાં રહેલા અને દક્ષિણ-ઉત્તર લાંબા એવા બે ઇષુના આકાર જેવા(=સરળ) પર્વતોથી જુદા કરાયેલા છે.

(હિમવાન વગેરે વર્ષધર પર્વતો વગેરે) પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં રહેલા છે. જંબૂદ્વીપમાં જેનું જે નામ છે તેનું તે જ નામ ધાતકીખંડમાં છે અને જંબૂદ્વીપમાં ભરત આદિ ક્ષેત્રોની જેટલી સંખ્યા છે તેટલી જ સંખ્યા ધાતકીખંડમાં છે. ચક્રની નાભિમાં પ્રતિબદ્ધ આરાની જેમ રહેલા છે.

તેમાં વર્ષધરપર્વતો નિષધગિરિ સમાન ઊંચા છે, અર્થાત્ ચારસો યોજન ઊંચા છે. હિમવાન વગેરે પર્વતો પાંચસો યોજન ઊંચા અને ઇષુના જેવા આકારવાળા બે પર્વતોની સાથે કાલોદધિ અને લવણસમુદ્રના પાણીને સ્પર્શે છે, અર્થાત્ હિમવાન વગેરે પર્વતો અને ઇષુના જેવા

**ધાતકી ખંડના બે ઈષુકાર પર્વતો**




પૂર્વધાતકી ખંડ અને પશ્ચિમધાતકી ખંડ

[આ દ્વીપમાં ઉત્તરદિશાએ इषुकार पर्वत નામનો એક મોટો પર્વત છે, તે ઉત્તરદક્ષિણ દીર્ઘછે, ૧,૦૦૦ યોજન પ્રારંભથી પર્યન્ત સુધી એકસરખો પહોળો છે, અને તેવીજ રીતે પ્રારંભથી પર્યન્ત સુધી ૫૦૦ યોજન એકસરખો ઉંચો છે, વળી એવોજ બીજોइषुकारपर्वत દક્ષિણદિશામાં પણ આવેલો છે. એમાં ઉત્તરદિશાનો ઈષુકારપર્વત લવણસમુદ્રની જગતીના અપરાજીતદ્વારથી પ્રારંભીને ધાતકીખંડની જગતીના અપરાજીત દ્વાર સુધી પહોંચેલો છે, અથવા લવણસમુદ્રના ઉત્તરપર્યન્તથી કાળોદધિસમુદ્રના ઉત્તર પ્રારંભ સુધી લાંબો છે, એટલે એ પર્વતનો એક છેડો લવણસમુદ્રને મળ્યો છે, અને બીજો છેડો કાલોદધિ સમુદ્રને મળ્યો છે. તેવી રીતે બીજા દક્ષિણઈષુકારનો એક છેડો લવણસમુદ્રના વિજયંતદ્વારે આવેલો છે, અને બીજો છેડો ધાતકીખંડના વિજયંતદ્વારે પહોંચ્યો છે. જેથી (ધાતકીખંડ ૪,૦૦,૦૦૦ યોજન પહોળો હોવાથી) એ બે પર્વતો પણ ૪,૦૦,૦૦૦ (ચાર લાખ) યોજન લાંબા છે અને એ પ્રમાણે એ બે પર્વતો દ્વીપની વચ્ચે ઉત્તર દક્ષિણમાં આવવાથી ધાતકીખંડના पूर्वधातकीखंड અને पश्चिमधातकीखंड એવા બે મોટા વિભાગ થયેલા છે. તથા इषु એટલે બાણના कार-આકાર સરખા દીર્ઘ હોવાથી इषुकार એવું નામ છે, એ દરેક ઈષુકાર ઉપર ચાર ચાર કૂટ-શિખર છે, તેમાંનું પહેલું સિદ્ધાયતન કૂટ કાલોદધિસમુદ્ર પાસે છે, ત્યારબાદ બીજું, ત્રીજું, ચોથું કૂટ લવણસમુદ્ર તરફ છે.]

આકારવાળા બે પર્વતો એ બધાય પર્વતો સમુદ્ર સુધી લાંબા હોવાથી પાણીને સ્પર્શે છે.

ધાતકીખંડમાં રહેલા હિમવાન વગેરે પર્વતો, વૈતાઢ્ય વગેરે પર્વતો અને ક્ષેત્રો જંબૂદ્વીપના હિમવાન આદિ વિભાગની તુલ્યતાથી રહેલા છે, અર્થાત્ જંબૂદ્વીપમાં રહેલા હિમવાન આદિ પર્વતો જેનો જેનો વિભાગ કરે છે, તે તે વિભાગને ધાતકીખંડમાં રહેલા હિમવાન વગેરે પર્વતો કરે છે. જંબૂદ્વીપના ભરત વગેરે ક્ષેત્રોના જે વિભાગ છે તે વિભાગ ધાતકીખંડના ક્ષેત્રોનો પણ છે.

"अरविवरसंस्थिता वंशा" इति, ધાતકીખંડમાં ક્ષેત્રો આરાઓના અંતરાલભાગની જેમ રહેલાં છે. સંક્ષેપથી આ જાણવા યોગ્ય છે કે, જંબૂદ્વીપમાં દેવકુરુ-ઉત્તરકુરુ વગેરે જે જે કહ્યું છે તે બધું ધાતકીખંડમાં બે બે જાણવું. (૩-૧૨)

**टीकावतरणिका–** यथैव धातकीखण्डे जम्बूद्वीपविधिरुक्तस्तथैव–

**ટીકાવતરણિકાર્થ–** ધાતકીખંડમાં જંબૂદ્વીપનો(=બે બે છે એમ) જે રીતે વિધિ કહ્યો તે જ રીતે (પુષ્કરાર્ધમાં પણ) છે.

**પુષ્કરવરદ્વીપમાં ક્ષેત્રો અને પર્વતોની સંખ્યા–**

## पुष्करार्द्धे च ॥३-१३॥

**સૂત્રાર્થ–** પુષ્કરવરદ્વીપના અર્ધા ભાગમાં પણ ક્ષેત્રો અને પર્વતો જંબૂદ્વીપથી બમણાં છે. (૩-૧૩)

**भाष्यं–** यश्च धातकीखण्डे मन्दरादीनां सेष्वाकारपर्वतानां सङ्ख्या-विषयनियमः स एव पुष्करार्धे वेदितव्यः ।

ततः परं मानुषोत्तरो नाम पर्वतो मानुषलोकपरिक्षेपी सुनगरप्राकारवृत्तः पुष्करवरद्वीपार्धे विनिविष्टः काञ्चनमयः । सप्तदशैकविंशतियोजनशतान्युच्छ्रितश्चत्वारि त्रिंशानि क्रोशं चाधो धरणीतलमवगाढो योजनसहस्रं द्वाविंशमधस्ताद्विस्तृतः । सप्तशतानि त्रयोविंशानि मध्ये । चत्वारि चतुर्विंशान्युपरीति ।

न कदाचिदस्मात्परतो जन्मतः संहरणतो वा चारणविद्याधरर्द्धिप्राप्ता अपि मनुष्या भूतपूर्वा भवन्ति भविष्यन्ति च । अन्यत्र समुद्घातोपपाताभ्याम् । अत एव च मानुषोत्तर इत्युच्यते ।

तदेवमर्वाग्मानुषोत्तरस्यार्धतृतीया द्वीपाः समुद्रद्वयं पञ्च मन्दराः पञ्चत्रिंशत्क्षेत्राणि त्रिंशद्वर्षधरपर्वताः पञ्च देवकुरवः पञ्चोत्तराः कुरवः शतं षष्ट्यधिकं चक्रवर्तिविजयानां द्वे शते पञ्चपञ्चाशदधिके जनपदानामन्तरद्वीपाः षट्पञ्चाशदिति ॥३-१३॥

**ભાષ્યાર્થ–** મેરુ પર્વત આદિનો અને ઈષુકાર પર્વતોની સંખ્યા સંબંધી નિયમ ધાતકીખંડમાં જે છે તે જ પુષ્કરાર્ધમાં જાણવો. ત્યાર બાદ માનુષોત્તર પર્વત ચારે બાજુ મનુષ્યલોકને ઘેરીને રહેલો છે અને શુભનગરના કિલ્લા જેવો ગોળ છે અને પુષ્કરવરદ્વીપના અર્ધા ભાગમાં રહેલો છે અને સુવર્ણમય છે. ૧૭૨૧ યોજન ઊંચો છે. ૪૩૦[1] યોજન અને ૧ ગાઉ નીચે પૃથ્વીતળમાં ઊંડો છે. નીચે ૧૦૨૨ યોજન પહોળો છે. મધ્યમાં ૭૨૩ યોજન પહોળો છે અને ઉપર ૪૨૪ યોજન પહોળો છે.

માનુષોત્તર પર્વત પછી જન્મથી કે સંહરણથી અથવા ચારણમુનિઓ વિદ્યાધરો અને ઋદ્ધિને પ્રાપ્ત થયેલા પણ મનુષ્યો ક્યારેય ભૂતકાળમાં થયા નથી અને ભવિષ્યમાં થશે પણ નહિ. સમુદ્ઘાત અને ઉપપાતથી માનુષોત્તર પર્વત પછી મનુષ્યો હોઈ શકે છે. આથી જ આ પર્વત માનુષોત્તર એમ કહેવાય છે.

આ પ્રમાણે માનુષોત્તર પર્વતની પહેલા અઢીદ્વીપો, બે સમુદ્રો, પાંચ મેરુ પર્વતો, ૩૫ ક્ષેત્રો, ૩૦ વર્ષધર પર્વતો, ૫ દેવકુરુ, ૫ ઉત્તરકુરુ, ૧૬૦ ચક્રવર્તી વિજયો, ૨૫૫ આર્ય દેશો, ૫૬ અંતર્દ્વીપો રહેલા છે.(૩-૧૩)

**टीका–** पुष्करद्वीपः कालोदकसमुद्रपरिक्षेपी षोडशलक्षाविष्कम्भस्तस्यार्द्धमारात्तनमष्टौ योजनलक्षास्तस्मिन् पुष्करार्द्धे, जम्बूद्वीपवद्विधिर्द्रष्टव्यः,

---

૧. ત્રિંશ અને વિંશનો શબ્દાર્થ ત્રીશમો અને વીસમો થાય પણ અહીં પદાર્થની દૃષ્ટિએ ભાષ્યકારને ત્રીશ અને વીશ એવો અર્થ અભિપ્રેત છે.

यश्च धातकीखण्डे विधिरुक्त इष्वाकारौ दक्षिणोत्तरदिग्मध्यव्यवस्थितौ दक्षिणोत्तरायतौ पञ्चशतोच्चौ द्वौ, तथा मन्दरौ चतुरशीतिसहस्रोच्छ्रयादिकौ, वंशधराः चतुःशतोच्चा इत्येवमादिकः सङ्ख्याविशेषनियमः स पुष्करार्द्धेऽप्यशेषो वेदितव्य इति ।

'ततः पर'मित्यादि भाष्यम्, आ आरात्तनपुष्करार्द्धात् परतः समनन्तरो धान्यपल्यकार्द्धाकृतिर्वलयवृत्तो मानुषोत्तराभिधानो गिरिर्मनुष्यलोकपरिक्षेपी महानगरप्रकारप्रतीकाशः कनकमयः पुष्करद्वीपार्द्धविभागकारीति, शेषमुच्छ्रयादि सुज्ञानम् ।

'न कदाचित् तस्मादि'त्यादि अस्मात्मानुषोत्तराद् गिरेः परतो न नरो न कस्मिंश्चिदपि काले जायन्ते जनिष्यन्तेऽजनिषत चेति मनुष्या इत्यत एवायं मानुषोत्तरोऽभिधीयते, तथा संहरणतोऽपि न सन्ति मनुष्यास्तत्र, संहरणं नाम वैराद्यनुबन्धात् केनचिद्देवविद्याधरादिना इहत्यमनुष्यः, ततोऽत्रोत्क्षिप्य नीयेतायं यत्रोर्ध्वशोषं शुष्यतु म्रियतां वाप्यकृतप्रतीकारः क्षिप्रम्, एवं वैरादिनिर्यातनार्थं संहरणममून् विहाय क्रियते "समणिं अवगतवेदं परिहारपुलागमप्पमत्तं च । चोद्दसपुव्विं आहारगं च णवि कोइ संहरइ ॥१॥ तस्मादपि संहरणतो न मनुष्यास्ततः परत इति, अवश्यं हि मनुष्येण मर्तव्यं अन्तरे मानुषोत्तरनगस्येति ।

तथा 'चारणविद्याधरर्धिप्राप्ता अपि मनुष्यास्तमुल्लंघ्य गताः सन्तः परतो न म्रियन्त इति नियम्यते, न पुनर्गमनमेषां मानुषोत्तराद्बहिर्निषिध्यते, तपोविशेषानुष्ठानाज्जङ्घाचारिणो विद्याचारिणश्च संयता नन्दीश्वरादिद्वीपान् गच्छन्ति चैत्यवन्दनायै, प्रसिद्धश्चायमावश्यकादिष्वपि प्रायो विधिः, तथा विद्याधरा महाविद्यासम्पन्नाः, ऋद्धिप्राप्ताश्च वैक्रियादिशरीरभाजः सर्वे गच्छन्ति परतो, नतु प्राणान् परिवर्जयन्ति तत्रैवेति,

एवंविधा अतिशयप्राप्ता अपि तत्र नो म्रियन्ते, किमुत निरतिशयमनुष्या इति दर्शयति-'अन्यत्र समुद्घातोपपाताभ्या'मित्यपोद्यते, मारणान्तिक-

समुद्घातेन समुपहतः कश्चिदर्द्धतृतीयद्वीपान्तरवर्त्ती बहिर्द्वीपसमुद्रेषूत्पत्स्यते तेन चोत्पत्तिप्रदेशे प्रक्षिप्तमात्मप्रदेशजालमिलिकागतिना पश्चात्तु म्रियते तत्र व्यवस्थित इति, तथा उपपातमङ्गीकृत्य जन्माभिसम्बध्यते, बहिर्द्वीपसमुद्रवर्त्तिनाऽसुमता येन मनुष्यायुर्निबद्धमर्धतृतीयद्वीपाभ्यन्तरे उत्पत्स्यते वक्रगत्या तस्य तन्मनुष्यायुर्वक्रकाले विपक्ष्यते, तदैव चासौ मनुष्यो जातः, तदुदयवर्त्तित्वात्,

तथा चागमः-"मणुस्से णं भंते ! मणुस्सेसु उववज्जइ अमणुस्से मणुस्सेसु उववज्जइ ?, गोयमा ! मणुस्से मणुस्सेसु उववज्जइ, नो अमणुस्से मणुस्सेसु उववज्जइ"

एवं-समुद्घातोपपातौ विरहय्य नान्येन प्रकारेण बहिर्मानुषोत्तर-धरणिधरान्मरणं मनुष्याणां जन्म वा सम्भाव्यत इति ।

ये त्वेतद् भाष्यं गमनप्रतिषेधद्वारेण विद्याधरऋद्धिप्राप्तानामाचक्षते तेषामागमविरोधः, सर्वेषां हि चारणादीनामागमे गमनाभ्यनुज्ञानात्, बहि-र्जन्ममरणे न सम्भाव्येते, इत्यवधिकृत्येदमुच्यते-'अत एव मानुषोत्तर' इति,

'तदेवमर्वाग्मानुषोत्तरस्ये'त्यादि भाष्यं, व्यावर्णितलक्षणस्य मानुषो-त्तरस्य गिरेरर्वाक् जम्बूद्वीपधातकीखण्डपुष्कराद्धान्यर्द्धतृतीया द्वीपाः लवणकालोदसमुद्रद्वयं, जम्बूद्वीप एको धातकीखण्डे द्वौ पुष्करार्द्धे च द्वावेवं पञ्च मन्दराः, जम्बूद्वीपे भरतादीनि सप्त क्षेत्राणि धातकी खण्डे चतुर्दश पुष्करार्धे चतुर्दश एवं पञ्चत्रिंशत् क्षेत्राणि, जम्बूद्वीपे हिमवदाद्याः षट् धातकीखण्डे द्वादश पुष्करार्द्धे द्वादश एवं त्रिंशद्वर्षधरपर्वताः, जम्बूद्वीपे एको धातकीखण्डे द्वौ पुष्करार्धे द्वौ चैवं पञ्च देवकुरवः, एवमेव पञ्चोत्तराः कुरवः, जम्बूद्वीपे द्वात्रिंशत् धातकीखण्डे चतुःषष्टिः पुष्करार्द्धे च एवं षष्ट्यधिकं शतं चक्रवर्त्तिविजयानां, पञ्चसु भरतेषु पञ्चसु चैरवतेषु प्रत्येकं पञ्चविंशतिर्जनपदाः अर्द्धं चार्याः, एते दशगुणा द्वे शते पञ्चपञ्चाशदधिके जनपदानामार्याणां, जम्बूद्वीप एव हिमवतः


प्राक्पश्चाद्दिक्षु सप्तसप्तान्तरद्वीपा एकत्र अष्टाविंशतिस्तथा शिखरिणोऽप्यष्टाविंशतिः, एवमेते षट्पञ्चाशद्भवन्ति, उत्सेधाङ्गुलं सहस्रगुणितं प्रमाणाङ्गुलं भवति, तन्मानेन चैषां द्वीपक्षेत्रगिरिकूटसरित्सागरकाण्डपातालभवनकल्पविमानादीनां विष्कम्भायामपरिधयो ग्राह्याः,

क्षेत्रादीनि च यथावत् परिमाणतो ज्ञात्वा तत्प्रत्ययार्थं सङ्ख्यानं युक्तं, तच्च गणितज्ञेभ्यः साक्षात् सम्बन्धिफलत्वादव्यभिचारि प्रत्येतव्यं, यैश्च क्षेत्रपरिमाणं सङ्ख्यातं तैरवश्यं सङ्ख्यानशास्त्रं प्रणेयं, प्रमेयपदार्थप्रणयने प्रमाणप्रणयनवत्, यद्यपि चेयत्ता आगममात्रप्रतिपाद्या तथाऽप्यत्र सम्बन्धित्वात् सङ्ख्यानशास्त्रं प्रणेयं, प्रतिपादितं तदन्यैरपि सङ्ख्यानं, तत् सङ्ख्यानलक्षणं तु नोक्तं, यदप्युक्तं तदपि क्षेत्रपरिक्षेपादि व्यभिचरति सर्वं भुवनकोशादिप्रक्रियान्तं प्रतिदर्श्यं, प्रायश्च सावर्णिसांसपायनबुद्धादयः ये सातिशयज्योतिषक्षेत्रगणितशास्त्रानभिज्ञानास्तेषामविषय एवायं, यदि नाम मूढतया कश्चिदभिनिवेशनं कुर्यात् स तु प्रतिवृत्तफलकसूत्रदीपच्छायादिप्रत्ययैः प्रत्याय्यो यस्येयान् विष्कम्भस्तस्य परिक्षेपः कियान् भवतीति, सङ्ख्याननियमात् पूर्वापराविरोधि, प्रत्यक्षफलं च सङ्ख्यानमतः सर्वज्ञज्ञानविषयाभ्यन्तरत्वात् ज्ञानातिशयत्वाच्च महातडागोदरसंस्थितजलद्रव्यपलपरिज्ञानोपायोपदेशवत् तीर्थकरैः सर्वमनवद्यमादर्शितं सर्वज्ञतालाञ्छनमिति ॥३-१३॥


**ટીકાર્થ–** પુષ્કરદ્વીપ કાલોદધિ સમુદ્રને વીંટળાઈને રહેલો છે. ૧૬ લાખ વિષ્કંભવાળો છે. તેના પહેલાના આઠ લાખ યોજન પુષ્કરાર્ધ છે. પુષ્કરાર્ધમાં જંબૂદ્વીપની જેમ વિધિ જાણવો.

ધાતકીખંડમાં ઈષુના આકારવાળા, દક્ષિણ-ઉત્તર દિશાની મધ્યમાં રહેલા, દક્ષિણ-ઉત્તર લાંબા અને પાંચસો યોજન ઊંચા બે પર્વતો, ૮૪ હજાર યોજન ઊંચા વગેરે સ્વરૂપવાળા બે મેરુ પર્વતો, ચારસો યોજન ઊંચા વર્ષધર પર્વતો, ઈત્યાદિ સંખ્યાવિશેષના જે નિયમો છે, તે સઘળાય નિયમો પુષ્કરાર્ધમાં પણ જાણવા.

## માનુષોત્તર પર્વત




### પર્વતનો આકાર સમજવા માટે બીજો પ્રકાર



"ततः परम्" ઇત્યાદિ ભાષ્ય છે. પહેલાના પુષ્કરાર્ધથી પછી તુરત ધાન્ય માપવાના પ્યાલાના અર્ધા ભાગના જેવી આકૃતિવાળો અને વલયાકારે ગોળ એવો માનુષોત્તર નામનો પર્વત છે. તે મનુષ્યલોકને વીંટળાઇને રહેલો છે, મહાનગરના કિલ્લા જેવો અને સુવર્ણનો છે, પુષ્કરદ્વીપના અર્ધા વિભાગ કરે છે. બાકીનું ઊંચાઇ આદિનું વર્ણન સારી રીતે સમજાઇ જાય તેવું છે.

(માનુષોત્તર પર્વત ૧૭૨૧ યોજન ઊંચો છે, ૪૩૦ યોજન અને ૧ ગાઉ નીચે ભૂમિમાં રહેલો છે, પૃથ્વીતળમાં ૧૦૨૨ યોજન વિસ્તારવાળો છે, મધ્યમાં ૭૨૩ યોજન વિસ્તારવાળો છે અને ઉપર (ટોચના ભાગે) ૪૨૪ યોજન વિસ્તૃત છે.)

"न कदाचित् तस्माद्" इत्यादि, આ માનુષોત્તર પર્વતથી આગળ મનુષ્યો કોઇ પણ કાળે ઉત્પન્ન થતા નથી, થશે નહીં અને થયા નથી. આથી જ આ માનુષોત્તર કહેવાય છે. તથા સંહરણથી પણ મનુષ્ય ત્યાં હોતા નથી. સંહરણ એટલે વૈર આદિના કારણે કોઇ દેવ કે વિદ્યાધર વગેરે મનુષ્યલોકમાં રહેલા મનુષ્યને ઉપાડીને ત્યાં (એવી કોઇ જગ્યાએ) લઇ જાય કે જ્યાં તે ઊભો ઊભો સુકાઇ જાય, અથવા પ્રતિકાર કર્યા વિના જલદી મરણ પામે. આ પ્રમાણે વૈર આદિને વાળવા માટે પણ (હવે કહેવાશે) આને છોડીને સંહરણ કરે. સાધ્વી, વેદથી રહિત, પરિહાર સંયમી, પુલાક, અપ્રમત્ત, ચૌદપૂર્વી અને આહારકનું કોઇ સંહરણ ન કરે. (પ્રવ.સારો. ગા.૧૪૧૯) તે સંહરણથી પણ મનુષ્યો માનુષોત્તર પર્વત પછી હોતા નથી. મનુષ્યનું મરણ અવશ્ય માનુષોત્તર પર્વતથી અંદરના ભાગમાં થાય.

તથા "चारणविद्याधरर्धिप्राप्ता अपि" इति, ચારણ, વિદ્યાધર અને ઋદ્ધિને પામેલા મનુષ્યો માનુષોત્તર પર્વતથી આગળ ગયા હોય તો પણ મૃત્યુ ન પામે એ નિયમ છે. પણ મનુષ્યોના માનુષોત્તર પર્વતથી બહાર ગમનનો નિષેધ નથી. વિશિષ્ટ તપના આચરણથી જંઘાચારણ અને

વિદ્યાચારણ મુનિઓ જિનપ્રતિમાઓને વાંદવા માટે નંદીશ્વર આદિ દ્વીપ સુધી જાય છે, આ વિધિ આવશ્યક આદિમાં પણ પ્રસિદ્ધ છે. તથા મહાવિદ્યાને પામેલા, વૈક્રિય આદિ શરીરને બનાવનારા આ બધા માનુષોત્તર પર્વતની બહાર જાય છે, પણ ત્યાં મૃત્યુ પામતા નથી.

અતિશયને પામેલા એવા પણ મનુષ્યો ત્યાં મરતા નથી, તો પછી અતિશય રહિત મનુષ્યો મૃત્યુ ન પામે એમાં શું કહેવું ? એમ બતાવે છે–

"अन्यत्र समुद्घातोपपाताभ्याम्" આમાં આ અપવાદ છે- મારણાન્તિક સમુદ્ઘાતને પામેલો અને અઢીદ્વીપની અંદર રહેલો જે જીવ મનુષ્યલોકની બહારના દ્વીપ-સમુદ્રોમાં ઉત્પન્ન થવાનો હોય તે જીવ આત્મપ્રદેશોને ઇલિકાગતિથી ઉત્પત્તિપ્રદેશ સુધી ફેલાવે=લંબાવે, પછી ત્યાં રહેલો મરણ પામે. આમ સમુદ્ઘાતથી અઢીદ્વીપની બહાર મૃત્યુ થાય.

ઉપપાતને(=ઉપપાતજન્મને) આશ્રયીને અઢીદ્વીપની બહાર મૃત્યુ થાય. અઢીદ્વીપની બહાર રહેલા જે જીવે મનુષ્ય આયુષ્ય બાંધ્યું. તેથી તે અઢીદ્વીપની અંદર વક્રગતિથી ઉત્પન્ન થશે. તેનું મનુષ્યાયુ વક્રગતિના સમયે વિપાક પામશે. તેથી તે ત્યારે જ (જ્યારે મનુષ્યાયુનો વિપાકોદય થયો ત્યારે જ) મનુષ્ય થયો. કારણ કે તે મનુષ્યાયુના ઉદયમાં રહેલો છે.

આ વિષે આગમપાઠ આ પ્રમાણે છે- "હે ભગવંત ! જે મનુષ્ય હોય તે મનુષ્યોમાં ઉત્પન્ન થાય કે જે મનુષ્ય ન હોય તે મનુષ્યોમાં ઉત્પન્ન થાય ? હે ગૌતમ જે મનુષ્ય હોય તે મનુષ્યોમાં ઉત્પન્ન થાય, જે મનુષ્ય ન હોય તે મનુષ્યોમાં ઉત્પન્ન ન થાય."

આ પ્રમાણે સમુદ્ઘાત અને ઉપપાતને છોડીને અન્ય કોઇ પણ રીતે માનુષોત્તર પર્વતની બહાર મનુષ્યોના જન્મ કે મરણ સંભવતા નથી.

જેઓ આ ("चारणविद्याधरर्धिप्राप्ता अपि" એ) ભાષ્યનું ચારણ વિદ્યાધર અને ઋદ્ધિ પ્રાપ્ત મનુષ્યો અઢીદ્વીપની બહાર જઇ ન શકે એવું અર્થઘટન કરે છે તેમને આગમનો વિરોધ આવે છે. કારણ કે જંઘાચારી વગેરે સર્વનો અઢીદ્વીપની બહાર ગમનની આગમમાં સંમતિ છે.

'અઢીદ્વીપની બહાર જન્મ-મરણ સંભવતા નથી' આવી મર્યાદાને નિશ્ચિત કરીને આ કહેવાય છે કે આથી જ(=માનુષોત્તર પર્વત પછી જન્મ-મરણ થતા ન હોવાથી) તે પર્વત માનુષોત્તર એમ કહેવાય છે.

"तदेवमर्वाग्मानुषोत्तरस्य" ઇત્યાદિ ભાષ્ય છે. (તેનો અર્થ આ પ્રમાણે છે-) જેના સ્વરૂપનું પૂર્વે વર્ણન કર્યું છે તે માનુષોત્તર પર્વતની પહેલાં, જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરાર્ધ એમ અઢી દ્વીપો, લવણ અને કાલોદધિ એ બે સમુદ્રો, જંબૂદ્વીપમાં એક, ધાતકીખંડમાં બે, પુષ્કરાર્ધમાં બે એમ પાંચ મેરુ પર્વતો, જંબૂદ્વીપમાં ભરત વગેરે સાત ક્ષેત્રો, ધાતકીખંડમાં ચૌદ અને પુષ્કરાર્ધમાં ચૌદ એમ ૩૫ ક્ષેત્રો, જંબૂદ્વીપમાં હિમવાન વગેરે છ, ધાતકીખંડમાં બાર અને પુષ્કરાર્ધમાં બાર એમ ૩૦ વર્ષધર પર્વતો, જંબૂદ્વીપમાં એક, ધાતકીખંડમાં બે અને પુષ્કરાર્ધમાં બે એમ ૫ દેવકુરુ, એ પ્રમાણે ૫ ઉત્તરકુરુ, જંબૂદ્વીપમાં ૩૨, ધાતકીખંડમાં ૬૪ અને પુષ્કરાર્ધમાં ૬૪ એમ ૧૬૦ ચક્રવર્તી વિજયો, પ્રત્યેક ભરતમાં અને પ્રત્યેક ઐરાવતમાં ૨૫॥ આર્યદેશો છે. તેને દશ ગુણા કરતાં ૨૫૫ આર્યદેશો, જંબૂદ્વીપમાં હિમવંત પર્વતના પૂર્વ-પશ્ચિમ દિશામાં સાત-સાત અંતર્દ્વીપો છે. બધા મળીને ૨૮ થાય, તથા શિખરી પર્વતના પણ ૨૮ એ પ્રમાણે [૧]૫૬ અંતર્દ્વીપો આવેલાં છે. ઉત્સેધાંગુલને હજારે ગુણવાથી પ્રમાણાંગુલ થાય. આ દ્વીપો, ક્ષેત્રો, પર્વતો, ફૂટો, નદીઓ, સમુદ્રો, કાંડો, પાતાલ, ભવન, કલ્પવિમાનો આદિનો વિષ્કંભ, વિસ્તાર અને પરિધિ પ્રમાણાંગુલથી ગ્રહણ કરવા=માપવા.

અને ક્ષેત્રાદિને યથાવત્ પરિમાણથી જાણીને તેની ચોકસાઈ માટે (જે માપ રાખ્યું છે એ પુરવાર કરવા) સંખ્યાશાસ્ત્ર કહેવાયેલ છે. તે ગણિતની ગણતરીના વિષયવાળું હોવાથી સાક્ષાત્ ગણિતના ગ્રંથોમાંથી યથાર્થપણે

---

૧. ભરતક્ષેત્રના હિમવંત પર્વતથી ગજદંતના આકારની ચાર દાઢા નીકળે છે. તેમાં બે દાઢા તે પર્વતના પૂર્વ છેડાથી નીકળીને અને બે દાઢા પશ્ચિમ છેડાથી નીકળીને લવણ સમુદ્રમાં આવે છે. દરેક દાઢા ઉપર સાત સાત દ્વીપો હોવાથી કુલ ૨૮ દ્વીપો છે. એ જ પ્રમાણે ૨૮ દ્વીપો શિખરી પર્વતથી નીકળતી ચાર દાઢા ઉપર છે. આમ કુલ ૫૬ દ્વીપો છે. આ દ્વીપો લવણ સમુદ્રની અંદર હોવાથી અંતર્દ્વીપો કહેવાય છે.

જાણી લેવું. જેઓએ ક્ષેત્રપરિમાણને જણાવ્યું છે તેઓએ અવશ્ય ગણિતશાસ્ત્રને પ્રમાણ ગણવું જોઇએ. જેમ પ્રમાણસાધનથી પ્રમેયપદાર્થ જણાવવામાં આવે છે તેમ. જોકે આ સંખ્યા આગમમાં જણાવેલી છે, ત્યાર પછી બીજાઓએ તે સંખ્યાને જણાવી છે તો પણ તેઓએ તે સંખ્યાના લક્ષણને (સૂત્રને) જણાવ્યું નથી તે પણ અયુક્ત છે. (સંખ્યાને કહીને સંખ્યાના સૂત્રને ન કહેવું તે પણ અયુક્ત છે.) સર્વ ભુવનકોશાદિની પ્રક્રિયાની અંદર સમાવેશ થાય છે એમ બતાવીને તેઓએ એને કહ્યું નથી તે પણ બરાબર નથી, કારણ કે તેમાં વ્યભિચાર આવે છે. અને ઘણું કરીને સાવર્ણિ, સાંશપાયન, બુદ્ધ વગેરે અતિશય જ્યોતિષ અને ક્ષેત્રગણિત-શાસ્ત્રના જાણકાર નથી. તેથી તેઓનો આ વિષય નથી. હવે જો કોઇ મૂઢતાથી અભિમાન કરે તો તેને દરેક ગોળ ફલક, સૂત્ર અને દીપની છાયાના પ્રયોગોથી ખાતરી કરાવવી કે જેનો આટલો વિષ્કંભ હોય તેનો પરિધિ કેટલો હોય ? એમ ગણિતના નિયમથી સિદ્ધ કરી બતાવવું. ગણિતશાસ્ત્ર પૂર્વાપર અવિરોધિ અને પ્રત્યક્ષ ફળવાળું છે. આથી સર્વજ્ઞના જ્ઞાનના વિષયની અંદર હોવાથી અને જ્ઞાનના અતિશયથી મહાતળાવની અંદર રહેલા પાણીના દ્રવ્યના પલપરિમાણના જ્ઞાનના ઉપદેશની જેમ તીર્થંકરોએ આ સર્વ નિર્દોષ બતાવેલું છે. આ સર્વજ્ઞતાનું ચિહ્ન છે (=ઓળખાણ છે.) (૩-૧૩)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता मानुषस्य स्वभावमार्दवार्जवत्वं चेति, तत्र के मनुष्याः क्व चेति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** સ્વાભાવિક મૃદુતા અને સ્વાભાવિક સરળતા મનુષ્ય આયુષ્યના આસ્રવો છે એમ આપે (અ.૬ સૂ.૧૮ માં) કહ્યું છે. આ મનુષ્યો કોણ છે અને ક્યાં રહે છે ?

**ઉત્તર–** અહીં ઉત્તર કહેવાય છે–

…ાઓથી સ્થાપિત છે.

**टीकावतरणिका–** अत्राह- 'उक्तं भवते'त्याद्यापातनिकाग्रन्थः । सूत्रेषूक्तं आश्रवप्रस्तावे षष्ठेऽध्याये 'स्वभावमार्दवार्जवत्वं च मानुषस्ये'ति

तत्र के मनुष्या आर्यादिभेदेन व्यवस्थिताः क्व वा द्वीपे क्षेत्रे समुद्रे वा ?, अत्रोच्यते–

**ટીકાવતરણિકાર્થ–** "उक्तं भवता" इत्यादि, ગ્રંથ સૂત્રની અવતરણિકા સંબંધી છે. સૂત્રમાં આશ્રવના પ્રકરણમાં છઠ્ઠા અધ્યાયમાં (૧૮મા સૂત્રમાં) સ્વાભાવિક(=અકૃત્રિમ) મૃદુતા અને સ્વાભાવિક સરળતા એ મનુષ્ય આયુષ્યના આશ્રવો છે એમ કહ્યું છે. તેમાં આર્ય આદિના ભેદથી મનુષ્યો કોણ છે ? અને દ્વીપમાં, ક્ષેત્રમાં કે સમુદ્રમાં ક્યાં રહેલા છે ? તે અહીં કહેવાય છે–

**મનુષ્યોના નિવાસસ્થાનની મર્યાદા–**

## प्राग् मानुषोत्तरान्मनुष्याः ॥३-१४॥

**સૂત્રાર્થ–** માનુષોત્તર પર્વતની પહેલાં મનુષ્યો(=મનુષ્યોનો વાસ) છે. (૩-૧૪)

**भाष्यं–** प्राग्मानुषोत्तरात्पर्वतात्पञ्चत्रिंशत्सु क्षेत्रेषु सान्तरद्वीपेषु जन्मतो मनुष्या भवन्ति । संहरणविद्यर्द्धियोगात्तु सर्वेष्वर्धतृतीयेषु द्वीपेषु समुद्रद्वये च समन्दरशिखरेष्विति ।

भारतका हैमवतका इत्येवमादयः क्षेत्रविभागेन । जम्बूद्वीपका लवणका इत्येवमादयः द्वीपसमुद्रविभागेनेति ॥३-१४॥

**ભાષ્યાર્થ–** માનુષોત્તર પર્વતની પહેલા અંતર્દ્વીપ સહિત ૩૫ [1]ક્ષેત્રોમાં મનુષ્યો જન્મથી હોય છે. સંહરણ અને વિદ્યાઋદ્ધિના યોગથી તો બધા અઢી દ્વીપોમાં, બે સમુદ્રમાં અને મેરુ પર્વતના શિખરો ઉપર એમ બધા સ્થળે હોય છે.

ક્ષેત્ર વિભાગથી ભારતક, હૈમવતક ઇત્યાદિ કહેવાય છે. દ્વીપ-સમુદ્રના વિભાગથી જંબૂદ્વીપક, લવણક ઇત્યાદિ કહેવાય છે. (૩-૧૪)

---

૧. ભરત વગેરે ૧૫ કર્મભૂમિઓ અને હૈમવત વગેરે ૩૦ અકર્મભૂમિઓ એમ ૪૫ ક્ષેત્રો છે. જ્યારે અહીં ૩૫ ક્ષેત્રો જણાવ્યા છે એનું કારણ એ છે કે- ૫ દેવકુરુ અને ૫ ઉત્તરકુરુનો સમાવેશ મહાવિદેહ ક્ષેત્રમાં કર્યો છે. એથી ૩૫ ક્ષેત્રો થાય.

**टीका–** मानुषोत्तरगिरिमर्यादाव्यवच्छिन्नाः पञ्चत्रिंशत्सु भरतादिक्षेत्रेषु सान्तरद्वीपेषु जन्मासादयन्त मनुष्याः ।

एतेन भाष्येण न व्याप्तिरर्द्धतृतीयद्वीपानां समुद्रद्वयस्य च दर्शिता, अधुना व्याप्तिमादर्शयति–'संहरणविद्यर्द्धियोगात्त्विति' सर्वत्र संहरणादिभिः कारणैः सन्निधानं स्यान्मनुष्याणामिति ।

एवमेषां स्थानं निरूप्य मनुष्याणां क्षेत्रादिविभागेन भेदमाख्याति– 'भारतका'इत्यादि सुज्ञानम् ॥३-१४॥

**ટીકાર્થ–** માનુષોત્તર પર્વતની મર્યાદાથી વિભક્ત કરાયેલા મનુષ્યો અંતર્દ્વીપોથી સહિત ભરત વગેરે ૩૫ ક્ષેત્રોમાં જન્મ પામે છે, અર્થાત્ અંતર્દ્વીપોમાં અને ૩૫ ક્ષેત્રોમાં જન્મ પામે છે. (આ સિવાય ક્યાંય જન્મ પામતા નથી.)

આ ભાષ્યથી અઢીદ્વીપ અને બે સમુદ્રોની વ્યાપ્તિ ન બતાવી. (અર્થાત્ અઢીદ્વીપ અને બે સમુદ્રોમાં મનુષ્યો હોઇ શકે છે એમ નથી જણાવ્યું. આથી) હવે વ્યાપ્તિને બતાવે છે- "संहरणविद्यर्धियोगात् तु" इति, સંહરણ, વિદ્યા અને વૈક્રિય શરીર બનાવવાની શક્તિ વગેરે ઋદ્ધિના યોગથી તો અઢી દ્વીપોમાં, બે સમુદ્રોમાં અને મેરુ પર્વતના શિખરોમાં એમ સર્વ સ્થળોમાં મનુષ્યો હોય. સંહરણ આદિથી મનુષ્યોનું સર્વ સ્થળે સન્નિધાન(=સ્થિતિ) હોય છે.

આ પ્રમાણે મનુષ્યોના સ્થાનનું નિરૂપણ કરીને ક્ષેત્રાદિના વિભાગથી મનુષ્યોના ભેદને કહે છે– "भारतका" इत्यादि, ભાષ્ય સારી રીતે સમજી શકાય તેવું છે. (भारतका ઇત્યાદિ ભાષ્યનો અર્થ આ પ્રમાણે છે- આ મનુષ્યો ભારતકો(=ભરત ક્ષેત્રમાં રહેનારા) છે, આ મનુષ્યો હૈમવતકો (=હૈમવત ક્ષેત્રમાં રહેનારા) છે, ઇત્યાદિ ભેદ ક્ષેત્રના વિભાગથી છે. આ મનુષ્યો જંબૂદ્વીપકો(=જંબૂદ્વીપમાં રહેનારા) છે, આ મનુષ્યો લવણકો(=લવણસમુદ્રમાં ૫૬ અંતર્દ્વીપમાં રહેનારા) છે, ઇત્યાદિ ભેદ દ્વીપ-સમુદ્રના વિભાગ છે. (૩-૧૪)

**टीकावतरणिका–** अधुनैषां क्षेत्रादिकृत एव विभागो विशेष्यते कर्म्मनिर्वृत्तिसंश्रयेण, अतस्तदाख्यानायाह–

**ટીકાવતરણિકાર્થ–** હવે મનુષ્યોનો ક્ષેત્રાદિથી કરાયેલા જ વિભાગમાં કાર્ય અને ઉત્પત્તિના આશ્રય દ્વારા ભેદ કરાય છે. આથી ભેદનું કથન કરવા માટે ગ્રંથકાર કહે છે–

**મનુષ્યોના ભેદો–**

**आर्या म्लिशश्च ॥३-१५॥**

**सूत्रार्थ–** મનુષ્યોના મુખ્યપણે આર્ય અને મ્લેચ્છ(=અનાર્ય) એવા બે ભેદ છે. (૩-૧૫)

**भाष्यं–** द्विविधा मनुष्या भवन्ति । आर्याम्लिशश्च । तत्रार्याः षड्विधाः । क्षेत्रार्या जात्यार्याः कुलार्याः कर्मार्याः शिल्पार्या भाषार्या इति । तत्र क्षेत्रार्याः पञ्चदशसु कर्मभूमिषु जाताः । तद्यथा- भरतेष्वर्ध-षड्विंशतिषु जनपदेषु जाताः शेषेषु च चक्रवर्तिविजयेषु । जात्यार्या इक्ष्वाकवो विदेहाहरयोऽम्बष्ठाः ज्ञाता कुरवो बुंवुनाला उग्रा भोगा राजन्या इत्येवमादयः । कुलार्याः कुलकराश्चक्रवर्तिनो बलदेवा वासुदेवा ये चान्ये आतृतीयादापञ्चमादासप्तमाद्वा कुलकरेभ्यो वा विशुद्धान्वयप्रकृतयः । कर्मार्या यजनयाजनाध्ययनाध्यापनप्रयोगकृषिलिपिवाणिज्ययोनिपोषण-वृत्तयः । शिल्पार्यास्तन्तुवाय-कुलाल-नापित-तुन्नवाय-देवटादयोऽ-ल्पसावद्या अगर्हिता जीवाः । भाषार्या नाम ये शिष्टभाषानियतवर्णं लोकरूढस्पष्टशब्दं पञ्चविधानामप्यार्याणां संव्यवहारं भाषन्ते ।

अतो विपरीता म्लिशः । तद्यथा- हिमवतः प्राक् पश्चाच्च विदिक्षु त्रिणि योजनशतानि लवणसमुद्रमवगाह्य चतसृणां मनुष्यविजातीनां चत्वारोऽन्तरद्वीपा भवन्ति त्रियोजनशतविष्कम्भायामाः । तद्यथा- एकोरुकाणामाभाषिकाणां लाङ्गूलिकानां वैषाणिकानामिति ।

चत्वारि योजनशतान्यवगाह्य चतुर्योजनशतायामविष्कम्भा एवान्तर-द्वीपाः । तद्यथा- हयकर्णानां गजकर्णानां गोकर्णानां शष्कुलिकर्णानामिति ।

पञ्चयोजनशतान्यवगाह्य पञ्चयोजनशतायामविष्कम्भा एवान्तरद्वीपाः । तद्यथा- गजमुखानां व्याघ्रमुखानामादर्शमुखानां गोमुखानामिति ।

षड् योजनशतान्यवगाह्य तावदायामविष्कम्भा एवान्तरद्वीपाः । तद्यथा- अश्वमुखानां हस्तिमुखानां सिंहमुखानां व्याघ्रमुखानामिति ।

सप्त योजनशतान्यवगाह्य तावदायामविष्कम्भा एवान्तरद्वीपाः । तद्यथा- अश्वकर्ण-सिंहकर्ण-हस्तिकर्ण-कर्णप्रावरणनामानः ।

अष्टौ योजनशतान्यवगाह्याष्टयोजनशतायामविष्कम्भा एवान्तरद्वीपाः । तद्यथा- उल्कामुख-विद्युज्जिह्व-मेषमुख-विद्युद्दन्तनामानः ।

नव योजनशतान्यवगाह्य नवयोजनशतायामविष्कम्भा एवान्तरद्वीपा भवन्ति । तद्यथा- घनदन्त-गूढदन्त-विशिष्टदन्त-शुद्धदन्तनामानः । एकोरुकाणामेकोरुकद्वीपः । एवं शेषाणामपि स्वनामभिस्तुल्यनामानो वेदितव्याः । शिखरिणोऽप्येवमेवेत्येवं षट्पञ्चाशदिति ॥३-१५॥

**ભાષ્યાર્થ–** આર્ય અને મ્લેચ્છ એમ બે પ્રકારના મનુષ્યો છે. આર્યો ક્ષેત્રાર્ય, જાત્યાર્ય, કુલાર્ય, કર્માર્ય, શિલ્પાર્ય અને ભાષાર્ય એમ છ પ્રકારના છે. પંદર કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો ક્ષેત્રાર્ય છે. તે આ પ્રમાણે- ભરતક્ષેત્રમાં સાડા પચ્ચીશ દેશોમાં જન્મેલા અને ચક્રવર્તી વિજયોમાં જન્મેલા ક્ષેત્રાર્યો છે. ઇક્ષ્વાકુ, વિદેહ, હરિ, અંબઠ, જ્ઞાત, કુરુ, બુંવુનાલ, ઉગ્ર, ભોગ અને રાજન્ય વગેરે જાતિ આર્યો છે. કુલકરો, ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો અને ત્રીજા, પાંચમા કે સાતમા કુલકરોથી વિશુદ્ધ પરંપરામાં આવેલા મનુષ્યો કુલાર્યો છે. પૂજા કરવી, પૂજા કરાવવી, ભણવું, ભણાવવું, પ્રયોગ, ખેતી, લિપી, વાણિજ્ય અને યોનિપોષણથી જીવન નિર્વાહ કરનારા મનુષ્યો કર્માર્યો છે. વણકર, કુંભાર, હજામ, દરજી, દેવટ વગેરે અલ્પપાપવાળા અને અનિંદિત જીવો શિલ્પાર્યો છે. જે મનુષ્યો શિષ્ટ ભાષામાં નિયત થયેલા વર્ણવાળા લોકરૂઢ અને સ્પષ્ટ શબ્દવાળા પાંચ પ્રકારના આર્યોના સમ્યગ્ વ્યવહારને બોલે છે તે ભાષાર્યો છે. આનાથી વિપરીત મનુષ્યો મ્લેચ્છો છે. તે આ પ્રમાણે–

હિમવાન પર્વતની પહેલા અને પછી ચાર વિદિશાઓમાં લવણસમુદ્રમાં ત્રણસો યોજન પછી ચાર મનુષ્ય વિજાતિઓના ચાર અંતર્દ્વીપો છે. એ અંતર્દ્વીપો ૩૦૦ યોજન લાંબા-પહોળા છે. તે આ પ્રમાણે- એકોરુક, આભાષિક, લાંગુલિક અને વૈષાણિક.

લવણ સમુદ્રથી ચારસો યોજન દૂર ચારસો યોજન લાંબા-પહોળા ચાર અંતર્દ્વીપો છે. તે આ પ્રમાણે- હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ, શષ્કુલિકર્ણ.

લવણ સમુદ્રથી ૫૦૦ યોજન દૂર ૫૦૦ યોજન લાંબા-પહોળા ચાર અંતર્દ્વીપો છે. તે આ પ્રમાણે- ગજમુખ, વ્યાઘ્રમુખ, આદર્શમુખ, ગોમુખ.

લવણ સમુદ્રથી ૬૦૦ યોજન દૂર અને ૬૦૦ યોજન લાંબા-પહોળા ચાર અંતર્દ્વીપો છે. તે આ પ્રમાણે- અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ અને વ્યાઘ્રમુખ.

લવણ સમુદ્રથી ૭૦૦ યોજન દૂર અને ૭૦૦ યોજન લાંબા-પહોળા ચાર અંતર્દ્વીપો છે. તે આ પ્રમાણે- અશ્વકર્ણ, સિંહકર્ણ, હસ્તિકર્ણ અને કર્ણપ્રાવરણ નામવાળા છે.

લવણ સમુદ્રથી ૮૦૦ યોજન દૂર અને ૮૦૦ યોજન લાંબા-પહોળા ચાર અંતર્દ્વીપો છે. તે આ પ્રમાણે- ઉલ્કામુખ, વિદ્યુત્જિહ્વ, મેષમુખ, વિદ્યુદ્દંત.

લવણ સમુદ્રથી ૯૦૦ યોજન દૂર અને ૯૦૦ યોજન લાંબા-પહોળા ચાર અંતર્દ્વીપો છે. તે આ પ્રમાણે- ઘનદંત, ગૂઢદંત, વિશિષ્ટદંત અને શુદ્ધદંત નામવાળા છે.

એકોરુક મનુષ્યોનો દ્વીપ એકોરુક છે, અર્થાત્ એકોરુક નામના મનુષ્યોના દ્વીપનું નામ પણ એકોરુક છે. એ પ્રમાણે બાકીના પણ મનુષ્યોના સ્વનામથી તુલ્યનામવાળા દ્વીપો જાણવા. શિખરી પર્વતથી પણ એ જ પ્રમાણે જ (અઠ્ઠાવીસ) અંતર્દ્વીપો છે. આ પ્રમાણે બધા મળીને ૫૬ અંતર્દ્વીપો છે. (૩-૧૫)

**टीका–** चशब्दोऽनेकभेदत्वमनयोः आपादयति । 'द्विविधा' इत्यादि भाष्यम् । तत्रार्द्धषड्विंशतिजनपदजातान्वयजा आर्याः, अन्यत्रजा म्लेच्छाः, तत्र क्षेत्रजातिकुलकर्म्मशिल्पभाषाज्ञानदर्शनचारित्रेषु शिष्ट-लोकन्यायधर्मानुगताचरणशीला आर्याः, एतद्विपरीता म्लेच्छा अत्यन्ता-व्यक्तानियतभाषाचेष्टत्वात्, 'तत्र आर्याः षड्विधा' इत्यादि, क्षेत्र-जातिकुलकर्म्मशिल्पभाषाभेदेन,

'तत्र क्षेत्र आर्या इत्यादि सुज्ञानं,

'जात्यार्या' इक्ष्वाकव इत्यादि सर्व एते जातिभेदाः केनचित् निमित्तान्तरेणाध्यवसेयाः,

'कुलार्याः' इत्यादि निमित्तभेदेन भिद्यन्ते, अपरे परिभाषन्ते पित्रन्वयो जातिः मात्रन्वयः कुलम्,

'कर्म्मार्या' इत्यादि अनाचार्यजं किल कर्म्म, तत्रार्याः कर्म्मार्या इति, आचार्योपदेशशिक्षितं शिल्पं तन्तुवायादि, तत्रार्याः

शिल्पार्या इत्यादि

'भाषाऽऽर्या नामे'त्यादि शिष्टाः सर्वातिशयसम्पन्ना गणधरादयः तेषां भाषा संस्कृताऽर्धमागधिकादिका च, तत्र शिष्टभाषानियता अकारादयो वर्णा विशिष्टेन पौर्वापर्येण सन्निवेशिताः यस्य शब्दप्रधानसंव्यवहारस्यासौ शिष्टभाषानियतवर्णस्तं लोकरूढस्पष्टशब्दं लोकरूढ्याऽत्यन्तप्रसिद्धः संव्यवहारेषु, स्पष्टः-स्फुटो नाव्यक्तो बालभाषावत् लोकरूढः स्पष्टः शब्दो यस्मिन् संव्यवहारे, तमेवंविधं पञ्चविधानामार्याणां क्षेत्रादिभेद-भाजामनन्तरोक्तानां संव्यवहारमागच्छ याहीदं कुरु मैवं कार्षीरित्येवमादिकं भाषन्ते ये ते भाषाऽऽर्याः इति ।

'एतद्विपरीता म्लिशः' उक्तक्षेत्रजातिकुलकर्म्मशिल्पभाषाव्यतिरिक्त-क्षेत्रादिषट्कभाजः सर्वे म्लिशो भवन्ति, शक-यवन-किरात-काम्बोज-

वाल्हीकादयोऽनेकभेदाः, तथा अन्तरद्वीपकाः किल म्लेच्छा एव, क्षेत्रादिषट्कविपर्ययात्,

'तद्यथा-हिमवतः प्राक् पश्चाच्च विदिक्षु' इत्यादि भाष्यं, हिमवतः प्राग्भागे पश्चाद्भागे च विदिक्षु पूर्वोत्तरान्तरालादिषु चतसृणां त्रीणि योजनशतानि लवणजलधिमवगाह्य द्वीपकाः प्रथमतः सन्निविष्टाः, तासां मनुष्यविजातीनामेकोरुकादीनां, तत्र, पूर्वोत्तरस्यां दिशि त्रीणि योजनशतान्यवगाह्य लवणसागरजलं त्रिशतायामविष्कम्भः प्रथम एकोरुकाभिधानो द्वीप एकोरुकपुरुषाणामधिवासः, द्वीपनामतः पुरुष-नामानि, ते तु सर्वाङ्गोपाङ्गसुन्दरा दर्शनमनोरमा एकोरुका एवेत्येवं शेषा अपि वाच्याः, तथा दक्षिणपूर्वस्यां दिशि (लवणजलधिमवगाह्य) हिमवतः त्रीणि शतानि त्रिशतायामविष्कम्भः प्रथमो द्वीप आभाषिका-भिधानः आभाषिकमनुष्यावासः, तथा दक्षिणापरस्यां दिशि हिमवतः त्रीणि शतानि लवणजलमवगाह्य त्रिशतायामविष्कम्भो लाङ्गुलिका-भिधानः प्रथमद्वीपो लाङ्गूलिकमनुष्यावासः, तथोत्तरापरस्यां त्रीणि शतान्यवगाह्य लवणजलं त्रिशतायामविष्कम्भः प्रथमद्वीपो वैषाणिकनामा वैषाणिकमनुष्यावासः, एवं हयकर्ण-गजकर्ण-गोकर्ण-शष्कुलीक-र्णाश्चत्वारि योजनशतान्यवगाह्य हिमवतो लवणोदधिं पूर्वोत्तरादिविदिक्षु चतुर्योजनशतायामविष्कम्भाश्चत्वारो द्वीपा भवन्ति, एवं शेषचतुष्काण्यपि विजानीयात् यावत् अन्त्यो द्वीपः शतानि नवावगाह्य लवणजलधिं नव-योजनशतायामविष्कम्भो विदिशि भवतीति, गजमुख-व्याघ्रमुखादर्शमुख-गोमुखा, अश्वमुख-हस्तिमुख-सिंहमुख-व्याघ्रमुखा, अश्वकर्ण-सिंहकर्ण-हस्तिकर्ण-कर्णप्रावरणा, उल्कामुख-विद्युज्जिह्व-मेषमुख-विद्युद्दन्ता, घनदन्त-गूढदन्त-विशिष्टदन्त-शुद्धदन्ताख्याः,

एते च युग्मप्रसवाः पल्योपमासङ्ख्येयभागायुषः अष्टधनुःशतोच्चाः पुरुषा भवन्ति, एवमेवाष्टाविंशतिरन्तरद्वीपकानां हिमवद्गिरिप्रागपर-

पर्यन्तप्रभवा भवन्त्युक्तेन न्यायेन, तथा हैरण्यवतैरवतकक्षेत्रविभागकारिणः शिखरिणोऽप्येवमेव पूर्वोत्तरादिविदिक्षु क्रमेण अमुनैव नामकलापेन चान्तरद्वीपकानामष्टाविंशतिर्भवति, एकत्र षट्पञ्चाशत् अन्तरद्वीपका भवन्ति,

एतच्चान्तरद्वीपकभाष्यं प्रायो विनाशितं सर्वत्र कैरपि दुर्विदग्धैः, येन षण्णवतिरन्तरद्वीपका भाष्येषु दृश्यन्ते, अनार्षं चैतदध्यवसीयते, जीवाभिगमादिषु षट्पञ्चाशदन्तरद्वीपकाध्ययनात्, नापि च वाचकमुख्यः सूत्रोल्लङ्घनेनाभिदधात्यसम्भाव्यमानत्वात्, तस्मात् सैद्धान्तिकपाशैर्विनाशितमिदमिति ॥३-१५॥

**ટીકાર્થ–**

## આર્ય-અનાર્ય

च શબ્દ આ બેના અનેક ભેદો છે એમ સૂચવે છે. "द्विविधा" ઇત્યાદિ ભાષ્ય છે. મનુષ્યો આર્ય અને મ્લેચ્છ એમ બે પ્રકારના છે. તેમાં સાડા પચીશ દેશોમાં થયેલા વંશોમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો આર્ય છે. આનાથી બીજા સ્થળે ઉત્પન્ન થયેલા મનુષ્યો મ્લેચ્છ છે. તેમાં ક્ષેત્ર, જાતિ, કુલ, કર્મ, શિલ્પ, ભાષા, જ્ઞાન, દર્શન, ચારિત્રમાં શિષ્ટ લોકની નીતિને અને ધર્મને અનુસરે તેવું આચરણ કરવાના સ્વભાવવાળા જીવો આર્ય છે. આનાથી વિપરીત મ્લેચ્છ છે. કારણ કે અત્યંત અવ્યક્ત અને અનિયત એવી ભાષાવાળા અને ચેષ્ટાવાળા છે.

"तत्र आर्या षड्विधाः" इत्यादि આર્યો, ક્ષેત્રાર્ય, જાત્યાર્ય, કુલાર્ય, કર્માર્ય, શિલ્પાર્ય અને ભાષાર્ય એમ છ પ્રકારના છે.

"तत्र क्षेत्रार्याः" ઇત્યાદિ ભાષ્ય સારી રીતે સમજી શકાય તેવું છે. (ક્ષેત્રાર્યા ઇત્યાદિ ભાષ્યનો અર્થ આ પ્રમાણે છે- પંદર કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા જીવો ક્ષેત્રાર્ય છે. તે આ પ્રમાણે- ભરત ક્ષેત્રોમાં અને ઐરાવત ક્ષેત્રોમાં સાડા પચીસ દેશોમાં અને બાકીનાં ક્ષેત્રોમાં ચક્રવર્તી વિજયોમાં ઉત્પન્ન થયેલા મનુષ્યો ક્ષેત્રાર્યો છે.)

"जात्यार्या इक्ष्वाकव:" इत्यादि, ઇક્ષ્વાકુ, વિદેહ, હરિ, અંબષ્ઠ, જ્ઞાત, કુરુ, બુંવુનાલ, ઉગ્ર, ભોગ અને રાજન્ય ઇત્યાદિ જાતિ આર્ય છે. આ સઘળાય જાતિભેદો અન્ય કોઇ નિમિત્તથી જાણી લેવા.

"कुलार्या:" इत्यादि, કુલકરો, ચક્રવર્તીઓ, બલદેવો, વાસુદેવો અને (કુલકરોથી) બીજા પણ ત્રીજી પેઢી, પાંચમી પેઢી કે સાતમી પેઢી સુધીના, અથવા કુલકરોથી ઉત્પન્ન થયેલા જે વિશુદ્ધ વંશ પ્રકૃતિવાળા હોય તે કુલાર્યો છે. કુલાર્યો નિમિત્તભેદથી ભિન્ન થાય છે. બીજાઓ કુલ-જાતિની પરિભાષા આ પ્રમાણે કરે છે- પિતાનો વંશ તે જાતિ, માતાનો વંશ તે કુલ.

"कर्मार्या:" इत्यादि, પૂજા કરવી, પૂજા કરાવવી, ભણવું, ભણાવવું, પ્રયોગ (ધન વ્યાજે આપીને જીવન ચલાવવું), ખેતી, લિપિ(=લખીને જીવન નિર્વાહ કરવો), વેપાર અને પશુપાલનથી આજીવિકા ચલાવનારા કર્માર્યો છે.

આચાર્યના ઉપદેશ વિના જે પ્રવર્તે તે કર્મ. કર્મમાં જે આર્યો તે કર્માર્યો. આચાર્યના ઉપદેશથી જે શીખેલું હોય તે શિલ્પ છે. વણકર વગેરે શિલ્પી છે. શિલ્પમાં જે આર્યો તે શિલ્પાર્યો છે.

"शिल्पार्या:" इत्यादि, વણકર, કુંભાર, હજામ, દરજી, દેવાટ (=તીર્થયાત્રા કરનાર) વગેરે અલ્પ પાપવાળા તેમજ અનિંદ્ય આજીવિકાથી જીવન નિર્વાહ કરનારા શિલ્પાર્યો છે.

"भाषार्या नाम" इत्यादि, શિષ્ટ પુરુષોની ભાષામાં નિયત કરેલા વર્ણોવાળા અને લોકરૂઢ સ્પષ્ટ શબ્દોવાળા પાંચેય પ્રકારના આર્યોના વ્યવહારને જેઓ કહે તે ભાષાર્યો છે.

અહીં વ્યવહાર એટલે આવ, જા, આ કર, આ ન કર ઇત્યાદિ બોલવાનો વ્યવહાર. અહીં શિષ્ટ એટલે સર્વ અતિશયોથી સંપન્ન ગણધરો વગેરે. તેમની સંસ્કૃત અને અર્ધમાગધી વગેરે ભાષા તે શિષ્ટભાષા. નિયત થયેલા વર્ણો એટલે વિશિષ્ટ પૂર્વાપરના સંબંધથી ગોઠવેલા, અકારાદિ વર્ણો. જે વ્યવહારમાં શિષ્ટપુરુષોની ભાષામાં નિયત કરેલા વર્ણો (બોલાય) છે તે વ્યવહાર શિષ્ટપુરુષોની ભાષામાં નિયત કરેલા વર્ણવાળો છે.

લોકરૂઢ એટલે વ્યવહારમાં લોકરૂઢિથી અત્યંતપ્રસિદ્ધ થયેલ. સ્પષ્ટ એટલે બાળકની ભાષા જેવી અવ્યક્ત નહિ, કિંતુ (સાંભળનારને સમજાય તેવી) સ્પષ્ટ. જે વ્યવહારમાં લોકરૂઢ અને સ્પષ્ટ શબ્દો (બોલાય) છે તે વ્યવહાર લોકરૂઢ સ્પષ્ટ શબ્દવાળો છે.

**તાત્પર્યાર્થ–** શિષ્ટ પુરુષોને માન્ય, સુવ્યવસ્થિત શબ્દોવાળી અને સ્પષ્ટ ઉચ્ચારવાળી ભાષા બોલે તે મનુષ્યો ભાષાઆર્ય છે.

अतो विपरीता म्लिशः=છ ક્ષેત્રો આદિમાં રહેનારા અને પૂર્વોક્ત ક્ષેત્ર, જાતિ, કુલ, કર્મ, શિલ્પ, ભાષાર્ય સિવાયના સઘળા મનુષ્યો મ્લેચ્છો છે. તેના શક, યવન, ભીલ, કાંબોજ અને વાલ્હીક આદિ અનેક ભેદો છે તથા અંતર્દ્વીપોમાં રહેનારા મ્લેચ્છો જ છે. કારણ કે અંતર્દ્વીપોના મનુષ્યો છ ક્ષેત્ર આદિથી વિપરીત છે.

"तद्यथा हिमवतः प्राक् पश्चाच्च विदिक्षु" इत्यादि, ભાષ્યનો અર્થ આ પ્રમાણે છે - હિમવાન પર્વતથી પૂર્વ છેડાથી અને પશ્ચિમ છેડાથી ઈશાન વગેરે (ચાર) વિદિશાઓમાં ત્રણસો યોજન લવણ સમુદ્રમાં ગયા પછી મ્લેચ્છોની એકોરુક આદિ જુદી જુદી જાતિઓનાં પહેલેથી દ્વીપો રહેલા છે. પહેલેથી એટલે લવણ સમુદ્રમાં ત્રણસો યોજન ગયા પછી દ્વીપોનો પ્રારંભ થાય છે.

## ૫૬ અંતર્દ્વીપો

તેમાં ઈશાનખૂણામાં હિમવંત પર્વતથી લવણ સમુદ્રમાં ત્રણસો યોજન દૂર અને ત્રણસો યોજન લાંબો-પહોળો એકોરુક નામનો પહેલો દ્વીપ છે. તેમાં એકોરુક જાતિના મનુષ્યોનો વાસ છે. દ્વીપના નામથી મનુષ્યોનાં નામો છે. તે મનુષ્યોના સર્વ અંગો-ઉપાંગો સુંદર હોય છે. દર્શનથી મનોહર હોય છે. એકોરુકા જ છે, અર્થાત્ એકોરુક જાતિથી ઓળખાય છે. આ પ્રમાણે બીજા પણ દ્વીપો કહેવા. તથા અગ્નિખૂણામાં હિમવંત પર્વતથી લવણ સમુદ્રમાં ત્રણસો યોજન દૂર અને ત્રણસો યોજન લાંબો-પહોળો આભાષિક નામનો પહેલો દ્વીપ છે. તેમાં આભાષિક જાતિના

મનુષ્યોનો વાસ છે. તથા નૈઋત્યખૂણામાં હિમવંત પર્વતથી લવણ સમુદ્રમાં ત્રણસો યોજન દૂર અને ત્રણસો યોજન લાંબો-પહોળો લાંગુલિક નામનો પ્રથમ દ્વીપ છે. તેમાં લાંગુલિક મનુષ્યોનો વાસ છે. તથા વાયવ્યખૂણામાં હિમવંત પર્વતથી લવણ સમુદ્રમાં ત્રણસો યોજન દૂર અને ત્રણસો યોજન લાંબો-પહોળો વૈષાણિક નામનો પ્રથમ દ્વીપ છે. તેમાં વૈષાણિક જાતિના મનુષ્યો વસે છે.

એ પ્રમાણે ચાર વિદિશાઓમાં હિમવંત પર્વતથી લવણ સમુદ્રમાં ચારસો યોજન દૂર અને ચારસો યોજન લાંબા-પહોળા અનુક્રમે હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ અને શષ્કુલીકર્ણ નામના ચાર દ્વીપો છે. એ પ્રમાણે ચાર વિદિશાઓમાં અન્ય ચાર-ચાર દ્વીપો પણ ત્યાં સુધી જાણવા કે છેલ્લો દ્વીપ વિદિશામાં લવણ સમુદ્રમાં નવસો યોજન દૂર અને નવસો યોજન લાંબો-પહોળો દ્વીપ છે. તે દ્વીપોના નામ આ પ્રમાણે છે—

(પાંચસો યોજન દૂર) ગજમુખ, વ્યાઘ્રમુખ, આદર્શમુખ અને ગોમુખ.
(છસો યોજન દૂર) અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ અને વ્યાઘ્રમુખ.
(સાતસો યોજન દૂર) અશ્વકર્ણ, સિંહકર્ણ, હસ્તિકર્ણ અને કર્ણપ્રાવરણ.
(આઠસો યોજન દૂર) ઉલ્કામુખ, વિદ્યુત્જિહ્વ, મેષમુખ અને વિદ્યુદ્દંત.
(નવસો યોજન દૂર) ઘનદંત, ગૂઢદંત, વિશિષ્ટદંત અને શુદ્ધદંત.

આ મનુષ્યો યુગલિકરૂપે જન્મ પામનારા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા આયુષ્યવાળા અને આઠસો ધનુષ્ય જેટલા ઊંચા શરીરવાળા હોય છે.

હિમવંત પર્વતના પૂર્વ-પશ્ચિમ છેડાથી નીકળનારા અઠ્ઠાવીસ અંતર્દ્વીપો ઉક્ત રીતથી આ પ્રમાણે જ થાય છે.

તથા હૈરણ્યવત અને ઐરાવત ક્ષેત્રના વિભાગ કરનારા શિખરી પર્વતથી પણ આ પ્રમાણે જ ઈશાન આદિ ચાર વિદિશાઓમાં આ જ ક્રમથી અને આ જ નામોથી અઠ્ઠાવીસ અંતર્દ્વીપો થાય છે. બધા મળીને ૫૬ અંતર્દ્વીપો થાય છે.

અંતર્દ્વીપોનું આ ભાષ્યના જ્ઞાનનું અભિમાન કરનારા કોઇકોએ સર્વસ્થળે (સર્વગ્રંથોમાં) વિનાશ કર્યો છે, જેથી ભાષ્યમાં ૯૬ અંતર્દ્વીપો જોવામાં આવે છે. આ આગમથી વિરુદ્ધ જણાય છે. કેમકે જીવાભિગમ આદિ ગ્રંથોમાં ૫૬ અંતર્દ્વીપો જાણવામાં(=જોવામાં) આવે છે. વાચકોમાં શિરોમણિ આ મહાપુરુષ સૂત્રને ઉલ્લંઘીને(=સૂત્ર વિરુદ્ધ) કહે નહિ. કારણ કે આવા મહાપુરુષમાં આ અસંભવિત છે. તેથી [1]નિંદ્ય સિદ્ધાંત વેદીઓએ ભાષ્યનો વિનાશ કર્યો છે. (૩-૧૫)

**टीकावतरणिका–** तदस्मिन् आर्यानार्यविकल्पे मनुष्यक्षेत्रे का कर्म्मभूमयोऽकर्म्मभूमयश्चेत्यत आह–

**ટીકાવતરણિકાર્થ–** તેથી આ આર્ય-અનાર્યના ભેદમાં મનુષ્ય ક્ષેત્રમાં કઇ કર્મભૂમિઓ છે અને કઇ અકર્મભૂમિઓ છે ? એવા પ્રશ્નના ઉત્તરને કહે છે–

**કર્મભૂમિની સંખ્યા–**

**भरतैरावतविदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरुभ्यः ॥३-१६॥**

**સૂત્રાર્થ–**પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ એમ ૧૫ ક્ષેત્રો કર્મભૂમિ છે. પણ તેમાં દેવકુરુ અને ઉત્તરકુરુ અકર્મભૂમિ છે. (૩-૧૬)

**भाष्यं–** मनुष्यक्षेत्रे भरतैरावतविदेहाः पञ्चदश कर्मभूमयो भवन्ति । अन्यत्र देवकुरूत्तरकुरुभ्यः । संसारदुर्गान्तगमकस्य सम्यग्दर्शनज्ञान-चारित्रात्मकस्य मोक्षमार्गस्य ज्ञातारः कर्त्तार उपदेष्टारश्च भगवन्तः परमर्षयस्तीर्थकरा अत्रोत्पद्यन्ते । अत्रैव जाताः सिध्यन्ति नान्यत्र । अतो निर्वाणाय कर्मणः सिद्धिभूमयः कर्मभूमय इति । शेषासु विंशतिर्वंशाः सान्तरद्वीपा अकर्मभूमयो भवन्ति ।

---

૧. અહીં 'वेत्ति' અર્થમાં न्यायादेरिकण् (સિ.હે.શ. ૬-૨-૧૧૮) એ સૂત્રથી इकण् પ્રત્યય લાગ્યો છે. આની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે- सिद्धान्तं वेत्तीति सैद्धान्तिकः । તથા "निन्द्ये पाशप्" (સિ.હે.શ. ૭-૩-૪) એ સૂત્રથી નિંદ્ય અર્થમાં पाशप् પ્રત્યય લાગ્યો છે. તેની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે- निन्द्यः सैद्धान्तिकः सैद्धान्तिकपाशः.

देवकुरूत्तरकुरवस्तु कर्मभूम्यभ्यन्तरा अप्यकर्मभूमय इति ॥३-१६॥

**ભાષ્યાર્થ–** મનુષ્યક્ષેત્રમાં દેવકુરુ અને ઉત્તરકુરુ સિવાય ભરત, ઐરાવત અને વિદેહ એમ પંદર કર્મભૂમિઓ છે. સંસારરૂપ કિલ્લાથી બહાર કાઢનારા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગને જાણનારા, કરનારા અને ઉપદેશ આપનારા પરમર્ષિ તીર્થંકર ભગવંતો અહીં ઉત્પન્ન થાય છે. અહીં જ જન્મેલા જીવો સિદ્ધ થાય છે. બીજા ક્ષેત્રમાં જન્મેલા જીવો સિદ્ધ થતા નથી. આથી મોક્ષ મેળવવા માટે કર્મના ક્ષય માટે સિદ્ધ થયેલી ભૂમિઓ કર્મભૂમિઓ છે. બાકીના અંતર્દ્વીપ સહિત ૨૦ ક્ષેત્રો[1] અકર્મભૂમિઓ છે.

દેવકુરુ-ઉત્તરકુરુ તો કર્મભૂમિની અંદર હોવા છતાં અકર્મભૂમિઓ છે. (૩-૧૬)

**टीका–** 'मनुष्यक्षेत्र' इत्यादि भाष्यम्, अर्द्धतृतीयद्वीपाभ्यन्तरे पञ्च भरतानि पञ्चैरावतानि पञ्च विदेहाः पञ्चदश कर्म्मभूमयो भवन्ति, कात्स्न्येन प्राप्ते कर्मभूमित्वे विदेहानामपवादः क्रियते-देवकुरूत्तरकुरुवर्ज्जा विदेहाः कर्म्मभूमयो भवन्तीति, तदन्तःपातित्वान्निषेधः,

अथ कः कर्म्मभूमिशब्दार्थ इति, आह-'संसारदुर्गांतगमकस्ये'त्यादि, मार्गो विशिष्यते, संसारो-नारकादिभेदः स एव दुर्गो-गहनमनेक-जातिप्रमुखत्वाद्दुःखात्मकत्वाच्च तस्यान्तः-पारं संसारदुर्गान्तस्तं गमयति-प्रापयति यस्तस्य संसारदुर्गान्तगमकस्य, 'सम्यक्त्वज्ञानचरणात्मकस्ये'ति मोक्षाङ्गानामियत्तामावेदयति, एवंविधमोक्षपथस्य ज्ञातारस्तीर्थकराः, यथावदवगन्तार इत्यर्थः,

कर्त्तार इति प्रणेतारः प्रदर्शयितार इतियावत्, नित्यत्वात् प्रवचनार्थस्येति,

सम्यक्त्वाद्यात्मकं तीर्थं तत्प्रणयनात् तीर्थकरा भवन्ति, गणधरादि-प्रव्राजनाद्वा, वाग्योगेन चोपदिशन्ति भगवन्त इत्युपदेष्टारः, श्रुतज्ञाना-

---

૧. હૈમવત વગેરે ૪+૮+૮=૨૦.

भावादिति सूचयति, यशोलक्ष्म्यादियोगाद्भगवन्तः, परमर्षयः कृतार्थत्वे सति सन्मार्गोपदेशेन भव्यसत्त्वाभ्युद्धरणात्, तीर्थकरणहेतवस्तच्छीला-स्तदनुलोमवृत्तयो वा तीर्थकराः ।

'अत्रोत्पद्यन्ते' पञ्चदशसु क्षेत्रेषु, एतेष्वेव पुनः सकलकर्मक्षयं विधाय सिद्धिमभिधावन्ति, नान्यत्र क्षेत्र इति, अतो निर्वाणाय कर्मणः सिद्ध-भूमयः कर्मभूमय इति, अतः सकलकर्माग्निविध्यापनाय सिद्धिप्राप्त्यै भूमयः कर्मभूमयोऽभिधीयन्त इति ।

परिशेषलब्धमकर्मभूमिशब्दार्थमाख्याति-'शेषास्त्वि'त्यादि, जम्बूद्वीपे हैमवतहरिवर्षरम्यकहैरण्यवताख्याश्चतुरो वंशाः, एते एव धातकीखण्डेऽष्टौ द्विगुणाः पुष्करार्द्धेऽष्टौ एकत्र विंशतिर्वंशाः, सह अन्तरद्वीपैरेकोरुकादिभिः षट्पञ्चाशद्भिरकर्मभूमयो भवन्ति, तीर्थकरजन्मादिरहितत्वात्,

पूर्वापोदितमर्थमुपसंहरति-'देवकुरूत्तरकुरवस्तु कर्मभूम्यभ्यन्तरा अप्यकर्मभूमय इति, सर्वदा चरणप्रतिपत्तेरभावादित्यवगमयति ॥३-१६॥

**ટીકાર્થ–** 'मनुष्यक्षेत्र' इत्यादि ભાષ્ય છે. મનુષ્યક્ષેત્રમાં અઢી દ્વીપોની અંદર પાંચ ભરત,પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ એમ ૧૫ કર્મભૂમિ છે. મહાવિદેહમાં સંપૂર્ણ ક્ષેત્રમાં કર્મભૂમિપણું પ્રાપ્ત થવાથી અપવાદ કરે છે- દેવકુરુ-ઉત્તરકુરુ સિવાય મહાવિદેહો કર્મભૂમિ છે. દેવકુરુ-ઉત્તરકુરુ મહાવિદેહની અંદર હોવાથી તે બેનો નિષેધ કર્યો છે.

કર્મભૂમિ એવા શબ્દનો શબ્દાર્થ શો છે ? એવા પ્રશ્નના ઉત્તરને કહે છે- સંસારરૂપ કિલ્લાના પારને પમાડનાર એવા જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગના જ્ઞાતા, કર્તા, ઉપદેશક ભગવાન પરમર્ષિ શ્રી તીર્થંકર અહીં(=કર્મભૂમિમાં) ઉત્પન્ન થાય છે, અહીં જ ઉત્પન્ન થયેલા સિદ્ધ થાય છે, બીજે જન્મેલા નહિ.

સંસાર નારકાદિભેદ સ્વરૂપ છે. તે જ દુર્ગ છે=ગહન છે. કેમકે અનેક જાતિઓથી યુક્ત છે અને દુઃખ સ્વરૂપ છે. તેનો અંત એટલે પાર. પારને

પમાડનાર. જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ મોક્ષમાર્ગ સંસારરૂપ દુર્ગના પારને પમાડનાર છે.

સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર સ્વરૂપ એમ કહીને મોક્ષમાર્ગના પરિમાણને જણાવે છે, અર્થાત્ મોક્ષમાર્ગ દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વરૂપ છે. તીર્થંકરો આવા પ્રકારના મોક્ષમાર્ગના જ્ઞાતા છે.

કર્તા એટલે રચનારા, અર્થાત્ બતાવનારા. કારણ કે પ્રવચનનો અર્થ નિત્ય છે. (નિત્ય હોવાથી રચવાની જરૂર નથી. કિંતુ બતાવવાની જરૂર છે. તેથી "અર્થાત્ બતાવનારા" એમ જણાવ્યું.)

**તીર્થંકર–** સમ્યક્ત્વ વગેરે (ત્રણ) તીર્થ છે. સમ્યક્ત્વાદિ રૂપ તીર્થને કરવાથી-રચવાથી તીર્થંકર કહેવાય છે, અથવા (તીર્થ એટલે ગણધર વગેરે) ગણધરો વગેરેને દીક્ષા આપવાથી તીર્થંકર કહેવાય છે.

તીર્થંકર ભગવંતો વાણીથી ઉપદેશને આપે છે માટે ઉપદેશક છે.

श्रुतज्ञानाभावादिति सूचयति=(ઉપદેશ કેમ આપે છે? એ પ્રશ્નના ઉત્તરમાં અહીં કહે છે કે-) શ્રુતજ્ઞાનનો અભાવ હોવાથી ઉપદેશ આપે છે એમ ભાષ્યકાર સૂચવે છે=બતાવે છે. (તીર્થંકરના ઉપદેશની પહેલાં શ્રુતજ્ઞાન ન હતું. તીર્થંકરના ઉપદેશથી શ્રુતજ્ઞાનનો પ્રારંભ થયો. માટે તો શ્રુતજ્ઞાનના સાદિ-સાંત એવા બે ભેદ છે. તીર્થની સ્થાપના થાય ત્યારથી શ્રુતનો પ્રારંભ થાય માટે શ્રુત સાદિ છે. તીર્થનો વિચ્છેદ થાય ત્યારે શ્રુતનો અંત આવે માટે શ્રુત સાંત છે.)

**ભગવાન** (ભગ એટલે ઐશ્વર્ય. જેનામાં ઐશ્વર્ય હોય તે ભગવાન કહેવાય. તીર્થંકરમાં) યશરૂપ લક્ષ્મી આદિ ઐશ્વર્ય હોવાથી ભગવાન કહેવાય છે.

**પરમર્ષિ–** પોતે કૃતાર્થ થવા છતાં સન્માર્ગના ઉપદેશથી ભવ્યજીવોનો ઉદ્ધાર કરવાના કારણે પરમર્ષિ કહેવાય છે.

**તીર્થંકર–** તીર્થને કરવામાં જે (મુખ્ય)કારણ હોય તે તીર્થંકર, અથવા તીર્થને કરવાના સ્વભાવવાળા હોય તે તીર્થંકર, અથવા તીર્થને કરવામાં અનુકૂળ હોય તેવું વર્તન કરનારા હોય તે તીર્થંકર કહેવાય છે.

તીર્થંકરો અહીં=પંદર ક્ષેત્રોમાં ઉત્પન્ન થાય છે. આ જ ક્ષેત્રોમાં સઘળા કર્મોનો ક્ષય કરીને સિદ્ધિમાં જાય છે, તીર્થંકરો બીજા કોઇ ક્ષેત્રમાં જન્મતા નથી અને (બીજા કોઇ ક્ષેત્રમાંથી) મોક્ષમાં પણ જતા નથી. આથી કર્મના ક્ષય માટે સિદ્ધ થયેલી ભૂમિઓ કર્મભૂમિઓ છે. આથી સિદ્ધિની પ્રાપ્તિ કરવાના હેતુથી સઘળા કર્મોરૂપ અગ્નિને બુઝવવા(=ઠારવા) માટે જે ભૂમિઓ છે તે કર્મભૂમિઓ કહેવાય છે.

કર્મભૂમિની વ્યાખ્યાથી બાકાત થવાના કારણે પ્રાપ્ત થયેલા અકર્મભૂમિ શબ્દના અર્થને કહે છે- "शेषास्तु" इत्यादि, બાકીના અંતર્દ્વીપો સહિત વીસ ક્ષેત્રો અકર્મભૂમિઓ છે. તે આ પ્રમાણે- એકોરુક આદિ ૫૬ અંતર્દ્વીપો. હૈમવંત, હરિવર્ષ, રમ્યક્, હૈરણ્યવત નામના ચાર ક્ષેત્રો. આ જ ક્ષેત્રો ધાતકીખંડમાં બમણા હોવાથી આઠ. એ જ ક્ષેત્રો પુષ્કરાર્ધમાં પણ બમણા હોવાથી આઠ. એમ બધા મળીને (૪+૮+૮=૨૦) વીસ ક્ષેત્રો. આમ ૫૬ અંતર્દ્વીપ સહિત વીસ ક્ષેત્રો અકર્મભૂમિઓ છે. કેમકે આ ક્ષેત્રો તીર્થંકરોના જન્મ આદિથી રહિત છે.

પૂર્વે અપવાદથી કહેલા અર્થનો ઉપસંહાર કરે છે- <u>देवकुरूत्तरकुरवस्तु कर्मभूम्यन्तरा अप्यकर्मभूमयः</u> इति, દેવકુરુ અને ઉત્તરકુરુ એ બે ક્ષેત્રો કર્મભૂમિની અંદર હોવા છતાં અકર્મભૂમિઓ છે. આ ક્ષેત્રોમાં સર્વકાળે ચારિત્રની પ્રાપ્તિ ન થતી હોવાથી આ બે ક્ષેત્રો અકર્મભૂમિઓ છે એમ ભાષ્યકાર જણાવે છે. (૩-૧૬)

**टीकावतरणिका–** अथैते मनुष्या आर्यादिभेदवर्त्तिनः कियन्तं कालमनुपाल्यायुः प्राणान् विजहतीत्याह–

**ટીકાવતરણિકાર્થ–** હવે આર્ય આદિ ભેદવાળા આ મનુષ્યો કેટલો કાળ આયુષ્યને પાળીને પ્રાણોનો ત્યાગ કરે છે? એવા પ્રશ્નના ઉત્તરને કહે છે–

**મનુષ્યોના આયુષ્યનો કાળ–**

## नृस्थिती परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते ॥३-१७॥

**સૂત્રાર્થ–** મનુષ્યોની પર અને અપર સ્થિતિ અનુક્રમે ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત છે. (૩-૧૭)

**भाष्यं–** नरो नरा मनुष्या मानुषा इत्यनर्थान्तरम् । मनुष्याणां परा स्थितिस्त्रीणि पल्योपमान्यपरान्तर्मुहूर्तेति ॥३-१७॥

**ભાષ્યાર્થ–** नृ, नर, मनुष्य અને मानुष એ શબ્દો પર્યાયવાચી છે. મનુષ્યોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે. (૩-૧૭)

**टीका–** 'नरो नरा' इत्यादि भाष्यम्, पर्यायाख्यानेन व्याख्यानमेतत् नृशब्दस्य,

परा-उत्कृष्टा स्थितिः-आयुषोऽवस्थानं जीवितकालः त्रीणि पल्योपमानि मनुष्याणां, एतानि चाद्धापल्योपमेन जीवानामायूंषि गण्यन्ते, अपरा अन्तर्मुहूर्ता जघन्या स्थितिरायुषोऽन्तर्मुहूर्तपरिमाणा भवति ॥३-१७॥

**ટીકાર્થ–** नरो, नरा इत्यादि ભાષ્ય છે. नृ શબ્દના પર્યાયો(=પર્યાયવાચી શબ્દો) કહેવા દ્વારા नृ શબ્દનું આ વ્યાખ્યાન છે, અર્થાત્ नृ, नर, मनुष्य અને मानुष એ શબ્દો એક અર્થવાળા છે.

પર એટલે ઉત્કૃષ્ટ(=વધારેમાં વધારે). સ્થિતિ એટલે આયુષ્યનું રહેવું, અર્થાત્ જીવનનો કાળ. મનુષ્યોની ત્રણ પલ્યોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. જીવોના આ આયુષ્યને અદ્ધાપલ્યોપમથી ગણવામાં આવે છે. મનુષ્યોના આયુષ્યની જઘન્ય(=ઓછામાં ઓછી) સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. (૩-૧૭)

**તિર્યંચોના આયુષ્યનો કાળ–**

## तिर्यग्योनीनां च ॥३-१८॥

**સૂત્રાર્થ–** તિર્યંચોની પણ પર અને અપર સ્થિતિ અનુક્રમે ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત છે. (૩-૧૮)

**भाष्यं–** तिर्यग्योनिनां च परापरे स्थिती त्रिपल्योपमान्तर्मुहूर्ते भवतो यथासङ्ख्यमेव । पृथक्करणं यथासङ्ख्यदोषविनिवृत्त्यर्थम् । इतरथा इदमेकमेव सूत्रमभविष्यदुभयत्र चोभे यथासङ्ख्यं स्यातामिति ।

द्विविधा चैषां मनुष्यतिर्यग्योनिजानां स्थितिः । भवस्थितिः कायस्थितिश्च । मनुष्याणां यथोक्ते त्रिपल्योपमान्तर्मुहूर्ते परापरे भवस्थिती । कायस्थितिस्तु परा सप्ताष्टौ वा भवग्रहणानि ।

तिर्यग्योनिजानां च यथोक्ते समासतः परापरे भवस्थिती । व्यासतस्तु शुद्धपृथिवीकायस्य परा द्वादशवर्षसहस्राणि । खरपृथिवीकायस्य द्वाविंशतिः । अप्कायस्य सप्त । वायुकायस्य त्रीणि । तेजःकायस्य त्रीणि रात्रिंदिनानि । वनस्पतिकायस्य दशवर्षसहस्राणि । एषां कायस्थितिरसंङ्ख्येया अवसर्पिण्युत्सर्पिण्यो वनस्पतिकायस्यानन्ताः । द्वीन्द्रियाणां भवस्थितिर्द्वादशवर्षाणि । त्रीन्द्रियाणामेकोनपञ्चाशद्रात्रिंदिनानि । चतुरिन्द्रियाणां षण्मासाः । एषां कायस्थितिः सङ्ख्येयानि वर्षसहस्राणि ।

पञ्चेन्द्रियतिर्यग्योनिजाः पञ्चविधाः । तद्यथा- मत्स्या उरगाः परिसर्पा पक्षिणश्चतुष्पदा इति । तत्र मत्स्यानामुरगाणां भुजगानां च पूर्वकोट्येव, पक्षिणां पल्योपमासङ्ख्येयभागश्चतुष्पदानां त्रीणि पल्योपमानि गर्भजानां स्थितिः । तत्र मत्स्यानां भवस्थितिः पूर्वकोटिस्त्रिपञ्चाशदुरगाणां द्विचत्वारिंशद्भुजगानां द्विसप्ततिः पक्षिणां स्थलचराणां चतुरशीतिर्वर्षसहस्राणि सम्मूर्च्छिमानां भवस्थितिः । एषां कायस्थितिः सप्ताष्टौ भवग्रहणानि । सर्वेषां मनुष्यतिर्यग्योनिजानां कायस्थितिरप्यपरान्तर्मुहूर्तैवेति ॥३-१८॥

इति तत्त्वार्थाधिगमसूत्रे स्वोपज्ञभाष्यसमेते तृतीयोऽध्यायः समाप्तः

**ભાષ્યાર્થ–** તિર્યંચયોનિમાં ઉત્પન્ન થયેલા જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમ અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે.

**પૂર્વપક્ષ–** મનુષ્ય અને તિર્યંચના આયુષ્યનું સૂત્ર એક જ કરવાને બદલે બે કેમ કર્યાં ?

**ઉત્તરપક્ષ–** મનુષ્યોની ત્રણ પલ્યોપમ અને તિર્યંચોની અંતર્મુહૂર્ત એવું કોઈ ન સમજે એ માટે બે સૂત્રો કર્યાં છે. બે સૂત્ર કરવાથી બંને સૂત્રમાં યથાસંખ્ય ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ થાય.

મનુષ્યોની અને તિર્યંચોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ એમ બે પ્રકારની સ્થિતિ છે. મનુષ્યની યથોક્ત ઉત્કૃષ્ટ અને જઘન્ય ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત ભવસ્થિતિ છે. કાયસ્થિતિ તો ઉત્કૃષ્ટ સાત કે આઠ ભવો છે.

તિર્યંચમાં ઉત્પન્ન થયેલાઓની સંક્ષેપથી ઉત્કૃષ્ટ અને જઘન્ય ભવસ્થિતિ યથોક્ત છે. વિસ્તારથી તો આ પ્રમાણે છે- શુદ્ધ પૃથ્વીકાયની બાર હજાર વર્ષ છે. ખર(=કઠણ) પૃથ્વીકાયની ૨૨ હજાર વર્ષ, અપ્કાયની ૭ હજાર વર્ષ, વાયુકાયની ૩ હજાર વર્ષ, તેઉકાયની ત્રણ અહોરાત્ર, વનસ્પતિ-કાયની ૧૦ હજાર વર્ષ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. આ જીવોની કાયસ્થિતિ અસંખ્ય અવસર્પિણી-ઉત્સર્પિણી છે. વનસ્પતિકાયની અનંત અવસર્પિણી-ઉત્સર્પિણી છે. બેઇન્દ્રિય જીવોની બાર વર્ષ છે. તેઇન્દ્રિય જીવોની ૪૯ દિવસ, ચઉરિન્દ્રિય જીવોની ભવસ્થિતિ ૬ માસ છે. આ જીવોની કાયસ્થિતિ સંખ્યાત હજાર વર્ષો છે.

પંચેન્દ્રિય તિર્યંચો પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે- મત્સ્યો, સર્પો, ભુજપરિસર્પો, પક્ષીઓ અને ચતુષ્પદો. મત્સ્યોની, સર્પોની અને ભુજપરિસર્પોની ભવસ્થિતિ ક્રોડ પૂર્વ વર્ષ છે. પક્ષીઓની પલ્યોપમના અસંખ્યાત ભાગ પ્રમાણ ભવસ્થિતિ છે. ગર્ભજ ચતુષ્પદોની ભવસ્થિતિ ૩ પલ્યોપમ છે. તેમાં સંમૂર્ચ્છિમ મત્સ્યોની ભવસ્થિતિ પૂર્વક્રોડવર્ષ છે. સમૂર્ચ્છિમ ઉરપરિસર્પોની ૫૩ હજાર વર્ષ, સમૂર્ચ્છિમ ભુજપરિસર્પોની ૪૨ હજાર વર્ષ છે. સંમૂર્ચ્છિમ ચતુષ્પદોની ૮૪ હજાર વર્ષ અને સંમૂર્ચ્છિમ પક્ષીઓની ૭૨ હજાર વર્ષની ભવસ્થિતિ હોય છે. આ જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ૭ કે ૮ ભવ છે. બધા મનુષ્યોની અને બધા તિર્યંચોની જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત જ છે. (૩-૧૮)

આ પ્રમાણે સ્વોપજ્ઞભાષ્યથી સહિત તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં ત્રીજો અધ્યાય પૂર્ણ થયો.

**टीका–** तिर्यग्योनिजानामप्यत्रैवोच्यते स्थितिः आयुषः, समानप्रक्रम-त्वात्, 'तिर्यग्योनीनां चे'त्यादि भाष्यं, तिर्यग्योनयः पृथिव्यप्तेजोवायु-

वनस्पतिद्वित्रिचतुःपञ्चेन्द्रियाः तेषामपि परापरे स्थिती जीवितव्यस्य त्रिपल्योपमान्तर्मुहूर्ते भवतः, यथासङ्ख्यमुत्कृष्टजघन्यस्थिती बोद्धव्ये, 'पृथग्योगकरणं यथासङ्ख्यदोषविनिवृत्त्यर्थ'मित्यादि, नृतिर्यग्योनीनां स्थितिः परापरे त्रिपल्योपमान्तर्मुहूर्तेत्येवं न्यासे सति त्रिपल्योपमा परा स्थितिर्मनुष्याणां अपरा स्थितिः तिरश्चामन्तर्मुहूर्तप्रमाणेत्येवं स्यात् सूत्रार्थ इत्याचार्याभिप्रायः, न खल्वेवमपि न्यस्यमाने कश्चिद्दोषः, स्थिती परापरे इति समुदितमेवेदं समासपदत्वादभिसंभन्त्स्यते, नृणां स्थिती परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते तिरश्चां च, व्याख्यानतो वा विच्छेदः आर्षानुवादित्वाद्वा अस्य सूत्रप्रबन्धस्येति ।

'द्विविधा चैषा'मित्यादि भाष्यम् । नृतिरश्चां द्विप्रकारा स्थितिरायुषो-भवस्थितिः कायस्थितिश्च, तत्र भवस्थितिर्मनुष्यजन्म लब्ध्वा तिर्यग्जन्म वा कियन्तं कालं जीवति जघन्यत उत्कर्षेण वेति, कायस्थितिर्मनुष्यो भूत्वा तिर्यग्योनिजो वा मरणमनुभूय पुनर्मनुष्येष्वेव मनुष्यः तिर्यक्षु च तैर्यग्योनिर्नैरन्तर्येण कतिकृत्वः समुत्पद्यते ?,

तत्र मनुष्याणां यथोक्तत्रिपल्योपमान्तर्मुहूर्ते परापरे भवस्थिती, काय-स्थितिः सप्ताष्टौ वा भवग्रहणानि, प्रकर्षतः सप्त वाऽष्टौ वेति नैरन्तर्येण मानुषः स्यात्, कथं पुनरिदं ?, भाव्यते-पूर्वकोट्यायुर्मनुष्यो मृत्वा पुनः पुनः पूर्वकोट्यायुरेव मनुष्यः सप्तकृत्वः प्रादुरस्तीति, अष्टमभवे तु देवकुरूत्तरकुरुषूत्पद्यते, पश्चाद्देवलोकं गच्छति ।

'तिर्यग्योनिजानां चे'त्यादि, उक्ते भवस्थिती सङ्ग्रहतः, व्यासतस्तु शुद्धपृथिव्या द्वादश वर्षसहस्राणि खरधरणेः द्वाविंशतिरित्येवमादि सुज्ञानं, एषां पृथिव्यप्तेजोवायुप्रत्येकवनस्पतीनां कायस्थितिरसङ्ख्येया अवसर्पिण्युत्सर्पिण्यः, साधारणवनस्पतेरनन्ता अवसर्पिण्युत्सर्पिण्यः,

'द्वीन्द्रियाणा'मित्यादि सुज्ञाना भवस्थितिः, एषां कायस्थितिः सङ्ख्येयानि एव वर्षसहस्राणि ।

'पञ्चेन्द्रिये'त्यादि सुज्ञानं, सप्ताष्टौ वा भवग्रहणानि मनुष्यवद्भावनीयानि, 'सर्वेषा'मित्यादि मनुष्यतिरश्चामपरा कायस्थितिः जघन्याऽन्तर्मुहूर्त-प्रमाणैव भवतीति ॥३-१८॥

**तृतीयोऽध्यायः समाप्तः ॥**

**ટીકાર્થ–** તિર્યંચોના પણ આયુષ્યની સ્થિતિ અહીં જ કહેવામાં આવે છે. કેમકે સમાન અવસર છે. "तिर्यग्योनीनां च" ઇત્યાદિ ભાષ્ય છે.

| [illegible] | |
|---|---|
| (જીવો) | (આયુષ્ય) |
| પૃથ્વીકાય | ૨૨ હજાર વર્ષ |
| અપ્કાય | ૭ હજાર વર્ષ |
| તેઉકાય | ૩ દિવસ |
| વાયુકાય | ૩ હજાર વર્ષ |
| પ્રત્યેક વનસ્પતિકાય | ૧૦ હજાર વર્ષ |
| બેઇન્દ્રિય | ૧૨ વર્ષ |
| તેઇન્દ્રિય | ૪૯ દિવસ |
| ચઉરિન્દ્રિય | ૬ માસ |
| પંચેન્દ્રિય ગર્ભજ જલચર | પૂર્વ ક્રોડ વર્ષ |
| પંચેન્દ્રિય ગર્ભજ ઉરપરિસર્પ | પૂર્વ ક્રોડ વર્ષ |
| પંચેન્દ્રિય ગર્ભજ ભુજપરિસર્પ | પૂર્વ ક્રોડ વર્ષ |
| પંચેન્દ્રિય ગર્ભજ ચતુષ્પદ | ત્રણ પલ્યોપમ |
| પંચેન્દ્રિય ગર્ભજ ખેચર | પલ્યો૦ નો અસં. મો ભાગ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ જલચર | પૂર્વ ક્રોડ વર્ષ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ ઉરપરિસર્પ | ૫૩૦૦૦ વર્ષ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ ભુજપરિસર્પ | ૪૨૦૦૦ વર્ષ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ ચતુષ્પદ | ૮૪૦૦૦ વર્ષ |
| પંચેન્દ્રિય સંમૂર્છિમ ખેચર | ૭૨૦૦૦ વર્ષ |

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને (મનુષ્ય, દેવ, નારક સિવાયના) પંચેન્દ્રિય જીવો તિર્યંચ છે. તેમના પણ આયુષ્યની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ અનુક્રમે ત્રણ પલ્યોપમ અને અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

**પ્રશ્ન–** મનુષ્ય અને તિર્યંચ એ બંનેની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ સરખી છે તો એક જ સૂત્રમાં કેમ ન કહી ?

**ઉત્તર–** "पृथग्योगकरणं यथासङ्ख्यदोषनिवृत्त्यर्थम्" इत्यादि, યથાસંખ્ય દોષને દૂર કરવા માટે અલગ બે સૂત્રો કર્યા છે.

જો नृतिर्यग्योनिस्थिती परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते એવું એક જ સૂત્ર બનાવવામાં આવે તો કોઇ એમ સમજી જાય કે માણસોની પર(=ઉત્કૃષ્ટ) સ્થિતિ ત્રણ પલ્યોપમ અને તિર્યંચોની અપર(=જઘન્ય) સ્થિતિ અંતર્મુહૂર્ત છે. આ દોષને દૂર કરવા બે અલગ સૂત્રો કર્યા છે.

અન્યથા એક સૂત્ર રચવામાં પણ કોઇ દોષ નથી. કારણ કે પરાપરે એ સમાસપદ હોવાથી એ બંનેની બંને સ્થિતિનો સાથે સંબંધ કરાય. તે આ પ્રમાણે- नृणां स्थिती परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते, तिरश्चां च परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते ।

**પ્રશ્ન–** જો આ પ્રમાણે એક સૂત્રથી અર્થ બરોબર થઇ શકે છે તો બે સૂત્રો કેમ કર્યા ?

**ઉત્તર–** (व्याख्यानतो...)વિશેષ સ્પષ્ટતાથી કહેવા માટે કે આર્ષનો અનુવાદ હોવાથી (આર્ષમાં અલગ અલગ કહેવાતું હોવાથી તેનું અનુકરણ કરવા માટે) સૂત્ર રચનાનો વિભાગ છે=બે સૂત્રની રચના કરી છે.

"द्विविधा चैषा" इत्यादि, ભાષ્ય છે. મનુષ્યોની અને તિર્યંચોની સ્થિતિ ભવસ્થિતિ અને કાયસ્થિતિ એમ બે પ્રકારે છે. તેમાં મનુષ્યજન્મ કે તિર્યંચજન્મને પામીને જઘન્યથી કે ઉત્કૃષ્ટથી કેટલા કાળ સુધી જીવે તે ભવસ્થિતિ છે. મનુષ્ય થઇને મરણ પામીને ફરી મનુષ્યોમાં મનુષ્યરૂપે અને તિર્યંચ થઇને મરણ પામીને ફરી તિર્યંચોમાં તિર્યંચરૂપે નિરંતર કેટલીવાર ઉત્પન્ન થાય તે કાયસ્થિતિ છે.

| (જીવો) | (કાયસ્થિતિ) |
|---|---|
| પૃથ્વીકાય-અપ્કાય | અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી |
| તેઉકાય-વાયુકાય | અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી |
| પ્રત્યેક વનસ્પતિકાય | અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી |
| સાધારણ વનસ્પતિકાય | અનંત ઉત્સર્પિણી અવસર્પિણી |
| વિકલેન્દ્રિય | સંખ્યાતા હજાર વર્ષ |
| ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય | ૭ કે ૮ ભવ |

તેમાં મનુષ્યોની ભવસ્થિતિ પૂર્વે કહ્યું તેમ ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ અને જઘન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણ છે. કાયસ્થિતિ સાત કે આઠ ભવ છે, અર્થાત્ નિરંતર સાત કે આઠ વાર મનુષ્ય થાય. આ કેવી રીતે બને ? અહીં ભાવના આ પ્રમાણે છે- પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો મનુષ્ય મરીને ફરી ફરી સાતવાર પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો મનુષ્ય થાય. આઠમા ભવે દેવકુરુ-ઉત્તરકુરુમાં મનુષ્યરૂપે ઉત્પન્ન થાય. પછી (નિયમા) દેવલોકમાં જાય.

"तिर्यग्योनिजानां च" इत्यादि, તિર્યંચોની સામાન્યથી ભવસ્થિતિ પૂર્વે કહ્યું તેમ ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ અને જઘન્યથી અંતર્મુહૂર્ત પ્રમાણ છે.

સામાન્યથી ઉત્કૃષ્ટ અને જઘન્ય ભવસ્થિતિ કહી. વિસ્તારથી તો શુદ્ધ પૃથ્વીકાયની ૨૨ હજાર વર્ષ, કઠીન પૃથ્વીકાયની ૨૦ હજાર વર્ષ, ઈત્યાદિ સારી રીતે સમજી શકાય તેવું છે. પૃથ્વી, અપ્, તેઉ, વાઉ, પ્રત્યેક વનસ્પતિની કાયસ્થિતિ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી છે. સાધારણ વનસ્પતિની કાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી છે.

"द्वीन्द्रियाणाम्" इत्यादि, બેઈન્દ્રિય વગેરેની ભવસ્થિતિ સારી રીતે સમજી શકાય તેવી છે. એમની કાયસ્થિતિ સંખ્યાતા જ હજાર વર્ષ છે.

'पञ्चेन्द्रिय' इत्यादि, ભાષ્ય સહેલું છે. સાત-આઠ ભવની ભાવના મનુષ્યની જેમ ભાવવી.

'सर्वेषाम्' इत्यादि, મનુષ્યોની અને તિર્યંચોની જઘન્ય કાયસ્થિતિ પણ અંતર્મુહૂર્ત પ્રમાણ જ છે. (૩-૧૮)

## ભાવાનુવાદકારની પ્રશસ્તિ

આ પ્રમાણે પ.પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વડે શરૂ કરાયેલી (અને છઠ્ઠા અધ્યાયના ૨૩મા સૂત્રમાં विनयसम्पन्नता પદ સુધી પૂર્ણ કરાયેલી) પછી છઠ્ઠા અધ્યાય સુધી આચાર્ય શ્રી યશોભદ્રસૂરિ વડે પૂર્ણ કરાયેલી અને ત્યાર પછી(=સાતમા અધ્યાયથી બાકી રહેલી ટીકા) તેમના શિષ્યવડે પૂર્ણ કરાયેલી તત્ત્વાર્થાધિગમ સૂત્રની **ત્રીજા અધ્યાય**ની ડુપડુપિકા નામની ટીકાનો સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પરમ ગીતાર્થ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર ગચ્છસ્થવિર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પંચસૂત્ર, પંચવસ્તુ, પંચાશક, ધર્મબિંદુ, યોગબિંદુ, ઉપદેશપદ, ઉપદેશમાલા (પુષ્પમાલા), શ્રાદ્ધદિનકૃત્ય, વીતરાગસ્તોત્ર, શીલોપદેશમાલા, અષ્ટક પ્રકરણ, નવપદ પ્રકરણ, યોગદષ્ટિ સમુચ્ચય, શ્રાવકધર્મવિધિપ્રકરણ, ચૈત્યવંદન મહાભાષ્ય, યતિલક્ષણ સમુચ્ચય, ગુરુતત્ત્વવિનિશ્ચય, સંબોધ પ્રકરણ, પ્રશમરતિ પ્રકરણ, શ્રાવક પ્રજ્ઞપ્તિ આદિ અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજકૃત ગુર્જર (ગુજરાતી) ભાવાનુવાદ પૂર્ણ થયો.

## ત્રીજો અધ્યાય

रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभा भूमयो घनाम्बुवाता-
काशप्रतिष्ठाः सप्त अधोऽधः पृथुतराः ॥३-१॥

तासु नरकाः ॥३-२॥

नित्याशुभतरलेश्यापरिणामदेहवेदनाविक्रियाः ॥३-३॥

परस्परोदीरितदुःखाश्च ॥३-४॥

सङ्क्लिष्टासुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ॥३-५॥

तेष्वेक-त्रि-सप्त-दश-सप्तदश-द्वाविंशति-त्रयस्त्रिंशत्-सागरोपमा
सत्त्वानां परा स्थितिः ॥३-६॥

जम्बूद्वीपलवणादयः शुभनामानो द्वीपसमुद्राः ॥३-७॥

द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः ॥३-८॥

तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजनशतसहस्रविष्कंभो जम्बूद्वीपः ॥३-९॥

तत्र भरतहैमवतहरिविदेहरम्यकहिरण्यवतैरावतवर्षाः क्षेत्राणि
॥३-१०॥

तद्विभाजिनः पूर्वापरायता हिमवन्महाहिमवन्निषधनीलरुक्मि-
शिखरिणो वर्षधरपर्वताः ॥३-११॥

द्विर्धातकीखण्डे ॥३-१२॥

पुष्करार्द्धे च ॥३-१३॥

प्राग् मानुषोत्तरान्मनुष्याः ॥३-१४॥


आर्या म्लिशश्च ॥३-१५॥


भरतैरावतविदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरुभ्यः ॥३-१६॥


नृस्थिती परापरे त्रिपल्योपमान्तर्मुहूर्ते ॥३-१७॥


तिर्यग्योनीनां च ॥३-१८॥


# વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસ



















































## રાજશેખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન




(બે ભાગ)

Tejas Printers
AHMEDABAD M. 98253 47620